નં-૬૩ ૯૦૨ ૬૬૭

॥ ॐ वन्देवीरम् ॥

મર્હુમ શા. બાલચંદભાઈ નગીનદાસ કૃત

# શ્રી જૈનધર્મના તત્વો

નો

ટુંકસાર તથા તેમનું જીવનચરિત્ર.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ખંભાત નિવાસી
માસ્તર ઉમેદચંદ રાયચંદ.
ઠે. પાંજરા પોળ—અમદાવાદ.

કીંમત અમૂલ્ય ( ભેટ. )

N. P. W. Ahmedabad

वन्देवीरम्

ॐ

મહુંમ શા. બાલચંદભાઈ નગીનદાસ કૃત

# જૈનધર્મના તત્વોનો

## ટુંકસાર તથા તેમનું જીવનચરિત્ર.

તેમના સુપુત્ર ખંભાત નિવાસી જ્ઞાતે વિસા ઓશવાલ
**શા. વાડીલાલ બાલાભાઇ ઝરીવાલાની ઇચ્છાથી**
તથા તેમનીજ સંપૂર્ણ આર્થીક સહાયથી


છપાવી પ્રસિદ્ધ કરનાર

**ખંભાત નિવાસી**

**માસ્તર ઉમેદચંદ રાયચંદ.**

ઠે. પાંજરા પોળ—અમદાવાદ.

વીર સંવત ૨૪૪૯ સને ૧૯૨૩ વિક્રમ સંવત ૧૯૭૯

કીંમત **અમૂલ્ય** ( ભેટ. )

આ પુસ્તક મંગાવનારે ચાર આનાની પોસ્ટેજ ટીકીટ મોકલવી.

મુદ્રકઃ—કુંજવિહારી ગોપીલાલ ધ્રુ.
"ધી ન્યુ પ્રિન્ટીંગ વર્કર્સ"
રીચીરોડ, અમદાવાદ.

## દસ વરસની જુની અને જાણીતી

## પ્રખ્યાત દુકાન

# શા. વાડીલાલ બાલાભાઈ જરીવાળા

ઠે. રતનપોળ દુ. ન. ૬૮-૬૯ **અમદાવાદ.**

### સ્વદેશી બનાવટનો ચોખ્ખો ચાંદીનો જરીમાલ બનાવનાર તથા વેચનાર.

મુંબાઇના ભાવથી ઝીક, ટીકી, કટોરા, કસબ તથા દેશી લેશ, ફીટ, થપ્પા, કીનારી તથા ફેન્સી ટીકીની ઇલેકટ્રીક તથા ઇસ્ટામ બોલી તથા ચળકની ફીટ, ચંદ્રમણી તથા કસબની દોરી વીગેરે માલ કીફાયતે વેચનાર તેમજ જૈન દેરાસરોમાં વપરાતો આંગીનો સામાન, કટોરા (સાદા તથા રંગીન) તથા સોનેરી રૂપેરી બાદલું તથા સોનેરી રૂપેરી વરખ દેશી બનાવટના બનાવનાર તથા વેચનાર તથા દરેક જાતનું ભરતકામ બનાવનાર જેવું કે:-સાડી, પોલકાં, સદરા, ફ્રાક, ટોપી તથા ઉજમણાના છોડ ઓર્ડર મુજબ બનાવી આપનાર. તે શીવાય દેશી ગજઆણી ઉપર ભરેલાં કાપડાં તથા ખાદી ઉપર ઓર્ડર મુજબ ભરતકામ બનાવી આપનાર તથા દરેક જાતનું હાથ આરીનું તથા મશીન આરીનું કામ બનાવી આપવામાં આવે છે. જરૂર હોય તેને ઉપર લખેલે ઠેકાણે મળવું.

# પ્રસ્તાવના.

**હે ભવ્યાત્મન્ જૈનબંધુઓ તથા બ્હેનો,**

જીનેશ્વર ભગવાનનો માર્ગ સૌ કોઇ ભવ્ય જીવોને પરમ ઉપકારીજ છે. તે સર્વને સુવિદિત હોવાથી તે વિશે વિવેચન નહીં કરતાં આ પૂસ્તકની રચના કેવી રીતે પ્રસિદ્ધીમાં આવી તેનું ટુંક વિવેચન કરવા ધારૂ છું.

આ શ્રી જૈન ધર્મના તત્વોનો ટુંકસાર નામનું પૂસ્તક તેનો સંગ્રહ કરી બનાવનાર રા. રા. મર્હુમ શા. બાલચંદભાઇ નગીનદાસ પોતેજ છે. જેમ કાલ ચક્રના બાર આરા છ ચડતી કળાના અને છ પડતી કળાના એમ ચડતી પડતી ચાલ્યા કરે છે તેમ આ ભાઇની પણ શરૂઆતમાંથી સાધારણ સ્થીતીમાંથી બાલ્યાવસ્થા તથા અભ્યાસાદિક અવસ્થા બાદ કરતાં નોકરી વિગેરેમાં જોડાઇ પોતાનો સારી રીતે નીર્વાહ કરતા હતા. કેટલોક કાલ તો ધર્મ વિમુખ પણામાં ચાલ્યો ગયો શાસ્ત્ર કારો કહે છે કે સંસારીક પ્રવૃત્તિ તો અનંતા કાલથી ચાલીજ આવે છે. જન્મથી કે મરણ સુધી છુટવાનીજ નથી. પણ તેમાંથી જે ભાગ્યશાળીઓ પોતાના આત્મહીતને માટે સંસારિક પ્રવૃત્તિમાંથી કઇક વખત કાઢી નીવૃત્તિમાં આવી. ધર્મ ધ્યાન તરફ જોડાય. મહાત્મા પુરૂષોના સમાગમમાં આવી. ધર્મ દેશના વિગેરે સાંભલતા થાય તોજ ધર્મનું સ્વરૂપ અને તેના તત્વો જાણવામાં આવે અને તે ધ્વારા ધર્મ રૂચી પ્રગટવાથી પોતાનું તેમજ પરનું હીતાવહ કરી શકે. તે વાત વ્યાજબીજ છે. આ ભાઇના પ્રસંગમાં પણ તેમજ બન્યું છે. તેઓ વિધુર અવસ્થામાં આવ્યા કે ધર્મ તરફ ધ્યાન ખેંચાયું અને ધીમે ધીમે સાધુ મહારાજાઓનો પરિચય

ઉપદેશ વાખ્યાનાદિક સાંભલતાં તેમના હૃદયમાં ધર્મ રૂચી પ્રગટી પછી ક્રમે ક્રમે તેઓ આગલ વધતા ગયા અને તત્વો જાણવાની જીજ્ઞાસા વધી એટલે શ્રાવકોને યોગ્ય એવા પ્રથમ ક્રીયા કાંડ કરવા વાસ્તે આવશ્યકાદિ પ્રતિ ક્રમણ સૂત્રોનો અભ્યાસ શરૂ થયો પછી અનુક્રમે જીવવિચાર નવતત્વો. કર્મ ગ્રંથાદિ પૂસ્તકો ભણવા વાંચવા વિગેરેમાં જોડાયા હૃદયમાં શ્રદ્ધા સંપૂર્ણ ચોટી જેમ જેમ વાંચન અભ્યાસ વધતો ગયો તેમ શંકા વિગેરેના સમાધાન કરવા પૂર્વક પોતાના તથા પરના હીત માટે તેઓએ આ જૈનધર્મના તત્વોનો ટુંકસાર નામનું પુસ્તક જીવ વિચાર નવ તત્વઆદિ દરેક પ્રકરણોના સારરૂપ ટુંકી નોંધ કરતા ગયા તે ટુંકી નોંધના પરિણામે આજે આ મોટુ પૂસ્તક તૈયાર થયું છે. આ ભાઇ ઘણા સાહસીક ઉધ્યમી અને મીલન સાર સ્વભાવના હોઇ સૌ કોઇને પ્રીય થઈ પડતા હતા. તેમની ટુકી કારકીદીનું બ્યાન આ પૂસ્તકમાં તેમનું જીવન ચરિત્ર ગુંથેલું છે તે વાંચવાથી સંપૂર્ણ માહિતી મલી જશે. તેઓએ ધર્મ રૂચી પ્રગટયા પછી પોતાના આત્મ હીત માટે તપશ્ચર્યાદિક ધર્મ ક્રીયામાં સંપૂર્ણ સારી રીતે જોડાયા હતા. હવે તેઓ ધર્મના અભ્યાસ ક્રમની સાથે વાંચન વિષયમાં વધતા જીજ્ઞાસુઓ માટે આ ઉત્તમ ગ્રંથની રચના પણ ઉત્તમ પ્રકારની ગુંથી ગયા છે કે જે સૌ કોઇને અનંતા કાલથી અચરાચર જગતમાં ભમતા જીવોને બહાર નીકલવાનું અને સમક્તિ પામી મોક્ષ દ્વાર તરફ ખેંચવાનું પરમ ઉત્તમ સાધન રૂપ થઇ પડશે. તેઓએ એવો સરસ ક્રમ ગોઠવ્યો છે કે તેની અનુક્રમણીકા જોવાથી અને સાધ્યંત પૂસ્તક વાંચવાથી મનન કરવાથી ઉત્તમો ઉત્તમ લાભ લઇ શકશે તેમાં જરા પણ શંકા જેવું નથી અહીં ક્રમવાર બધા વિષયો લખવા બેસુંતો પ્રસ્તાવના ઘણી મોટી થઇ જવાના ભયથી

આટલેથી વિરમું છું. હવે તેઓના અવસાન પછી તેમના સુપુત્ર ભાઇ શ્રી વાડીલાલ બાલાભાઇ ઝરીવાલાના મનમાં વિચાર આવ્યો કે મારા પીતાજીની લખેલી નોંધો મારે પ્રગટ કરવી કે જેથી તેમનો શ્રમ પાર પડે અને સર્વે જીવોને લાભ થાય તેઓએ મને તે નોંધો વાંચી જવા તેમ ઉપયોગી હોય તો છપાવવા આજ્ઞા આપી. મેં તે નોંધો તપાસી જ્યાં કાંઇ અધુરૂ લાગ્યું અગર શુધારવા જેવું લાગ્યું ત્યાં મારી અલ્પમતી મુજબ સુધારી તૈયાર પૂસ્તકના આકારમાં કર્યું પછી તેમના સુપુત્ર ભાઇશ્રી વાડીલાલભાઇની આજ્ઞાથી આપુસ્તક તેમનાજ ખર્ચે છપાવી જીજ્ઞાસુ ખપી જીવોને ભેટ તરીકેજ આપ-વાની ઇચ્છા જણાવી. આ પ્રમાણે આ પૂસ્તક તૈયાર કરવામાં આવ્યું છે તો જે ભાગ્યશાળીઓને આ પૂસ્તકની જરૂર જણાય તેમને પોષ્ટ ખર્ચ ચાર આનાની ટીકીટો મોકલી મંગાવી લેવું. હવે આ પ્રસ્તાવના સમાપ્ત કરતાં મારે જણાવવું જોઇએ કે આ ક્રમવાર બાલચંદભાઇએ પોતે બધી નોંધો કરી હતી તે ઉપરથી મારી અલ્પમતી પ્રમાણે સુધારતા અગર દ્દષ્ઠિ દોષથી કે છાપા દોષથી જે કાંઇ જીનેશ્વર ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ લખાઇ ગયું હોય કે છપાઇ ગયું હોય તેનો મિચ્છામી દુક્કડં દેવા પૂર્વક આપ સૌની ક્ષમાયાચી જણાવવા રજા લઉ છું કે આ પૂસ્તક આદ્યંત વાંચવાથી સ્હેજે ધર્મ રૂચી પ્રગટશે અને અનાદિ કાલથી નહીં પ્રાપ્ત થયેલું એવું સંપૂર્ણ શ્રદ્ધા પૂર્વક સમકિત પ્રાપ્ત થશે કે જેના વડે મોક્ષ માર્ગ નજીકમાં પ્રાપ્ત થશે. સર્વ જીવોનું કલ્યાણ થાઓ એવી જીજ્ઞાસા પૂર્વક આ પ્રસ્તાવના સમાપ્ત કરૂં છું એજ સુજ્ઞેસુ કીં બહુના.

સં. ૧૯૭૯ ના આસો સુદ ૨ ને શુક્રવાર.

લી. પ્રસિદ્ધ કર્તા,
**માસ્તર ઉમેદચંદ રાયચંદ**
ઠે. પાંજરા પોળ, **અમદાવાદ.**

# વિષયા અનુક્રમણિકા.


| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | મર્હુમ બાલચંદભાઇ નગીનદાસનું જીવન ચરિત્ર તેમના ફોટા સહિત | |
| ૨ | કર્મને જીવનો સિદ્ધાંત. | ૧ |
| ૩ | છદ્રવ્યની વાખ્યા | ૧૦ |
| ૪ | સંસારનું સ્વરૂપ | ૧૩ |
| ૫ | ભાવપ્રાણ દ્રવ્યપ્રાણ સંબંધ. | ૧૭ |
| ૬ | છલેશ્યા | ૨૧ |
| ૭ | જીવ વિચાર | ૨૩ |
| ૮ | દેવતા | ૨૬ |
| ૯ | મનુષ્ય | ૩૫ |
| ૧૦ | તિર્યંચ અને નારકી. | ૩૭ |
| ૧૧ | જીવની યોની | ૪૩ |
| ૧૨ | સિદ્ધના જીવો | ૪૬ |
| ૧૩ | ચૌદરાજ લોક | ૪૮ |
| ૧૪ | નવે તત્વોનું સ્વરૂપ | ૫૦ |
| ૧૫ | મિથ્યાત્વ સ્વરૂપ | ૮૦ |
| ૧૬ | ચોવીસ દંડકના ચોવીસ દ્વાર | ૮૨ |
| ૧૭ | નારકીમાં કયાં સુધી જાય | ૯૧ |
| ૧૮ | નિગોદના જીવ | ૯૩ |
| ૧૯ | કર્મ ગ્રંથનો સાર | ૯૫ |
| ૨૦ | જીવના પ્રકાર | ૯૮ |
| ૨૧ | આઠ પ્રકારના કર્મની ૧૫૮ પ્રકૃતી | ૧૦૦ |
| ૨૨ | દર્શના વરણી | ૧૧૧ |
| ૨૩ | વેદની તથા મોહની | ૧૧૩ |
| ૨૪ | આયુષ્ય કર્મ | ૧૧૯ |
| ૨૫ | નામ કર્મ | ૧૨૦ |
| ૨૬ | કર્મ બંધના હેતુ | ૧૨૯ |
| ૨૭ | કયા ગુણઠાણે કેટલા બંધ હેતુ હોય. | ૧૩૩ |
| ૨૮ | કર્મ બંધના સ્થુલ હેતુ | ૧૩૭ |
| ૨૯ | ચૌદ ગુણ સ્થાનકો | ૧૪૫ |
| ૩૦ | બંધ-ઉદય-ઉદિરણા અને સત્તાનું સ્વરૂપ | ૧૫૨ |

| નંબર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૧ | પ્રકૃતિના સોલ પ્રકાર | ૧૫૫ |
| ૩૨ | આઠ પ્રકારના બંધ | ૧૬૩ |
| ૩૩ | પ્રકૃતિ બંધમાં ભુયસ્કાર તથા અલ્પતર બંધ | ૧૬૪ |
| ૩૪ | રસબંધ | ૧૬૭ |
| ૩૫ | પ્રદેશ બંધ | ૧૭૧ |
| ૩૬ | સ્થિતિ બંધ | ૧૭૭ |
| ૩૭ | જઘન્ય સ્થિતિ | ૧૮૧ |
| ૩૮ | માર્ગણા દ્વાર | ૧૮૫ |
| ૩૯ | બંધ યંત્ર | ૧૮૭ |
| ૪૦ | બંધ સબંધી વિશેષ હકીકત | ૧૮૮ |
| ૪૧ | ઉદય યંત્ર ઉદિરણા સત્તાદિ યંત્રો. | ૧૮૯ |
| ૪૨ | પર્યાપ્તિ | ૧૯૬ |
| ૪૩ | સત્તા તથા ઉદય ઉદીરણા | ૨૦૩ |
| ૪૪ | તત્વાર્થ | ૨૦૮ |
| ૪૫ | સમ્યકત્વ જીવ સ્વભાવ | ૨૧૭ |
| ૪૬ | ગ્રંથી ભેદ | ૨૨૧ |
| ૪૭ | ઉપસમ શ્રેણી | ૨૨૪ |
| ૪૮ | શ્રેપક શ્રેણી | ૨૩૦ |
| ૪૯ | બાસઠ માર્ગણાએ બંધ | ૨૩૮ |

શ્રી જૈનધર્મનાં તત્વોનો ટુંકસારના સંગ્રહ કર્તા:

## મર્હુમ શા. બાલાભાઈ નગીનદાસ.



| જન્મ: | અવસાન: |
|---|---|
| સંવત ૧૯૨૩ના શ્રાવણ વદ ૭. | સંવત ૧૯૭૬ના આસો સુદ ૧૫ |

# મર્હુમ શા. બાલચંદભાઇ નગીનદાસનું ટુંક જીવનચરિત્ર.

આ જીવન ચરિત્રની નોંધ પોતે કરી રાખેલી તેજ અત્રે આપવામાં આવે છે આ જીવન ચરિત્રમાં જરાપણ અતીશયોક્તિ નથી. આ સાહાસિક પુરૂષ કે જેનું અત્રે જીવન ચરિત્ર ગુંથવામાં આવે છે. તેઓ (સ્થંભતીર્થ.) ખંભાતના રહીશ હતા. જ્ઞાતે વીસાઓશવાલ અને તે જ્ઞાતીમાં પ્રસિદ્ધ પામેલા સેહેસવીર નાનચંદના કુલમાં જન્મેલા હતા. તેમની પેઢીની ગણત્રી પ્રમાણે સેહેસવીર નાનચંદના સુપુત્ર ખુબચંદભાઇ તેના પુત્ર ફતેભાઇ તેમના પુત્ર લાલભાઈ તેમના પુત્ર નગીનદાસ તેમના પુત્ર આ જીવન ચરિત્રના નાયક મર્હુમ બાલાભાઇ નગીનદાસ જ્ઞાતે વીસાઓશવાલ જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક વૃદ્ધ શાખા ગોત્ર રહેવાસી ખંભાત બંદર ઠેકાણું માણેકચોક આ ભાઇનો જન્મ તેમના મોશાલમાં ગામ બેડવામાં સંવત ૧૯૨૩ ના શ્રાવણ વદ ૭ મે થયો હતો. તેમના લગ્ન સંવત ૧૯૩૩ ના મહાસુદ ૫ થયા હતા તેમજ તેમની વિધુર અવસ્થા સંવત ૧૯૫૬ ના અસાડમાં થઇ હતી. ધંધો નોકરી ગુમાસ્તીનો–સંવત ૧૯૨૩ થી ૧૯૩૮ સુધી બાલ્યાવસ્થા તથા ભણવાનો અભ્યાસ સંવત ૧૯૩૯ માં કાપડનો વેપાર શરૂ કર્યો સંવત ૧૯૪૦ માં વડોદરે રહી વિધ્યાશાળામાં ગુમાસ્તી કરી ગુજરાતી સેકન્ડ ગ્રેડનો અભ્યાસ કરી ભરૂચ પરિક્ષા આપી પાસ થયા સંવત ૧૯૪૧ થી ૪૪ સુધી કન્યાશાળામાં મહેતાજીની નોકરી કરી. સંવત ૧૯૪૪ માં ખંડવા ( મધ્ય પ્રાંત ) માં ચાર માસ ગુમાસ્તી કરી.

તેજ સાલમાં વડોદરામાં ગુમાસ્તી રહ્યા સંવત ૧૯૪૭ થી પુદેડા

( તાલુકે વીજાપુર ગાયકવાડી ) જાગીરદારને ત્યાં કારભારી તરીકે જોડાયા. તે સંવત ૧૯૫૧ સુધી તે નોકરીમાં ( અસુભ સંયોગ પાપાનુ બંધી પુણ્યનો ઉદય કર્મ બંધન સંવત ૧૯૫૨ થી ખંભાત રહી સં. ૧૯૫૩ માં ચોપડીઓની દુકાન તથા છાપખાનું ભાગીદારીથી કાડયું તે ભાગીદાર ટુંક વખતમાં છુટા થવાથી માંથે લઇ ચલાવ્યું. દુકાન ૧૯૫૭ માં બંધ કરીને છાપખાનું સં ૧૯૬૦ માં બંધ કર્યું. સંવત ૧૯૫૫ ના ચોમાસામાં મામા ગુલાબચંદ માંદા હોવાથી તેમની માગણીથી તેમની હયાતી બાદ મજીઆરી મીલકતની વહેંચણ કરી આપવા તથા છોકરો ઉમર લાયક થાય ત્યાં સુધી સંભાલી આપવા વચન આપ્યું સંવત ૧૯૫૬ ના અસાડમાં ભયંકર કોલેરામાં કુટુંબના ઘણા માણસો ભોગ થઇ પડયાં સં ૧૯૫૭ માં મોસાલમાં બેડવા જઇ રહ્યા ત્યાં રહી ગુમાસ્તી કરતાં ધર્મારાધન કરવા માંડ્યું. પાપાનું બંધી પુન્યનો ઉદય અહીં પણ ચાલુ રહ્યો. સં. ૧૯૬૩ થી તેમના પુત્ર ભીખાભાઈ ઉમર લાયક થવાથી વહીવટ તેમના નામથી ચાલુ કરી કુંચીઓ સોંપી, છુટા થવાની માગણી રદ થઇ સં. ૧૯૬૩ થી તેમની મદદથી ચિરંજીવિભાઈ વાડીલાલને અમદાવાદ તથા સુરત જરીની દુકાન ભાગીદારથી કડાવેલી તે ભાગીદાર જેસંગભાઇ કાલીદાસ નીકલી જવાથી.

સવત ૧૯૬૯ થી તેમનો ભાગ રાખેલો હોવાથી તેમના ( ભીખાભાઇના ) વતી અમારે વિશેષ અમદાવાદ રહેવાનું થયું સંવત ૧૯૭૪ આખર તેમનો ભાગ કાડી નાંખવાથી અમોપણ સં ૧૯૭૪ ના આસોવદ ૦)) સુધી છુટા થઇ ગુમાસ્તી છોડી સં. ૧૯૭૫ થી ઝરીની દુકાનમાં બાપ દીકરો ભેગા રહ્યા. ત્યારથી રહેવાશ અમદાવાદ.

અભ્યાસ ગુજરાતી સેકન્ડ ગ્રેડ છઠ્ઠા ધોરણની બીજી પરીક્ષા ભરૂચ આપી પાસ થયેલા સં ને ૧૮૮૪ તથા ઇંગ્રેજી ત્રીજી ચોપડી થઇ બુક. ધાર્મીક અભ્યાસની શરૂઆત.

પ્રજામાં=ઉત્પન્ન થયેલીને ઉછરેલી સંતતી સંવત ૧૯૫૬ ના ભયંકર કોલેરામાં ખપી જવાથી ફક્ત એકજ પુત્ર (ભાઇ વાડીલાલ) જન્મ સંવત ૧૯૪૭

## ધર્મરૂચી.

ધર્મ ક્રિયા રૂચી સં. ૧૯૪૪ ની સાલથી ખંડવાથી ઉત્પન્ન થએલી પણ વડોદરા કુટેડાના સંસર્ગથી અવિરતી પણાનો ઉદય જાગવાથી મોહરાજાના પ્રબળ સૈન્યે આગળ વધતો અટકાવ્યો પરંતુ વ્યવહારથી ધર્મથી પતીત કરતુ મોહરાજાનું સૈન્ય, ધર્મ વાસનાના પ્રબળ પ્રતાપથી સત્યા સત્ય, ધર્મ અધર્મનો થએલો નિશ્ચય તોડી શકયું નહીં. એટલે તેવા પ્રસંગોમાં પણ ધર્મ રૂચી, પ્રભુ પૂજાદિ ચાલુ રહ્યાં જેથી સદ્ વિચારો સચવાઇ રહ્યા અને ઉંચકુળ, મર્યાદા (લજ્જા) તથા વિવેકથી તે સદ્ વિચારો પુષ્ટ થયા જેથી મોહરાજાના અનાચારોને સરણ થવા છતાં તેનો આદર તિરસ્કાર વૃત્તિ, પશ્ચાતાપ તથા નિંદા ગર્હાથી ચાલુ રહ્યો. એ રીતે મોહવન યુવાવસ્થા લગભગ પરાવર્તન થઇ તો પણ મોહરાજાનું પરિબળ મંદ પડયું નહીં. જેથી તપરસાયણની શરૂઆત કરી. ખરેખર કર્મ રોગ ખપાવવાને તપ એક અમુલ્ય રસાયણ છે; જેના વડે કિલષ્ટ કર્મ પણ પાતળાં પડે છે, વિખરાઇ જાય છે. તપ પ્રભાવે અપુર્વ અનુભવ થવા લાગ્યો.

આત્માને પુદ્દગળનું જૂદા પણું સમજાયું અવિરતી પણું ટળી વિરતી પ્રણામ થયા, કષાયોની મંદતા થવા લાગી તો પણ મન વચનને કાયાના વ્યાપારો નિરંકુશ રહ્યા કર્મ બંધનાં કારણોની મંદતા આત્મ ઉપયોગ પણાથી થાય છે એમ સમજાયું પણ તેવો ઉપયોગ કોઇ અલ્પ સમય રહી બહિર દ્રષ્ટી થઇ જવાય છે સદાકાળ આત્મ ઉપયોગમાં વર્તાશે તે દિવસને ધન્ય કરી માનીશ અને તે હદ સુધી પહોચતાં વચલા વિસામા રૂપ જે કોટીમાં હોઉં તેનો શુદ્ધ ઉપયોગ રહેવા પ્રભુ પ્રાર્થના છે.

---

## તપશ્ચર્યા.

---

સં. ૧૯૬૩ ના આસો માસમાં નવપદજી આરાધનની આંબેલની ઓળી શરૂ કરી તે સં. ૧૯૬૭માં પુરી કરી તોપણ સં. ૧૯૭૬ સુધી ચાલુ રાખી.

આ વખતથી ધાર્મીક પુસ્તકો વાંચવાની ઇચ્છા થવા લાગી તેમજ સાધુ મુનિરાજનાં વ્યાખ્યાનો સાંભળવાં, શંકા સમાધાન કરવાની લાગણીઓ પ્રગટ થઈ જેથી આત્મહિતકારી નવતત્વ, જીવ વિચાર, કર્મ ગ્રંથાદિ ગ્રંથો જોયા તેનું યત્કિંચીત રહસ્ય સમજતાં આત્મ શ્રદ્ધા પ્રગટ થઇ જેથી તે સાધવા બાળ ચેષ્ટા જેમ બાહ્ય તપ સાથે હેય, જ્ઞેય, ઉપાદેયનું સ્વરૂપ ધ્યાવા માંડયું.

સં. ૧૯૬૮ ના અસાડ સુદ ૧૪ થી વીશસ્થાનક તપની ઓળી એકાસણે શરૂ કરી તેમાં જે પખવાડીયામાં એકાસણાં કર્યાં હોય તે પખવાડીયાની ચૌદશનો ઉપવાશ કરવો ને ન થાય તો તે

પખવાડીયાંનાં એકાસણાં ૨૬ તેવી રીતે કરતાં સં ૧૯૭૫ ના માગસરમાં પુરી કરી.

પખ્ખીનો ઉપવાસ સં ૧૯૬૮ થી ચાલુ રહ્યો છે.

સંવત ૧૯૭૨ ના ચાતુર્માસમાં અરિહંત શાખે બાર વ્રત ધાર્યા પણ તેમાં આતચાર, અનાચાર દુષણો લાગ્યાં તેની આત્મ શાખે વારંવાર આલોચના કરી.

સં ૧૯૭૩ માં પાલીતાણા શેત્રુજય મહાતિર્થની નવાણું જાત્રા કરી તથા ભવ પુજા ( ગીરીરાજ પરનાં લગભગ તમામ બિંબની પૂજા ) કરો તેમાં દુષ્કર્મોની વિશેષ આલોચના સંશોધન કર્યું. હવે દુષ્કર્મોથી આત્મા ધ્રુજવા લાગ્યો જેથી ધર્મ ક્રિયામાં આગળ વધવા ઉત્કંઠા થવા લાગી સં. ૧૯૪૫ થી વળગેલી બીડી ચલમનો ત્યાગ મુનિરાજકર્પુર વિજયજી પાસે કર્યો.

સં. ૧૯૭૫ ના અસો માસમાં ઉપધાનની ક્રિયા કરવા પાલીતાણા ગયા ત્યાં આચાર્યશ્રી ૧૦૦૮ શ્રીસિદ્ધિ વિજયજી મહારાજ તથા પન્યાસજી મેઘ વિજયજી મહારાજ તથા પન્યાસજી કનક વિજયજી ૧૯૭૬ ( કારતક વદ ૫ પન્યાસ પદવી આપી ) મહારાજ પ્રમોદ વિજયજી તથા મહારાજ મનોરવિજયજી આદિ સાધુ સમુદાયથી બિરાજમાન મહાત્મા પાસે આસો સુદ ૧૦ ના રોજ સંઘવી કરમચંદ ફુલચંદ અમદાવાદવાલા તરફથી નાણ મંડાવી તે સમક્ષ ઉપધાન વહન કરવા પ્રદક્ષણા પૂર્વક વંદન કરી પોષધાદિ લઈ ગુરૂ મહારાજ પાસે વાસ ક્ષેપ કરાવ્યો તે ઉપધાનની વીગત.

૧ પ્રથમ ઉપધાન પંચમંગલ મહા શ્રુત સ્કંધ (નવકાર મંત્ર) તે દીન ૧૮ ( એક દિવસ ઉપવાસ બીજે દિવસે એકાસણું નીવીયાતું તે આસોવદ ૧૩ પુર્ણ થયું.

૨ બીજું ઉપધાન પ્રતિક્રમણ શ્રુતસ્કંધ ( ઇરિયાવહી, તસ્સ ઉત્તરી ) નું દીન ૧૮ ( તપ ઉપર મુજબ ) નું આસોવદ ૧૪ ઉચરી સં. ૧૯૭૬ કારતક વદ ૧ પુર્ણ કર્યું તે દિવસે (આસોવદ ૧૪)

બાર વ્રતની ટીપ તૈયાર કરી ગુરૂ મુખે નંદી સન્મુખ, સમુદાય તથા આત્મ સાખે શુદ્ધમને વૃતિથી બાર વ્રતો સમ્યકત્વ સહિત ગ્રહણ કર્યા.

૩ ત્રીજું ઉપધાન શક્રસ્તવાધ્યયન ( નમુત્થુણં ) દીન ૩૫ નું બાકી આગળ વહન કરવાનું.

૪ ચોથું ઉપધાન ( ચૈત્યસ્તવાધ્યયન (અરિહંત ચેઇયાણું અન-ત્થઉસસીએણં. ) નું કાર તક વદ ૨ ઉચરી પ્રથમ ઉપવાસ પછી ત્રણ આંબીલએ (૪) ચાર દિવસ કારતક વદ ૫ પુર્ણ કર્યાં.

૫ પાંચમું ઉપધાન નામસ્તવાધ્યયન ( લોગસ્સ ) નું દીન ૨૮ નું બાકી આગળ વહેવાનું.

૬ છઠું ઉપધાન શ્રુતસ્તવ, સિદ્ધસ્તવાધ્યયન ( પુખ્ખર વરદી સિદ્ધાણં બુદ્ધાણં, વેયાવચ્ચગરાણં ) નું દીન ૭ સાત તેમાં પ્રથમને છેલ્લો ઉપવાસ વચમાં પાંચ આંબીલ એ રીતે કારતક વદ ૧૨ પુર્ણ વદ ૧૩ પડેલો દિવસ વાળી આપ્યો. વદ ૧૪ પખ્ખી વદ ૦)) પાળી રાત પોસહ બદલે અહોરતં લીધો અને માગશર સુદ ૧ ને રોજ પોસહ પાળી મુકામે આવ્યા.

સુદ ૨ ના રોજ ઉપધાનની માળ પહેરી.

એ રીતે પહેલું તથા બીજું ઉપધાન વહેતાં ક્રિયામાં (૧૦૦) લોગસ્સનો કાઉસગ (૧૦૦) ખમાસમણાં ઉપધાન સૂત્રના નામ પૂર્વક દેવાનાં (૨૦) નોકારવાળી બાધી નવકાર મંત્રની ગણવાની

ચોથા તથા છઠ્ઠા ઉપધાનમાં કાઉસગ તથા ખમાસમણાં નહીં. આ સિવાય, પોસહ, પડીલહેણ દેવવંદનાદિ તમામ ક્રિયા કરવાની તેમજ પ્રવેદનની ક્રિયા દરરોજ કરવાની ગુરૂ સમક્ષ એકાસણું પુરી મઢના પચ્ચખાણે કરવાનું ઉપધાન એ શ્રાવકની ધર્મ કરણીમાં ઉંચ પ્રતિની કરણી છે. જેવા સાધુને યોગ વહન કરવાના છે તેમ શ્રાવકને દેવવંદનમાં આવતાં સુત્રો માટે ઉપધાન કરવાનાં છે.

ઉપધાન વહન કરવાથી શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞાનું આરાધન થાય છે. તપશ્ચર્યા વડે કર્મનું શોષણ થાય છે. શ્રુતની અપૂર્વ ભક્તિ થાય છે. અસાર શરીરમાંથી સાર ગ્રહણ કરાય છે. દરરોજના પોસહથી મુનિ પણાની તુલના થાય છે ઇંદ્રિયોનો નિરોધ થાય છે. કષાયનો સંવર થાય છે. દેવ વંદન ગુરૂ વંદનાદિ ભક્તિ થાય છે. આખો દિવસ સંવર કરણીમાં જાય છે.

એવાં ચારિત્રની વાનગી રૂપ ઉપધાન વહન કરતાં આનંદની લહેરમાં આત્મા પુષ્ટ થયો, મનો બળ વધ્યું અને શારીરિક વિકાર કમી થવાથી નિર્બળ થવાથી તપ જપ ક્રિયા તરફ પૂર્ણ પ્રિતી પ્રગટી છે. દુષ્કર્મની આલોચના પશ્ચાતાપ પુર્ણપણે કરતો આત્મા તેવી પ્રવૃતિમાંથી અટકયો છે.

## બારવ્રતની ટીપ.

૧ દેવ શ્રી અરિહંત અઢાર દોષ રહિત. બાર ગુણે સહીત જ્ઞાન, દર્શન, ચારિત્ર જેમને ક્ષાયીક ભાવે પ્રગટયું છે તેવા વિતરાગ પ્રભુને દેવ પણે માનું

૨ ગુરૂ=પંચમહાવ્રત ધારક, શુદ્ધ પ્રરૂપક ગીતાર્થ પાંચ સમીતી ત્રણ ગુપ્તીના ધારક, દશ પ્રકારનો યતિ ધર્મ પાળનાર શુદ્ધ ગુરૂને ગુરૂમાનું.

૩ ધર્મ=સકળ જીવને દુર્ગતિમાં પડતા અટકાવે તેવો કેવળી ભગવંતનો ભાખ્યા દયા મૂળ ધર્મને માનું.

એ ત્રણ તત્વ સુધાં મારે માનવાં. અન્ય મિથ્યાત્વી દેવ ગુરૂ-વાદિકને મોક્ષ દાયક જાણી માનું નહીં, ઇહલોકાર્થે વ્યવહારે જયણા. સ્વલીંગી વેષ ધારીને વ્યવહારથી કે ઉપકાર બુદ્ધિએ થુભવંદન કરવું પડે તેની જયણા. ભુલથી અધર્મને ધર્મ કે અતત્વને તત્વ મનાઇ જાય તેની જયણા–લૌકીક, લોકોત્તર દેવ, ગુરૂ, ધર્મગત એ છ મિથ્યાત્વ ટાળવાનો ખપ કરૂં.

છતે યોગે નિત્ય દેવ જુહારૂ, ગુરૂને વાંદું, યોગના મળે તો છબીમાં દેવ જુહારૂં શ્રીમંધર સ્વામી ભગવાનને દિશિદ્રષ્ટે વંદણા કરૂં

યોગ મળે બે ટંક પ્રાત ક્રમણ કરૂં છતે યોગે ન થાય તેના બીજે દિવસ લીલોતરી તથા ઘી બંધ.

મુસાફરીઆદિ અંતરાય અશકય કારણે પડીકમણું ધારી લેવાનો જોગ મલે તો ધારી લેવાની જયણા. એને તેવા પ્રસંગની પાંચનો કારવાળી બાધી ગણી પહોચાડવી. તેમજ દેવ ગુરૂનો જોગ છતાં અસુચી આદિ વ્યવહારિક કાર્યથી પ્રતિબંધ થાય તો તેની જયણા.

પચ્ચખાણ=સવારમાં નોકારશી તથા સાંજના ચોવિહાર રોગાદિ કારણે દવા લેવા નામીતે દુવિહાર, નીજરણા તથા સવારમાં સૂર્યોદયે ખાવાની માસ ૧ માં દીન ૫ છુટી.

નવકારવાળી=નવકાર તથા ઉવસગ્ગહરંની બાધી દરરોજ ૧) વરસની (૩૬૦) દિવસ થાય,તેટલી ગણી પુરી કરૂં રોગાદિ કારણે જયણા.

જિનભુવનની (૮૪) આશાતના તથા ગુરૂ પ્રત્યે (૩૩) આશાતના ટાળવાનો ખપ કરૂ તથા મૂળ ગભારે દશ આશાતના (૧૦) (તંબોલ, પાણી, ભોજન, ઉપાનહજોડા, મૈથુન, સયન, થુંકવું જુગ ટુંરમવું, લઘુનિતિ, વડીનિતિ એ રીતની ટાળું.

ચારઆગાર, અન્નથણા ભોગેણંઆદિ તથા છીંડી રાયાભિ-યોગેણં આદિ એ જયણા.

૧ સ્થુળપ્રાણાતિપાત વિરમણ વ્રત=કોઇ નિરપરાધી ત્રસ જીવને જાણી બુજીને, સંકલ્પીને, ઇરાદાપૂર્વક, વગર કારણે, હણવાની બુદ્ધિથી હણું નહીં હણાવું નહીં. ઔષધાદિ પ્રયોગથી કૃમી, કીડા, વાળાદિ હણાય. સ્વ અર્થે, કુટુંબાર્થે, મોંદાક્ષિણ્યે ધર્માર્થે તથા અનુકંપાએ તેની જયણા તથા આરંભ, સમારંભ તથા દુઃશકય કારણે જયણા.

અતિચાર ૧ નિર્દય બુદ્ધિએ માર મારવો નહીં. ૨ બંધન દ્વેશે કરી ત્રશ જીવને દુકે બંધને બાંધવો નહી. ૩ છવિછેદ=નાક કાનાદિ અવયવ છેદવાં નહીં. ૪ દ્વેશે કે લોભે અતિભાર ભરવો નહિ ૫ ભાત પાણીનો અંતરાય પાડવો નહિ દુકાળ સમયે ઓછું અપાય તેની જયણા.

૨ સ્થુળ મૃષાવાદ વિરમણ વ્રત કન્યાળી, ભોમાળી તથા ગવાળીક એ ત્રણ પ્રકારનાં મોટાં જુઠાં નહી બોલવા ઉપયોગ રાખું.

૪ પારકી થાપણ ઓળવવી નહીં ( જુજ કીંમતની જયણા )

૫ ખોટી શાક્ષી પુરવી નહીં. ( કોરટમાં કે વાદવિવાદમાં જુઠી શાખ પુરવી નહી પણ વાતોમાં કે વ્યવહારિક કાર્યોમાં કાંઇ બોલી જવાય તેની જયણા. અગર જીવ બચાવાર્થે જયણા.

૬ ખોટો લેખ લખું નહીં, લખાવું નહીં. વેપારાર્થે કાંઇ કરવું પડે તેની જયણા.

૭ જે જૂઠું બોલવાથી કોઇની હાણી થાય તેવું મોટકુ જુઠું બોલું નહીં. વાચાળ સ્વભાવ હોવાથી કોઇ આદેશ ઉપદેશ થઇ જાય તેની જયણા.

અતિચાર ૧ સહસા ભખણે કોઇને ધાસકો પડે એવી ભાષા બોલવી નહીં. ૨ રહસા ભખણે કોઇના છાના મર્મ પ્રકાશવા નહીં. ૩ સ્વદારમંતભેએ=સ્ત્રી પુરૂષની એબ પ્રકાસવી નહીં. ૪ મોસોવએસે= ખોટો ઉપદેશ દેવો નહીં. ૫ કુડલેહકરણે=ખોટા લેખ પત્ર લખવા નહીં.

૩ સ્થુળ અદત્તા દાન વિરમણ વ્રત ૧ ગાંઠ છોડી, ૨ ખીસા કાતરી ૩ ખાતર ખણી ૪ તાળુ તોડી ચોરી કરવી નહીં. લુંટ કરવી નહીં. ચોરીનો માલ જાણી બુજી ઓછી કીંમતે મળતો લોભાર્થે લેવો નહીં. જે મીલકતમાં પોતાનો હક સંબંધ• છે તેવી મીલકતો માટે જયણા.

પડી વસ્તુ જડે તે ધણી મળે તો પાછી આપવી. ના મળે અગર મળ્યા છતાં પાછી આપવાથી કાંઇ કલેશાદિ વિઘ્ન પ્રાપ્ત થતું હોય તો તે પાછી નહીં આપતાં તે વસ્તુ શુભ ખાતે વાપરવી.

ઘરમાંથી કે ભૂમીમાંથી નીકળેલા ધનનો ચોથો ભાગ શુભ માર્ગે વાપરવો દાણા ચોરી રૂ ૫) સુધીની દર મુસાફરીએ જયણા જુજ કીંમતની વસ્તુ માટે જયણા.

અતિચાર=( તેના હડપ્પયોગે ૧ ચોરની આણેલી વસ્તુ લેવી ૨ ચોરને સહાય દેવી ૩ ( તપડિ રૂવે ) વસ્તુનો ભેળ સંભેળ કરવો

તથા વસ્તુ બદલીને આપવી ૪ વિરૂદ્ધ ગમણે અ=રાજ્ય વિરૂદ્ધ દેશમાં ગમન કરવું એટલે એનું શરણ કરવું. ૫ કુડતુલ કુડમાણે=ખોટાં તો લમાપારાખવા તે.

૪ સ્થુળ મૈથુન વિરમણ વ્રત=યાવત્ જીવ કાયા એ કરી બ્રહ્મચર્ય પાળુ (સોયાદોરાવ) વચન તથા મનથી જયણા. આદેશ નિર્દેશ તથા પરવશાદિ કારણે જયણા.

અતિચાર અપરિગહિયા=કુંવારી કન્યા કે વેસ્યા સાથે ગમન કરવું. ઇત્વર પરિગ્રહીતા=સગપણ કરેલી કે કોઇની રાખેલી કે વીધવા સાથે ગમન કરવુ. *અનંગક્રિડા=સૃષ્ટીક્રમ વિરૂદ્ધ વિષયા ક્રિડા કરવી પરાયા વિવાહ જોડવા નાતરાં કરાવવાં. તિવ્ર અણુરાગ=કામ ભોગનો તિવ્ર અનુરાગ કરવો એ પાંચ. અતિચાર પર સ્ત્રી વિરમણવાળાને સ્વસ્ત્રીવાળાને ત્રણને સર્વથા ત્યાગીને પાંચ અતિસાર.

૫ પરિગ્રહ પરિમાણ વ્રત=૧ ધન રોકડ રૂ. ૫૦૦૦) પાંચ હજાર ૨ સોના રૂપા વીગેરેના દાગીના ખરીદ કીમતે રૂ. ૧) એક હજારના

૩ ઘરડેલાં હાલ ત્રણ છે તેની કીમત રૂ. ૨૫૦૦) પચીસો આંકી છે તે ઘરો દુરસ્ત કરાવવાં કે પડોસનાં ઘર વેચાતાં લઇ ભેળવી લેવાની જયણા. જરૂર પ્રસંગે ભાડે ઘરાણે રાખવાની જયણા.

૪ કાંસા કુટ વાસણકુસણ ફરનીચર વીગેરે રૂ. ૧૦૦૦) એક હજાર.

૫ અનાજ વીગેરે રૂ. ૫૦૦) પાંચસો.

૬ ખેતર, જમીન ફુલ બગીચા વીગેરે માટે રાખવી પડે તેની જયણા.

૭ જાનવર. બળદ, ગાય ઘોડા એ ત્રણ જાતમાં નં ૩ થી

વધુ રાખવાં નહીં બાકી જાનવર સ્વ ઉપયોગે રાખવાનો ત્યાગ પરમાર્થે કે સગાં માટે, નોકરી સંબંધે બીજી જાતનાં જાનવર રાખવાં પડે કે વધુ રાખવાં પડે તેની જયણા. ઘોડા, ગાડી, ડોળી પ્રમુખ ભાડે કરવાં પડે, સગાં સંબંધીનાં માગીલાવવાની જયણા જાત્રાદિ સંઘ નિમીત્તે જયણા.

૮ નોકર ચાકર=ઘર કામ માટે બેથી વધુ રાખવાં નહીં જ્ઞાતી વરા કે લગ્નાદિ પ્રસંગે કે રોગાદિ કારણે તથા વેપારાર્થે વધુ માણસો રાખવા પડે તેની જયણા.

૬ દિશી પરિમાણ વૃત=હિંદુસ્તાનની બહાર મુસાફરી કરવી નહીં એટલે રહેવાના સ્થળ ખંભાતથી ફરતાં (૨૦૦૦) ગાઉ આડે દિસામાં છુટ ઉંચાણમાં હિંદમાં રહેલા ઉંચામાં ઉંચા શિખર પહાડ એવ રેષ્ટ હીમાલય જેટલું (૨૯૦૦૨) ફુટ) જેટલું જવાની છુટ નિચે નીચાણ જમીન તથા ભોંયરાદિ જેટલું ( ૧ માઇલ ) ઉતરવાની છુટી. ઉપરાંત જાત્રાર્થે કે ધમાર્થે કે પરવશ પણે જવા આવવાની જયણા તથા કાગળ, તાર, છાપાઓ વાંચવાની તથા લખવાની કે માણસ મોકલવાની કે આદેશ ઉપદેશ કરવાની જયણા.

૭ ભોગોપભોગ વૃત=૧ સચીત વસ્તુ ખાવાનો, ૨ મહાવિગય ( માંસ, મદિરા મધ તથા માખણ ) નો, ૩ બાવીશ અભક્ષ ( સુકાં કોઠીમડાં શેર ૨) બશેર છુટાં ), ૪ અનંત કાયનો, ૫ પતરાળામાં જમવાનો, ૬ સાત વ્યસનનો.

૭ બારમુ, ચોથીયું તથા ખોળા ભરણાનું જમવાનો ( ઘર કુંટુંબાદિક સિવાય ) એ રીતે સાત બાબતોનો જાવ જીવ ત્યાગ બરફથી બનેલું દુધનું આઇસક્રિમ વરસમાં ( પાંચ વખત ખાવાની છુટી ઔષધાદિ કે જયણા.

૮ જાવ જીવ સંથારે સુવું ઘરવાસે સંથારામાં શેતરંજી ઉશિકાદિ વાપરવાની જયણા ઘરં દુકાનાદિમાં ગાદી, પથારી પાથરણાં, પાટ, પાટલા, ખાટલાદિ તથા ખુરસી, કોચ વીગેરે જયાં જે બેસવાનું સાધન વપરાતું હોય તેના પર બેસવાની જયણા રોગાદિ પરવશ પણે જયણા.

૯ અનાજની જાત.

ઘઉં, બાજરી, ડાંગરની જાત, કોદરા, જુવાર, મકાઇ, તુવેર, મઠ, મગ, ચણા, વાલ, ચાળા, વટાંણા, અડદ, તલ, મેથી, જવ, ચણો, મસુર, લાંગ.

૧૦ લીલોતરી=(૩૨) જાતની ભીંડા, કારેલાંની જાત, ગીલોડાં, તુરીયાંની જાત, દુધી ચીભડાની જાત, ગવારસીગની જાત, વાલોળની જાત ચોળાની સીંગની જાત, ગલકાં, મોગરી, કોળું, પાપડી, તુવેર, સાંગરીઓ, કંકોડાં, ડોડાં, જામફળ, લીલાં મરચાં પપઇયા, કેળાંની જાત, નાળીએર, કોઠ, કેરીની જાત, સકરટેટી, તરબુચની જાત, આળુનાં પાદડાં, મેથીની ભાજી, તાંદળજો, ધાંણાની ભાજી લીંબુની જાત.

ઉપર મુજબ અનાજ તથા લીલોતરી વાપરવી બાકીનો જાવ જીવ ત્યાગ. દુષ્કાળાદિ સમય કે રોગાદિ દુઃશકય કારણે જયણા.

લીલોતરી એક માશની દશ તિથી ( ૨–૫–૮–૧૧–૧૪ ) તથા વરસની છ અઠ્ઠાઇના દિવસોમાં લીલોતરીનો ત્યાગ. એક દિવસમાં પાંચથી વધુ લીલોતરીની જાત ખાવી નહીં તિથીના દિવસે, કેળાં, પાકુ આરીયું, પાકી કેરી, પપઇયા તથા ભીડા, સાંગરીઓ, કેરાં, કેરીનાં છોડીયાં, સુકાં કોઠીમડાં આદિ ખાવા લાયક સુકવણી કે જેનો થોડો પણ ભાગ ખાતાં કાઢી નાંખવો નહીં પડે તેવી સુકવણીનું શાક ખાવાની કે તળેલી ખાવાની છુટી

# વ્રતમાં ઉચ્ચર્યું નથી તે.

દરરોજ ચૌદ નીયમ ધારવાનો ખપ કરૂં, ભુલી જવાય, ચુક થાય તેની જયણા.

૧ સચીતનો જાવ જીવ ત્યાગ છે.

૨ દ્રવ્ય=

૩ વિગય છની છુટી તેમાંથી દરરોજ ૧ કમી કરવી.

૪ વાણહી=જોડા મોજા વરસ ૧ માં પાંચ જોડ છુટી પહેરી જોવાની જયણા એટલે નીયમ ઉપરાંત વધુ પહેર્યામાં આવે તેની જયણા.

૫ તંબોલ સર્વ જાત થઇ દર રોજ શેર ૦। ની છુટી.

૬ વસ્ત્ર પહેરવાનાં ધોતીયાં, પંચીયાં, કોટ કબજા ખેસ, પાગડી તથા ઓઢવા લાયક શાલ વીગેરે મળી નંગ ૨૦) દીન ૧ માં વાપરવાં પુજાના ઉપગરણો કપડાંની જયણા તથા જે દિવસે કપડાં બદલવાનાં હોય તે દિવસ બદલવાથી વધુ થાય તેની જયણા તથા પથારી, પાથરણામાં વપરાતાં કપડાંની જયણા રોગાદિ કારણે જયણા.

૭ કુસુમેસુ=ભોગાર્થે નિષેધ ધર્માર્થે લાવવા આપવા તથા રોગાદિ કારણે કે સલેખમાદિમાં છીકણી વીગેરે સુંઘવાની જયણા. તથા પરીક્ષાર્થે સુંઘવાની જયણા.

૮ વાહન=વહાણ આગબોટ ઘેર રાખવી નહીં પણ મુસાફરીમાં જળ વાટે જવા બેસવું પડે તેની જયણા ગાડીઓ ( ઘોડા બળદની કે યાંત્રીક નંગ ૨) સ્વઉપયોગે ઘેર રાખવાની જયણા તથા ભાડે કરવા કે સગાસંબંધીની માગી લાવવાની જરૂર પ્રસંગે જયણા.

૯ સયણુ=સય્યા પથારી સુવામાં સંથારીયાવાળી એકજ પણ ફાટે તુટે નવી લાવવા કે સ્થાનાંતર થતાં નવી પથારી વાપરવાની જયણા. રોગાદિ કારણે વધારે પથારીએ વધુ પાથરણાવાળી વાપરવાની જયણા તથા પાટ પાટલા, ખાટલા, ગાડી પાથરણા, ઓટલા, ખુરશી વીગેરે બેસવા સુવાના સાધનો વાપરવાની જયણા.

૧૦ વિલેપન=તેલ સાબુ શરીરે ચોળવાની છુટી. બાકી કોઇ જાતનું વિલેપન રોગાદિ કારણે કરવું પડે તેની જયણા કે કોઇ વ્યવહાર સાચવવા જયણા

૧૧ બ્રહ્મચર્ય=યાવત જીવ કાયાએ (સોય દોરાવત) પાળવાના પચ્ચખાણ છે. મન વચન, સ્વપ્નાવસ્થાની જયણા તથા આ દેશ ઉપદેશની જયણા.

૧૨ દિશી પ્રમાણ=છઠ્ઠા વ્રતમાં બે હજાર ગાઉની છુટ રાખી છે તેટલા સ્થળમાં મુસાફરી કરતાં રેલગાડી પ્રમુખ જમાનાને અનુસરતાં આવા ગમનનાં જળ વટી થળ વટીમાં વિચરતાં વાહનો એક દિવસમાં જયાં સુધી જાય ત્યાં સુધી જવું.

૧૩ ન્હાણુ=દિન પ્રત્યે બે વખત ન્હાવાની અંઘોળની છુટી કારણે હાથ પગ માથુ કે શરીર કોઇ ભાગ ધોવો પડે તેની જયણા લોકાચારે કે ધર્માર્થે અધિકની જયણા.

૧૪ ભત્તેસુ=ભાત ખાવાનું શેર ૫) તથા પાણી પીવા માટે મણ ૧) ની છુટી.

૧૫ પૃથ્વીકાય=સચીતનો ત્યાગ છે એટલે ખાવામાં તો બંધ પણ અનાજ વિગેરેમાં ખાતાં કાંકરા વીગેરે આવે તેની જયણા તથા રોગાદિ કારણે દવા રૂપે વાપરવાની જયણા. તથા લીંપવા વીગેરે

ઘર કામ માટે કે નવાં ઘર બાંધતાં પૃથ્વી કાયાદિ લાવવા વાપરવાની જયણા.

૧૬ અપકાય=પીવાનું પાણી મણ ૧) એક મણ ઉપરાંત વાપરવા માટે દરરોજ બેડાં વરસાદનું પાણી ઝીલવાની ભરવા ભરાવવાની જયણા તથા વરસાદનું પાણી, કુવા, તલાવ કુંડ, નદી પ્રમુખ જળા સયોનું પાણી તથા નળ વાટે આવતું પાણી પીવા વિગેરેમાં ખપે તેમજ લુગડાં ધોવાની કે કારણે સ્નાનાદિ કરવાની જયણા તથા જમણ વરાદિ તથા ઘર બાંધવામાં વધુ વાપરવાની જયણા આગ માટે જયણા

૧૭ તેઉકાય=ચુલા સગડી કાષ્ટ કોલસા કેચ્યા સાદિથી સળગતા ચુલા ભઠ્ઠીનું રાંધ્યુ ખાવાપીવા, વાપરવા વીગેરે માટે દરરોજ પાંચ ચુલાની છુટી જે રસોડે એટલે જેના ઘેર જમીએ તેના ઘરનો એકજ ચુલો ગણવો.

૧૮ વાયુકાય=હીંચોલો. ૧ પંખા

૧૯ વનસ્પતિકાય=વ્રતમાં બત્રીશ જાતની લીલોતરી ધારેલી છે–૩૨ તેમાંથી દરરોજ પાંચ જાત ખાવાની છુટી સિવાય રોગાદિ કારણે વિલેપનાદિ માટે જયણા.

૨૦ ત્રશકાય=વિના અપરાધે સંકલ્પીને કોઇ જીવને મારૂ નહીં રોગાદિ ઔષધ પ્રયોગે આરંભે જયણા.

૨૧ અસી=કોસ, કોદાળા, પાવડા, કુહાડી, છરી, ચપ્પુ, કાતર, ઘંટી, ખાંડણી, ખાંડણીયા. સુડી તથા સુતાર, કડીયા લુહારાદિ કારીગરનાં ઓજારો તથા હથિયારમાં ગુપ્તી, તરવારનાં ૧ એક ઘર ઉપયોગ ખરચ માટે ઉપયોગ પુરતાં ચાલુ સ્થિતિમાં રાખવાની છુટી

ભાગ્યા તુટયાં કે નિર ઉપયોગી સ્થિતિમાં વધુ પડયાં હોય તેની જયણા. ઘર ખરચ માટે રાખેલાં ઓજારો મોંદાક્ષિણ્યે કે અનુકંપાએ માગ્યાં આપવાં પડે તેની જયણા. તેમજ જરૂર પ્રસંગે વધુ માગી લાવવા કે ભાડે લાવવાની જયણા.

માગ્યાં આપવાં કે ભાડે આપવા માટે કે વેચવા સાટવા માટે વધુ બનાવવાં કે રાખવાં નહીં.

૨૨ મસી=શાહીના ખડીઆ ભરેલા નંગ ૫) પાંચ રાખવા દરરોજ વાપારવાની છુટી પેનસીલ, કલમ વાપરવાની જયણા.

૨૩ કૃશી=ઘર નવુ બંધાવતાં પાયા વિગેરે ખોદાવવાં પડે તે તથા ભોયરૂ ટાંકુ કુવો દુરસ્ત કરવામાં ખોદાવવું પડે તેની છુટી તથા ખેતરમાં ફુલ ફલાદિના ઝાડ છોડ રોપવા માટે ખોદાવવું પડે કે ઘર બાંધવા માટે માટી વીગેરે માટે ખોદાવવું પડે એ રીતે સ્વ અર્થે કે કુટુંબ અર્થે જરૂરી કામ કરવાની છુટી વેપારાર્થે ખાણો કુવા વીગેરે ખોદાવવા નહીં પણ અનુકંપાએ, ધર્માર્થે કે નોકરી સંબંધે ખોદાવવા પડે કે સમુદાયની ટીપમાં કાંઇ રકમ આપવી પડે તેની જયણા.

---

# અતિચાર.

---

૧ સચીતનો ત્યાગ છતાં સચીત ખાય તે દોશ બાવળ વીગેરેનો ગુંદર ઉખેડી ખાય, નહી પકાવેલા પદાર્થ વાપરવા, અર્ધા કાચા પાકા પદાર્થ વાપરવા, તુચ્છ પદાર્થનું ભક્ષણ કરવું જેવાં બોર શેરડી વીગેરે.

---

# ચાર જાતનો આહાર.

૧ અસન=વીશ જાતનાં અનાજ જેની ટીપ ઉપર આગળ આપી છે **તે** અનાજ તથા પકવાન મીઠાઇ જે ભક્ષ પદાર્થ હોય એટલે વાશી, બોળો, વિદળ કંદમૂળાદિ દોષીત પદાર્થ વર્જીત બનાવેલું હોય તેવું પકવાન ખાવાની છુટી.

૧ પાન=પાણી તે અચિત જળ ત્રણ ઉકાળાવાળું પાણી પીવામાં લેવું તેના અભાવે ચોખાનું ધોવણ, તથા શાકર કે રાખ નાખેલું સચીત જળ બે ઘડી થયા બાદ પીવાની જયણા. તે સિવાય કુવા, ટાંકાં, તળાવ, વાવ, કુંડ, નદી વીગેરે જળાશયો તથા વરસાદ તેમજ નળનું પાણી તથા દરીયાનું પાણી એ રીતે ખારૂં મીઠું પાણી ન્હાવા, લુગડાં ધોવા વીગેરે માટે વાપરવાની છુટી.

ખાઇમં=ખાદીમ તે શેકેલું અનાજ ટીપ મધેનું જે અચીત ( અગ્ની આદિ સસ્ત્રથી ) થએલું હોય તે તથા ફળ મેવા. સુકામેવો, બદામ, ખારેક, કાજુ, દ્રાખની જાત, આલુ ખજુર, ચારોળી, પીસ્તાં, મગફળી, કોપરૂ,

સાઇમં=સ્વાદિષ્ટ મુખ શુદ્ધીના પદાર્થો કે જેનાથી પેટ ભરાય નહીં તેમ ભુખ ભાગે નહીં તેવા. જાયફલ, એલાયચી, તજ, લવીંગ, મરી, સોપારી, ચીનીકબાલા વિગેરે.

૧૧ પંદર કર્માં દાનમાં મહા આરંભી વેપાર મારે જાતે કરવો નહીં એટલે સ્વ અર્થે કરવો નહીં. એ મૂળવ્રતમાં લીધુ છે.

પન્નર કર્માં દાન વીગત વાર જણાવી તેમાં ઉપયોગ કરવા. નીચે નોંધ કરી છે

૧ ઈંગાલ કર્મ=આજીવિકાર્થે કંદોઇનો, કે રાંધવાનો, રંગવાનો, સોનારનો, લુવારનો, ભાડ ભુંજાનો, કુંભારનો નીભાડા પકવવાનો વેપાર કરવો નહીં, ખપ પુરતી ચીજો બનાવવા લાવવા, તૈયાર કરવા આદેશ ઉપદેશ આપવાની જયણા.

ઇંગાલ કર્મમાં સુધારો=ભઠ્ઠી સર્વે જાતની તથા કોયલાપાડી આજીવીકા કરવી નહીં સ્વ અર્થે રસોઇ કરવાના તથા ઘરના કોયલા વેચવાનો આગાર=પણ તેમની બનાવેલી ચીજોનો વેપાર કરવાની જયણા.

વનકર્મ=ઝાડો વાવવાં કાપવાં, કપાવવાં કે વન રાખી કપાવવાનો વ્યાપાર કરવો નહીં પણ કાપેલાં તૈયાર લેવાની જયણા. લીલા કાપેલા ઝાડનાં લાકડાં ચીરાવવાની જયણા. તથા ઘર કુંટુંબાર્થે કે ધર્માર્થે વાડી બાગ બનાવવાની આદેશ ઉપદેશ કરવાની જયણા અગર વાતો કરતાં ખેતી વાડી સંબંધી કાંઇ બોલી જવાય તેની જયણા. ખેડુત કે અનાજના વેપારીને નાંણાં ધીરવાની જયણા. ઔષધ માટે છેદાવવાં પડે તેની જયણા.

સાડીકર્મ=ગાય ભેંસ, દાસદાસી વેચવા સાટવાનો વેપાર કરવો નહીં સ્વ અર્થે જોઇતાં રાખવાની જયણા ગાડાં, બેલ વીગેરે વેચવાં સાટવાં તે.

૪ ભાડી કર્મ=ગાડી, ઘોડા, ઉંટ પોઠી, રાસભાદિક વેપારાર્થે ભાડે ફેરવવા નહીં એટલ ભાડું ખાવાનો વેપાર કરવો નહીં.

ફોડી કર્મ=વાવ, કુવા, તલાવાદિ ખોદાવવાં તથા માટી પથરાની ખાણો ખોદાવવાનો ધંધો કરવો નહીં એટલે તેવા કંટ્રાકર રાખવા નહીં. સલાટ ઓડનો કસબ કરી ધરતીનું પેટ ફોડી આજીવીકા ચલાવવી તે.

૬ દંતવાણિજ્ય=દાંત તથા ચાંમડાનો વેપાર કરવો નહીં મોતી જવેરાતના ક્રય વિક્રયની જયણા. દાંત, મોતી જ્યા નીપજતાં હોય ત્યાં જઇ ખરીદવાં તે.

૭ લખવાણિજય=લાખ મીણ, ગળીનો વેપાર કરવો નહીં કસુંબો, સોરંગી ખાંખણ વિગેરે.

૮ રસવાણિજ્ય=મધ મદિરા માખણનો વેપાર કરવો નહીં ઘી તેલ વીગેરેની જયણા ઘરની ચીજ હોય તે વેચવાની જયણા.

૯ વિશવાણિજ્ય=શસ્ત્રનો કે ઝેરનો વેપાર કરવો નહીં.

૧૦ કેસવાણિજ્ય=ચમર, ઉન, કે વાળનો વેપાર કરવો નહીં ઘર કે ધર્માથે લાવવાની કે વધુ હોય તો આપવાની જયણા એ રીતે પાંચવાણી જય ઘર ખરચ માટે બનાવરાવવા, ખરીદવાની જયણા તેમજ ઔષધ કારણે વપરાતી ચીજ માટે જયણા.

૧૧ યંત્ર પીલણ કર્મ=તેલની ઘાણી કે કોલા યંત્રનો વેપાર કરવો નહીં પણ ઘર ખરચ વીગેરે માટે જોઇતાં તેલો વીગેરે ખરીદવા તથા પીલાવવા માટે કે દળાવા, ખંડાવાની જયણા તેમજ મીલ વીગેરે યંત્રોમાં બનેલાં કપડાં પહેરવા તથા ધોવરાવવા વીગેરેની જયણા તથા તેવાં કોઇ યંત્રોમાં પૈસા રોકવાની જયણા તેમજ જરી કામના અંગે વપરાતાં યંત્રોથી કામ કરવા, કરાવવાની વેપારાર્થે જયણા તથા વેપારાર્થે કે ઘર માટે કોઇ પણ યંત્રમાં ક્રિયા કરાવવી પડે તેની જયણા.

૧૨ નિલંછન કર્મ=ક્રીડા હેતુ કરવું, કરાવવું નહી. અજાણપણે અંગાદિ નાક કાન છેદવાં છેદાવવાં. બળદની નાથ ઘાલવી કેપસ-ભવકારી અંગ છેદાવવું કે ઓપ્રેશન કરાવાની જયણા.

૧૩ દવાગીદવ્વણયા=દવ્વ દેવા અગ્ની દાહ કરવો નહી સુના સ્વ અર્થે કે ઘર કારણે સધુકવાની જયણા.

૧૪ સરદહ સોસણ કર્મ=સરોવર, વાય, કુવા પ્રમુખનાં પાણી સોસવાં પાણી રહીત કુતુહલ કે આજીવિકાર્થે કરવા નહી, કરાવવાં નહી પણ કોઇ જલાશયમાં કાંઈ ચીજ પડી ગઇ હોયને ઉલેચવું પડે અગર, કચરો કાડવા ધોવાનીમોતે ખાલી કરાવવું પડે તેની જયણા. વાડીમાં કોશ જોડાવવો પડે તેની જયણા. ગધકાદિ નાખી નવાણનું પાણી બગાડવું નહી.

૧૫ અસતી પોશણ=સુડા પોપટ કુતરાં બીલાડાં વીગેરે હીંસારી જનાવર ક્રીડા હેતુ પાલવાં નહીં તથા વ્યભીચારી સ્ત્રીનું પોષણ કરવું નહીં અનુકંપાદિએ જયણા.

૮ અનર્થ દંડ=અર્થ વિના દંડાવું નહીં તે ચાર પ્રકારનું.

૧ અર્થ વિના આર્ત ધ્યાન ધરવું નહીં રૂદ્ર ધ્યાન ધરવું નહીં

૨ ઘી તેલનાં વાસણ ઉઘાડાં મુકવાં નહી પાપાચરણ સેવવાં નહી

૩ હીંસા થઇ શકે તેવાં શસ્ત્ર કોઇને આપવાં નહીં.

૪ પાપ કર્મના ઉપદેશ દેવા નહીં દાક્ષીણ્યતાએ જયણા

ઉપરની ચાર બાબતો મૂળવ્રત વખત ધારી નથી પણ.

૧ કોઇને ફાંસી આપતા હોય ત્યાં જોવા જવું નહી.

૨ કુતરાં બિલાડાં આદિહિંસક પશુ પક્ષી ક્રીડા માટે પાળવાં નહીં પરમાર્થે જયણા.

૩ હાથી ઘોડા વીગેરેની સાઠ મારી જોવા જવું નહી તેમજ ભાંડ ભવાયા, નાટક જોવાં નહીં. પણ સરકસની કસરતો કે ધાર્મિક

બોધદાયી ખેલો તથા કળાકૌશલ્યના ખેલો જોવાની જયણા તેમજ રસ્તે જતાં જોવાય તેની જયણા.

૪ આજીવિકાર્થે શસ્ત્રનો વેપાર કરવો નહી

૫ જુગાર રમવો નહી.

૬ ચાર પ્રકારની વિકથા વિના કારણ નહી કરવાનો ખપ કરૂં શસ્ત્રહ, અગ્ની, મુસળ, યંત્ર તૃણ, કાષ્ટ, સર્પના મંત્ર, જડીબુટ્ટી વીગેરે ઉપદ્રવકારી, આપવા, અપાવવા, અનુમોદવાથી અતિચાર લાગે છે.

૯ સામાયક વૃત=વરસ ૧) માંસામાયક ૧૦૦ કરવાં અશક્તાદિ અશકય કારણે જયણા.

૧૦ દિશાવગાશીક વૃત્ત=ચૌદ નિયમ ધારવાનો ખપ કરૂં દસસાંમાયકનાં દિશાવગાસિક વરસ ૧ માં પાંચ કરવાં. પડીકમણાના બે સામાયક સાર્થે દશ સામાયક ગણવા.

૧૧ પોસધોપવાસવૃત=માંસ ૧ એકમાં બે• ઉપવાશ એટલે વરસમાં (૨૪) ઉપવાશ, એક છઠ, એક અઠમ તપ કરૂં શક્તિ પહોંચે ત્યાં સુધી કરૂં. અશક્તિ એ જયણા સર્વથી દિવસના પોસહ વરસમાં (૩) ત્રણ કરવા.

૧૨ અતિથી સંવિભાગ=પોષધના પારણે અથવા તેમ ન બને તો વગર પોષધે વર્ષમાં એકવાર સાધુને દાન આપ્યા પછી સાધુ મહારાજે ગ્રહણ કરેલી વસ્તુ જમવી તે જોગ ન બને તો કોઇ ઉત્તમ સાધર્મીને જમાડી પછી જમવું.

અભિગ્રહ પચ્ચખાણ જ્યાં સુધી ચારિત્ર ઉદય આવે નહીં ત્યાં સુધી છુટ્ટુ દુધ ખાવું નહીં. પાલીતાણા ૧૯૭૬ માગશર સુદ ૧ ના

રોજ આચાર્ય શ્રી સિદ્ધિવિજયજી મહારાજ પાસે આ ઉપર બતાવેલી નોંધ પ્રમાણે આ જીવન ચરિત્રના નાયકે બાર વ્રત ઉચ્ચરેલા હતા. અને તેમને પોતે એક નાની ડાયરી બુકમાં પોતાને હાથે ઉપર પ્રમાણે નોંધ કરી હતી હવે જેમ જેમ દિવસો ચાલ્યા જતા હતા તેમ ધર્મ કરણી કરવા તરફજ તેમનું સંપૂર્ણ વલણ હતું. આ ચરિત્ર નાયક બરાબર ધર્મારાધનમાં જોડાયા ત્યારે તેમનો અવસાનકાળ પણ નજીક આવ્યો સંવત ૧૯૭૬ ની સાલમાં પાલીતાણાથી માગશર માસમાં ઉપધાનાદિક વહી વ્રતાદિક ઉચ્ચરી ઘેર આવ્યા પછી જો કે આંબેલની ઓલી પૂર્ણ કરેલી હતી છતાં પણ તપશ્ચર્યા કરવાના હેતુથી તે ચાલુજ રાખી હતી આ ભાગ્યશાળીનો અવસાન કાળ પણ તેજ શાલમાં એટલે સંવત ૧૯૭૬ ના આસો સુદ ૧૫ ને વાર મગલવારે તા. ૨૬-૧૦-૨૦ ના રોજ બપોરના સાડાબાર વાગે ખરેખરી તપશ્ચર્યાની ભાવના અને કસોટીમાંજ એટલે આસો સુદ ૭ થી હોલી બેઠી હતી તેઓ આંબેલ કરતા હતા ચોદશનો ચોવીહાર ઉપવાસ હતો તે દીવસે પેટમાં સૂલ ઉપડયું તે પૂનમને દીવસે આંબેલ નહી કરતાં મુનીમહારાજને પૂછી તેમની આજ્ઞા લઇ એકાસણું કર્યુ એકાસણું કરી રહ્યા પછી અડધાજ કલાક પછી શરીર નરમ થતાં સમાધીમાંજ અને શુભ ધ્યાનમાંજ બરાબર કાળ વખતેજ આસો સુદ ૧૫ ની બપોરના સાડાબાર વાગે આ ફાની દુનીયાનો ત્યાગ કરી દેવગત થયા. કેવું આશ્ચર્ય આચરિત્ર નાયક સ્વભાવે શાંત મીલનસાર અને પરોપકાર વૃત્તિના હતા તેમણે પોતાના આત્માનું સાર્થક કર્યું એટલુંજ નહિ પણ સર્વે આત્માના કલ્યાણને અર્થે આ જૈન ધર્મના તત્વોનો ટુંકસાર નામનો જે આ

ગ્રંથ હું બહાર પાડું છું તે તેઓ સાહેબે પોતાના અવકાશના વખતમાં દરેક ગ્રંથો પ્રકરણો વાંચી વિચારી શંકા વિગેરેનું મહાત્માઓ સાથે તેમજ વળી ધર્મી જીવો સાથે વાદવિવાદ કરી નીર્ણય કરીને ટુંકી ટુંકી નોંધો કરીને આપણા હીતને માટે મુકી ગયા છે. ધન્ય છે તેમને અને તેવા કાર્ય કરનાર મહાશયોને કે સ્વપર સાધનાર આવા પુરૂષોનું કલ્યાણ થાઓ તેમના આત્માને શાંતી મલો એજ ઇચ્છી અત્રે આ ટુંકજીવન ચરિત્ર સમાપ્ત કરૂં છું

**લી. પ્રસિદ્ધ કર્તા.**

## ॥ ॐ शान्ति. शान्ति. शान्ति. ॥

# શ્રી જૈન ધર્મના તત્વો
## નો ટુંકસાર.

---

### કર્મ ને જીવનો સિદ્ધાંત.

---

જીવે મિથ્યાત્વાદિક હેતુએ કરીને જે આત્મા સાથે પુદ્ગળ ( કર્મ ) બાંધે છે તેને કર્મ કહે છે " यथाक्रियते इतिकर्म " જે કરાય તે કર્મ કહીએ. તે કર્મ પુદ્ગલ રૂપી છે એટલે મૂર્તિમાન છે તે પુદ્ગલો અંજન ચુરણથી ભરેલા દાબલાની પેઠે સર્વ લોકાકાશમાં નિરંતર વ્યાપી રહેલાં છે, તેનો કર્તા જે જીવ તે અરૂપી, અદ્રશ્ય અને નિત્ય છે, તે જીવ વ્યવહાર નયે મિથ્યાત્વ, અવિરતી કષાયનેયોગ એ ચારના સતાવન બંધ હેતુએ કરી તથા ઈત્યાદિક વિશેષ હેતુએ કરી કર્મ બાંધે છે તે માટે એને કર્મ કહે છે. જીવની કષાયાદિ ચિકણુતાએ જેમ તેલ ચોપડેલે શરીરે રજોમલ લાગે તેમ અનંતાનંત કર્મ વર્ગણાથી અસંખ્યાત

આત્મપ્રદેશ વિંટાય તેણે કરી જ્ઞાનાદિક આત્મગુણ અવરાય તેથી જીવ મલીનરૂપ કહેવાય. જેમ દૂધમાં પાણી મળે તથા લોહમાં અગ્નિ મળે તેમ સર્વાત્મ પ્રદેશે કર્મદળનું મળવું હોય તે કર્મબંધનું નામ કર્મ કહીએ એ કર્મ કોણ કરે ! જીવે કરી કરાય છે. તે જીવ કોને કહીએ ?

આત્મા:અત્ધાતુપરથી થએલો છે; અપરાપર સ્વપર્યાય પ્રતિ સતત ગમન કરે તે આત્મા. એ જીવનો પર્યાય શબ્દ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિર્યને ઉપયોગ એ છ લક્ષણે સહિત ચેતના લક્ષણ, તે જીવ. એકાદ ચાર્વાક સિવાય તમામ ધર્મોવાળા જીવનું અસ્તિત્વ સ્વિકારે છે. જીવ પુદ્ગલ સંબંધી જૈનાચાર્યોએ વિશેષ અજવાળું પાડેલું છે.

જીવના સ્વાભાવિક ગુણો ( અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ તથા અતુલ્ય બળ ) ચાર ભાવ પ્રાણ છે. અનાદિકાળના અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહજ આત્મા ભાસ્યો પણ તેમ નથી. તરવારને મ્યાનની પેઠે દેહને આત્મા જૂદોજ છે. વેદકતા અને જ્ઞાયકતા એ ગુણ આત્માનાજ છે. આત્મા પાંચે ઇંદ્રિઓના વિષયને જાણનાર છે, તે ગુણ જડ પુદ્ગલમાં નથી. દેહ પુદ્ગલ જડ પદાર્થ છે.

જડ પુદ્ગલના સંયોજીત થવાથી પવિત્રાત્મા અદ્રશ્ય છે તેને જડ પદાર્થરૂપી બનાવી દ્રશ્ય શરીર અર્પે છે પણ તે શરીર કાંઈ જીવનો ભાગ નથી. મિશ્રિત થએલા

જડ પુદ્ગલ સંયોગથી આવરિત થએલા ભાવ પ્રાણ (સૂર્યનાં કીરણ પ્રકાશિત ને ગરમ છે પણ વરસાદનાં વાદળાંથી આવરીત થવાથી તેનો સ્પષ્ટ પ્રકાશ કે ગરમી જણાતી નથી. તેમ) સ્વભાવિક ગુણોમાં ફેરફાર થઈ ભાવ પ્રાણનો અભાવ થાય છે ને પાંચ ઈંદ્રી, મનો બળ, વચન બળ, કાયબળ, શ્વાસો શ્વાસને આયુષ્ય એદશ દ્રવ્ય પ્રાણપર રાગ થાય છે. અભાવથી દ્વેષ પ્રગટે છે. અને રાગથી મોહ ઉપજે.છે. દ્વેષ ક્રોધને માનનું રૂપ લે છે. ત્યારે રાગ માયાને લોભનું સ્વરૂપ લે છે. એ બળ પ્રવાહો જીવને અશુભ કર્મ કરાવે છે તે કર્મ પુદ્ગલ જડ છે તેમાં કોઇ પ્રકારનું જ્ઞાન, ભાન કે લાગણી નથી. પાંચ ઈંદ્રિમાંની કોઈ ઈંદ્રિ પોતાના સિવાય બીજી ઈંદ્રિના વિષયને જાણી શક્તી નથી ને જે ઈંદ્રિ પોતાના વિષયને જાણે છે તે પણ આત્મા વડેજ જાણે છે. આત્મસત્તાની પ્રેરણા ન હોય તો દેહાદિ-સર્વ જડપણે પડયાં રહે છે. પુદ્ગળીક જડ પદાર્થ જીવ સાથે સંયોજીત હો કીંવાન હો પણ તે જડને જ્ઞાન કે લાગણી નથીજ. રૂધીર, ચામડી, હાડકાં, નાડીયો, નસો, જ્ઞાનતંતુ વિગેરેના રસાયણીક સંયોગો પણ લાગણી વગરના છે એવાં કોઈ રસાયણીક તત્ત્વ નથી કે જે જડ પદાર્થમાં જ્ઞાયકતા કે વેદકતાના ગુણો પ્રગટાવી શકે! એવો કોઇ રસાયણિક પદાર્થ હોઈ શકેજ નહીં. એવાં તત્ત્વો જો હોત

તો મૃત કલેવરની અંતિમ ક્રિયા કરવાનું કારણ સંભવેજ નહીં. પંચભૂતના બનેલા પુતળામાં કોઈ જાતની રસાયણિક પ્રયોગોથી જો ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થતી હોય તો કોઈનું **મરણ સંભવેજ નહીં**, તેમજ આત્મસત્તા ગયા પછી પડી રહેલા પુદ્ગળીક શરીરની કોઈ ઈંદ્રિ પોતાના વિષયને જાણી શક્તી નથી માટે સિદ્ધ થાય છે કે જ્ઞાનધિકાર જીવનોજ છે. જીવંત પ્રાણીમાં કોઈ જાતનો રસાયણિક સંયોગ નથી પણ જીવ એ એક વ્યક્તિ છે જેનો સ્વભાવ ચેતના લક્ષણ યુક્ત છે, સ્વભાવે અદૃશ્ય છે તથાપિ જ્ઞાયકતા છે તે જ્ઞાન અનંતર છે. અને એ પણ સિદ્ધ થાય છે કે જે દૃશ્ય સ્વરૂપ દેખાય છે તે પુદ્ગલિક જડ અચેતન છે. જ્ઞાન ગુણ જેમાં છે તેજ ચેતન છે. જ્ઞાન ગુણ જો દેહ નો હોતતો દુર્બળ દેહમાં જ્ઞાન બુદ્ધિ જોવામાં આવે છે ને સ્થુળ શરિરવાળા અલ્પ જ્ઞાનવાળા હોય છે એમ થવું ન જાઇએ. ઘટપટાદિ જાણનાર સુખદુઃખનો વેદનાર ચૈતન્યમય આત્માજ છે.

દશ પ્રાણ સુધી જે યથાયોગ્ય ધારણ કરી શકે તેને જીવ કહીએ તે જીવ જ્ઞાન ચૈતન્ય લક્ષણે યુક્ત છે. મિથ્યાત્વાદિક હેતુએ કરી મલીન સ્વરૂપ થકો વેદની યાદી કર્મોનો કર્ત્તા છે તથા તેનાં ફળ શાતા અશાતાદિનો ભોક્તા છે. કર્મવિપાકના ઉદય અનુસારે નરકાદિમાં જનાર, અને સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રયના અભ્યાસની બાહુલ્યતાના

વશે કરી કર્મમલ પટલનો નિવારનાર એ ચારે લક્ષણે બિરાજમાન તે જીવ, સત્વ, પ્રાણી તથા આત્મા ઇત્યાદિ પર્યાય નામો વડે ઓળખાય છે. ઉપયુક્ત કારણોથી આત્માનું અસ્તિત્વપણું સિદ્ધ થાયછે. હવે આત્મા નિત્યછે તે નિર્ણય કરવામાં આવેછે.

આત્મા નિત્ય છે—જીવન જેનો સ્વભાવ છે તે બીજા પદાર્થની પેઠે કોઈ કાળે નહીં હતો અને હવે છે એમ કદી કહી શકાશે નહીં. આ જન્મની પેહેલાં હતો ને મરણ પછી પણ છે તેનો પ્રારંભ કાળ નથી જેની ઉત્પત્તિ કોઇ પણ સંયોગથી થાય નહીં તો તેનો નાશ પણ થાય નહીં માટે આત્મા ત્રિકાળ નિત્ય છે. ચૈતન્યમય આત્મા કોઇપણ જડ પદાર્થમાંથી બની શકે નહી કારણકે પોતાથી ભિન્નપણાનું અસ્તિત્વ કોઇ પદાર્થમાં હોયજ નહીં. પાણીમાંથી અગ્નિ અને અગ્નિમાંથી પાણી પ્રગટ થાય નહીં તો જડમાંથી ચૈતન્ય કે ચૈતન્યમાંથી જડની ઉત્પત્તિ થાયજ નહીં કારણકે બંનેના ગુણો ભિન્નભિન્ન છે. વળી આ જગત ત્રણે કાળમાં કોઈ વખત એક રસમય એકજ જાતના પદાર્થ રૂપે હતું એ સંભવિતજ નથી માટે આત્મા એક વ્યક્તિ છે ત્રિકાળ અનાદિ નિત્ય છે. વળી સર્પાદિ પ્રાણીઓને વિષે જન્મથી ક્રોધાદિ પ્રકૃતિઓ જોવામાં આવે છે તે પ્રકૃતિઓ જેમ પારેવામાં અહિંસકપણું, કોઈમાં ભયસંજ્ઞા, કોઇમાં પ્રીતિ, કોઈમાં ગંભીરતા વીગેરેનો અભ્યાસ વર્તમાન દેહે કર્યો નથી

ત્યારે તે પ્રકૃતિઓનું કારણ પુર્વ સંચિત સંભવે છે ને તેથીજ પુનર્જન્મ સિદ્ધ થાય છે. પાપ અને પુણ્ય જે કરશે તેજ ભોગવશે એ કહેવત એ કહેતીથી સિદ્ધ થાય છે કે જ્યારે ભોગવવાનું છે તો પુર્વે કરેલાં આ જન્મે ભોગવાય છે અને આ જન્મનાં પુનર્જન્મમાં ભોગવીશું તે પુનર્જન્મજ આત્માનું અનાદિ નિત્યત્વ સિદ્ધ કરે છે. વળી જો આત્મા નિત્ય ન હોત તો બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા એવી શરીરની ત્રણ અવસ્થા બદલાય છે પણ થએલો અનુભવ સ્મરણમાં રહે છે તેથી બૌદ્ધમત મુજબ આત્મા ક્ષણિક નથી કાંઇપણ ઉત્પન્ન થતું નથી અને નાશ પણ પામતું નથી દૃષ્ટાંત- માટીનો ઘડો લઇ તેને ભાગીએ ને સુક્ષ્મ ભૂકો કરી નાખીએ તો માટીના પરમાણુંનો સમુહ છુટો થયો તેમજ ઘડો બનતાં પહેલાં પણ માટીનાં છુટાં પરમાણુઓ હતા માટે પુદ્ગલ પરમાણુનો નાશ થતો નથી તો પછી આત્માની ઉત્પત્તિ કે નાશ હોઇ શકેજ નહીં. કદાપિ કોઈ કહેશે કે ક્રોધાદિક પ્રકૃત્તિઓ ગર્ભમાં વિર્યરેતના યોગથી ઉત્પન્ન થાય છે. એ કહેવું મિથ્યા છે. કારણ કે વિષયી માબાપના સંયોગથી ઉત્પન્ન થએલા પુત્રો પરમ વિતરાગ જેવા બાળપણથી જોવામાં આવે છે તેમજ સદ્ગુણી માબાપના છોકરા દુર્ગુણી નીવડે છે માટે પ્રકૃતિના ગુણો પુર્વ સંચિત છે ને તેથીજ પુનર્જન્મ તે આત્માનું નિત્યત્વ છે.

જીવ કર્મનો કર્ત્તા છે–સર્વ પદાર્થ અર્થ ક્રિયા સંપન્ન છે. કાંઈને કાંઈ પરિણામ ક્રિયા સહીતજ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે માટે કર્ત્તા છે. પરમાર્થથી સ્વભાવ પરિણતીએ નીજ સ્વરૂપનો કર્ત્તા છે. વ્યવહારથી આત્મા કર્મનો કર્ત્તા છે ઉપચારથી ઘરનગરાદિનો કર્તા છે એટલે જીવ પોતાના જ્ઞાનાદિ સ્વભાવમાં હોય છે ત્યારે પોતાના સ્વભાવનો કર્ત્તા છે; અને જ્યારે સ્વભાવથી વિમુખ થઇ પરભાવમાં રમેછે ત્યારે કર્મનો કર્ત્તા છે. ચેતનની પ્રેરણા ન હોત તો કર્મ કોણ ગ્રહણ કરે? જડમાં પ્રેરણા નથી જો હોય તો ઘટાપટાદિમાં ક્રોધાદિભાવ પરિણમવા જોઈએ તે નથી માટે કર્મનો કર્તાપણ ચૈતન્યમય આત્મા જીવજ છે.

આત્મા કર્મનો ભોક્તા છે–જે કરે તેજ ભોગવે જે જે ક્રિયા છે તે સર્વ ફળ સહીત છે જેમ વિષ ખાધાથી બિષનું ફળ ને સાકર ખાધાથી સાકરનું ફળ પાપ કરવાથી પાપનું ફળ અને પુણ્ય કરવાથી પુણ્યનું ફળ સદ્ગતિ રૂપ મળ્યા વિના રહેતું નથી તે ફળ આત્મા ભોગવે છે, સંસારને વિષે સમસ્ત જીવોનું આત્મત્વપણું સમાન છે તથાપિ તેમાં કોઈ રાજા કોઈ રાંક, કોઇ બુદ્ધિવંત કોઇ મૂર્ખ, કોઈ રૂપવાન કોઈ કુરૂપ, કોઇ મહર્દ્ધીક કોઇ દરિદ્રી કોઈ મનુષ્ય, કોઈ દેવતા, કોઈ નારકી કોઇ ત્રિર્યંચ કોઇ સુખી કોઈ

દુઃખી સદ્દગતિ દુર્ગતિ આદિ જે વિચિત્ર જગતમાં જોવામાં આવે છે તે વિચિત્રતાનું કારણ કર્મ છે કે જે જીવે સંકલ્પ વિકલ્પાત્મક બહીર દ્રષ્ટીથી ગ્રહણ કરેલાં છે તે કર્મનું એ ફળ છે તે ફળ કરનાર આત્માજ ભોગવે છે એટલે કરેલાં કર્મના ફળનો ભોગનારજ છે. કારણ વિના કાર્યની ઉત્પતી થતી નથી.

મોક્ષ છે—કષાદિના તિવ્ર પણાથી જીવ બાહિરદ્દષ્ટિથી કર્મનો કર્તા છે પણ બાહિરદ્દષ્ટિથી મૂળસ્વભાવમાં જીવ રમે છે ત્યારે કષાયાદિની મંદતા થવાથી જીવ નવાંકર્મ બાંધતો નથી નેસતામાં રહેલા કર્મો ભોગવી ચડતા પરિણામે જીવકર્મથી મુક્ત થાય છે તેને મુક્તિ એટલે મોક્ષ કહે છે. કર્મ ભાવ છે તે જીવનું અજ્ઞાન છે તેનો સ્વભાવ અંધકાર જેવો છે ને મોક્ષ ભાવ છે તે જીવની પોતાની સ્વરૂપ સ્થિતિ છે. પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર નાશ પામે છે. ખાણમાંથી નીકળતું સોનું આદિ ધાતુઓ માટી મિશ્રિત હોયછે તેને શુદ્ધ કરતા અનાદિ સંબંધ થતાં તિવ્ર અગ્નિ સંયોગે પાષાંણાદિથી ભિન્ન થાય છે સોનાનો સ્વભાવિક વર્ણ પ્રગટે છે તેમજ જીવને પણ અનાદિ કર્મમળ સંબંધ શુકલ ધ્યાન રૂપી તિવ્ર અગ્ની સંયોગે ટળે છે સ્વભાવિક ગુણોં જ્ઞાન દર્શનાદિ ભાવપ્રાણ પ્રગટ થવાથી મૂળ ભાવમાં આત્મ સ્વરૂપમાં રમતો જીવ કર્મથી મુક્ત થાય છે. એટલે

કર્મ પુદગલ જડને ગ્રહણ કરતો નથી જે પ્રથમનાં બાંધેલા સતામાં રહેલાં કર્મો ખપી જાયછે. જે જે કારણો કર્મ બંધના છે તે તે કારણો ને છેદે એવી જે આત્મદશા શુદ્ધાત્મદશા તે મોક્ષ–ભવનો અંત મુકિત છે અનંત કાળ સુધી શુદ્ધાત્મસ્વરૂપે રહે તે મોક્ષ–કર્મથી મુકાવું તે મોક્ષ છે.

મોક્ષનું સાધન છે—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ મોક્ષ મેળવવાનાં સાધનો છે. રાગ દ્વેષ અને અજ્ઞાનનું એકત્વપણું તે કર્મ બંધનું કારણ છે તેથી નિવૃત થવું તે મોક્ષનું કારણ છે. એટલે સંકલ્પ વિકલ્પાત્મક કર્મ બંધનાં કારણોને મૂકી દેવાં અન્ય સર્વ વિભાવ દશા અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો શુદ્ધાત્મા પ્રવર્તાય તે મોક્ષ માર્ગ છે. સમ્યક જ્ઞાન દર્શન ચારિત્રથી જીવ કર્મથી મુકત થાય છે એટલે સકળ કર્મનો નાશ થઇ આત્મા પોતાની સ્થિતિ પ્રાપ્ત કરે છે તે મોક્ષ છે. આત્માના સ્વભાવિક ગુણોમાં રમણ કરવું એ મોક્ષનુ સાંધન છે.

એ રીતે જીવનો નિશ્ચય કરવા માટે છ પદની પ્રરૂપણા સિદ્ધાંતાનુસાર સારરૂપ લખી તેવીજ રીતે અજીવ પુદગલનું સ્વરૂપ સમજવા માટે ચૌદરાજ લોકમાં વ્યાપી રહેલા છ દ્રવ્યની વ્યાખ્યા સમજવાથી આગલા વિષયની વિશેષ સિદ્ધતા સાથે કર્મ માર્ગ સમજવો સરળ પડશે માટે છ દ્રવ્યની વ્યાખ્યા લખીએ છીએ.

# છ દ્રવ્યની વ્યાખ્યા.

૧ ધર્માસ્તિકાય—ચાલવામાં સહાય આપવાનો જેનો સ્વભાવ છે જેમ માછલા પાણીમાં તરવાની ગતિ પોતે કરે છે પણ પાણીની સહાયતા વગર તરી શકાય નહી તેને પાણી જેમ સહાય આપનાર છે તેમજ ચાલતાને સહાય આપનાર ધર્માસ્તિતકાય છે. તે અસંખ્યાત પ્રદેશી, અક્રિય. અરૂપી, નિર્જીવ છે લોક વ્યાપી છે. જ્યાં સુધી ધર્માસ્તિકાય હોય ત્યાં સુધી જીવ તથા પુદગલો જઇ શકે છે તેથી આગળ જઇ શકે નહી તેના ત્રણ ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ.

૨ અધર્માસ્તિકાય—સ્થિર રહેવામાં સહાય આપનાર જીવ પુદગલ બંનેને સહાય આપનારં લોક વ્યાપી; અરૂપી. અસંખ્ય પ્રદેશી, ને અક્રિય તથા નિર્જીવ છે તેના ત્રણ ભેદ છે, સ્કંધ, દેશને પ્રદેશ.

૩ આકાશાસ્તિકાય—અવકાશ આપનાર. પોલાણભાગ જેનો સ્વભાવ છે જેમ કે દૂધના ભરેલા વાસણમાં ખાંડ નાખીએ તો દૂધના પુદગલમાં રહેલા અવકાશમાં ખાંડના પુદગલો મિશ્ર થઇ તેટલીજ જગામાં સમાઇ રહે છે એટલે દૂધનું વાસણ છલકાઈ જતું નથી. પરંતુ તેજ દૂધના ભરેલા વાસણમાં ચોખા

નાંખ્યા હોય તો છલકાઈ જાય છે કારણકે તેના પુદ્ગલોને દૂધ સાથે રહેવા અવકાશ નથી તેમજ જીવ પુદગલને અવકાશ આપનાર તે આકાશાસ્તિ કાય છે તે અરૂપી અનંત પ્રદેશી, લોકાલોક વ્યાપી, અક્રિય, નિર્જીવ છે તેના પણ ત્રણ ભેદ છે. સ્કંધ, દેશને પ્રદેશ—પરમાણુનો જથ્થો ભેગો હોય તેને પ્રદેશ કહેછે.

૪ પુદગલાસ્તિકાય-સડણ, પડણ, વિદ્ધંશણ જેનો સ્વભાવ છે તથા રૂપ, રસ, ગંધ. વર્ણ ને ફરસ તથા શબ્દ એ છ જેનાં લક્ષણ છે તે પુદગલાસ્તિકાય. જીવને રૂપી બનાવે છે જેવાં કે મનુષ્ય, ત્રિર્યંચ, દેવતા, નારકી. શુભાશુભ કર્મવડે જીવ પુદગલને ગ્રહણ કરે છે ત્યાં સુધી જીવ સંસાર ભ્રમણ માટે ગતિમાં ફરે છે, તે નિર્જીવરૂપી, સંખ્યાત, અસંખ્યાત ને અનંત પ્રદેશી, લોકવ્યાપી, સક્રિય છે તેના ભેદ ચાર છે ( સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણું પ્રદેશમાંથી છુટો પડેલો ભાગ તે પરમાણું જેનો ભાગ કેવળી પણ કલ્પી શકે નહિ તે.

૫ જીવાસ્તિકાય—ચૈતન્ય જેનું લક્ષણ છે અનંત જ્ઞાન અનંત દર્શન, અનંત ચારિત્ર, તપ, વિર્ય ઉપયોગ એ છ લક્ષણે યુક્ત ચેતના લક્ષણ તે જીવ છે તે નિત્ય, અરૂપી, અનંત પ્રદેશી, લોક વ્યાપી, સક્રિય છે. નવ તત્વમાં તેના ચૌદ ભેદ બતાવ્યા છે તથા જીવ

વિચારમાં વિશેષ પ્રકારે વખાણ્યો છે તે વિષય આગળ જીવ વિચાર, નવ તત્વમાં આવશે.

૬ કાળ—નવી વસ્તુને જૂની કરવાનો સ્વભાવ કાળનો છે કાળ એટલે સમય, વખત બે ઘડીથી માંડી દિવસ, રાત, માસ, વરસ, પલ્યોપમ, સાગરોપમાદિ એ કાળ કહેવાય.

એ રીતે છ દ્રવ્યમાં પાંચ અજીવના ચૌદ ભેદ છે ને છઠા જીવના ચૌદ ભેદ છે એ છ દ્રવ્યો લોકમાં છે ને અલોકમાં એક આકાશ દ્રવ્ય છે. ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય, ને પુદગલાસ્તિકાય અસંખ્ય પ્રદેશી છે. આકાશાસ્તિકાય ને જીવાસ્તિકાય અનંત પ્રદેશી છે. જીવને પુદગલ બેસક્રિય છે બાકીના અક્રિય છે. અસ્તિકાયની સંજ્ઞાવાળા પાંચ દ્રવ્ય છે કે જેના સ્કંધ, દેશ, પ્રદેશરૂપે. અસ્તિ ધરાવે છે. કાળને તેવા ભેદ નથી.

લોક ને અલોક—લોક બાહ્યવૃત્તિ અને અલોક અંતર વૃત્તિ અલોક લોક ને ઘેરીને રહેલો છે અલોકમાં લોક છે. જેમ આત્મામાં દેહ છે તેમ જવું આવવું તે લોકમાં છે એટલે સંકલ્પવિકલ્પાત્મક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકકાયાદિ બહિરદ્દષ્ટિ કે કલ્પીત સૃષ્ટિ છે તે લોકજ છે લોકમાંજ છે. અલોકમાં ગમનના ગમનરૂપ કલ્પના નથી એટલે લોક તે દેહ અને અલોક તે આત્મા. ( અલંકારદૃષ્ટાંત છે. )

# સંસારનું સ્વરૂપ.

---

આ જગતમાં જીવને પુદગલ બેસક્રિય લક્ષણવાળા છે જીવ અરૂપી છે ને પુદગલરૂપી છે. જીવ ચૈતન્ય લક્ષણ-વાળો છે, પુદગળ જડ છે. જીવ પુદગલ બંને નિત્ય છે. જીવશાસ્વત છે, પુદગલ અશાસ્વત છે. જીવ પુદગલનો સં-યોગ અનાદિ કાળથી છે. શુભાશુભ કર્મ વડે જીવ પુદગલ ને ગ્રહણ કરે છે ત્યાં સુધી જીવ ચારે ગતિમાં ભ્રમણ કરે છે તે જીવ અજીવને સમજવા તેનાં સંયોગના કારણો જાણવા તથા જીવને અજીવથી મુકત કરવા માટે આખું જગત અનેક પ્રકારનાં ધર્મ અનુષ્ટાંન ક્રીયાઓ કરી રહયા છે પણ તેનું ખરૂ રહસ્ય જાણનાર શુદ્ધાત્મા કેવળજ્ઞાનીજ છે કે જેમણે સમજવા માટે પોતાના અનંત જ્ઞાનબળે પીસ્તાળીશ આગમની રચના કરીછે તે પગલે ચાલી જે ભવી શુદ્ધાત્મક્રિયા કરશે તેજ આ અસાર સંસારનો પાર પામશે.

સંસારના તમામ પદાર્થ ક્ષણિક એટલે નાશવાન છે માયાવી, કૃત્રિમ, કલ્પનામય છે.

સંસાર—પુદગલોની ક્રિયાવડે ( મનોકલ્પનાવડે ) ભિન્ન ભિન્ન કૃત્રિમરૂપ બનાવી ગોઠવવાની પ્રદર્શન ભૂમિકા છે. નાટયપાત્રોને ભિન્ન ભિન્નરૂપે વિવિધ પ્રકારનાં નાટકો ભજવવાની નાટયભૂમી છે. જગત કેવળ ભ્રાંતિરૂપ છે,

અધ્રુવ, અનૈતિક, અશાસ્વત છે. સંકલ્પ વિકલ્પાત્મક રચાએલા આ જગતના ક્ષણિક પદાર્થ છે તે ભ્રાંતિમય જગતને જડતાથી ખરૂ માને તો પણ અવશ્ય કરીને મૂકવું પડશે. જગત સ્વપ્ન દર્શન સમાન, આકાશ પુષ્પવત, વંધ્યા પુત્ર સમાન અથવા ડાભના અગ્રબિન્દુ સમાન છે. સંસારની આવી સ્થિતી અનુભવાતા છતાં આત્મા શું છે તે તરફ લક્ષ જવું દુષ્કર છે તો આત્મામાં શ્રદ્ધા થવી એતો જૂદી વાત છે.

અજ્ઞાનમાં લોક છે ને જ્ઞાનમાં તે નથી. લોક આદિ અંતરહિત છે છતાં ધ્રુવ, નિત્ય શાસ્વતો અક્ષયરૂપે છે. કાળ પરતત્વે અશાસ્વતો અનિત્ય, અધ્રુવ છે.

બાહ્ય જગતમાં કાળ નિર્ગમન કરતાં ઘણા પરિસહો દુઃખો આવે છે અને તે વેદવાં પણ પડે છે. પરંતુ જ્ઞાની તે વેદતાં તેમાં મોહ પામતા નથી અને અજ્ઞાંની મોહ પામે છે આત્માના સદ્ભાવમાં જગતનો અભાવ છે ને જગતના સદ્ભાવમાં આત્માનો અભાવ છે.

માયી એટલે અકષાયી એજ સકાંમને તેજ ભેદ દૃષ્ટિ તેજ સંકલ્પ વિકલ્પાત્મક, તેજ લેશ્યા, તેજ ક્રિયા ને તેજ ઉંચ નીચ ગતિ તેજ શરીર તેજ સંસાર તેજ બહિરદૃષ્ટિ ને તેજ જગતની રચના એટલે કષાયાદિવડેજ આ જગતની રચના છે.

અનાદિ અદૃશ્ય આત્મા જડ શરીરે. સંયોગે દૃશ્યમાન

રૂપ ધરે છે જેમકે મનુષ્ય, ત્રિર્યંચ, નારકી, દેવતા, એ બધા જીવો છે પરંતુ તેઓ કેવળ જીવજ નથી પણ જડ પદાર્થનો સંયોગ શરીરરૂપે થયો છે, જીવ, પુદગલ, ધર્મ અધર્મ ને આકાશ તથા કાળ એ છ દ્રવ્યો એક બીજામાં પ્રવેશ કરે છે, અવકાશ આપે છે, મળી જાય છે અને જૂદા પડે છે પણ પોતપોતાના સ્વભાવનો ત્યાગ કરતા નથી.

આત્માના સ્વભાવિક ગુણ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર ને વિર્ય એ ચાર છે તેને ભાવ પ્રાણ કહે છે તે સ્વભાવિક આત્મશકિતઓ રાગદ્વેષ કષાયાદિથી આવરિત થવાથી દબાઈ જવાથી પુદગલના સંયોગે ઉત્પન્ન થએલા દશ દ્રવ્ય પ્રાણ વડે ભેદ દ્રષ્ટિથી અજ્ઞાનમય સંકલ્પ વિકલ્પાત્મક બહિર- દ્રષ્ટિથી પર પદાર્થ એટલે ક્ષણિક નાશવંત પદાર્થ સ્રી પુત્ર, ધન ધાન્યાદિમાં સુખની ભ્રાંતિ થાય છે, જેમકે ભૂખથી પીડાતો આજ્ઞાન જીવ અજીઠું પણ અન્ન મળે તૃપ્તી પામી જેવું મન વાળે છે. સંતોશ માને છે અને તેવું સુખ વિશેષ મેળવવાની કલ્પનાઓથી સંસારની વૃદ્ધિ થાય છે અને તેમાં આગળ ને આગળ વધતો અજ્ઞાન પણે ગોતાં ખાય છે. ને નવી નવી રચનાઓ કલ્પે છે.

નિગોદમાં જીવે વેદની કર્મનોજ અનુભવ કર્યો છે ત્યાંથી નીકળતાં ભોગવેલાં દુ:ખની શાન્તી માટે આ વૈભવ વંત સંસારની અનેક વસ્તુઓની કલ્પનાના ગોળા રચે છે તે

કલ્પના ઈચ્છારૂપી સંકલ્પ વિકલ્પોવડેજ આ જગતમાં દુઃખ અને ભય મિશ્રિત સુખનો અનુભવ કરે છે અને અનેક તરેહનારૂપ પુરૂષ, સ્ત્રી, ભેંસ, બળદ, ઘોડા, હાથી, વાઘ, પોપટ, કબુતર, કાગડા, માખી, પતંગીયું વીગેરે વિગેરે પુદગલ પરમાણુના દ્રશ્ય શરીર બાંધે છે. ઉપયોગ રહિતપણે અનંતાજીવ પ્રદેશે અનંતી કર્મ વર્ગણાઓના પરમાણુ ખરીદ કરે છે તેનું શરીર બંધાય છે તે જીવનું દ્રશ્ય સ્વરૂપ છે કર્મ માર્ગનું ફળ છે.

જીવ અનાદિ કાળના મોહ વશથી મનના સંકલ્પ વિકલ્પ મય રચેલી સૃષ્ટિની સૌંદર્યતામાં પ્રબળ પણે રમે છે જેથી ઇન્દ્રિય જન્યસુખના પરવશપણાથી અશુભ કર્મ બાંધે છે તે કારણ કષાયનું છે પણ તે કષાયો (ક્રોધ, માન, માયા, લોભ. ) જીવને ફરજ પાડી શકતા • નથી તે કષાયો જીવને આવીને વળગ્યા નથી પણ જીવે પોતે તે ગ્રહણ કરેલા છે. જેમકે ક્રોધ વશ પડી કોઈ જીવને દુઃખ દેવા આપણે દોરવાઈએ, લોભ વશ થઈ કોઈની ચોરી કરવા ઈચ્છા થાય પણ કષાયાદિથી થતા અનિષ્ટ કાર્યો કરતાં આપણે અટકવું હોય તો તે આપણા હાથમાં છે જુઓ ( મહાવીર પ્રભુ, બાહુબળ, પ્રસન્ન ચંદ્ર, ગજસુકુમાળ, ખંધકમુની તથા પાર્શ્વનાથ પ્રભુ, આદિ મહાત્માઓના દૃષ્ટાંતો અનેક છે. અનિત્ય સુખના, આસ્વાદનમાં મગ્નબની

તે સાચવી રાખવા, વધારવા માટે બાવળને બાથ ભીડવા જેમ કષાયાદિનું ગ્રહણ જીવે કરેલું છે જેથી મલીન પરીણામી બની અનંત સંસારીપણું પામે છે પણ મેલવાળા પાણીનો રંગ તે કાંઈ પાણીનો મૂળરંગ નથી તેમજ પવિત્રાત્માનો ક્રોધાદિ કાંઇ ગુણ નથી. પાણી શ્વેતરંગ રહિતછે તેમજ આત્મા ક્ષમાવંત છે.

જીવને અનાદિકાળનો મોહ હોવાથી રમણ્યવસ્તુની વાંચ્છના કરે છે. ને તે મેળવવા સદુદ્યોગથી ના મળે તો અધર્મ કરીને પણ મેળવેછે જેથી જગતનિંદનીય બની તિરસ્કાર પામી અંતે અધોગતિએ જાયછે એ કારણ મોહનું છે.

---

## ભાવ પ્રાણ દ્રવ્ય પ્રાણ સંબંધ.

---

ભાવ પ્રાણ સાથેનો દ્રવ્ય પ્રાણનો સંબંધ સ્વાસોસ્વાસ સાથે અનેક જ્ઞાનનો સંબંધ છે પાંચ ઇન્દ્રિઓ સાથે દર્શનનો, આયુષ્ય સાથે અનંત સુખનો ત્રણ બળ સાથે અનંત બળનો સંબંધ છે. ભાવ પ્રાણ આત્માના સ્વભાવિક ગુણો છે ને દ્રવ્ય પ્રાણ કર્મ રૂપિ દેહના આત્મા સાથે સંયોગથી ઉત્પન્ન થાય છે જેમ મેલ મિશ્રીત પાણી દ્રવ્ય પ્રાણમાં મનોબળનું પ્રબળ પણું છે. પાંચ ઇન્દ્રીયો મનને વશ છે ને તે મનનો રાજા આત્મા છે પણ જેમ અજ્ઞાન

શેઠની દુકાનનો સર્વ અધિકાર ગુમાસ્તા કે ટ્રસ્ટીઓને વશ હોય છે તેમજ અજ્ઞાનતાએ જીવે પોતાનો અધિકાર ગુમાવ્યો છે. જેમ સિંહનું બચ્ચુ બકરાના ટોળામાં ઉછરવાથી પોતાના મૂળસ્વભાવને ભૂલી જઇ પોતાને બકરા રૂપ સમજવા લાગ્યું તેવી રીતે આ જીવ ઈયળ ભ્રમરીના દ્રષ્ટાંતે સદગુરૂ સમાગમથીએ પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય છે તે કર્મથી મુક્ત થાય છે ત્યાં સુધી દ્રવ્ય પ્રાણના સંયોગે ઉત્પન્ન થતા રાગદ્વેષ વડે અનંતો સંસાર રખડે છે આત્મામાં દુધ પાણીની પેઠે રાગદ્વેષ સેળભેળ થઈ જાય છે. મનોબળની પ્રબળ શક્તિ છે. સંકલ્પ વિકલ્પ કરનાર રાગદ્વેષ ચિંતવનાર મન છે તેમનો બળ અજ્ઞાનતાએ ક્રિયાજડ બનેલું હોવાથી અધર્મમાં સ્વધર્મની વૃત્તિ કરી આજીવિકા કલ્પના મન કામના રૂપ સૃષ્ટિમાં વિચરે છે. વેદનાનાં ઉદયે અનાદિ અજ્ઞાન પણે કર્મરૂપી દેહમાં હું પણાની ભ્રાંન્તિમાં પડેલું મન મોહજાળમાં ફસાય છે ને પોતાના ભાવપ્રાણનો ઘાતીક થઈ દ્રવ્યપ્રાણ વશવર્તી આઠ પ્રકારના જ્ઞાનાવરણાદિ કર્મોની એકસો અઠાવન ( ૧૫૮ ) ઉત્તરપ્રકૃતિ બાંધે છે જેથી અનંતો સંસાર ભ્રમણ કરે છે તે કર્મનાં કિંપાકરૂપી ફળ ભોગવતાં અનેક તૃષ્ણાના ગોળા રચી ભવસ્થિતિમાં આગળને આગળ વધતો જાયછે એ રીતે મોહ વીકલ્પથીજ આ સર્વેની ઉત્પત્તિ સંભવે છે મોહવિકલ્પનું ઉત્પત્તિ સ્થાનક

મન છે એટલે જગતના તમામ દ્રશ્ય પદાર્થ મનની કલ્પના વડેજ થાય છે જેની કલ્પના નથી તે વસ્તુ પણ નથી એવું કોઈ સ્થળ નથી કે જેની જીવે કલ્પના કરી ન હોય માટે જ્યાં કલ્પના ત્યાં જન્મને કલ્પનાનો વિલય ત્યાં મૃત્યુછે.

ક્ષણિક પદાર્થ કૃત્રિમ છે ને કૃત્રિમ કરવા માટે ક્રિયાની જરૂર છે જેમ કપડાનો સફેદરંગ સ્વભાવિક છે તેના ઉપર લાલ, લીલો વીગેરે કૃત્રિમ રંગ ચડાવવાને ક્રિયા કરવી જોઈએ તેમજ કૃત્રિમ ચડાવેલા રંગનો વિલય પણ ક્રિયાથી થાય છે પણ સ્વભાવક ગુણને કોઈ ભેદી શકે નહીં. સફેદ કપડાં ઉપર મેલ ચડી મેલું થાય ડાઘા પડે પણ સાબુ વિગેરેથી ધોવાથી વળગેલો મેલ જતો રહેવાથી મૂળરૂપમાં કપડું આવી જાય છે તેમ જ્ઞાનાદિગુણ મલીન પરિણામે અવરાય તેને શુદ્ધ અધ્યવસાય રૂપી ધ્યાનાગ્નિથી તે આવરણને દુર પણ કરી શકાય છે જેથી જ્ઞાનાદિ મૂળ ગુણ પ્રગટી નીકળે છે. આ ઉપરથી સંસાર કે જે જગત કહીએછીએ તે કૃત્રિમ કર્મ રૂપ નિશ્ચય ઠરે છે ને તે સંસારના કૃત્રિમ પદાર્થનો મોહ વિકલ્પથી ઉપભોગ કરનાર જીવને સંસારીની સંજ્ઞા લાગુ થાય છે.

હવે વિચારો કે કર્મ રૂપ સંસારની ક્રિયાનો રચનાર કોઈ હોવો જોઈએ તે તપાસતાં સિદ્ધ થાય છે કે કૃત્રિમ સ્વરૂપોની રચના કરનાર બહિદ્રષ્ટીવડે દેહમાં હુંપણાની ભ્રાંતિ

કરનાર આજીવજ છે કે જેને શાસ્વત સુખના અભાવે કૃત્રિમ ક્ષણિક સુખની વાંચ્છના થવાથી ભોગ્ય પદાર્થની કલ્પનાથી રચના કરી છે એટલે જીવજ કર્મનો કર્તા ભોકતા છે.

ઇશ્વર પદ પામેલા એટલે મોક્ષ પામેલા આત્માઓ અનંત છે અને એવા પણ આત્માઓ અનંત છે કે જેણે ઉન્નતિ ક્રમનો હજી પ્રારંભ પણ કર્યો નથી ( અવ્યક્ત મિથ્યાત્વ નિગોદ ) નિગોદમાંથી નીકળેલો જીવ એકેંદ્રિયાદિ ગતિમાં જન્મ મરણાદિ અસહ્ય દુઃખો સહન કરતો આગળ વધતાં મનુષ્ય ગતિ પામી બહિર્દ્રષ્ટી મટી અંતર દ્રષ્ટિથતાં કૃતિમ અશુદ્ધતાદૂર થતાં સમ્યક જ્ઞાન દર્શન ચોરિત્રાદિ શાસ્વત ગુણો પ્રગટી નીકળે છે આવરણો દૂર થઈ જાય છે તેથી આત્મા સ્વભાવિક રૂપમાં આવી જઈ કર્મથી મુક્ત થાય છે અને એવી સ્થિતિમાં રહે છે કે જ્યાં સુક્ષ્મ કે જડ શરીરની અગત્ય નથી. ઉન્નતિ ક્રમના ઈચ્છનારે આત્માના સ્વભાવિક ગુણોને આવરિત કરનાર કૃત્રિમ દુર્ગુણો ( પુદ્ગળીક શરીરના સંયોગે ઉત્પન્ન થએલા દશ પ્રાણને વશવર્તીપણાથી ઉત્પન્ન થએલા કષાયોને દૂર કરી સ્વભાવિક ગુણોને પ્રકટાવવા, આવરણ દૂર કરવું; સ્વતંત્રતા આપવી એજ મુક્ત એટલે મોક્ષ છે.

ઉન્નતિ ક્રમના માર્ગમાં એટલે સંસાર પર્યટણ કરવામાં જીવનું અસ્તિત્વ ચાર સ્થાનમાં હોય છે ( દેવ, મનુષ્ય,

ત્રિર્યંચ, નારકી ) આચાર સ્થિતિમાં કોઈ પણ સ્થિતિ મળવી તે આગામી કાળના શુભા શુભ કર્મનું ફળ છે એટલે સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય લાવી આપનાર શુભા શુભ વર્તન છે એ કાંઈ અકસ્માત આવી પડતાં નથી.

જીવ શાસ્વતો છે છતાં ચતુર ગતિ પરત્વે જન્મ મરણાદિવશ રૂપે અશાસ્વતો છે તેથી જૈન સિદ્ધાંતના અનેકાંત વાદે જીવ નિત્યા નિત્ય, ભિન્ન ભિન્ન રૂપે સિદ્ધ થાય છે. દરેક વસ્તુ અનેકાંત ધર્મવાળી છે. દ્રવ્યાર્થી નયની અપેક્ષાએ જીવ નિત્ય છે ને પર્યાયર્થિક નયની અપેક્ષાએ જીવ અનિત્ય છે. તેમજ નિશ્ચય નયની અપેક્ષાયે આત્મા ભિન્ન છે તો પણ વ્યવહારમાં દેહથી અભિન્ન માનવામાં આવે છે. અનેકાંતવાદમાં સાત નય છે.

૧ નૈગમ ૨ સંગ્રહ ૩ વ્યવહાર ૪ રિજુસુત્ર ૫ શબ્દ ૬ સમભિ રૂઢ ૭ એવંભુત. એ સાતનય છે.

---

## છ લેશ્યા

---

સંકલ્પ વિકલ્પાત્મક મનની સ્થિતિ તેને લેશ્યા કહે છે તે છ પ્રકારની છે શરીર અને મનને નીકટનો સંબંધ છે જેથી જે લેશ્યામાં મન હોય તેવો શરીરનો દેખાવ હોય,

| | વર્ણ. | રસ. | ગંધ | |
|---|---|---|---|---|
| ૧ કૃષ્ણલેશ્યા. | મેઘસરખો | તીખો | દુર્ગંધ | પહેલી ત્રણ લેશ્યા અશુદ્ધ દુર્ગતિની હેતુ છે. |
| ૨ નીલલેશ્યા | ભ્રમર જેવો | કડવો | ,, | |
| ૩ કાપોતલેશ્યા | કબુતર જેવો | કાચાબોર જેવો | ,, | |
| ૪ તેજોલેશ્યા. | રક્ત વર્ણ. | તુરો | સુગંધી | છેલ્લી ત્રણ શુદ્ધિ સુગતિની હેતુ છે. |
| ૫ પદ્મ લેશ્યા | પીળો વર્ણ | ખટમીઠો | ,, | |
| ૬ શુકલ લેશ્યા | ઉજળો વર્ણ | મીઠો | ,, | |

લેશ્યા કોઇ જુદો પદાર્થ નથી મનની સ્થિતિ મનના પ્રણામજ છે તે સમજવા દૃષ્ટાંત:-

એક જાંબુવૃક્ષ ફળેલું છે તે જોઈ છ મુસાફરોએ તે ફળ ખાવાની ચિંતવના કરી તેમાં

( ૧ ) એ વૃક્ષ મૂલથી કાપી નાખીને જાંબુ ખાઇએ એમ ચિતવ્યું તે કૃષ્ણલેશ્યા જાણવી,

( ૨ ) બીજાએ ચિંતવ્યું ડાળાં છેદીએ ને જાંબુ ખાઇએ તે નીલલેશ્યા વંત જાણવો.

( ૩ ) ત્રીજાએ વિચાર્યું કે નાની ડાલીયો પાંખડા કાપીએ તે કાપોતલેશ્યાવંત જાણવો.

( ૪ ) ચોથાએ ધાર્યું કે જાંબુવાગુચ્છ લીરો છેદીને ખાઇએ તે તેજોલેશ્યાવંત જાણવો.

( ૫ ) પાંચમા કહે છે ફળ તોડીને ખાઈએ તે પદ્મલેશ્યાવંત જાણવો.

( ૬ ) છઠો કહે ભાઇ આપણે તો ભોંય પડેલાંજ જાંબુ ખાઇશુ એ શુકલ લેશ્યાવંત જાણવો.

દેહ ભાવ જેમાં નથી તે સિદ્ધ ને દેહ ભાવ યુક્ત તે સંસારી પરિગ્રહી એટલે શરીર ત્યાં પરિગ્રહને પરિગ્રહ તેજ કર્મ ને પરિગ્રહી તે છદ્મસ્થ ને છદ્મસ્થનું મૃત્યું (એક સંકલ્પની સ્થિતિ પુરણ કરી બીજા સંકલ્પમાં જવું તેનું નામ મૃત્યું) કેવળીને સંકલ્પ વિકલ્પનથી તેથી એક સ્થળેથી બીજા સ્થળે જવાનું નથી માટે સિદ્ધ કહ્યાછે. જ્ઞાનઉત્કૃષ્ટને ક્રિયા સાધારણછે.

---

# જીવ વિચાર.

---

જીવના બે ભેદ–સંસાંરી ને મુકિતના એવા બે ભેદછે

૧ સંસારી જીવના બે ભેદ=ત્રસ ( હાલતા ચાલતા ) થાવર ( સ્થિર રહેનારાના, )

૧ થાવરના પાંચ ભેદ=પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિકાય.

પૃથ્વીકાય=માટી, મીઠું, ધાતુ, મણી, રત્ન હિંગલોક, પારો, ખડી, અબરખ, રંગાદિ.

૨ અપકાય=કુવા તળાવ, વાવ, નદી, દ્રહ, સમુદ્રનું પાણી તથા હીમ, કરા, વરસાદ વિગેરેનાપાણી.

૩ અગ્નિકાય=અંગારાનો. જવાળામુખીનો, ઉલ્કા-પાતનો, વીજળી વિગેરેનો અગ્નિ તે તેઉકાય.

૪ વાયુકાય=થોડો થોડો વાતો, વંટોળીયો, ઉદભટ-વાયરો, ઉંચો વાયરો, ઘનવાત તનવાત વીગેરે

૫ વનસ્પતિકાય=બે ભેદ. ૧ સાધારણ વનસ્પતિ કાય બીજો પ્રત્યેક વનસ્પતિ કાય (૨).

૧ સાધારણ વનસ્પતિ કાય જેને અનંત કાય અથવા બાદર નિગોદ કહે છે તે શરીર એકમાં જીવ અનંતા હોય. કાય એકને સ્વાશોસ્વાશ પણ ભેગાજલે જેવાં કે સૂરણાદિક મૂળ, નવા ફાલની કુંપળો, પાંદડાં, સેવાળ, ટોપ, કુળાં ફળ જેમાં બીજ થયાં નથી તેવાં, થોર, ગળો, કુમાર પાઠાં વીગેરે જે છેદીને રોપવાથી ઉગે તેવાં ઝાડો વીગેરે સાધારણ વનસ્પતિ કાય ગણાય છે.

૨–પ્રત્યેક વનસ્પતિકાય=એક શરીરમાં એકજ જીવ હોય તે જેમ કે એક ઝાડ તેમાં બીજનો જીવ એક, મૂળનો જીવ એક, લાકડાનો એક જીવ, છાલનો એક જીવ, પાંદડાનો એક જીવ, ફુલનો એક જીવ, ફળનો એક જીવ એ રીતે સાત હોય એ રીતે થાવર એટલે સ્થિર રહેનાર જીવ તે એકેંદ્રી જીવ કહેવાય તેના સુક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. સુક્ષ્મ તે ચરમચક્ષુએ દેખાય નહીં તે ને બાદરતે મોટા જે આંખથી દેખી શકાય તે. સાધારણ વનસ્પતિ કાયના સુક્ષ્મને સુક્ષ્મ નિગોદ કહે છે ને બાદરને બાદર નિગોદ કહે છે એકેંદ્રીને શરીર એકલુંજ હોય તે થાવર.

૨ ત્રસ=હાલતા ચાલતા હાલી ચાલી શકે તેના ચાર ભેદ છે ૧ બેઇંદ્રિ ૨ તેઇંદ્રિ ૩ ચૌરિંદ્રિ ૪ પંચેંદ્રિ એ ચાર પ્રકાર છે,

બેઇંદ્રિવાળા=શંખ, કોડા, કરમીયા, જળો, અળસીયા, મેર, પોરા વિગેરે તેને શરીર ને મોઢું બે હોય તેથી તે બેઈંદ્રિય કહેવાય.

૨ તેઇંદ્રિવાળા–કાનખજુરા, માંકણ, જુઆ, કીડીયો; ઉધેઈ, મંકોડા, ઈઅળો, ધીમેલ, પાપણમાં પડે છે તે સવા; ગીંગોડા, વિષ્ટાનાકીડા, છાણનાકીડા અનાજનાકીડા, કુંથુઆ, માથામાંપડતી જુઓ, લાલવરણીગાયો વીગેરે તેને શરીર, મોઢું ને નાક એ ત્રણઇંદ્રિ હોય છે તે તેઇંદ્રિ કહેવાય.

૩ ચૌરેંદ્રિવાળા વીંછી, ઢીંકણ, બગાઈ, ભમરા, તીડ, માખીઓ, ડાંસ, કંસારી, કરોળીયા, ખડમાંકડી વીગેરે તેને શરીર, મોંઢું, નાક તથા આંખ એ ચાર ઈંદ્રિયો હોય છે તેને ચૌરેંદ્રિ કહેછે.

૪ પંચેંદ્રિ–જેને પાંચે ઇંદ્રિ પુરી હોય શરીર, મોઢું નાક. આંખ અને કાન એ પાંચે ઈંદ્રિ જેને હોય તે પંચેંદ્રિ તેના ચાર ભેદછે ૧ દેવતા ૨ મનુષ્ય ૩ તીર્યંચ ૪ નાર. કીના જીવો એ રીતે ચાર પ્રકારના છે તેનું વર્ણન નીચે આ પવામાં આવ્યું છે.

# દેવતા.

૧ દેવતા–ચાર નિકાયના દેવતાછે ભુવનપતિ, વાણવ્યંતર, જયોતષીને વૈમાનીક.

૧ ભુવનપતિ દેવતા=દશપ્રકારના છે તે રત્નાપ્રભા પૃથ્વી જેના ઉપર આપણે રહીએ છીએ તેનો પીંડ એક લાખ એંસી હજાર જાડ પણે છે તેમાં એક હજાર નીચેને એક હજાર ઉપર મુકીને વચમાંના ( ૧૭૮૦૦૦ ) જોજન રહયા તેમાં દેવતાનાં ભુવન એટલે ઘર છે તે દેવતાને ભુવનપતા દેવતા કહેછે મેરૂના આઠ રૂચક પ્રદેશ છે ત્યાંથી ઉતર દક્ષિણ બે ભાગ અર્ધોઅર્ધ ભાગ પડવાથી તે ભુવનપતી દશનિકાયના એકેકના બે ભાગ થવાથી વીશ ભાગ પડયા છે તે દરેક ભાગનો એકેક ઈંદ્રિ જુદોછે તેથી ભુવન પતિ દેવતાના વીશ ઇંદ્રિછે.

| નિકાયનું નામ | ઇંદ્ર દક્ષિણ | ઇંદ્ર ઉત્તર. | ભુવન સંખ્યા. |
|---|---|---|---|
| ૧ અસુર કુમાર | ૧ ચમરેંદ્ર | ૨ બળેંદ્ર | ૩૪+૩૦લાખ |
| ૨ નાગકુમાર | ૩ ધરણેંદ્ર | ૪ ભુતાનેંદ્ર | ૪૪+૪૦લાખ |
| ૩ સુવર્ણ કુમાર | ૫ વેણુદેવેંદ્ર | ૬ વેણુદાળિંદ્ર | ૩૮÷૩૪ |
| ૪ વિદ્યત કુમાર | ૭ હરિકેસેંદ્ર | ૮ હરિસહેંદ્ર | ૪૦÷૩૬ |
| ૫ અગ્નિ કુમાર | ૯ અગ્નિશિખેંદ્ર | ૧૦ અગ્નિમહાવેંદ્ર | ૪૦+૩૬ |
| ૬ દ્વીપ કુમાર | ૧૧ પુર્ણેંદ્ર | ૧૨ વિશીષેંદ્ર | ૪૦+૩૬ |

| | | | |
|---|---|---|---|
| ૭ ઉદધિકુમાર | ૧૩ જળકેતેંદ્ર | ૧૪ જળપ્રભેંદ્ર | ૪૦÷૩૬ |
| ૮ દિશીકુમાર | ૧૫ અમિતગનિંદ્ર | ૧૬ અમિતવાહેંદ્ર | ૪૦ ૩૬ |
| ૯ વાયુકુમાર | ૧૭ વેલંબેંદ્ર | ૧૮ પ્રભાવવેંદ્ર | ૫૦+૪૬ |
| ૧૦ સ્તનીતકુમાર | ૧૯ ઘોષેંદ્ર | ૨૦ મહાઘોષેંદ્ર | ૪૦÷૩૬ |
| ૧૦ | | ૨૦ | ભુવન ૭૭૨૦૦૦૦૦ |

સાતકરોડને બહોંતેરલાખભુવન છે. એ રીતે ભુવન પતિના દેવતાઓ છે.

૨ વ્યંતર દેવ=આઠ પ્રકારના છે તે રત્નપ્રભા પૃથ્વીના પહેલા ઉપરના એક હજાર જોજન મૂકયા છે તેમાં નીચે ઉપર સો સોં જોજન મૂકી બાકીના આઠસો જોજન રહયા તેમાં વ્યંતરના ઘર છે તે રમણિકને મનોહર ચુડી આકારેછે

| નિકાયનામ. | ઈંદ્ર દક્ષિણ. | ઉત્તર. | તેનાભેદપ્રકાર. |
|---|---|---|---|
| ૧ પીશાચ. | કાળેંદ્ર | મહાકાળેંદ્ર | પંદરપ્રકારનાછે |
| ૨ ભૂત | સ્વરૂપેંદ્ર | પ્રતિરૂપેંદ્ર | નવપ્રકારનાછે |
| ૩ જક્ષ | પુર્ણભદ્ર | માણિભદ્ર | તેરપ્રકારનાછે |
| ૪ રાક્ષસ | ભીમેંદ્ર | મહાભીમેંદ્ર | સાતપ્રકારનાછે |
| ૫ કિન્નર | કિંનરેંદ્ર | કિંપુરૂષેંદ્ર | દશપ્રકારનાછે |
| ૬ કિંપુરૂષ | સતપુરૂષેંદ્ર | મહાપુરૂષેંદ્ર | દશપ્રકારનાછે |
| ૭ મહોરગ | અતિકાય | મહાકાય | દશપ્રકારનાછે |
| ૮ ગંધર્વ | ગતીરતિ | ગીતયશ | બારપ્રકારનાછે |

એ રીતે વ્યંતર નિકાયના પણ ઉપર પ્રમાણે બેભાગ મેરૂ રૂચક પ્રદેશથી પડેલા હોવાથી તેના પણ આઠ નિકાયના સોળ ઈંદ્ર છે.

વાણવ્યંતર તે વ્યંતરના પેટામાં બીજો પ્રકાર છે તેના પણ આઠ પ્રકાર છે.

| | | | |
|---|---|---|---|
| ૧ અણપન્નીકાય | સંનીહિતેંદ્ર | સામાનઇંદ્ર | ઉપર બતાવેલા વ્યંતરોએ મુકેલા સોજોજનમાં નીચે દશ જોજન તથા ઉપર દશ જોજન મૂકી બાકીના એંસી જોજનમાં બ્યાણ વ્યંતરો રહે છે. |
| ૨ પણપન્નીકાય | ધાતા | વિધાતા | |
| ૩ રૂખવાદીનિકાય | રૂષી | રૂષીપામેંદ્ર | |
| ૪ ભૂતવાદીનિકાય | ઇશ્વર | મહેશ્વર | |
| ૫ કંદીતનિકાય | સુવછ | વિશાલ | |
| ૬ મહાકંદિતનિકાય | હાસ્યઇંદ્ર | હાસ્યરતી | |
| ૭ કોહંડીકનિકાય | સ્વેતઈંદ્ર | મહાસ્વેત | |
| ૮ પતંગનિકાય | પતંગ | પતંગપતી | |

જયોતીષી દેવતા=બે પ્રકારના છે એક ચર તે અઢી દ્વીપમાં ફરતા ને બીજા સ્થિર તે અઢી દ્વીપ બહાર સ્થિર રહેનારા તેના ચંદ્ર, સૂર્ય બે ઇંદ્ર છે જયોતષી દેવો ત્રિર્યક લોકને વિષે છે તે ત્રિર્યક લોક કે જેમાં આપણે રહીએ છીએ તે મેરૂ મધ્ય રૂચકથી નવસો જોજન ઉપર અને નવસો જોજન નીચે મળી અઢારસો જોજનમાં ત્રિર્યક લોક છે. મેરૂ પર્વતના મધ્ય ભાગે આઠરૂચક પ્રદેશ તે સમ ભૂતળા કહીએ ત્યાંથી નવસો જોજન ઉંચા સુધી ત્રિર્યક લોક તેમાં (૭૯૦) જોજન મૂકી ઉપરના એકસો દશ જોજનમાં જયોતષી દેવો રહે છે. તેમાં પ્રથમ તારાનાં વિમાન છે તે સાતશો નેવું જોજન ઉંચાઈએ છે તે એકેકથી કેટલી ઉંચાઇએ બીજા જયોતષી છે તેનો કોઠો નીચે બતાવવામાં આવ્યો છે.

| ઉંચાઈ જોજન | જ્યોતષીનામ. | કુલનીસંખ્યા. | વિમાનની લંબાઇ પોલાઇ |
|---|---|---|---|
| ૦ | તારાનાં વિમાન | ૬૬૯૭૫ કોડાકોડી | અર્ધા ગાઉનાં |
| ૧૦ | સૂર્ય | ૧૩૨ | ૪૮/૬૧ જોજન |
| ૮૦ | ચંદ્રમા | ૧૩૨ | ૫૬/૬૧ જોજન |
| ૪ | નક્ષત્ર | ૨૮ | એક ગાઉનાં |
| ૪ | બુધગ્રહ | ૮૮ | બે ગાઉનાં |
| ૩ | શુક્રગ્રહ | | |
| ૩ | ગુરૂગ્રહ | | |
| ૩ | મંગળગ્રહ | | |
| ૩ | શનિગ્રહ | | |
| ૧૧૦ | | | |

એ રીતે એકસો દશ જોજનમાં જ્યોતષી દેવો છે તેનાં વિમાન સ્ફટીકરત્નમયી છે તે (૪૫ લાખ જોજન) મનુષ્ય ક્ષેત્ર જેને અઢીદ્વીપ કહે છે તેમાં ભ્રમણ કરે છે તે ક્યાક્ષેત્ર કેટલા હોય તે બતાવે છે.

| | સુર્ય | ચંદ્ર | | સુર્ય | ચંદ્ર |
|---|---|---|---|---|---|
| જંબુદ્વીપમાં | ૨ | ૨ | લવણ સમુદ્રમાં | ૪ | ૪ |
| ધાતકીડખંમાં | ૧૨ | ૧૨ | કાળો દધી સમુદ્રમાં | ૪૨ | ૪૨ |
| પુષ્કરાર્ધમાં | ૭૨ | ૭૨ | એ રીતે કુલ ૧૩૨ બત્રીસ છે. | | |

તેની બબે પંક્તીઓ એટલે શ્રેણીયો છે એટલે (૬૬×૬૬=૧૩૨ સૂર્ય તથા ૬૬×૬૬=૧૩૨ ચંદ્રમાની પંક્તી છે તે જંબુદ્વીપના મેરૂને પ્રદક્ષિણા દેતી મનુષ્ય ક્ષેત્રમાં ફરે છે. એક સૂર્ય દક્ષિણથી ઉત્તરને બીજો ઉત્તરથી દક્ષિણ આવે છે એ રીતે એક અહોરાત્રમાં અર્ધમંડળ ક્ષેત્ર બંને સૂર્ય ઓળંઘે એબેઉ મળ્યા વલયાકાર થાય તે મંડળ કહેવાયછે તે મંડળ સૂર્યનાં ૧૮૪ તથા ચંદ્રનાં ૧૫ મંડળ છે તેમાં ફરે છે. ચંદ્ર કરતાં સૂર્યની ગતિ સિઘ્ર તેથી સિઘ્રગતિ ગ્રહની તેથી નક્ષત્રની તેથી તારાની સિઘ્રગતિ છે તેથી ઉલટુ એટલે તારા કરતાં નક્ષત્રનુ મહદ્ધીક પણું અધિક છે તેથી અધિક ગ્રહનુ તેથી અધિક સૂર્યનું નેતેથી આધક ચંદ્રમાનું મહર્દ્ધિક પણું રૂદ્ધિવંત જાણવું.

ચંદ્રમાની સાથે રાહુનું વિમાન કોળુ સ્વભાવિક પણે સર્વદા સાથેજ ચાલે તે અંધારા પક્ષે ચંદ્રનો એકેક ભાગ આવરે ને અજવાળા પક્ષે એકેક ભાગને મૂકે તેથી સુદમાં વધતો જાયને વદમાં ઘટતો જાય. જંબુદ્વીપમાં એક તારાથી બીજા તારાના વિમાનને ઉત્કૃષ્ટુ અંતર (૧૨૨૪૨) જોજન છે કેમકે મેરૂ પર્વત નીચે દશ હજાર જોજન જાડો પૃથ્વી નીચે છે તેની બંને બાજુએ (૧૧૨૧) જોજન છેટે તારાનાં વિમાન છે તે બંને બાજુના ૧૧૨૧+૧૧૨૧+૧૦૦૦૦ પર્વતની જાડાઈ=૧૨૨૪૨ જોજન છે.

૪ વૈમાનિકદેવો=બત્રીસો યોજનના પૃથ્વી પીંડમાં તિર્છા લોકના ઉપર વેમાનીક દેવતાઓનાં વિમાન છે. તે દેવોનાં નામ.

| દેવતાઓનાં નામ. | વૈમાનની સંખ્યા | પ્રતર સંખ્યા |
|---|---|---|
| ૧ સુધર્માદેવલોક | ૩૨ લાખ | ૧૩ |
| ૨ ઇશાન દેવલોક | ૨૮ લાખ | |
| ૩ સનત કુમાર | ૧૨ લાખ | ૧૨ |
| ૪ માહેંદ્રકુમાર | ૮ લાખ | |
| ૫ બ્રહ્મદેવલોક | ૪ લાખ | ૬ |
| ૬ લાંતકદેવલોક | ૫૦ હજાર | ૫ |
| ૭ શુક્રદેવલોક | ૪૦ હજાર | ૪ |
| ૮ સહસ્ત્રારદેવ | ૬ હજાર | ૪ |
| ૯ આણત દેવ | ૪૦૦ સો | ૪ |
| ૧૦ પ્રાણત દેવ | ૪૦૦ સો | |
| ૧૧ આરણદેવલોક | ૩૦૦ સો | ૪ |
| ૧૨ અચ્યુત દેવલોક | ૩૦૦ સો | |
| | | ૫૨ |

બારદેવલોકના કુલ (૫૨) પ્રતર છે પ્રતર એટલે જેમ ઘરને માળ હોય તેમદેવલોકમાં પ્રતર છે, પહેલા પ્રતરમાં ૬૨ વિમાન છે. તેથી ઉપર બીજા પ્રતરમાં ૬૧ એમ ઉપર ચડતાં એકેક ઓછું થતાં સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ચારેતરફ એકેકું વિમાન હોય

૯ ગ્રૈવેયક દેવતા.

૩ હેઠળના ૩ મધ્યના ૩ ઉપરના=૯
૫ અનુત્તર વિમાન પાંચ છે. ૫

૬૨

૧ વિજય ૨ વિજયંત ૩ જયંત ૪ અપરાજીત ૫ સર્વાર્થ સિદ્ધ ઉપર બતાવેલા વૈમાનો કયાં છે તે બતાવવા માટે નીચે કોઠો કર્યો છે.

૧ દેવ દ્વીપમાં ૨ નાગસમુદ્રમાં ૪ જક્ષદ્વીપમાં ૮ ભૂત સમુદ્રમાં ૧૬ સ્વયંભુરમણ દ્વીપે ૩૨ સ્વયંભુરમણ સમુદ્રે કુલ ૬૨ વિમાન પેહેલા પ્રતરના હોય ત્યાર બાદ બીજા પ્રતરમાં છેડેથી એકેક ઓછું થાય એટલે એકસઠ વિમાન હોય તે ાવમાનોની હાર ચારે દિશાએ બાસઠ બાસઠની હોય વૈમાનીક દેવોમાં સૌધર્મ અને ઇશાન એટલે પેહેલાને બીજા દેવલોકમાં દેવીઓની ઉત્પતિ હોય તે દેવીઓ બે પ્રકારની છે.

૧ પરિગ્રહીતા=દેવલોકના દેવોની જે ભોગ્ય પતિવ્રતા ગ્રહણી દેવીઓ તે.

૨ અપરિગ્રહીત=દેવવેશ્યા. વેશ્યાની જાતિની દેવીઓ તેનાં વિમાન.

સૌધર્મ દેવલોકમાં ૬ લાખ છે ઈશાન દેવલોકમાં ૪ લાખ છે ભુવન પતી, વ્યંતર, જ્યોતષી તથા. વૈમાનીક દેવતામાં સૌધર્મને ઇસાન દેવલોકના દેવતા તે કાય સેવી છે એટલે અતિ ઉત્કૃષ્ટ પુરૂષ વેદને ઉદયે પુરૂષની પેઠે વિષય સેવા કરે. કાય સેવા વિના દેવાંગના પણ તૃપ્તી પામે નહીં ને.

ત્રીજા સનતકુમાર તથા ચોથા માહેંદ્ર કુમાર એ બે

દેવલોકના દેવતા તે દેવાંગનાના સ્તન, ભુજ તેના આલીંગને કરી કાય સ્પર્શેજ સંભોગ સુખમાને.

પાંચમા બ્રહ્મ દેવલોક છઠ્ઠા લાંતક એ બે દેવલોકના દેવતા તે દેવાંગનાનું રૂપ દેખીનેજ સુખ પામે.

સાતમા શુક્રને આઠમા સહસ્રાર દેવલોકના દેવતા તે પોતાને ભોગ યોગ્ય જે દેવાંગના તેનાં ગીત, હાસ્ય, વિલાસ, ભાષિત, ભૂષણ, નેપુર પ્રમુખના શબ્દ સાંભળીને કામ સુખને અનુભવે. તૃપ્તી પામે.

નવમા આણુત, દશમા પ્રાણુત, અગીઆરમા આરણને બારમા અચ્યુત એચારે દેવલોકના દેવતા તે જે રમવા યોગ્ય દેવી મનમાં ચિંતવે તે વારે તે દેવી પોતાના સ્થાનકે બેઠી શૃંગાર કરી ભલી બુરી કામ ચેષ્ટાને મનમાંહે ધરતી ભોગને માટે સાવધાન થાય તે વારે તે દેવતા ત્યાંજ રહ્યા થકા મન સંકલ્પે પૂર્ણ સુખ પામે ફરસાદિક સમસ્ત સ્થાનકે કાય સેવાની પેરે દેવતાની શક્તિથી દેવાંગનાના શરીરમાંહે શુક્રના પુદ્ગળ સંચરે તેથી દેવાંગનાને પણ સંભોગ સુખ ઉપજે કેમકે દેવતાને શુક્ર પુદ્ગળ છે પણ વૈક્રિય પુદ્ગળે ગર્ભ ઉપજે નહીં અને ચક્રવર્તિના વૈક્રિય શરારથી ગર્ભ ઉપજે છે કારણ કે દેવતાને વૈક્રિય શરીરભવ પ્રત્યયી છે ને ચક્રવર્તીને લબ્ધી પ્રત્યયી છે તેનું મૂળ શરીર ઔદારિક છે.

નવગ્રૈવેયક ને પાંચ અનુત્તર વિમાનના દેવતા વિષય

સેવા રહિત છે પુરૂષ વેદ થકી અત્યંત મંદ મન હોવાથી સ્ત્રીને પ્રાર્થે જ નહીં.

અપરિગ્રહિતા દેવીઓ જે સૌધર્મ અને ઈશાન દેવલોકમાં દશલાખ વૈમાન છે તે ઉપરના દેવલોકને ભોગ યોગ્ય છે તે દેવીઓ આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી જાય તેથી ઉપર જઈ શકે નહીં. કદાપી નવમા આણતાદિક દેવતા યોગ્ય દેવીને કાય સેવાની વાંચ્છના થાય તો મનુષ્ય સાથે અથવા સૌધર્મ કે ઈશાન દેવલોકના દેવતા સાથે કાય સેવા કરે પણ આણતાદિ દેવલોકમાં જાય નહીં. તેમજ ત્યાંનો દેવતા પણ આવે નહીં. કદાચિત બારમા દેવલોકના દેવતા મન સેવી મનુષ્ય લોકમાં આવી મનુષ્યણી સ્ત્રી સાથે કાય સેવા કરે તો મરીને તેજ સ્ત્રીને પેટે ઉપજે. તેમજ દેવીને પણ કાય સેવા હોય. હેઠળના દેવતાને બારમા દેવલોકમાં જવાની શાક્ત નથી તેમજ ઉપરના દેવતાને અહીં આવવાનું પ્રયોજન નથી. તિર્થંકરના કલ્યાણકમાં પણ નવ ગ્રૈવેયકને અનુત્તર વિમાનના દેવો સૈયામાં બેઠા નમસ્કારાદિ ભક્તિ સાચવે શંશયથએ મનોવર્ગણાએ પ્રશ્ન કરે તેનો જવાબ કેવળજ્ઞાની મનોવર્ગણાએજ આપે ને શંસય ટાળે પણ આવે નહીં. તિર્થંકરના કલ્યાણકાદિ સાચવવાનો અધિકાર ભરત ક્ષેત્રમાં સૌધર્મ ઈંદ્રનો ને ઐરવ્રત ક્ષેત્રમાં ઈસાનેંદ્રનો અધિકાર છે તે સાચવે.

સૌધર્મ દેવલોકની અપરિગ્રહીતા દેવીઓ–૩–૫–૭–૯–૧૧ મા દેવલોકના દેવતાને ભોગ્ય છે તથા ઇસાન દેવલોકની ૪–૬–૮–૧૦–૧૨ મા દેવલોકના દેવતાને ભોગ યોગ્ય છે.

આ સિવાય લોકાંતિક દેવો જે પાંચમા બ્રહ્મ દેવલોકના સમીપે રહે છે તે એકાવતારી દેવતા છે. પરમાધામી દેવતા જે નારકીમાં રહે છે તથા કીલ્વીષિયા દેવો જે પહેલાથી છઠ્ઠા દેવલોક સુધીના નીચે રહે છે. એ વિગેરે ઘણી જાતના દેવતાઓ છે તેમાં પણ સમકીતીને મિથ્યાત્વી બે ભેદે હોય છે કુલ નવાણું પ્રકારના દેવતા કહ્યા છે.

## મનુષ્ય.

૨ મનુષ્ય=ક્ષેત્ર ભૂમી ભેદે (૧૦૧) પ્રકારના મનુષ્ય છે મનુષ્ય તિર્થ ક્ષેત્ર છે કારણ કે અન્ય ભવોમાં કરેલાં પાપ કર્મને છોડી મુક્તિ મેળવવાની શક્તિ મનુષ્યમાં છે એટલે પાંચમી ગતિ મોક્ષ તે મનુષ્ય ભવમાંજ મળે છે બીજી કોઇ ગતિમાં તે નથી તેથી મનુષ્યાવતાર ઉત્તમોત્તમ ગણાય છે મનુષ્યભવ મોહનીના વશપણે હારી ગયા પછી દશ દ્રષ્ટાંતે કરીને દોહિલો મનુષ્યભવ પામવો મહાદુર્લભ છે માટે મનુષ્યભવ પામી કષાય વશ પડી એળે ગુમાવશે તે અનંતા ભવ રખડશે તે મનુષ્યોને રહેવાના સ્થાનકને

મનુષ્ય ક્ષેત્ર કે અઢીદ્વીપ કહે છે. ૧ જંબુદ્વીપ ૨ ધાતકી ખંડ ૩ પુષ્કરવર દ્વીપ અડધો કારણકે પુષ્કરવર દ્વીપના વચમાં માન્યુષ્યોત્તર પર્વત (૧૭૨૧ જોજન) ઉંચો પડેલો છે તેથી તેના બે ભાગ થાય છે. તેમાં અડધો ભાગ મળી અઢીદ્વીપ કહેવાય છે. તે અઢી દ્વીપની બહાર કોઈ મનુષ્ય જન્મે પણ નહીને મરણ પણ પામે નહીં તે અઢી દ્વીપનો વિસ્તાર ૪૫ લાખ જોજન છે તેમાં એકસો એક ક્ષેત્ર છે.

૧ કર્મ ભૂમિનાં પંદર ક્ષેત્ર=પાંચ ભરત, પાંચ અરવ્રત, પાંચ મહાવિદેહ ત્યાંના મનુષ્યો અસી, મસી, કૃષિના આરંભથી આજીવિકા ચલાવનાર છે તે કર્મભુમી—અકર્મ ભૂમિનાં ત્રીસ ક્ષેત્ર=૫ હેમવંત ૫ એરણ વ્રત ૫ રમ્યક ૫ દેવકુરૂ. ૫ હરિવર્ષ ૫ ઉત્તર કુરૂ એ મનુષ્યો કલ્પવૃક્ષથી આજીવિકા ચલાવનાર છે ૩ અંતર દ્વીપ છપ્પન છે=આજંબુદ્વીપ મધે હિમવંત પર્વત મહાવિદેહને ભરતની વચમાં તથા શિખરીપર્વત મહાવિદેહને ઐરવ્રતની વચમાં એ બે પર્વતો છે એ પર્વતો મેરૂથી પૂર્વ અને પશ્ચિમે લવણ સમુદ્રમાં આઠ દાઢાઓ નીકળ્યા છે જેને ગજદંતા કહે છે તે ગજદંતા ઉપર સાત સાત ક્ષેત્ર છે એટલે ૮×૭=૫૬ અંતરદ્વીપ મળી કુલ (૧૦૧) જાતના મનુષ્ય કહેવાય છે. તે મનુષ્યો બે પ્રકારના છે. ૧ ગર્ભજ એટલે માતાના ગર્ભમાં અવતરે તે ગર્ભજ કહેવાય.

૨ સમુર્છિમ મનુષ્ય=અઢીદ્વીપ સમુદ્રને વિશે મનુષ્યની વડીનિતી લઘુનિતી, ખેળ, શ્લેષ્મ, નાસીકામળ, વમન કરેલું પીત્ત, શુક્ર, લોહી, મૃતકલેવર, સ્ત્રી પુરૂષને સંયોગે, નગરની ખાળે બીજાં સર્વ અસુચી સ્થાનકે એમ ચૌદ સ્થાનકે સંમુર્છિમ મનુષ્યની ઉત્પત્તિ થાય છે તે અસંજ્ઞી મનરાહત, મિથ્યાત્વી પાંચ પર્યાપ્તીવાળા હોય ત્રિર્યંચ પણ સંમુર્છિમ હોય તે ત્રિર્યંચમાં આવશે.

---

# તિર્યંચ અને નારકી.

---

૩ તિર્યંચ=પશુપંખીને તિર્યંચ કહે છે તે અઢી દ્વીપમાં તથા બહારના દ્વીપસમુદ્રમાં રહે છે. તેના ત્રણ પ્રકાર છે. જળચર, થળચર ને આકાશચર (ખેચર)

૧ જળચર=કાચબા, મગર, મચ્છ પ્રમુખ જળમાં રહેનારાં.

૨ થળચર=ચોપગાં ભેંસ, ગાય, બળદ, ઘોડા વીગેરે. પેટે ચાલનાર સાપ વીગેરે. ભુજાએ ચાલનાર ગોહ, નોળીયા વીગેરે એ રીતે ત્રણ પ્રકારના જમીનપર રહેનારાં તે થળચર.

૩ આકાશચર=રોમજ પંખી તે હંસ, કબુતર વીગેરે પીછાંવાળાં તથા પાંખોવાળાં તથા વાગોલો વીગેરે ચામડાની પાંખોવાળાં જે આકાશમાં ઉડે તથા જમીનપર ચાલે તે પાંખોવાળાં આકાશચર કહેવાય. આ સિવાય અઢીદ્વીપ બહાર

પાંખો પસારીને રહેનાર તથા પાંખો સંકોચીને રહેનાર પણ આકાશચર છે.

એ સઘળા તિર્યંચ પંચેંદ્રિ ગર્ભજ જીવો છે ને સંમુર્છિમ પણ છે. સંમુર્છિમની ઉત્પત્તિ માટી, પાણી વીગેરેમાંથી થાય છે તે સંમુર્છિમ પણ જળચર, ખેચર ને ભુચર એ ત્રણ પ્રકારના હોય છે. તે અસંજ્ઞી મનરહિત હોય છે.

૪ નારકી=સાત પ્રકારના તે સમજવા નીચે કોઠો કર્યોછે.

| નારકીનું નામ | પૃથ્વીની જાડાઇ જોજન | પ્રતર | નરકાવાસા લાખ | આયુષ્ય સાગરોપમ |
|---|---|---|---|---|
| ૧ રત્ન પ્રભા | ૧૮૦૦૦૦ | ૧૩ | ૩૦ લાખ | ૧ સાગરોપમ |
| ૨ શર્કરાપ્રભા | ૧૩૨૦૦૦ | ૧૧ | ૨૫ લાખ | ૩ ,, |
| ૩ વાળુકાપ્રભા | ૧૨૮૦૦૦ | ૯ | ૧૫ લાખ. | ૭ ,, |
| ૪ પંકપ્રભા | ૧૨૦૦૦૦ | ૭ | ૧૦ લાખ | ૧૦ ,, |
| ૫ ધુમપ્રભા | ૧૧૮૦૦૦ | ૫ | ૩ લાખ | ૧૭ ,, |
| ૬ તમપ્રભા | ૧૧૬૦૦૦ | ૩ | ૯૯૯૯૫ | ૨૨ ,, |
| ૭ તમતમપ્રભા | ૧૦૮૦૦૦ | ૧ | ૫ | ૩૩ ,, |
| | | પ્રતર ૪૯ | ૮૪૦૦૦૦૦ | |

એ રીતે સાતે નારકીના નરકા વાસા છે તે નરકા વાસાની ઉંચાઈ ત્રણ હજાર જોજન છે તથા લંબાઇ પહોળાઈમાં પેહેલી નારકીનો પેહેલો પ્રતર સીમંત નામનો નરકા વાસો ૪૫ લાખ જોજન છે અને સાતમીનો છેલ્લો

અપઇઠાણા નામનો નરકાવાસો એક લાખ જોજન લંબાઇ પહોળાઈ છે. બ કીના વચલા નરકા વાસા કોઇ સંખ્યાતા અસંખ્યાતા જોજન લાંબા પહોળા છે. સાતે નરકા વાસાને ઘનોદધી, ઘનવાતનેતનુવાત તથા આકાશ એ ચારનો આશ્રય છે.

## નારકીને ત્રણ પ્રકારની વેદના.

પેહેલી નારકીથી બાર જોજને અલોક છે અને સાતમીથી સોળ જોજન છેટે અલોક છે બાકીની વચલી નારકીઓથી બાર કરતાં અધિક અને સોળ જોજનના અંદર અલોક છે. એટલે સાતે નારકીની ચારે દિશાએ અલોક છે.

પેહેલી છ નરક પૃથ્વીમાં એક હજાર જોજન ઉપર અને એક હજાર જોજન નીચે એટલી જગા નરકાવાસા રહિત છે. ને સાતમીએ સાડી બાવન હજાર જોજન નીચે ઉપર મૂકીને વચલા ત્રણ હજાર જોજનમાં સાતમી નરક છે.

આંખ મીંચીને ઉઘાડે એટલો વખત પણ નારકીને સુખ નથી. જીવે ત્યાંસુધી સદા વેદના વેદે તે વેદના ત્રણ પ્રકારની છે. ક્ષેત્ર વેદના, અન્યોઅન્ય કૃત, પરમાધામી કૃત

૧ ક્ષેત્ર વેદના=૧-૨-૩ નારકીમાં શીતયોની છે ને ભૂમિકા ઉષ્ણ છે તે શીતયોનીના ખેરના અંગારા કરતાં પણ

અત્યંત ઉષ્ણ વેદના સહન કરે. પંકપ્રભા વીગેરેમાં કેટલાક ઉષ્ણ ને કેટલા શીત નરકાવાસા છે. એટલે જ્યાં શીતયોની ત્યાં ઉષ્ણભૂમિકાને ઉષ્ણયોની ત્યાં શીતભૂમિકા હોય. છઠી સાતમી એ શીતભૂમિકા છે. ને ઉષ્ણયોની શીતયોનીયા નારકી ઉષ્ણ નરકા વાસામાંથી લેઈ ખેરના અંગારામાં નાખી ધમે તે વારે તે નારકીને ચંદનના જેવી શીતળતા પામી અત્યત સુખ થતાં તે અગ્નિમાં નિંદ્રા પામે એટલે તેના કરતાં અનંતગુણી તે નરકોમાં ઉષ્ણવેદના છે.

હિમાલયમાં વસ્ત્ર રહિત ખેકે થકે ઉપરથી હીમ પડતાં જેવી શીત વેદના થાય તેનાથી અનંતગુણી શીત વેદના શીત ભૂમિકાવાળા નરકા વાસામાં છે વળી–પણ દશ પ્રકારના પુદ્ગળ પરિણામ પણ દુઃખદાયી છે.

૧ આહારાદિક પુદ્ગળપ્રદિપ્ત આગ્ન કરતાંપણ દારૂણ હોય.

૨ ગતિ–ઉંટ સરખી ને ચાલવાની ભૂમિકા તપ્ત લોહ કરતાં પણ અત્યંત તિવ્ર હોય છે.

૩ હુંડક–સંસ્થાન તે પાંખો છેદી નાખેલા પંખી જેવું દુઃખદાયક.

૪ ભીંત–પ્રમુખના પુદ્ગળો ઉડીને શરીરને લાગે તે ખકધારા સમાન લાગે

૫ સર્વ અંધકારમય, વિષ્ટા મળમુત્રાદિથી ભર્યુ ભોંયતળ ઠામ ઠામ માંસ વીગેરે પડેલું હોય એવો વર્ણ હોય.

૬ ગંધ–કુતરાં, શિયાળ સર્પાદિ પ્રમુખનાં મૃતક લેવર કરતાં અત્યંત દુર્ગંધમય.

૭ રસ–કડવી તુંબડી કરતાં પણ અત્યંત કડવો.

૮ ફરસ–વીંછીના કાંટા અને કવચનારોમ કરતાંપણ ભુંડો.

૯ અગુરૂલઘુ તે પણ અત્યંત દુઃખનું ઘર હોય,

૧૦ શબ્દ અત્યંત વિલાપાક્રંદ દુઃખકારી હોય.

એ પ્રકારે નારકીને પુદ્ગળ પરિણામે વૈમાનીક દેવતાના હસ્ત સ્પર્શે પણ નારકી દુઃખ પામે સમસ્ત અઢીદ્વીપના અન્નધુત ખાય તો પણ ક્ષુધા મટે નહીં તથા સમસ્ત સમુદ્ર નદીયોનાં પાણી પીએ તો પણ તાળવું, ગળું ને હોઠ સુકાય–ખરજ–છુરી કરવતે ખણતાં પણ ખરજ મટે નહીં. નારકીના જીવ સદા પરવશ હોય અનંત ગુણો જ્વર સદા સર્વદા હોય. દાહ, ભય, શોક પણ અનંત ગુણો–વિભંગજ્ઞાન પણ દુઃખદાયી છે.

અન્યોઅન્ય કૃત વેદના=નારકીના જીવો બે પ્રકારના છે. સમ્યક દ્રષ્ટિ, મિથ્યા દ્રષ્ટિ.

૧ સમ્યક દ્રષ્ટિ નારકી પોતાના પૂર્વકૃત પાપને સ્મરણ કરી ભાવ પ્રત્યયી દુઃખ તથા બીજા થકી ઉત્પન્ન થતી વેદના સમભાવે સહન કરે બીજાને દુઃખ ઉપજાવે નહી.

૨ મિથ્યા દ્રષ્ટિ નારકી પોતાના વિભંગજ્ઞાને બીજાને આવતો દેખી ક્રોધ કરી અત્યંત રૌદ્ર વૈક્રિયરૂપ કરે અને હાથ, દાંત, નખ પ્રમુખે તથા હથિયાર વડે માંહેમાહે પ્રહાર

કરે પ્રહારે પીડા પામી લોહીના કાદવમાં આળોટતા આક્રંદ કરે.

૩ પરમાધામી કૃત વેદના=નારકીનીયોની ઢાંકેલા આળાને આકારે હોય છે તે નારકીના પુદ્ગળ કરતાં નાની હોવાથી નારકી તેમાંથી પડી જાય છે તે વખત પરમાધામી દેવતાઓ આવાને પૂર્વકૃત પાપ કર્માનુસારે કર્મોપચારીને દુઃખ આપે છે તે મદ્યપાની નેતાઓ પીવરાવે, પરસ્ત્રીસંગીને અગ્નિમય લોહપુતળીનું આલીંગન કરાવે, લોઢાના ઘાણે ઘાત કરે, જીવહિંસા કરનારને વાંસલે છેદે, ઉષ્ણ તેલમાં તળે, ભાલામાં પરોવે, ભઠ્ઠીમાં શેકે, ઘાણીમાં પીલે, કરવતે વેહેરે, કાગ, ઘુવડ, સિંહદિ વિકુર્વીકદર્થના કરાવે, વૈતરણીમાં ઝબોળે, તપ્તવેળુમાં દોડાવે એવી વિવિધ વેદના આપે.

વજ્રમય કુંભીમાં તિવ્ર તાપે પચતાં નારકી ઉત્કૃષ્ટા પાંચસો જોજન ઉંચા ઉછળે ત્યાંથી પડતાં વજ્રમય ચંચુએ પક્ષી તોડે પછી ધરતીપર પડતાં વાઘ ખાય એવા તે પરમાધામી અધમ મહાપાપી ક્રુરકર્મી જેમણે પંચાગ્નિ પ્રમુખ કષ્ટક્રિયાથી ઉપન્યું. એવું જે ક્રુર સુખ એવા જે પરમાધામી તે એવા નારકીને દુઃખ વેઠતા દેખી હર્ષ પામે નારકીને દુઃખ દેવામાં ને દુઃખ દેખીને પરમાધામી અત્યંત ખુશી થાયછે.

ક્ષેત્ર વેદના સાતે નરકે હોય, અન્યોઅન્ય કૃત વેદના શરીરથકી સાતે નરકે હોય ને હથીયારથી પાંચમી સુધી

હોય પહેલી ત્રણ નારકી સુધી પરમાધામી કૃત વેદના હોય છઠ્ઠાને સાતમા નારકી રાતા કુંથુઆ જેવા વજ્રમય મોઢાવાળા વિકુર્વી અન્યોઅન્ય શરીર પેસે છે પ્રવેશ કરાવે છે એવી રીતે અત્યંત દારૂણ્ય દુઃખ નારકીના જીવોને છે.

---

## જીવની યોની.

---

એ રીતે સંસારી જીવોના ભેદ છે તે જીવોને ઉપજવાના ઠેકાણાને યોની કહે છે. તે યોની એટલે ઉપજવાનાં ઠેકાણાં (૮૪ લાખ) ચોરાસી લાખ છે. તેમાં પૃથ્વી, કાય, અપ કાય, તેઉ કાય, તથા વાયુ કાય એ ચારની પ્રત્યેકે સાતસાત લાખ યોની છે. પ્રત્યેક વનસ્પતિ કાયની દશ લાખ યોની છે. સાધારણ વનસ્પતિકાય અટલે અનંતકાય કે બાદરનિગોદની ચૌદ લાખ યોની છે એ રીતે પાંચે પાવરની (૫૨ લાખ) બાવન લાખ યોની છે તથા વિગલેંદ્રિ એટલે બે ઇંદ્રિ, ત્રણેંદ્રિ ને ચૌરીંદ્રીની પ્રત્યેકે બબેલાખ યોની છે વિગળેંદ્રિની છ લાખ યોની છે દેવતા તથા નારકી તમામની પ્રત્યેકે ચાર ચાર લાખ યોની છે. એટલે દેવતાની ચાર લાખ અને નારકીની ચાર લાખ છે. તથા તિર્યંચ પંચેદ્રિની પણ ચાર લાખ યોની છે મનુષ્યની ચૌદ લાખ યોની છે કુલ ૮૪ લાખ છે.

એકેક જીવના નીકાય, વર્ણ ગંધ, રસ, સ્પર્શ સરખો હોય તે એક યોની કહેવાય જેમકે ગોબરનું છાણું એક યોની ગણાય છાણામાંથી વીંછી, કૃમી, કીડા પ્રમુખ ઘણા જીવો ઉપજે છે પણ તે સર્વની યોની એક ગણાય તે સર્વ જુદા જુદા કુળ કહેવાય. તેવાં કુળ એક કોડા કોડી સતાણું લાખ કોડી પચાસ હજાર કોડી એટલી સંખ્યા થાય.

ચારે નિકાયના દેવતા. અને થાવર એકેંદ્રિ પૃથ્વીકાયાદિ તથા સાતે નારકીની એ સર્વની યોની ઢાંકેલી હોય ગુપ્ત હોય કોઈ દેખે નહીં;

૧ દેવતાની યોની દેવદુષ્યે ઢાંકેલી દેવશયનીય હોય તેના વિચાલે દેવ ઉપજે છે.

૨ એકેંદ્રિની યોની સ્પષ્ટ પણે જણાય નહીં.

૩ નારકીને ઢાંકેલા આળા ગોખના આકારે છે ત્યાં નારકી ઉપજે ને નીચે પડે.

૪ વિગલેંદ્રિ તથા સંમુર્છિમ તિર્યંચ પંચેદ્રિ તથા સંમુર્છિમ મનુષ્ય એ પાંચની યોની પ્રગટ કહેવાય કેમકે તેનું ઉત્પત્તિ સ્થાનક છે તે પ્રગટ પણે જળાશય પ્રમુખ છે.

૫ ગર્ભજ પંચેદ્રિ તિર્યંચ તથા મનુષ્યની યોની ઢાંકેલી તથા પ્રગટ બે પ્રકારે હોય કારણ કે મનુષ્ય તિર્યંચ ને ગર્ભે બહાર પેટ મોટું દેખાય છે અને માંહે દેખાય નહીં માટે બે પ્રકારે છે.

દેવતા નારકીની યોની નિર્જીવ છે. ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને 'સચીત અચીત' અને મિશ્ર હોય શેષ બાકીના જીવોને ત્રણે પ્રકારની હોય સચીત, અચીતને મિશ્ર ત્રણ પ્રકારની હોય.

સચીત=જીવતી ગાય પ્રમુખને શરીરે કૃમી ઉપજે તે અચિત=સુકાં લાકડાંમાં ઘુણ ઉપજે છે તે. મિશ્ર=કાંઈક સુકું કાંઈક લીલું એવા કાષ્ટમાં તથા ગાય પ્રમુખના શરીરમાં ગુમડા વીગેરે ક્ષતાદિમાં કૃમીયાદિ ઉપજે છે તે.

મનુષ્યની યોની ત્રણ પ્રકારની છે. ૧ શંખાવર્ત શંખ સરખો આકાર તે હતગર્ભા એટલે એમાં ઉપન્યો ગર્ભ અત્યંત અગ્નિને તાપે મરણ પામે નીપજે નહીં તે હતગર્ભા કહેવાય તેવી યોની ચક્રવર્તીની સ્રીને હોય. ૨ કાચબાના પુંઠા જેવી ઉન્નત ઉંચી હોય તેમાં અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ ઉપજે ત્રીજીવાંસના પાંદડાના જોડા જેવી હોય તેમાં સામાન્ય મનુષ્યો ઉપજે.

એ રીતે સંસારી જીવો ચાર પ્રકારના તથા પૃથ્વી કાયાદિ થાવર ત્રસ તમામ જાતના જીવોનું વર્ણન કર્યું હવે પાંચમી ગાત જે સિદ્ધની તેનું વર્ણન કરવામાં આવે છે.

સંસારિક=સંસરવા પણું; સંસરણ કરવું, ચતુર્ગતિમાં ફરવું તેનું નામ સંસારી.

---

# સિદ્ધના જીવો.

સિધ્ધના જીવોનું સ્વરૂપ-મુસમાં મીણને નાંખી ગાળીએ તે ગળી જવાથી આકાસના જેવો આકાર થાય છે તેવો સિદ્ધનો આકાર છે સિદ્ધનું સ્વરૂપ નવ પ્રકારે કહ્યું છે તેના નવ દ્વારછે તેમાં સત્પદ પ્રરૂપણા=છતું પદ છે કેમકે એકપદ વાચી જેટલા પદાર્થ જગતમાં છે તે અવશ્ય છે જે બે પદવાચી ( વંધ્યા પુત્ર, રાજપુત્ર ) પદાર્થ હોય પણ ખરાને ન પણ હોય માટે છતા પદની પ્રરૂપણા વિધમાન પદ છે

૨ સિદ્ધના જીવો=આઠ પ્રકારના કર્મો રહિત નિરંજન નિરાકાર જ્યોતિ સ્વરૂપ અવ્યાબાધ અનંત સુખના ધણી જ્ઞાન દર્શનમય શુદ્ધાત્મ સ્વરૂપી આદિ અંત રહિત જન્મ, જરા મૃત્યુ જેને નથી એવા અક્ષય સુખનો અનુભવ કરી રહેલા સિદ્ધના જીવ છે તેમના રહેવાના સ્થાનકને સિદ્ધ સિદ્ધા કહે છે તે સર્વાર્થ સિદ્ધ વિમાન પાંચમા અનુત્તર વિમાનની ધ્વજાથી બાર જોજન ઉપર સિદ્ધ સિદ્ધા છે તે સિદ્ધ સિદ્ધા લાંબી પહોળી ( ૪૫ લાખ જોજન છે. મધ્યે આઠ જોજન જાડી છે છેડે માંખીની પાંખ જેવી પાતળી ઉઘાડેલી છતરીના આકારે ( ઉત્તાન છત્રના આકારે છે તેનાથી ઉંચે એક જોજન આંતરે લોકોનો અંત એટલે

અલોક છે તે એક જોજનના ઉપરના ચોથા ગાઉમાં ઉપરના છઠ્ઠા ભાગમાં એટલે ૨૦૦૦ ધનુષ્યનો ગાઉ ÷૬ ઠો ભાગ = ૩૪૩$\frac{૧}{૩}$ ધનુષ્યમાં સિદ્ધના જીવો રહે છે અનંતા જીવો સિદ્ધમાં ગયા છે ને જશે તો પણ જગા સંકોચાતી નથી કારણ કે જેમ દીવાની જોતમાં જોત મળી જાય છે તેમ આત્મ સ્વરૂપ તેજોમય સ્વરૂપ ભેગું મળી જાય છે. તે મોક્ષ ગામી મુક્તી પામેલા જીવોને સિદ્ધ ગતિ કહે છે તે સિદ્ધ ગતિમાં પંદર પ્રકારે જવાય છે એટલે પંદર ભેદે સીદ્ધ થાય છે ૧ અરિહંત જિનસિદ્ધ ૨ સામાન્ય કેળવી ૩ તિર્થ થાપ્યા પછી સિદ્ધ ૪ તિર્થ થાપ્યા વિના સિદ્ધ. ૫ ઘરવાસે સિદ્ધ એટલે ગ્રહસ્થલીંગે સિદ્ધ. ૬ તાપ સાદિલીંગે સિદ્ધ ૭ (સાધુ સ્વલીંગે સિદ્ધ. ૮ સ્ત્રીલીંગે સિદ્ધ ૯ પુરૂષ લીંગે સિદ્ધ. ૧૦ નપુશક લીંગે સિદ્ધ ૧૧ બાહ્ય પ્રત્યય દેખી સિદ્ધ ૧૨ પોતાની મેળે સિદ્ધ. ૧૩ ગુરૂના એક સમે એક સિદ્ધ. ૧૪ એક સમે અનેક સિદ્ધ. ૧૫ ઉપદેશ પામી સિદ્ધ થયા તે બોધબોધીત સિદ્ધ) એ રીતે પંદર ભેદે સિદ્ધ થાય છે એ રીતે સંસારી જીવો ચાર ગતિના ને પાંચમી ગતિ સિદ્ધની એ પાંચે ગતિના જીવોને રહેવાના સ્થાનકને ચૌદ રાજલોક કહેછે તે ચૌદ રાજલોકનું વર્ણન કરવામાં આવે છે.

# ચૌદ રાજલોક.

મેરૂ પર્વતના મધ્ય ભાગે આઠ રૂચક પ્રદેશ છે તે ગોસ્તન આકારે છે તેને સમભુતળ કહે છે ત્યાંથી સાતરાજ ઉંચો ઉર્દ્ધ લોક છે અને સાતરાજ નીચો અધોલોક છે એ રીતે સર્વ મળી ચૌદરાજલોક ઉંચ પણે લોક છે તે બતાવે છે

૧ અધોલોક=નીચે રહેનારા નારકીના જીવો તે નરકાવાસા સાત ભાગમાં વહેંચ્યા છે. તે

૧ રત્નાપ્રભા પૃથ્વી ( ધમાનામક નરકાવાસ જેને કહે છે તે ) એના ત્રણ કાંડ છે.

૧ ખરકાંડ ( ૧૬ હજાર જોજન )• તેમાં રત્ન ઘણાં છે માટે તેને રત્નપ્રભા કહે છે.

૨ પંકબહુલકાંડ ( ૮૪ હજાર જોજન ) છે.

૩ જળબહુલકાંડ ( ૮૦ હજાર જોજન ) છે.

એ રીતે ( ૧૮૦૦૦૦ જોજન ) રત્નપ્રભા પૃથ્વી છે તેના ઉપરના તળાથી શર્કરા પ્રભાનો ઉપરનો તળો આવે ત્યાં સુધી એક રાજ પ્રમાણ.

૨ શર્કરાપ્રભા=( વંશા ) પૃથ્વી કાયમય શર્કરા કાંકરા ઘણા છે તે ( ૧૩૨૦૦૦ જોજન પ્રમાણ બીજો રાજ ગણાય.

૩ વાલુકા પ્રભા (શેલા) વેલુરેતી ઘણી છે તે ત્રીજો-રાજ ( ૧૨૮૦૦૦ જોજન )

૪ પંકપ્રભા (અંજણા) કાદવ ઘણો છે તે ચોથો રાજ ( ૧૨૦૦૦૦ જોજન )

૫ ધુમપ્રભા ( રિષ્ટા ) ધુમાડો ઘણો છે તે પાંચમો રાજ ( ૧૧૮૦૦૦ જોજન )

૬ તમપ્રભા ( મઘા ) અંધારૂ ઘણું છે તે ૬ ઠો રાજ ( ૧૧૬૦૦૦ જોજન )

૭ તમ તમા પ્રભા ( માઘવતી ) અંધકાર મય છે તે સાતમો રાજ ( ૧૦૮૦૦૦ જોજન )

એ રીતે અધોલોકના સાતરાજ ઉર્ધ્વ લોકના સાત રાજ કરતાં કાંઈ અધિક છે.

૨ ઉર્ધ્વ લોક=ઉપરના રહેનાર દેવલોક તે પણ સાત રાજ માણે છે.

૧ રત્ન પ્રભાના ઉપરના તળના ઉપરની પીઠીકાથી સૌધર્મ દેવલોક સુધીએ ૧લો સૌધર્મના તેરમા પ્રતર સુધી એક રાજ.

૨ ચોથા માહેંદ્ર દેવલોકના છેડા સુધી બીજો રાજ.

૩ છઠ્ઠા લાંતક દેવ લોકના છેડા સુધી ત્રીજોરાજ.

૪ આઠમા સહસ્રાર દેવ લોકના છેડે ચોથોરાજ.

૫ બારમા અચ્યુત દેવ લોકને છેડે પાંચમોરાજ.

૬ નવગ્રૈવેયકને અંતે છઠ્ઠો રાજલોક.

૭ લોકાંતે સાતમો રાજલોક છે.

તિર્છાલોક=જેમાં આપણે રહીએ છીએ તે મેરૂ મધ્યના રૂચક પ્રદેશથી નવસો જોજન ઉંચા અને નવસો જોજન નીચા એ રીતે અઢારસો જોજનમાં તિર્છાલોકમાં આપણે છીએ તે થકી ઉપર ઉર્ધ્વલોક કંઇ ઉણા સાતરાજ છે અને તિર્છાલોકની નીચે અધોલોક સાતરાજથી કાંઈક અધિક છે. તેનો આકાર મોટા કુંડા ને ઉંધુ કરી તે ઉપર સરાવલાનો સંપુટ ધરી રાખીએ તે આકારે લોક છે. અથવા વલોણું વલોવતો ઉભો પુરૂષ કેડે હાથ દીધા હોય તેવા પુરૂષા કારે લોક જાણવો. તે પુરૂષના પગતળે સાતરાજ પોહોળાઈ અને નાભી પ્રદેશે એકરાજ પહોળાઇ. કોણીએ પાંચરાજ પોહોળાઇ અને શિરતળે એકરાજ પોહોળાઇ એ રીતે પુરૂષાકાર ચૌદ રાજલોક છે તેના અંતે સિદ્ધ સિલ્લા છે. પછી અલોક છે. એ રીતે છે.

---

## નવતત્વ.

---

જીવ= જ્ઞાન દર્શન, ચારિત્ર, તપ, વિર્યને ઉપયોગ એ છ લક્ષણે સહીત ચેતના લક્ષણ તે જીવ તેના ભેદ અનેક પ્રકારે વર્ણવ્યા છે.

૧ ચૈતન્ય લક્ષણે જીવ એક ભેદે છે.

૨ ગુણે બે ભેદ છે ( સંસારીને મુક્તિના. )

૩ લીંગે ત્રણ ભેદ ( પુરૂષ, સ્ત્રી, નપુશક )

૪ ગતિએ ચાર ભેદ ( મનુષ્ય, ત્રિર્યંચ, દેવતા નારકી

૫ ઈંદ્રીએ પાંચ ભેદ ( એકિંદ્રિયાદિ પંચ )

૬ કાયાએ છ ભેદ ( પ્રથ્વીકાયાદિ તથા ત્રશકાય )

૭ સાતભેદ ( એકેંદ્રી સુક્ષ્મ બાદર. વિગલેંદ્રી પંચેંદ્રિ સંજ્ઞીને અસંજ્ઞી એ સાત એ સાતના પર્યાપ્તા ને અપર્યાપ્તા મળી ચૌદ થાય છે. નવ તત્વમાં પ્રથમ જીવતત્વ ૨ અજીવતત્વ, ૩ પુણ્યતત્વ ૪ પાપતત્વ, ૫ આશ્રવ, ૬ સંવર ૭ નિર્જરા, ૮ બંધ, ૯ મોક્ષ

૧ જીવતત્વ=ઉપર બતાવ્યા પ્રમાણે ચેતના લક્ષણવાળા જીવના ચાદ ભેદ છે તે નીચે પ્રમાણે—

૧ સુક્ષ્મ એકેંદ્રી. ૨ બાદર એકેંદ્રિ ૩ બે ઈંદ્રિ ૪ તેઈન્દ્રિ ૫ ચૌરિંદ્રિ ૬ સંજ્ઞી પંચેંદ્રી ૭ અસંજ્ઞી પંચેંદ્રિ. એ સાત પર્યાપ્તા તથા સાત અપર્યાપ્તા એ ભેદે ચૌદભેદ જીવના થયા. પર્યાપ્તિ એટલે શક્તિ તે છ પ્રકારની છે. ૧ આહાર પર્યાપ્તી, શરીર પર્યાપ્તી ઈંદ્રિ પર્યાપ્તી સ્વાસો સ્વાસ પર્યાપ્તી. ભાષા પર્યાપ્તી મન પર્યાપ્તી એ છ પ્રકારની શક્તિ જીવમાં હોય છે. તે શાક્તઓ—

૧ એકેંદ્રિમાં ચાર પર્યાપ્તી છે આહાર શરીરને શ્વાસો-

શ્વાસ તથા ઇંદ્રી પર્યાપ્તી.

૨ વિગલેંદ્રીને પાંચ પર્યાપ્તી છે. આહાર, શરીર, શ્વાસોશ્વાસ, ઈદ્રીને ભાષા.

૩ એ પાંચપર્યાપ્તી સમુર્છિમને પણ છે કારણ તેમને પણ મન ન હોય.

૪ સંજ્ઞી પંચેંદ્રિને છ એ પર્યાપ્તી છે.

પોતાના યોગ પર્યાપ્તી પુરી કરે તે પર્યાપ્તા કહેવાય અને પુરીના થાય ત્યાં સુધી અપર્યાપ્તા કહેવાય પણ આહાર, શરીરને ઇંદ્રી એ ત્રણ પર્યાપ્તી પુરી કર્યા વિના કોઈ જીવ મરે નહીં.

---

## અજીવતત્વ.

જીવ ચૈતન્ય આત્માના ભાવપ્રાણ જ્ઞાન, દર્શન, ચારિત્રને વિર્ય એ ચાર છે તે બાહિર્દ્રષ્ટીપણે અવરાવાથી પુદ્ગળનાં દળિયાં ગ્રહણ કરી સંસાર પરિ ભ્રમણ કરવા નીકળતાં તે પુદ્ગળ સંયોગે દશ દ્રવ્ય પ્રાણ ઉપજે છે તે પાંચ ઇંદ્રિ, ત્રણ બળ, સ્વાસોશ્વાસને આયુષ્ય એ દશ પ્રાણ છે તેમાં એકેંદ્રીને ચાર પ્રાણ ૧ ઈંદ્રી, કાયબળ, શ્વાસોશ્વાસને આયુષ્ય. બેઇંદ્રીને છ પ્રાણ છે તેને મોઢું હોવાથી બે ઈંદ્રીને વચન બળ બે વધારે હોય. ત્રેંદ્રિને

[૭] પ્રાણુછે તેને નાસીકા ઇં ી વધારે હોય. ચૌરીંિ ને [૮] પ્રાણુ છે તેને આંખો હોય છે. અસંજ્ઞીને ઇંદ્રિયો બધી હોય પણ મન ના હોય તેથી તેને નવ પ્રાણુ છે. સંજ્ઞી પંચેં-દ્રિંને દશે પ્રાણુ છે એ રીતે જીવતત્વ છે.

૨ અજીવતત્વ=જડ અચેતન તેના ચૌદ ભેદ છે. તેનું વર્ણન આગળ છ વ્યની વ્યાખ્યામાં આવી ગયું છે તે ધર્માસ્તિ કાય, અધર્માસ્તિ કાય ને આકાશાસ્તિ કાય એ ત્રણના દરેકે ત્રણ ત્રણ ભેદ છે. સ્કંધ, દેશને પ્રદેસ એટલે નવ ભેદ થયા પુદ્ગલાસ્તિકાયના ચાર ભેદ છે સ્કંધ, દેશ પ્રદેશને પરમાણું. કુલ તેર થયા કાળ એટલે સમય તેનો એક ભેદ એટલે કુલ ચૌદ ભેદ અજીવ તત્વના થયા.

સ્કંધ=ખંધ એટલે આખો દેશ સાદી બુદ્ધિથી કલ્પી શકાય તે.

દેશ=નિર્વિભાગ એટલે ભેગો રહે તે.

પ્રદેશ=નિર્વિભાગ ખંધની સાથે લાગેલો રહે તે.

પરમાણું=સર્વથી નાનો ભાગ ખંધથી જૂદો પડેલો ભાગ કે જેનો બીજો ભાગ થઇ શકે નહીં તે પરમાણું. પરમ+અણું=ઘણો ઝીણો.

એ રીતે અરૂપી અજીવના દશને રૂપી અજીવના ચાર મળી ચૌદ ભેદ અજીવ તત્વના થયા.

# પુણ્યતત્વ.

૩ પુણ્યતત્વ=શુભ ફળ દાયી કર્મ. શુભ ફળને આપનાર તે પુણ્ય નવ પ્રકારે બંધાય છે ને બેતાળીશ પ્રકારે ભોગવાય છે. તે નવ પ્રકાર=સાધુ પ્રમુખને અન્ન દીધાથી પાણી દીધાથી, રહેવાને સ્થાનક દીધાથી, સુવાને પાટ પ્રમુખ આપવાથી, વસ્ત્ર આપવાથી, તે વિશે મને કરી શુભ સંકલ્પ કર્યાથી, વચને કરી સ્તુતી કર્યાથી, કાયા એ કરી સેવા કરવાથી, હાથે કરી નમસ્કાર કર્યાથી એ નવ પ્રકારથી પુણ્ય બંધાય છે તે બેતાળીશ પ્રકારે ભોગવાય છે તે પ્રકાર—બેતાળીશ પુણ્ય પ્રકૃતિઓ.

| | | |
|---|---|---|
| ૧ શાતા વેદની | ૧૩–૧૫ ઉપાંગ ત્રણ | ૨૫ આતાપ નામ |
| ૨ ઉચ્ચ ગોત્ર | ૧૬ પ્રથમ સંઘયણ | ૨૬ ઉદ્યોત નામ |
| ૩ મનુષ્ય ગતિ | ૧૭ પ્રથમ સંસ્થાન | ૨૭ શુભવિહાયોગતિ |
| ૪ દેવગતિ | ૧૮–૨૧ વર્ણ ચોક | ૨૮ નિર્માણ નામ |
| ૫ દેવાનુ પુર્વી | ૨૨ અગુરૂ લધુ | ૨૯–૩૮ ત્રશ દશક |
| ૬ મનુષ્યાનુ પુર્વી | ૨૩ પરાઘાત નામ | ૩૯–૪૧ ત્રણ આયુષ્ય |
| ૭ પંચેદ્રિ જાતિ | ૨૪ ઉશ્વાસ નામ | ૪૨ તિર્થંકર નામ કર્મ |
| ૮–૧૨ પાંચ પ્રકારનાં શરીર | | |

એ રીતે શુભ કરણી કરવાથી જે પુણ્ય બંધાય તેના શુભ ફળની પ્રાપ્તી ઉપર બતાવેલા બેતાળીશ પ્રકારે ભોગવાય તેને પુણ્ય તત્વ કહે છે.

# પાપ તત્વ.

૪ પાપ તત્વ=અશુભ ફળ દાયી એટલે અશુભ ફળને આપવા વાળું કર્મ તે અઢાર પ્રકારે બંધાય છે ને બ્યાસી પ્રકારે ભોગવાય છે. બંધાવાના અઢાર પાપ સ્થાન.

| | | |
|---|---|---|
| ૧ જીવ હિંસા | ૨ જુઠું બોલવું | ૩ ચોરી કરવી |
| ૪ મૈથુન સેવવું. | ૫ ધનધાન્ય સંગ્રહ | ૬ ક્રોધ કરવો |
| ૭ અહંકાર કરવો | ૮ માયાકપટ કરવું | ૯ લોભ કરવો |
| ૧૦ રાગ કરવો | ૧૧ દ્વેષ કરવો | ૧૨ કજીઓ કરવો |
| ૧૩ આળ ચડાવવું | ૧૪ ચાડી કરવી | ૧૫ સુખદુઃખ ચિંતવવું |
| ૧૬ પારકી નિંદા | ૧૭ કપટ સાથે જૂઠ | ૧૮ દેવગુરૂની અશ્રદ્ધા સલ્ય રાખવું |

એ અઢાર પાપસ્થાનક સેવવાથી અશુભ કર્મ બંધાય છે તે પાપકર્મ બ્યાસી પ્રકારે ભોગવાય છે તે બ્યાસી પાપપ્રકૃત્તિઓ—

૫ જ્ઞાનાવર્ણી કર્મ=જ્ઞાન અવરાએલાં હોય એટલે એકે જ્ઞાનનો સ્પષ્ટ ઉદય હોય નહી તેને જ્ઞાનાવરણી કહે છે તેના પાંચ પ્રકાર છે. ૧ મતિ જ્ઞાનાવરણી, શ્રુત જ્ઞાનાવરણી, અવધી જ્ઞાનાવરણી, મનપર્યવ જ્ઞાનાવરણી, કેવળ જ્ઞાનાવરણી એ પાંચ.

૯ દર્શનાવરણી કર્મ=નવ પ્રકારનું છે.

૪ દર્શનચાર પ્રકારે ૧ ચક્ષુદર્શન ૨ અચક્ષુદર્શન ચક્ષુ વગર ચાર ઈંદ્રિએ જાણે તે ૩ અવધી દર્શન, અમુક હદે દેખે તે, કેવળ દર્શન સર્વ દેખે તે એ ચાર દર્શન.

૫ નિંદ્રા=ઉંઘમાં પણ દર્શન અવરાય છે. માટે તેને દર્શનાવરણી કર્મમ ગણી છે તે ૧ નિંદ્રા=સુખે જાગે તે ૨ નિંદ્રાનિંદ્રા દુખે જાગે તે ૩ પ્રચલા=ઉભાં બેઠાં ઉંઘે તે ૪ પ્રચલાપ્રચલા=ચાલતાં ઉંઘે તે ૫ થિણદ્દી=દિવસે ચિંતવ્યા અર્થની કરનારી રાતે નિંદ્રામાં જાગૃતનીમાફક કામ કરે તે થિણદ્દી નિદ્રા તે નિંદ્રામાં બળ ઘણું હોય કુંભકરણના જેવી.

૧ વેદની=બે પ્રકારની. તેમાં શાતાવેદની પુણ્ય પ્રકૃત્તિ છે માટે બીજી અશાતાવેદની એટલે દુઃખનો અનુભવ કરાવનાર તે.

૨૬ મોહનીકર્મ=અઠાવીસ પ્રકૃત્તિ છે તેમાં સમકીત મોહનીને મિશ્રમોહની વિના બાકી છવ્વીસ પ્રકૃત્તિ પાપત્વની છે તેનાં નામ—

૧ મિથ્યાત્વમોહની=મિથ્યાત્વનો ઉદય થયે ખરાને ખોટું ને ખોટાનું ખરૂં માનવું.

૧૬ કષાય=ક્રોધ, માન, માયા ને લોભ એ ચાર પ્રકારના દરેક છે ૪×૪ ૧૬

૪ અનંતાનુબંધીચાર=તેની સ્થિતિ જીવતાં સુધી તે સમકીતનો ઘાત કરે અને ગતિ નરકની પામે. ક્રોધ પર્વતની

રેખાસરખો, માન પત્થરના થાંભલા જેવું, માયા વાંસના મૂળ જેવી, લોભ કર્મજના રંગ જેવો હોય છે. (મિથ્યાત્વીને હોય)

૪ અપ્રત્યાખાનીચાર=તેની સ્થિતિ એક વરસ સુધી. અણુંવ્રત શ્રાવકનાં વ્રતનેરોકે, ગતિ તિર્યંચની પામે. ક્રોધ સુકા તળાવની રેખા સરખો માન હાડકાના થાંભલા જેવું, માયા ઓકડાના શીંગ જેવી, લોભ નગરના કાદવ જેવો (અવિરતીપણામાં હોય)

૪ પ્રત્યાખાનીચાર=સ્થિતિ ચાર માસની. સર્વવિરતીપણું એટલે ચારિત્રને રોકે. ગતિ મનુષ્યની પામે. દેશવિરતીશ્રાવક હોય ક્રોધ્ર વજાની રેખા સરખો, માન લાકડાના થાંભલા જેવું, માયા ળળદના મૂત્રની ધાર જેવી, લોભ ગાડાની મળી જેવો હોય.

૪ સંજવલનચાર=સ્થિતિ પંદર દિવસની. યથાખ્યાત ચારિત્રને રોકે, ગતિ દેવતાની પામે, સર્વ વિરતીપણામાં પણ અતિચાર લાગે ક્રોધ જળની રેખા જેવો, માન નેતરની સોંટી જેવું, માયા વાંસની છાલ જેવી, લોભ હલદરના રંગ જેવો હોય.

૯ નોકષાય=કષાય ઉત્પન્ન થવાના કારણભુત તે નોકષાય તે નવ પ્રકારના ૧ હાસ્ય=મશ્કરી ૨ રતી=સુખ ૩ અરતિ=દુઃખ ૪ ભય=બીક ૫ શોક=દીલગીરી ૬ દુગંછા=સુગ આવવી એ છ તથા ત્રણ વેદ છે તે

૧ પુરૂષ વેદ=તેનો વિષય તરણાના તાપ જેવો હોય.

૨ સ્ત્રી વેદ=તેનો વિષય બકરીની લીંડીના તાપ જેવો હોય.

૩ નપુષક વેદ=તેનો વિષય નગરના દાહ સમાન કારણ તેને બંને પ્રકારનો ઉદય હોય. એ રીતે દર્શન મોહની એક ને ચારિત્ર મોહની પચીસ મળી છવીસ પ્રકૃતિ મોહનીની છે.

૫ અંતરાય કર્મ=એ પાંચ પ્રકારના છે. દાનાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, લાભાંતરાય, વિર્યાંતરાય એ પાંચ. અંતરાય કરનારને અંતરાય કર્મ કહે છે.

૧ ગોત્ર કર્મ=બે પ્રકારનું તેમાં ઉંચ ગોત્ર પુણ્ય પ્રકૃતિ છે માટે એક નીચ ગોત્ર બાંધે.

૩૫ નામ કર્મની=સડસઠ પ્રકૃત્તિમાંની પાંત્રીસ પ્રકૃત્તિ પાપતત્વની છે તે બાંધે તે ૧૦ થાવર દશક ૩ નરકત્રિક ૨ તિર્યંચ દુગ ૧ ઉપઘાત નામ ૪ વર્ણચ તુષ્ક. (મનને ગમે નહી તેવા) ૪ જાતિ ચૌરિંદ્રિ સુધીની ૫ સંઘયણ પ્રથમ વિના ૫ સંસ્થાન પ્રથમ વિના ૧ અશુભ વિહાયોગતિ એ રીતે પાંત્રીસ નામકર્મની. ૮૨ એ રીતે કુલ બ્યાસી પાપ પ્રકૃત્તિનો બંધ પાપતત્વથી હોય અને તે બ્યાસી પ્રકારે ભોગવાય એ પાપતત્વ.

## આશ્રવતત્વ.

૫ આશ્રવતત્વ=કર્મને આવવાનો મારગ તેને આશ્રવ કહેછે. જેણે કરી આત્માને વિષે કર્મનું આવવું થાય તેના બેતાળીસ પ્રકાર છે.

૫ ઈંદ્રિ=નાક, કાન, આંખ, જીભ, ચામડી એ પાંચ.

૪ કષાય=ક્રોધ, માન, માયા ને લોભ.

૫ અવ્રત=હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ એટલે ધનધાન્યનું સંઘરવું.

૩ જોગ=યોગ, મનોયોગ, વચનયોગ, કાયયોગ એ ત્રણ

૨૫ પાપક્રિયા=કાયીકી ક્રિયા=કાયાએ અજયણાએ પ્રવર્તવું તે

૨ અધિકરણીકી=ઘરના ઉપગરણ અધિકરણે કરી જીવનું હનન કરવું તે

૩ પ્રદ્વેષીકી=જીવ, અજીવ ઉપર દ્વેષ કરવો તે

૪ પારિતાપનીકી=પોતાને કે પરને પરિતાપ ઉપજાવવો તે

૫ પ્રાણાતિપાતિકી=જીવને હણવો, હણાવવો તે

૬ આરંભીકી=ખેતી પ્રમુખ આરંભ કરવો તે

૭ પરિગ્રહિકી=ધનધાન્યાદિ નવવિધ પરિગ્રહ ઉપર મમતા મોહસહિત ક્રિયા કરવી તે

૮ માયા પ્રત્યયીકી=કોઇને ઠગવાની ક્રિયા

૯ મિથ્યાદર્શન પ્રત્યયીકી=વિપરીત પરૂપણાની ક્રિયા

૧૦ અપ્રત્યાખ્યાનીકી=અવિરતીપણાની ક્રિયા

૧૧ દ્રષ્ટિકીક્રિયા-કૌતુકે કરીને જોવાની ક્રિયા

૧૨ સ્પૃષ્ટિક્રિયા-રાગવશે પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ વસ્ત્ર પ્રમુખે સ્પર્શ કરવો

૧૩ પ્રાતિત્યકી=કોઇનું ભલું દેખી દ્વેષ કરે તેજ દ્વેષીપણું તે

૧૪ સામંતોપનીપાતીકી-પોતાની પ્રસંસા જોઈ હર્ષ પામવો તે તથા દુધ, ઘી, તેલ, દહીં પ્રમુખનાં વાસણો ઉઘાડાં મૂકવાથી ત્રસ જીવની હિંસા થાય તે

૧૫ નેસૃષ્ટિકી ક્રિયા-પરોપદેશિત પાપમાં પ્રવર્તે, પાપભાવની અનુમોદના કરે.

૧૬ સ્વહસ્તિકી-પોતાના હાથથી કરે તે ક્રિયા.

૧૭ આજ્ઞાપનિકા-આજ્ઞા વિરૂદ્ધ પોતાની બુદ્ધિથી પદાર્થની પ્રરૂપણા કરે તે

૧૮ વૈદારિણીકી-સચીત અચીત ફળ વિદારવાથી તથા બીજાનાં અછતાં આચરણનો પ્રકાશ કરી તેની પૂજાનો નાશ કરવો.

૧૯ અનાભેગિકી-ઉપયોગ રહિત ક્રિયા તે

૨૦ અનવકાંક્ષા પ્રત્યયીકી=પોતાને તથા પરને હીતકારી કરવા યોગ્ય જિન ભાષીત વિધિયોને પ્રમાદથી અનાદર

કરવો તે અનવકાંક્ષા.

૨૧ પ્રયોગીકી=કાયાનો પ્રયોગ દોડવા ચાલવાનો. પ્રયોગ કઠોર હિંસા કારી જૂઠાદિક બોલવાનો, મનનો પ્રયોગ ઈર્ષ્યા અભિમાનાદિ કરવાંતે વ્યાપાર.

૨૨ સમુદાન ક્રિયા=દેશથી કે સર્વથી ઉપઘાત રૂપ વ્યાપાર દેશના દેઈ નીભાડા પચાવવા તે.

૨૩ પ્રેમપ્રત્યયીકી= માયા તથા લોભે કરી જે ક્રિયા થાય તે.

૨૪ દ્વેષ પ્રત્યંયીકી=ક્રોધ તથા માને કરી જે ક્રિયા થાય તે.

૨૫ ઈર્યાપથીકી=ચાલવાથી જે ક્રિયા થાય તે.

એ રીતે પાંચ ઈંદ્રી, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ, પચીસ પાપ ક્રિયા મળી બેતાળીસ પ્રકારે જીવમાં કર્મનું આવવું થાય છે.

---

## સંવરતત્વ.

---

૬ સંવરતત્વ=કર્મને રોકે એટલે નવું પાપ આવતું અટકે નવાં પાપ કર્મ ન બંધાય તે સંવર તે બે પ્રકારે ૧ દ્રવ્ય સંવર=તે નવાં કર્મનું રોકવું. ૨ ભાવ સંવર–સુમતિ પ્રમુખે કરી થયું. જે શુદ્ધ ઉપયોગ પણું તેથી

આત્માના પરિણામ કર્મના રોધક થાય તે બે પ્રકારના સંવરના સતાવન ભેદ છે.

૫ સમિતી=સુમતી સારી મતિ તેના પાંચ પ્રકાર ચાલવાની, બોલવાની, ગવેષણા કરવાની એટલે અન્નપાણી સૂઝતુલાવવાની લેવા મુકવાની મળ મુત્ર પરઠવવાની.

૩ ગુપ્તી=ગોપવવું તેના ત્રણ પ્રકાર મનગુપ્તી માઠાં-કામમાંથી મનને રોકવૂં તે. વચન ગુપ્તી માઠાં વચન બોલતાં રોકવું તે. કાય ગુપ્તી માઠાં કામ કરતાં કાયાને રોકવી તે.

૨૨ પરિસહ=ભુખ, તરસ, ટાઢ, તાપ, ડાંસ, વસ્ત્ર-જૂનાં તથા ઓછાપણું, અશાતા સ્ત્રીનો રાગ સહન કરવો. ચાલવાનો પરિસહ, સય્યા પરિસહ દુર્વાકય, મારસહેવો માગવાપણું, અણમાગવાપણું, રોગ, ડાભ વીગેરેનો ફરસ, શરીર, વસ્ત્રનું મેલાપણું, બહુમાન, વિદ્યા, બુદ્ધિ, અજ્ઞાન, ઉપસર્ગ સહન કરવો એ રીતના બાવીશ પરિસહને સહન કરે, મન વચનને કાયાથી ચલાયમાન થાય નહીં તે.

૧૦ સાધુ ધર્મ દસ પ્રકારના છે ક્ષમા, માર્દવ (સર-ળતા) આર્જવ (નમ્રતા) મુક્તિ ધર્મ (નિર્લોભતા) તપોધર્મ (ઇચ્છા રોધ) સંયમ ધર્મ (આશ્રવત્યાગ) સત્ય માર્ગ (સત્યાવાદી) શૌચધર્મ [ પવિત્રતા, નિરતિચાર ] અકીંચન ધર્મ પરિગ્રહની મમતા રહિત પણું. બ્રહ્મચર્ય એ દશ ભેદ સાધુ ધર્મના છે તે એકેક સાથે અનુક્રમે પ્રગટ થાય છે તે

સમજવા માટે ટુંક વિવેચન કરવામાં આવે છે.

સાધુધર્મ એટલે સંયમ ધર્મ=અનાદિ કાળથી સંસારમાં રખડાવનાર ક્રોધ છે જેણે ક્રોધને જીત્યો તેને સઘળા ગુણ પ્રાપ્ત થઇ શકે. કારણીક ઉત્પન્ન થએલો ક્રોધ બિલાડી પોતાના બચ્ચાંને દાંતમાં પકડે છે તેવો જોઈએ. અંદરથી હૃદય કુરૂણા દ્ર હોવું જોઇએ. જગતમાં સર્વ જીવ કર્માધિન છે માટે શરણાંગત ઉપર અયોગ્યતા જણાયા છતાં પણ અંતિમ ક્રોધ ન કરવો. કેવળ જ્ઞાન પામતા સુધીય તેને સંજ્વલન ક્રોધનો પ્રદેશે ઉદય હોય એટલે સમાધી રહી શકે રસોદયથી સમાધી હણાય ત્યારે પ્રત્યાખ્યાની દેશ વિરતી ક્રોધનો ઉદય ગણાય તેથી વધે તો અપ્રત્યાખ્યાની દેશ વિરતીથી નષ્ટ થાય અને અવિરતી પણું પામે તેથી વધેતો અનંતાનુબંધી સમ્યકત્વ ભ્રષ્ટ થાય માટે ક્રોધ જીતે તો બીજા ગુણ પ્રગટે. ક્રોધીને માન હોયને માન હોય ત્યાં ક્રોધ હોય માટે માનનો ત્યાગ કરવો. માનનો ત્યાગ થયો એટલે હૃદયની કોમળતા થઈ એટલે માયા કપટ કરવાની જરૂર રહેતી નથી તેથી સરળતા થઇ સરળતા થઈ તેથી નમ્રતા પ્રાપ્ત થાય છે ને તેથી લોભનો સર્વથા નાશ થાય છે. એ રીતે ચારે કષાય રૂપી દુર્ગુણો નીકળી જઈ. ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા એચાર સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે એટલે પૂર્વ કર્મ તોડવા તપશ્ચર્યા કરવી પડે તે બાહ્યાભ્યંતર

બાર ભેદે કરવી જોઈએ એટલે ઇચ્છાનો રોધ થયો. તપથી ઉન્મત્ત ઈંદ્રિયો વશ થાય એટલે આશ્રવ માર્ગનો ત્યાગ થયો કેમકે સંયમ ગુણ પ્રગટે સંયમીને સત્ય વાણીજ પ્રીય હોય માટે ચાર નિક્ષેપે [ નામ, સ્થાપના, દ્રવ્યને ભાવ ] સત્યજ બોલે તેથી અંતરંગ પવિત્રતા ગમે તેવા સર્વ જીવ ઉપર મૈત્રી ભાવ પ્રગટ થાય જેથી નવાં પાપ બાંધે નહીં તેથી નિરતિચાર પણું પ્રાપ્ત થાય તેવા ભવ્ય જીવોને સંકલ્પ વિકલ્પાત્મક જગતની રમણિક વસ્તુઓ ઉપરનો મોહ ઓછો થાય જેથી પરિગ્રહ [ ધન, ધાન્ય, ખેતર, ઘર હાટ વિગેરે, રૂપુ, સોનું, વાસણ કુસણ, દાસ દાસી ચોપદ ઢોર વીગેરે નવ પ્રકારના પરિગ્રહથી મુક્ત થાય જેથી પરિસહોસહન કરવા પડે. પરિગ્રહથી મુક્ત થયા એટલે બ્રહ્મચર્ય વૃત્તિ હોયજ તે અઢાર પ્રકારે પાળે એ રીતે સાધુ ધર્મના દશ ગુણ મેળવે ૧૨ ભાવના બાર પ્રકારની છે.

૧ અનિત્ય ભાવના–સંસાર સંબંધ અનિત્ય છે.

૨ અશરણ ભાવના–કોઈ કોઈને શરણ નથી.

૩ સંસાર ભાવના–ચારગતિ, ચોરાસી જીવાયોનીના દુ:ખની ચિંતવણા કરે.

૪ એકત્વભાવના–જીવ એકલો આવ્યો ને એકલો જશે.

૫ અન્યત્વભાવના–કોઈ કોઇનું સંબંધી નથી.

૬ અસુચીભાવના–શરીર અસુચીમય છે.

૭ આશ્રવભાવના=કર્મ આવવાના માર્ગોની વિચારણા કરે.

૮ સંવર ભાવના=કર્મને રોકવાના માર્ગો વિચારે.

૯ નિર્જરા ભાવના=જૂનાં કર્મ ખપાવવા તપશ્ચર્યાદિ કરે.

૧૦ લોક ભાવના=છ દ્રવ્યથી ભરેલા જગતનું સ્વરૂપ ચિંતવે.

૧૧ બોધીદુર્લભ ભાવના=સમકીતના સ્વરૂપને ચિંતવે.

૧૨ ધર્મ ભાવના=અરિહંત કથિત શુદ્ધ ધર્મને ચિંતવે.

એ રીતે બાર ભાવના ઉદ્યમે કરી પ્રમાદ રહિત ભાવવાથી કર્મ રોકાય છે.

૫ ચારિત્ર=પાંચ પ્રકારના છે

૧ સામાયિક=સમ+આય+ઇક=સમભાવે સાવધ ત્યાગરૂપ સામાયક છે.

૨ છેદોપસ્થાપનચારિત્ર=તેવડી દિક્ષા દેવારૂપ છે.

૩ પરિહાર વિશુદ્ધિચારિત્ર=તપ વિશેષ ચારિત્ર તે

૪ સુક્ષ્મસંપરાયચારિત્ર=કષાયનું સુક્ષ્મપણું દસમા ગુણઠાણે હોય તે.

૫ યથાખ્યાતચારિત્ર=યથાતથ્ય શુદ્ધતમ ચારિત્ર જેમાં મોહની કર્મના ક્ષય સાથે ઘણી કર્મપ્રકૃતિનો ક્ષય અજરામર પદવી આપવાવાળું ચારિત્ર.

એ રીતે પાંચ સમીતી, ત્રણગુપ્તી, બાવીશ પરિસહ, દશ સાધુ ધર્મ, બાર ભાવના ને પાંચ પ્રકારનાં ચારિત્ર એ સત્તાવન પ્રકારે કર્મ રોકાય છે તેને સંવરતત્વ કહે છે.

# નિર્જરાતત્વ.

૭ નિર્જરાતત્વ=પ્રાચીન એટલે જુનાં કર્મોનો નાશ અતિશય પણે કરે એટલે બાર ભેદે તપશ્ચર્યા કરવાથી કર્મ પાતળાં પડી ખરી જાય છે તેથી કર્મની નિર્જરા થાય તે નિર્જરા તપના બાહ્યાંભ્યંતર બે ભેદે બાર પ્રકારનું છે.

૧ બાહ્યતપ=કે જે નિત્ય નૈમિત્તિક ક્રિયામાં ઈચ્છા-નિરોધથી સાધન કરવામાં આવે અને બહારથી બીજાને પ્રત્યક્ષ દેખાય તે તેનો ભાવાર્થ=બહારનું પુદ્ગળીક ઈંદ્રિય-જન્ય સુખ તે સુખનું તપ વડે દમન કરવું તેમજ જે પૌષ્ટિક અને ઈંદ્રિયોના વિષયોને વૃદ્ધિ ગત કરનાર મનો-વિકાર, કાયવિકાર ને ઉત્પન્ન કરનાર બાહ્યપદાર્થો પ્રત્યેની ઈચ્છા ઓછી કરવો તેનું નામ બાહ્યતપ. તપનો હેતુ શરીરને ક્ષીણ કરી નાખવું એવો નથી પણ આત્મ ઈંદ્રિયોને બોધન કરતી પંચેંદ્રિના વિષય વિકારોને ક્ષીણ કરવાના છે. સંસારીક પ્રવૃત્તિમાંથી વૃત્તિમાં રહેવું તે બાહ્યતપ છ પ્રકારનું છે.

૧ આહારનો ત્યાગ=નોકારસીથી માંડી ઉપવાસાદિક કરવા તે. ચાર આહારનો ત્યાગ થોડા કાળ સુધી અથવા જાવ જીવ સુધી કરવો તે.

૨ ઉણોદરીવ્રત=ઓછું ખાવું તે. પુરૂષને બત્રીસ કવળ ને સ્રીને અઠાવીશ કવળ આહાર હોય તેના કરતાં ઓછું

ખાવું, વસ્ત્ર, પાત્ર ઓછાં કરવાં તે.

૩ વૃત્તિસંક્ષેપ=ઈચ્છાઓનો સંકોચ કરવો તે અભિગ્રહ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી આજીવિકાનો સંક્ષેપ કરવો. ચૌદ નિયમ ગ્રહણ કરવા તે.

૧ સચીત=માટી, મીઠું, પાણી, અગ્નિ, લીલી વનસ્પતિ, ફળ ફુલ, છાલ, કાષ્ટ, મૂળ, પત્ર, બીજાદિ કાચાં ધાન્ય, પાકાં પણ શસ્ત્ર લાગે બે ઘડી થયા વિનાનાં સચીત ગણાય તેનું નામ તોલમાન.

૨ દ્રવ્ય=જે જે વસ્તુ મુખમાં જૂદાજૂદા સ્વાદ અર્થે નાખવી તેની ગણત્રી.

૩ વિગઈ=દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ, કડહ (જે તાવડે તળે ને ત્રણ ઘાણ તળ્યા પદાર્થ કડાવિગય કહેવાય. બીજા પછીના ઘાણ નિવિયાતા ગણાય તે કડાવિગયના ત્યાગવાળાને ખપે તેનો નિયમ કરવો (ચાર મહાવિગય મધ, માંસ, માંખણ ને મદિરાનો તો સર્વથા ત્યાગજ કરવો.)

વાણહ=પગરખાં, મોજડી, પાવડી, મોજાં તેનો નિયમ.

૫ તંબોલ=સોપારી, પાન, લવીંગ, એલચી પ્રમુખમુખ શુદ્ધિની ચીજોના તોલનો નિયમ કરવો.

૬ વથ્થ=વસ્ત્ર પોતાને પેહેરવામાં આવે તે વસ્ત્રની ગણતરીનો નિયમ.

૭ કુસમેસુ=જે વસ્તુ નાકે સુંઘે તેના તોલનો નિયમ.

૮ વાહણ=તેના ત્રણ ભેદ ચરતું તે ઘોડા વિગેરે. ફરતું તે ગાડી વિગેરે. ને તરતું તે વહાણ, આગબોટ વિગેરે તેનો નિયમ.

૯ સયણ=સુવાના ખાટલા, ગાદી, પાટ, પાટલા, પાથરણાં, પલંગ વિગેરેની ગણતરીનો નિયમ.

૧૦ વિલેવણ=પોતાને શરીરે ચોળવાની વિલેપન કરવાની વસ્તુનો નિયમ તોલ.

૧૧ બંભ=સ્ત્રીના ભોગનો નિયમ.

૧૨ દિસી=દશેદિશાએ જવાનું પ્રમાણ તે

૧૩ ન્હાણ=સર્વ અંગે ન્હાવાનું પરિમાણ કરવું.

ભત્તેસુ=ભોજન તથા પાણી જમ્યામાં આવે પીધામાં આવે તેનું તોલ

( એ ચૌદ નિયમના ધારનારે નિચેની બાબતો પણ ધારવાની છે,

પૃથ્વીકાય=માટી, મીઠું, ખડી પ્રમુખ રંગ વિગેરે પોતાને નિમિત્તેવરે તેનો નિયમ.

અપકાય=પાણી પીવા, વાપરવા ન્હાવા પ્રમુખમાં આવે તેનું તોલ,

તેઉકાય=પોતાના શરીરના ભોગ, ઉપભોગમાં ચુલા, સગડી પ્રમુખનું રાંધ્યું નીપજ્યું, તપાવ્યું શેકયું આવે તે ચુલાની ગણતરીનો નિયમ.

વાયુકાય=પંખા, હિંચોળા લુગડાંદિથી પવન નાંખવાની ગણતરી.

વનસ્પતિકાય=લીલાંફળ, ફુલ, શાક, દાતણ પ્રમુખ ખાધામાં આવે વાપર્યામાં આવે તેનું પરિમાણ ગણતરી.

ત્રશકાય=જેત્રાસ પામે તેવા જીવો કીડી મંકોડી આદિ તમામ ત્રસજીવોને કોઇને વિના અપરાધે સંકલ્પી મારૂ નહીં.

અસિ=તરવાર ભાલા, કોસ, કોદાળી, વીગેરે ઘંટી ખાંણીઆદિ જીવ વધ કરનારાં શસ્ત્રોનો નિયમ.

મસી=શાહી, ખડીયા, કલમ પ્રમુખની ગણતરી.

કૃષિ=ઘર, હાટ, ખેતર, કૂવા, તળાવાદિ ખોદાવવાનો નિયમ.

એ રીતે વૃત્તિ સંક્ષેપમાં ચૌદ નિયમ ધારવાવાળાએ નીયમ કરવો તે.

૪ રસત્યાગ=વિગયનો ત્યાગ કરવો આંબીલ, નિવી પ્રમુખ કરવું તે.

૫ કાયકલેશ=લોચાદિકે કરી શરીરને કષ્ટ આપવું, કાયોત્સર્ગ કરવો, કાયાને દમવી, ઉત્કૃટ આસને કરી કષ્ટ સહેવું તે.

૬ સંલીનતા=વિષય કષાયને ઉદીરવા દેવા નહીં. અંગોપાંગ કુકડીની પેઠે સંવરી રાખવા, સંકોચીને સુઇ રહેવું તે.

એ રીતે છ પ્રકારે બાહ્ય તપ કહ્યો છે. ટેવ પડવાથી

ક્રમે ક્રમે ઉત્તમ તપશ્ચર્યા કરી શકાય છે.

૨ અભ્યંતર તપ=અંતર ગમનના નિગ્રહથી સાધ્ય કરાય, બીજાને દૃષ્ટિએ દેખાય નહીં આત્મિક બળ, મનો બળનું દ્રઢ પણું એ બંનેની અકયતાથી આ તપ થઈ શકે છે. આ તપનો હેતુ અંતર વૃત્તિના શત્રુ રૂપ ચાર કષાયને જીતવાને આત્મીક ઐશ્વર્ય પેદા કરવું એ છે. બાહ્યતપ પૌદ્‌ગળિક ભાવના વિલીન પણાનો નાશ કરે છે ત્યારે અંતરંગ તપ આત્માને ગોતાં ખવરાવનાર અષ્ટ કર્મનો નાશ કરનાર છે. અભ્યંતર તપ કઠણ છે કારણ કે તેમાં પુદ્‌ગળિક ભાવ દશા ભૂલી જઈ આત્મિક બળ વડે કર્મ સાથે ટક્કર લેવાની છે. ભાવ નિર્જરા કરવી છે. મનોબગ નિર્બળ હોય, સંસારીક તૃષ્ણાઓનો નાશ નથયો હોય તો અંતરંગ તપ થાય નહીં તે અભ્યંતર તપના પણ છ ભેદ છે.

૧ પ્રાયશ્ચિત તપ=અપરાધ થયો હોય, પાપ લાગ્યું હોય તેની ગુરૂ પાસે આલોયણ લેવી તે.

૨ વિનય તપ=ગુરૂ વડેરાનો વિનય કરવો, ભકિત સાચવવી તે.

૩ વેયાવચ્ચ=ગુરૂને આહારાદિ લાવી આપવા, પગ ચાંપવાદિ સેવા કરવી તે.

૪ સ્વાધ્યાય=(સજ્ઝાઓ) ભણવું. પાંચ ભેદે સજ્ઝાય ધ્યાન કરવું તે ભણવું, ભણાવવું, સંદેહ દુર કરવો, ભણેલું

ફરી સંભારવું, અર્થ ચિંતવવો તથા ધર્મોપદેશ કરવો તે.

૫ ધ્યાન=પદસ્થાદિ ચાર ભેદે ધર્મ ધ્યાન, શુકલ ધ્યાન કરવું તે.

૬ ઉત્સર્ગ તપ=કર્મ ક્ષય અર્થે કાઉસગ કરવો, પર વસ્તુનો ત્યાગ કરવો તે, એ રીતે બે પ્રકારના બાર ભેદે તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે તે નિર્જરાતત્વ.

---

## બંધતત્વ.

---

૮ બંધતત્વ=કર્મથી બંધાવું, બંધન થવું તે બંધ ચાર પ્રકારનો છે. પ્રકૃતી મૂળ ૮ છે, ને ઉત્તર ૧૫૮ છે.

૧ પ્રકૃતિ=કર્મનો સ્વભાવ ૨ સ્થિતિ કાળનું માન. ૩ અનુભાગ તે રસ ૪ પ્રદેશ કર્મનાં દળીયાંનો સંચય, મેળવવું તે એ ચાર ભેદ દૃષ્ટાંતથી સમજાવે છે.

જેમકે સુંઠ પ્રમુખ નાખીને લાડુ બનાવ્યો હોય તો તે વાયાનું હરણ કરે છે તેમ કોઈ કર્મ જ્ઞાનનું આવરણ કરે કોઇ દર્શનનું આવરણ કરે તે કર્મની પ્રકૃતિ કહેવાય તેમજ તે લાડુ દશ પંદર દિવસ સુધી રહેને પછી બગડી જાય તેમ કોઈ કર્મ અમુક મુદત પછી ખપી જાય તેને સ્થિતિ કહે છે. કોઈ લાડુ કડવો હોય કોઇ તીખો હોય તેમ કોઇ કર્મનું ફળ સારૂ હોય કોઇનું અશુભ હોય કોઇનું તિવ્ર

દુ:ખદાયી હોય તે કર્મનો રસ કહેવાય કોઈ લાડુ નાનો હોય કોઇ મોટો હોય તેમ કોઈ કર્મનાં પુદ્ગળ થોડાં હોય કોઈનાં વધારે હોય તે પ્રદેશ કહેવાય. એ ચારે પ્રકારનું વિશેષ વર્ણન આગળ કર્મ ગ્રંથમાં આવશે. હવે એ કર્મ પ્રકૃતી આઠ પ્રકારની તેના ઉત્તર ભેદ ૧૫૮ છે તે બતાવે છે.

૧ જ્ઞાના વરણીની પાંચ તે કર્મ આંખના પાટા જેવું છે. જેમ પાટો બાંધવાથી આંખે જોઇ શકાય નહીં તેમ જ્ઞાનના આવરણથી જ્ઞાન થાય નહીં તે.

૨ દર્શના વરણી=નવ પ્રકારનું છે તે કર્મ પોલીયા જેવું છે જેમ પોળીયો રાજા પાસે જવાનાદે તેમ દર્શના વરણના ઉદયથી જીવનો સ્વભાવ સર્વ વસ્તુ દેખવાનો છે છતાં કોઈ વસ્તુ દેખે નહીં.

૩ વેદની કર્મની બે પ્રકૃતિ છે તે કર્મ મધે ચોપડેલી તરવારની ધાર જેવું છે જેમ મધ ચાટતાં મીઠાશ લાગે તે શાતા અને ચાટતાં જીભ કપાય તે અશાતા વેદની.

૪ મોહની કર્મની ૨૮ પ્રકૃતિ છે મદિરાની છાક સમાન એ કર્મ છે જેમ મદીરા પીનારને હીત અહીતની ખબર રહેતી નથી તેમ મોહની કર્મના વશથી જીવ ધર્માધર્મને સમજે નહીં.

૫ આયુષ્ય કર્મની ચાર પ્રકૃતિ છે. તે કર્મ હેડ જેવું છે જેમ હેડમાં ( કેદમાં ) નાખેલો માણસ રાજાના હુકમ

વગર નીકળી શકે નહી તેમ આયુષ્ય પુરૂ થયા વિના તે ગતિમાંથી નીકળાય નહીં.

૬ નામ કર્મ=તેની (૧૦૩) પ્રકૃતી છે તે કર્મ ચિતારા જેવું છે. ચિતારો જેમ નાના પ્રકારનાં ચિત્રો ચિતરે છે તેમ નામ કર્મથી અનેક પ્રકારનાં રૂપ જીવ કરે છે.

૭ ગોત્ર કર્મની બે પ્રકૃતિ છે તે કર્મ કુંભારના ઘટ જેવું છે કુંભાર ઘી ભરવાનો ઘડો બનાવે તેમ દારૂ ભરવાનો પણ બનાવે છે તેમજ જીવ ઉંચ નીચ ગોત્ર બાંધે છે.

૮ અંતરાય કર્મ=તેની પાંચ પ્રકૃતિ છે તે કર્મ ભંડારી સમાન છે જેમ રાજાની દાન આપવાની રૂચી છતાં ભંડારીના વિપરીત પણાથી આપી શકતો નથી તેમ જીવ દાન વીગેરે આપી શકે નહીં તે અંતરાય કર્મ

એ રીતે આઠ કર્મની એકસો અઠાવન (૧૫૮) પ્રકૃતિ છે તે બંધાય તેનું વિશેષ વર્ણન કર્મ ગ્રંથમાં આગળ આવશે.

## મોક્ષતત્વ.

૯ મોક્ષતત્વ=જીવનું કર્મથી મુક્ત થવું તેનું નામ મોક્ષ છે તે મોક્ષ તત્વનાં નવ દ્વાર છે ૧ છતા પદની પરૂ પણા દ્વાર શુદ્ધ પદ પણા માટે મોક્ષ પદ છતું છે.

મોક્ષ ઈતિપદં તે મોક્ષ પદની પ્રરૂપણા માર્ગણા દ્વારે કરી જાણવી. સત્પદ પરૂપણા માટે માર્ગણા ૧૪ છે.

૧ ગતિ માર્ગણા ચાર ૨ ઇંદ્રિય માર્ગણા પાંચ
૩ કાય માર્ગણા છ ૪ યોગ માર્ગણા ત્રણ.
૫ વેદ માર્ગણા ત્રણ. ૬ કષાય માર્ગણા ચાર

૭ જ્ઞાન માર્ગણા આઠ=જ્ઞાન પાંચ અજ્ઞાન ત્રણ

૮ સંયમ માર્ગણા સાત સામાયક, છેદોપસ્થાપનીય પરિહાર વિશુદ્ધિ, સુક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશ વિરતી ને અવિરતી એ સાત પ્રકાર.

૯ દર્શન માર્ગણા ચાર પ્રકારે=ચક્ષુ, અચક્ષુ, અવધીને કેવળ.

૧૦ લેશ્યા માર્ગણા છ પ્રકારની.

૧૧ ભવ સિદ્ધાદિ માર્ગણા=ભવ્ય ને અભવ્ય.

૧૨ સમ્યકત્વ માર્ગણા છ પ્રકારે=ઔપસમીક, સાસ્વાદન, ક્ષયોપસમ, ક્ષાયીક, મિશ્ર, મિથ્યાત્વ એ છ પ્રકાર.

૧૩ સન્ની માર્ગણા=બે પ્રકારની સન્નીને અસન્ની.

૧૪ આહાર માર્ગણા=બે પ્રકારે આહારીને અણાહારી.

એ ચૌદ માર્ગણના ઉત્તર ભેદ બાસઠ છે. તે માર્ગણામાંથી કયી માર્ગણાએ મોક્ષ પામે તે બતાવે છે.

૧ ગતિ માર્ગણામાં મનુષ્ય ગતિવાળા ૨ ઇંદ્રિમાં પાંચ ઇંદ્રિવાળા ૩ કાયામાં ત્રસ કાય જીવો. ભવસિદ્ધિમાં

ભવ્ય, સન્ની માગણામાં સન્ની ૬ ચારિત્ર માર્ગણામાં યથાખ્યાત ચારિત્રવાળા, સમ્યકત્વ માર્ગણામાં ક્ષાયીક સમ્યકત્વવાળા આહાર માર્ગણામાં અણાહારી. જ્ઞાન માર્ગણામાં કેવળ જ્ઞાની દર્શન માર્ગણામાં કેવળ દર્શની એ રીતે દશ માર્ગણાએ મોક્ષ પામે બાકીની ચાર ( કષાય, વેદ યોગ, લેશ્યા, ) માર્ગણામાંથી કોઇ જીવ મોક્ષે ન જાય.

૨ દ્રવ્ય પ્રમાણ દ્વાર=સિદ્ધના જીવો જીવ દ્રવ્ય છે. સિદ્ધમાં અનંતા જીંવો હોવાથી સિદ્ધમાં અનંતા દ્રવ્ય છે.

૩ ક્ષેત્રદ્વાર=ચૌદ રાજ લોકના અસંખ્યાતમા ભાગે એક સિદ્ધ પણ ત્યાં રહે છે, સર્વ સિધ્ધ પણ ત્યાં રહે છે.

૪ સ્પર્શનાદ્વાર=સિધ્ધના જીવોની સ્પર્શના અધિક છે.

૫ કાળદ્વાર–એક સિધ્ધઆશ્રીસાદી અનંત સર્વ સિદ્ધ આશ્રીઅનાદિ અનંત છે.

૬ અંતરદ્વાર–એક પદવી પામ્યા પછી જતી રહે અને ફરી મળે તેને અંતર કહે છે તે સિદ્ધને નથી કારણ ત્યાંથી પડવાનું નથી.

૭ ભાગદ્વાર=સર્વ સંસારી જીવોને અનંતમે ભાગે સિધ્ધના જીવો છે.

૮ ભાવદ્વાર–સિધ્ધના જીવોને કેવળ જ્ઞાન કેવળ દર્શન ક્ષાયીક ભાવે હોયને જીવિતપણું પારિણામીક ભાવે હોય. સિધ્ધ પંદર ભેદે થાય છે તે આગળ આવી ગયું છે.

૯ થોડા ઘણાનું માન—સૌથી થોડા નપુષક સિધ્ધ થાય તેમાં જન્મથી નપુષકને તો ચારિત્ર પણ પ્રાપ્ત ન થાય પણ પાછળથી નપુશક થયા હોય તે ઉત્કૃષ્ટા એક સમયમાં દશ મોક્ષે જાય તેનાથી સ્ત્રી પુરૂષ સંખ્યાત ગુણા મોક્ષ ગયા છે એ રીતે મોક્ષનાં નવદ્વાર કહ્યાં.

એનવતત્વનો સંક્ષેપ સાર કહ્યો જીવાદ નવ પદાર્થ પ્રત્યે જે જીવ જાણે તેને સમ્યકત્વ જ્ઞાન દર્શન ગુણ હોય. તે નવતત્વને વિષે ભાવે કરી જે સદ્દહણા ( શ્રધ્ધા ) રાખે તે જીવ નવતત્વથી અજાણ હોય તો પણ તેને સમ્યકત્વ છે એટલે જીનેસ્વરના વચનમાં જેને પૂર્ણ શ્રધ્ધા છે તેને સમકીત નિશ્ચય હોયજ.

શ્રાવક તરીકે આપણું કર્તવ્ય ધર્મમાં શ્રધ્ધાવાન, જ્ઞાન ક્રિયામાં અભિરૂચી મિથ્યાત્વ પ્રત્યે 'અભાવ, શુધ્ધ તત્વની જીજ્ઞાસા હોવી જોઈએ એ ગુણો જેનામાં હોય તે જીવ સમકીત દ્રષ્ટી જાણવા.

સમ્યકત્વ એટલે શું ? સત્ય શ્રધ્ધા, વસ્તુને વસ્તુ ગતે ઓળખવું, તિર્થંકર પ્રણિત ધર્મમાં અડગ શ્રધ્ધા રાખવી, સત્યા સત્યને જાણવું, દેખવું અને ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરવું, ત્યાગવા યોગ્યને ત્યાગવું જેવડે આત્માનું જ્ઞાન થાય તે માર્ગને ગ્રહણ કરવો, ગમે તેવા સંજોગમાં પણ ઉલટ મારગ કે જે વડે આત્મ જ્ઞાન અવરાય તે

માર્ગ ગ્રહણ કરવો નહીં, ગ્રહણ કરવાની બુધ્ધિ પણ ન હોય, સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન, સમ્યક ચારિત્રવાન તે સમકીતી ધર્મના અજાણપણામ. પણ સત્ય માર્ગની જેને શ્રદ્ધા છે તે જીવને પણ સમ્યક્ત્વછે એટલે જગતના સ્વરૂપનું જાણપણું નથી. જીવાજીવ પદાર્થનું ઓળખાણ સમ્યકપણે થયું નથી છતાં પણ તિર્થંકરના વચનો ઉપર જે જીવને ભાવે કરી સદ્દહણા શ્રદ્ધા છે તે જીવને સમ્યક્ત્વ છે. સમકીત કેવું છે? ચારિત્ર ધર્મરૂપી ઝાડનું મૂળ છે. ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેસવાનું બારણું છે. ચારિત્ર ધર્મ મેહેલનો પાયો છે, સમકીત જ્ઞાન ચારિત્રાદિગુણરૂપી રત્નનો ભંડાર છે. ચારિત્રરૂપી જીવિતપણાનો આધાર છે શ્રુત ચારિત્રરૂપી રસનું પાત્ર છે, મોક્ષનું કારણ છે આત્માનું અખંડ જ્ઞાન મેળવવા માટે જેણે પ્રયાસ કર્યો છે, કરે છે અને કરશે તે જીવ સમકીતી છે. વિતરાગવચનમાં જેને પૂર્ણ શ્રદ્ધા છે તેજ સમકીતી છે. આત્માને સર્વ પ્રકારે સત્યજ્ઞાન છે તેજ સમકીત છે.

સંયમ ને તપથી આત્મજ્ઞાનીઓ થાય છે. સંયમ તપનો હેતુ આત્મજ્ઞાન મેળવવું તેજ છે પણ સ્વર્ગાદિ સુખ સંસાર વૃદ્ધિ હેતુરૂપ તુચ્છ સુખ માટે નથી કારણકે બાહ્ય-વૃત્તિવાળા ત્રિકાળમાં જે જગતનો અનુભવ કરે છે તેવો અનુભવ અંતરવૃત્તિવાળાને નથી. સંસાર કલ્પનાની જેને ગ્રંથી નથી એટલે સંકલ્પથી સ્વર્ગ નર્કમાં જેને ઝોકવું

નથી એવોનીજ સ્વરૂપપ્રાપ્તીનો માર્ગ શ્રી દયાળુ વિતરાગનો છે અંતરવૃત્તિ વગર ઉર્ધ્વગતિ નથી. બહિર્દષ્ટિ જીવો પણ અરિહંતના પ્રતિમા અને આત્મજ્ઞાન સાધનાર સાધુનું સરણ લેઇ ઉર્ધ્વગતિ કરે છે. આત્મભાવના રહિત ધર્મ કહેવાય નહીં. આત્મજ્ઞાન મેળવનાર જીવોએ ઉપયોગ પૂર્વક અંતર વૃત્તિથી વરતવું એજ આત્મજ્ઞાનનો માર્ગ છે.

અંતર મુખવાળી ક્રિયાને નિષ્કામ ક્રિયા કહેવામાં આવે છે એ ક્રિયાસંવર, નિર્જરાનું કારણ છે. આત્મજ્ઞાની સકામ ક્રિયા કરે તો તેને પણ કર્મ વેદવું પડે ૧૧-૧૨-૧૩ મા ગુંઠાણે સયોગી કેવળીને પણ ઉપયોગ રહિત ક્રિયા (સકામક્રિયા)થી શાતાવેદની કર્મ બંધાય છે અંતરદ્રષ્ટિવાળો સંયતી પણ સ્વધર્મ ચુકી બહિર્દ્રષ્ટિ કરે તો આશ્રવ સહિત થઈ કર્મ બાંધી અસંયતી સંસાર કલ્પનાવાળો થાય માટે કોઈ પ્રકારની ઉપયોગ રહિત સકામ ક્રિયા કરવી નહીં પણ નિષ્ કામ એટલે ફળની આશા રહિત ઉપયોગ પૂર્વક ક્રિયા કરવી આત્મધ્યાનરૂપી અગ્નિ શુકલ ધ્યાન પ્રગટ કરી સમસ્ત કર્મને તૃણ પુળાની પેઠે બાળે છે આત્મા પોતાની શક્તિ વડેજ સદ્‌ગતિએ જાય છે.

વિર ભગવાને સંસારિક સુંદરતા ને દુઃખદાયી ગણી રિદ્ધિસિદ્ધિ પુત્ર પરિવાર નવવિધ પરિગ્રહનો ત્યાગ કરી મોહ ઉતારી દિક્ષા લીધી દિક્ષા લીધા પછી પણ કોઈને અ-

બાધા ન થાય માટે લુખા, સુકા, ઠંડા, થોડા અને બેંતાળીશ દોષ રહિત આહાર ઉપર નિર્વાહ કર્યો તથા કર્મનિર્જરા માટે અઘોર તપશ્ચર્યા કરી તે પણ સતામાં રહેલાં અશુભ કર્મના ઉદયથી અસહ્ય ઉપસર્ગ થયા તે ખમ્યા, ભોગવ્યા, પણ કીંચીત માત્ર આશ્રવ માર્ગ સેવ્યો નહીં કે તે ઉપસર્ગની ચિંતવણા પણ કરી નહીં અંતરંગ શુકલ ધ્યાનવડે પોતાનાં કરેલાં બાંધેલાં કર્મોની નિર્જરા કરી સાડાબાર વરશે કેવળ જ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત કર્યું અને અશુભોદય કર્મના ઉપસર્ગ કરનાર નિમિત કારણ રૂપ જીવો ઉપર દ્વેષભાવ નહીં ચિંતવતાં તેમના ઉપર દયા ચિંતવી અહોધન્ય છે એવા મહાવીર પ્રભુને કે જેણે નિવિડ કર્મની બેડી અલ્પ સમયમાં તોડી અજરામર પદને વર્યા એ વીર ભગવાનનો બોધ શ્રવણ કરવા યોગ્ય છે. એવા અસંખ્ય મહાપુરૂષ જૈન શાશનમાં થયા છે કે જેણે પુર્વ સંચિત કર્મો તથા. તદ્ભવમાં કરેલાં ઘોર અશુભ કર્મો અલ્પ સમયમાં ખપાવી તેજ ભવમાં મોક્ષ પામ્યા છે. ઋષભદેવ ભગવાને સંસાર ભોગવી ઉપકારાર્થે આરંભ ક્રિયા શીખવી તો પણ તેજ ભવમાં કર્મ ખપાવી તિર્થ સ્થાપી મોક્ષ પામ્યા શાન્તિનાથ, કુંથુનાથને અરનાથ ભગવાને ચક્રવર્તીની રિદ્ધિ મેળવી દારૂણ્ય યુધે કરી રિદ્ધિ ભોગવી તિર્થંકર પદવી પામી તેજ ભવે મોક્ષે ગયા તેમજ ભરત ચક્રી અને બાહુબળ લોભને મનવશ થઈ કર્મ

ખપાવી મોક્ષ પામ્યા તેમજ પાર્શ્વનાથ પ્રભુનું વૃતાંત પણ જાણવા જેવું છે. નેમનાથને મલ્લિનાથ બાળબ્રહ્મચર્યપણે કર્મ ખપાવી મોક્ષ પામ્યા. સૌથી વિશેષ થુલિ ભદ્ર મહા-મુનિ કે જેમણે બાર વરસથી કોશ્યા સાથે વિષય સેવના વિવિધ પ્રકારે કરી દીક્ષા. લેઇ પહેલાજ ચોમાસામાં તે કોશ્યા વેશ્યાની ચિત્રશાળામાં કે જ્યાં રંગ ભોગ કર્યા હતા તેજ જગ્યા તેજ વિનોદીની કોશ્યા તેજ પ્રકારના ખટરસ ભોજન તેના હાથનાં જમવાનાં ત્યાં ચોમાસુ રહ્યા વિવિધ પ્રકારની કોશ્યાની ચેષ્ટા છતાં મન વચન કાયાનો એક પણ પ્રદેશ વિભળ થયો નહીં કીંચીંત મોહ નહીં પામતાં મહા-મોહાધિન વિષય મગ્ન એવી કોશ્યાને બુજવી અહોધન્ય છે એવા મહાપુરૂષોને કે જેઓ અત્યંત સંસારિ સુખની અનુ-ભવેલી વસ્તુઓ પાસે છતાં પણ ત્યાગ કરી અત્યંત આગ્રહે નેહાવ ભાવે પણ લોભાયા નહીં તેથીજ સ્થુલિ ભદ્રનું નામ ચોરાસી ચોવીસી સુધી રહેસે. સંસારીક સુખ વેરાગ પામી તજી દેવું સહેલું છે પણ પાસે રહી મોહ ઉતારવોએ મહાદુષ્કર છે.

---

## મિથ્યાત્વ.

---

મિથ્યાત્વનું સ્વરૂપ=માયી, સકષાયી ઇત્યાદિ ભેદ દ્રષ્ટી પુરૂષ બહિર્વૃતિથી આત્મ વિમુખત્વથી કરેલાં પાપ કર્મો

આલોચા વિના, પડિકમ્યા વિના એટલે આત્મામાં વિલિન થયા વગર મરણ પામે છે તે જીવ વિતરાગની આજ્ઞાના વિરાધક છે તે મિથ્યાત્વી જાણવા માયામાંજ મિથ્યાત્વ રહેલું છે. બહિર્દ્રષ્ટીમાં રચીપચી રહી આત્મજ્ઞાન મેળવવામાં ઉલટા હોય તે મિથ્યાત્વી છે. દ્વાદશાંગીને સદ્દહતો હોય પણ તેના એક પણ પદને અસદ્દહતો હોય તો તે દેશથકી મિથ્યાત્વી છે ને સુત્ર અર્થના પદ માત્રને પણ સદ્દહે નહીં તે સર્વથકી મિથ્યાત્વી છે.

અભવ્ય=બાહિર્દ્રષ્ટિમાંજ એટલે અજ્ઞાનમાંજ જેઓ રમી રહ્યા છે. હું કોણ છું, કયાંથી આવ્યો, કયાં જવાનો, મારૂં ખરૂ સ્વરૂપ શું ? વિગેરે વિચારો જેના મનમાં ઉદ્દભવતા નથી તે અભવ્યછે અભવ્યને બહિર્દ્રષ્ટિપણું અનાદિ અનંતછે. ને ભવ્યને અનાદિ શાંત છે. બહિર્દ્રષ્ટિમાંથી નીકળી અંતર દ્રષ્ટિનો અનુભવ કરવાની જેનામાં ઇચ્છા છે તે ભવ્ય છે હું ભવિ છું કે અભવી એવી જેને શંકા નથી તે અભવી છે. અભવી એવો પ્રશ્ન જે જીવને ઉઠે તે જીવ ભવિ હોય. જેને શંકા નથી તે અભવી છે.

ભવાભિનંદી જીવનાં લક્ષણો=પાંચ ઇંદ્રિઓનાં વિષય સુખ પર માર્થે કરી દુઃખ કારી છે તો પણ તેને વિષે જે જીવો સુખની બુદ્ધિએ કરીને આનંદ માને છે તે જીવ ભવાભિનંદી છે તે આહારને અર્થે, પુજાવાને અર્થે, વસ્ત્રપા-

ત્રાદિને અર્થે, રિદ્ધિ ગારવ એટલે અમુક શ્રાવક મારા થશે ને મારૂં ગુજરાન ચાલશે એ ચાર હેતુએ કરી ધર્મ કરણી કરે. પારકાં છિદ્ર ખોળતો ફરે, પોતાના ગુણ પ્રગટ કરે, ધન ધાન્ય વસ્ત્રપાત્ર યશકીર્તી મેળવવામાં આશક્ત પણું, આગામી કાળની ચિંતા કરે કે હાય હાય હવે હું શું ખાઈશ, કેમ કરીશ વિગેરે ચિંતા કરે, પારકાના ગુણને સહે નહીં. પુદ્ગળાદિ વસ્તુના વિયોગનો ભય કરવો તે સઠ=કપટી અજ્ઞાની સર્વ વસ્તુનો અજાણ એ અગીઆર લક્ષણો ભવાભિનંદી એટલે ઘણા ભવ રખડનાર જીવનાં છે.

## ચોવીશ દંડકના ચોવીશ દ્વાર.

સર્વ પ્રકારના ચારે ગતિના જીવોને ચોવીશ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યા છે તેને દંડક કહે છે તે જીવોના શરીર સંઘયણાદિ તથા ગતિ આગતિ વિગેરે સમજવા ચોવીશ દ્વાર છે તે નીચે બતાવવામાં આવે છે. પ્રથમ ચોવીશ દંડકનાં નામ.

| | | |
|---|---|---|
| ૧ સાતે નારકીનો એકદંડક | ૧ પૃથ્વીકાયનો એક | ૧ બેઇંદ્રિનોએક |
| ૧૦ ભુવનપતીના દસ | ૧ અપકાયનો એક | ૧ તેઇંદ્રિનોએક |
| ૧ વ્યંતર વાણવ્યંતરનો એક | ૧ તેઉ કાયનોએક | ૧ ચૌરિંદ્રીનોએક |
| ૧ જ્યોતષી દેવતાનો એક | ૧ વાયુ કાયનોએક | ૧ ગર્ભજત્રિજંચનો |
| ૧ વૈમાનિક દેવોનો એક | ૧ વનસ્પતિકાયનો | ૧ ગર્ભજમનુષ્યનો |

એ ચોવીશ દંડકના ચોવીશ દ્વાર છે તેમાં કયા દંડકે કયુ દ્વાર છે તે બતાવવામાં આવે છે.

૧ શરીરદ્વાર=શરીર પાંચ પ્રકારનાં છે. તેમાં નારકી તથા તમામ જાતના દેવતા એટલે ચૌદ દંડકે વૈક્રિય, તેજશને કાર્મણ શરીર છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાયને ત્રણ વિગલેંદ્રિ એ સાત દંડકે ઔદારિક તેજશને કાર્મણ શરીર હોય. વાયુકાય તથા ગર્ભજ ત્રિજંચએ દંડકે ઔદારિક, વૈક્રિય, તેજસને કાર્મણ ચાર હોય ગર્ભજ મનુષ્યને આહારક સુધાં પાંચે હોય

૨ અવગાહનાદ્વાર=ભુવન પતિ દશ, વ્યંતર, જ્યોતષીને વૈમાનીક એતેર દંડકે ઉત્કૃષ્ટું દેહમાન સાત હાથ છે પણ ત્રીજાને ચોથા દેવલોકથી એકેક હાથ ઘટતું અનુત્તર વિમાને એક હાથનું શરીર છે પહેલી નારકીએ પોણા આઠ ધનુષ્યને છ આંગળ પછી દરેકે બમણું ગણતાં સાતમીએ પાંચસો ધનુષ્યનું દેહમાન છે. ભવધારીણીથી બમણું વૈક્રિય શરીર હોય. પૃથ્વી, અપ, તેઉ વાયુનું આંગળાના અસંખ્યાતમા ભાગનું. ગર્ભજ ત્રિજંચને વનસ્પતિકાયનું (૧૦૦૦) જોજનથી કાંઇ અધિક હોય. બેઇંદ્રિનું બાર જોજન, તેઇંદ્રિનું નેગર્ભજ મનુષ્યનું ત્રણગાઉનુંને ચૌરિંદ્રીનું ચારગાઉનું શરીર હોય.

૩ સંઘયણ=હાડકાની રચના સર્વ જાતના દેવતા, નારકી તથા પાંચ થાવર મળી ઓગણીશ દંડકે સંઘયણ

નથી કારણ કે હાડ નથી તો પણ ઉપચારથી દેવતાને વજ્ર રૂષભનારાચને નારકી થાવરને છેવઠું છે ગર્ભજ ત્રિજંચ તથા મનુષ્યને છ એ સંઘયણ છે. ત્રણ વિગલેંદ્રી સમુર્છિમ ત્રિજંચ તથા મનુષ્યને છેવઠું સંઘયણ હોય.

૪ સંજ્ઞા=ચાર પ્રકારની આહાર સંજ્ઞા, ભય, મૈથુનને પરિગ્રહ સંજ્ઞા અને કામ, ક્રોધ, માન, માયા, લોભને ઓઘ ઉમેરીએ તો દશ પ્રકારની ગણાય તે ચોવીશે દંડકે હોય.

૫ સંસ્થાન=છ પ્રકારનાં છે. સર્વ દેવતાને સમચતુસ્ર નારકી, વિગલેંદ્રી ત્રણ થાવર પાંચ એ નવદંડકે હુંડક સંસ્થાન પણ થાવરને જૂદા જૂદા પ્રકારે હોય. ગર્ભજ ત્રિજંચ મનુષ્યને છ એ સંસ્થાન હોય.

૬ કષાય=ચોવીશે દંડકે ચારેકષાય હોય.

૭ લેશ્યા=છ પ્રકારની નારકી, તેઉકાય, વાયુકાય તથા ત્રણવિગલેંદ્રિ એ છ દંડકે કૃષ્ણ નીલનેકાપોત ભુવન પતિ, વ્યંતર, પૃથ્વી કાય, અપકાય, વનસ્પતિકાયને તે જો લેશ્યા સુધાં ચાર લેશ્યા હોયને જ્યોતષીને એક તેજો લેશ્યા. વૈમાનીકને તેજો, પદ્મને શુકલ લેશ્યા એ ત્રણ હોય, ગર્ભજ મનુષ્ય તથા તીર્યંચને છ એ લેશ્યા હોય.

૮ ઇંદ્રિયદ્વાર=પાંચ છે સર્વજાતના દેવતા, નારકી તથા ગર્ભજ મનુષ્ય, ત્રિજંચ એ સોળ દંડકે પાંચેઇંદ્રિ હોય.

પાંચ થાવરને એક ઈંદ્રી, બે ઈંદ્રીને બે, તેઈંદ્રીને ત્રણને ચૌરિંદ્રીને ચાર ઈંદ્રિ છે.

૯ સમુદ્ઘાત=સાત પ્રકારના છે નારકી તથા વાયુકાયને ચાર 'વેદના' કષાય, મરણને વૈક્રિય, સર્વ દેવતા, તથા ગર્ભજ ત્રિજંચને તેજસ સુધાં પાંચ સમુદ્ર ઘાત છે. પૃથ્વી, અપ, તેઉને વનસ્પતિ તથા. ત્રણ વિગલેંદ્રિ એ સાત દંડકે વેદના, કષાયને મરણ એ ત્રણ હોય ગર્ભજ મનુષ્યને સાતે હોય. વેદના, કષાય, મરણ, વૈક્રિય, તેજસ, આહારક ને કેવળી સમુદઘાત.

૧૦ દ્રષ્ટી=ત્રણ પ્રકારની સર્વ દેવતા, નારકી, ગર્ભજ મનુષ્ય તથા ત્રિજંચ એ સોળ દંડકે ત્રણે દ્રષ્ટી છે. થાવરને મિથ્યા દ્રષ્ટી વિગલેંદ્રિને બે મિથ્યા દ્રષ્ટિને સમ્યક દ્રષ્ટિ બે હોય.

૧૧દર્શન=ચાર પ્રકારના તમામ દેવતા, નારકીને ગર્ભજ ત્રિજંચને કેવળ દર્શન વિના ત્રણ છે. પાંચે થાવર, બે ઇંદ્રને તેઇંદ્રિને અચક્ષુ દર્શન, ચોરીંદ્રીને અચક્ષુને ચક્ષુ બે દર્શન ગર્ભજ મનુષ્યને ચારે દર્શન હોય.

૧૨ જ્ઞાન=પાંચ પ્રકારના.
૧૩ અજ્ઞાન–ત્રણ પ્રકારના.
} નારકી સર્વ દેવતા તથા ગર્ભજ ત્રિજંચને ત્રણ જ્ઞાન પ્રથમના તથા ત્રણ અજ્ઞાન હોય. પાંચથાવર, ત્રણ વિગલેદ્રિંને બે અજ્ઞાન (મતિ, શ્રુત અજ્ઞાન) ગર્ભજ મનુષ્યને પાંચે જ્ઞાનને ત્રણ અજ્ઞાન હોય.

સમકીતીને જ્ઞાન હોયને મિથ્યાત્વીને અજ્ઞાન હોય.

૧૪ યોગદ્વાર=પંદર પ્રકારના ગર્ભજ મનુષ્યને પંદરે પ્રકારના યોગ હોય. નારકીને સર્વદેવતાને અગીઆર (ઔદારીક દ્વીકને આહારદ્વીક વગર) થાવરને ત્રણયોગ ઔદારિકદ્વીકને તેજસકામર્ણ યોગવિગલેંદ્રિને ચાર યોગ અસત્ય મૃષા સુધા- ચાર ગર્ભજ ત્રિજંચને તેરયોગ હોય (આહારક દ્વીકવગર)

૧૫ ઉપયોગ=બાર પ્રકારના પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાનને ચાર દર્શન મળીને બાર ગર્ભજ મનુષ્યને હોય. સર્વ દેવતા, નારકી તથા ગર્ભજ ત્રિજંચને નવ ઉપયોગ. થાવરને ત્રણ ઉપયોગ (બે અજ્ઞાનને અચક્ષુ દર્શન. બે ઈંદ્રિ, તેઈંદ્રિને પાંચ બે જ્ઞાન બે અજ્ઞાનને અચક્ષુ દર્શન ચૌરિંદ્રીને છ ઉપયોગ. ચક્ષુ દર્શન સુધાં છ હોય.

૧૬ ઉપપાત=ઉપજવું } નારકી, સર્વ દેવતા, તથા ગર્ભજ
૧૭ ચવન=જવું } ત્રિજંચ સંખ્યાતા, અસંખ્યાતા, થાવરચાર અસંખ્યાતા. વનસ્પતિકાય અનંતાને ગર્ભજ મનુષ્ય સંખ્યાતા એક સમયમાં ઉપજે નેચવે. આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી ત્રિજંચ જાય છે તે ઉપર મનુષ્ય સિવાય કોઇ જાય નહીં. ચારે નિકાયના દેવતા નિરંતર ઉપજે ઉત્કૃષ્ટુ અંતર પડે તો બાર મહુરતનું તેમજ ગર્ભજ ત્રિજંચ, મનુષ્યને નારકીને પણ બાર મહુરત અંતર પડે.

૧૮ સ્થિતિદ્વાર=દેવતા નારકીની ઉત્કૃષ્ટી (૩૩ સાગરોપમ)

પૃથ્વીકાયની બાવીશ હજાર અપકાય સાતહજાર વાયુકાય ત્રણ હજાર વનસ્પતિકાય દશ હજાર તેઉકાય ત્રણ અહોરાત, બે ઇંદ્રિ બાર વરસ તેઈંદ્રિ (૪૯) દિવસ ચોરિંદ્રિ છ માસ ગર્ભજ ત્રિજંચ તથા મનુષ્ય ત્રણ પલ્યોપમ એરીતે ઉત્કૃષ્ટું આયુષ હોય. વિશેષ જીવ વિચારમાં છે.

૧૯ પર્યાપ્તી દ્વાર પર્યાપ્તી=છ પ્રકારની છે. નારકી, સર્વ દેવતા, ગર્ભજ ત્રિજંચ તથા મનુષ્યને છ એ પર્યાપ્તી છે. થાવરને ચાર, વિગલેંદ્રિને મન વગર પાંચ પર્યાપ્તી છે.

૨૦ આહારદ્વાર=ચોવીસે દંડકે છદીસીનો આહાર છે પરંતુ પાંચ સુક્ષ્મ થાવરને વિષે ભજના

૨૧ સંજ્ઞા ત્રણ પ્રકારની=નારકી સર્વ દેવતા તથા ગર્ભજ ત્રિજંચને દીર્ઘ કાલકી સંજ્ઞા છે. વિગલેંદ્રીત્રણેને હિતોપદેશીકી છે. ગર્ભજ મનુષ્યને દીર્ઘ કાલકીને દ્રષ્ટિવાદોપ દેશીકી બે છે. પાંચ થાવરને સંજ્ઞા નથી અસંજ્ઞીને હિતોપદેશીકી સંજ્ઞા હોય છે.

## ગતિ આગતિ.

૨૨ ગતિ=જવું.<br>
૨૩ આગતિ=આવવું } નીચેનો મંત્ર જુઓ—

૨૪ વેદ=ત્રણ પ્રકારના નારકી તથા પાંચ થાવરને વિગલેંદ્રિ ને નપુશક વેદ છે. સર્વ જાતના દેવતાને સ્ત્રી પુરૂષ બે વેદ હોય. ગર્ભજ ત્રિજંચ મનુષ્યને ત્રણ વેદ હોય.

| દરેકનું નામ. | ગતિ=જવું. | આગતિ=આવવું. |
|---|---|---|
| ૧ નારકી | ગર્ભજ પર્યાપ્તાતિર્યંચ મનુષ્યમાં જાય | તેમાંથીજ આવે |
| ૨ દેવતા સર્વજાત | પંચેદ્રિ તિર્યંચ, મનુષ્ય, બાદર પૃથ્વી કાય, અપ કાય, અને પ્રત્યક વનસ્પતિ કાયમાં. | ગર્ભજ પર્યાપ્તા તિર્યંચ તથા મનુષ્યમાંથી આવે |
| ૩ પૃથ્વી, અપ, વનસ્પતિ કાય | દેવતાને નારકી શિવાય દશદંડકમાં જાય | નારકી વિના તેવીસ દંડકના જીવ આવે |
| ૪ તેઉકાય, વાયુકાય | પાંચ સ્થાવર, ત્રણ વિગલેંદ્રિને તિર્યંચ એ નવમાં જાય | દેવતાને નારકી વિના દશ દંડકના જીવ આવે |
| ૫ વિગલેંદ્રિ ત્રણ | દેવતાને નારકી વિના દશ દંડકે જાય | એ દશે દંડના જીવ આવે |
| ૬ ગર્ભજ તિર્યંચ | ચોવીશે દંડકમાં જાય | ચોવીશે ડંડકના જીવ આવે |
| ૭ ગર્ભજ મનુષ્ય | ચોવીશે દંડકમાં જાય | તેઉવાયુ વગર બાવીશ દંડકના જીવ આવે |
| ૮ જુગલીયાં | ભુવનપતિને વ્યંતરમાં જાય | ગર્ભજ મનુષ્ય, તિર્યંચમાંથી આવે |
| ૯ સંમુર્છિમ તિર્યંચ | જ્યોતષીને વૈમાનીક વગર બાવીશ દંડકમાં જાય | દેવતા નારકી શિવાય દ શદંડકના જીવ આવે |

| | | |
|---|---|---|
| ૧૦ સંમુર્છિમ મનુષ્ય | દેવતા નારકી શિવાય દશ દંડકમાં જાય | દેવતા નારકી તેઉકાયને વાયુકાય શિવાય આઠ દંડક ના આવે |

૧ અસંખ્યાતા આયુષ્યવાળા જુગલિયાં ત્રિજંચ મનુષ્ય મરીને પોતાના આયુષ્ય પ્રમાણે અગર તેથી ઓછા આયુષ્યવાળા દેવતા થાય પણ વધારે આયુષ્યવાળા દેવતા થાય નહીં તેથી ઈશાન દેવલોક સુધી જઈ શકે.

૨ સંમુર્છિમ ત્રિજંચ મરીને ભુવનપતી કે વ્યંતરમાં જાય. તેમનવગરના છતાં સંજ્ઞા વિશેષ અધ્યવસાએ કરી દેવતા થાય.

૩ અરિહંતની આજ્ઞારહિત, તત્વજ્ઞાને શુન્ય તે મિથ્યાત્વી પંચાગ્નિ પ્રમુખ ઘાતકારી તપમાં આશક્ત હોય, તપસ્વી છતાં ઉત્કૃષ્ટ રોષનો ધરનાર હોય, અભિમાની હોય, કોઈ જીવ સાથે વેર લેવાનો પ્રતિબંધ કરે એવા જીવ મરી અસુર કુમાર થાય ( દ્વીપાયનની પેઠે )

૪ દોરડાનો ફાંસો ખાઈ મરે, વિષ ખાઇને, પાણીમાં ડુબીને, અગ્નિમાં પ્રવેશ કરી, તૃષાથી, ક્ષુધાથી, વિરહાદિકના દુઃખથી, પર્વતના શિખરથી પડીને એટલા સ્થાનકે મરતાં શુભ પરિણામ હોય તો શૂળ પાણીની પેઠે વ્યંતર દેવતા થાય. અશુભ રૌદ્ર પરિણામે આપઘાત કરનાર નારકીમાં જાય,

૫ કંદમૂળાહારી વનવાસી તાપસ મરીને ભુવન પતિ યાવત જ્યોતષી સુધી જાય.

૬ ચાર પાંચ ભેળા મળી ભીખ માગે તેચરક કપીલ મતિ ત્રિદંડી મરીને બ્રહ્મદેવલોક સુધી જાય

૭ ગર્ભજ પર્યાપ્તા પંચેંદ્રિહાથી, બળદ પ્રમુખ સમ્યક્ત્વ દેશ વિરતી સહીત સંબળ કંબળ તથા ચંડકોશીયા પેઠે આઠમા સહસ્ત્રાર દેવલોક સુધી જાય.

૮ દેશ વિરતી શ્રાવક મરીને બારમા અચ્યુત દેવલોક સુધી જાય.

૯ રજોહરણાદિક સાધુનો વેશધારી જતીના લીંગે મિથ્યા દૃષ્ટિ હોય તો પણ ક્રિયાના બળે કરી દશ વિધ સાધુ સમાચારીના પ્રભાવે મરી અંગ મર્દક આચાર્યની પેઠે નવ ગ્રૈવેયક સુધી જાય.

૧૦ છદ્મસ્થ સાધુ શ્રાવક સૌધર્મ દેવલોકે ઉપજે. ચૌદ પુર્વી સાધુજઘન્યથી લાંતક દેવલોકે જાય.

૧૧ છેવટા સંઘયણવાળા ભુવનપતી, વ્યંતર, જ્યોતષીને વૈમાનીકમાં ચોથા દેવલોક સુધી જાય. કીલીકા સંઘયણે પાંચમાને છઠ્ઠા સુધી જાય. અર્ધનારાચ સંઘયણે સાતમાને આઠમા સુધી જાય. નારાચ સંઘયણે નવમાને દશમા સુધી જાય ૠષભનારાચવાળા અગીઆરને બારમા સુધી જાય. વજ્રૠષભનારાચ પ્રથમ સંઘયણવાળા બધા દેવલોકે જાય યાવત મોક્ષ પણ પામે.

## નારકીમાં કયાં સુધી જાય ?

૧૨ સંમુર્છિમ ત્રિર્યંચ પંચેંદ્રિ પેહેલી નારકી સુધી જાય. ભુજપરી સર્પ બીજી નારકી સુધી, ખેચરમાંસાહારી તીજી નારકી સુધી, સિંહ પ્રમુખ ચોથી નારકી સુધી, ઉરપરી સર્પ તે કાળા ધોળા, કાબરા પ્રમુખ પાંચમી સુધી જાય, સ્ત્રી છઠી સુધી જાય. પુરૂષ તથા મચ્છ સાતમી સુધી જાય.

૧૩ છેવઠ્ઠા સંઘયણવાળો બીજી નરક સુધી જાય, કીલીકાવાળો તીજી સુધી, અર્ધનારાચવાળો ચોથી સુધી નારાચવાળો પાંચમી સુધી, રૂષભનારાચવાળો છઠ્ઠી સુધીને વજ્રરૂષભનારાચ સંઘયણવાળો સાતમી નરક સુધી જાય.

૧૪ સાતમીનો નીકળ્યો જીવ ગર્ભજ તિર્યંચમાં આવેને સમકીત પામે. છઠ્ઠીનો નીકળ્યો ગર્ભજ તિર્યંચને મનુષ્યમાં આવેને દેશ વિરતીપણું પામે. પાંચમીનો નીકળ્યો ગર્ભજ મનુષ્ય થાય ને સર્વ વિરતીપણું પામે પણ કેવળ જ્ઞાન ના પામે. ચોથીથી નીકળ્યો જીવ મનુષ્ય થાય કેવળ જ્ઞાન પામે તિર્થંકર ના થાય. ત્રીજીનો નીકળ્યોં જીવ મનુષ્ય થાય તિર્થંકર થાય. બીજીનો નીકળ્યો મનુષ્ય થાય વાસુદેવ બળદેવ થાય. પેહેલીનો નીકળ્યો મનુષ્ય થઇ ચક્રવર્તિ આદિ સમસ્ત પદવી પામે.

૧૫ સાતમીમાં ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવી ચવે તો મત્સ્ય થાય ને જઘન્ય આયુષ ભોગવી ચવે તો ગર્ભજ પર્યાપ્તા ત્રિર્યંચ થાયને સમકીત પામે.

૧૬ વ્યાળ તે સર્પાદિક, દાઢીવાળા તે સિંહ પ્રમુખ, પક્ષીગીધ પ્રમુખ, જળચર, મત્સ્યાદિકએ જાતના હિંસારી જીવ નરકથી આવ્યા હોયને નરકમાં જાય.

પૃથ્વીકાય, અપકાય, તેઉકાયને વાયુકાયના જીવ અસંખ્યાતા ઉત્સર્પીણી અવર્સિણી કાળ સુધી તેની તેજ ગતિમાં રહે એટલે મરી મરીને તેમાંને તેમાં ઉપજે.

૧૮ વનસ્પતિકાય=અનંતી અવસર પીણી ઉત્સર્પિણી કાળ તેને તે ગતિમાં રહે મરે ને જન્મે.

૧૯ બે ઇંદ્રી, તેઇંદ્રે, ચૌરિંદ્રી પ્રત્યેક સંખ્યાતા સહસ્ત્ર વરસકાયસ્થિતિ જાણવી એટલે એક લાખ વરસના અંદર તેની તે ગતિમાં રહે

૨૦ પંચેંદ્રિ ત્રિર્યંચ ત્થા મનુષ્ય સાત આઠ ભવ તે ગતિમાં રહે એટલે સંખ્યાતા આયુષ્યે સાત ભવ કરી આઠમે ભવે યુગળીયો થાય.

૨૧ દેવતા નારકી મરણ પામી તેની તે ગતિમાં ઉપજે નહીં.

# નિગોદના જીવ.

૨૨ નિગોદ એટલે અનંતા જીવોનું સાધારણ ઔદારિક એક શરીર હોય તે. અનંતા જીવ એકીવારે એકઠા સ્વાસોસ્વાસ લે, એકઠા આહાર કરે તેને નિગોદ કહીએ તે નિગોદ સુક્ષ્મ, બાદર બે પ્રકારે છે. અસંખ્યાતા નિગોદના સમુદાયને ગોળા કહે છે તેવા ગોળા ચૌદરાજલોકમાં અસંખ્યાતા છે. તે નિગોદના બે ભેદ છે. ૧ સંવ્યવહારીયા. અસંવ્યવહારીયા.

૧ સંવ્યવહારીયા=અનાદિ નિગોદમાંથી નીકળી પૃથ્વી કાય પ્રમુખમાં ઉપજે તે સંવ્યવહારીયો કહેવાય. કદાચ પાછો તે જીવ ફરી નિગોદમાં જાય તો પણ સંવ્યવહારીજ કહેવાય.

૨ અસંવ્યવહારીયા=જે જીવો અનાદિ નિગોદમાંથી નીકળ્યા જ નથી. અનાદિકાળથી સુક્ષ્મ, બાદર નિગોદમાં જ રહે છે તે.

જેટલા જીવ મોક્ષમાં જાય તેટલા જીવો નિગોદમાંથી આવી ઉપજે પૃથ્વી કાયાદિ ઉપજે. નિગોદના જીવ નિગોદમાં એક સ્વાસો સ્વાશમાં સતર ભવ ઝાઝેરા કરે એટલે એક સ્વાસો સ્વાશની (૪૪૪૬) આવલી થાયને (૨૫૬) આવલીમાં એક ક્ષુલક ભવ થાય એક અંતર મહુરતના

સ્વાસો સ્વાસ (૩૭૭૩) થાય તેથી અંતર મહુરત એટલે બે ઘડીમાં ૬૫૫૨૬ ભવ થાય.

### એકેંદ્રીપણું શાથી પામે?

૨૩ અત્યંત મોહોદય વિષયાભિલાષ મૈથુન પરિણામ હોય અથવા અત્યંત ઘોરવ અજ્ઞાન રૂપ મહાભય જેણે સચેતન અચેતન થઈ જાય તથા અશાતા વેદની ઉદય આવી હોય તે વારે એવા પરિણામે સંજ્ઞાએ કરી એકેંદ્રિ પણું પામે.

---

## પરભવનું આયુષ્ય ક્યારે બંધાય.

---

૨૪ દેવતા નારકીને અસંખ્યાતા આયુષ્યવાળા જુગલીયા ( ત્રિર્યંચ, મનુષ્ય ) ૭ માસ આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનું આયુષ્ય બાંધે.

સંખ્યાતા આયુષ્યવાળા ત્રિર્યંચ, મનુષ્ય એકેંદ્રિયાદિ તમામ નિરૂપક્રમ આયુષવાળા પોતાના આયુષ્યના થાકતા ત્રીજે ભાગે પરભવ આયુષ્ય બાંધે અને.

સોપક્રમ આયુષ્યવાળા ત્રીજે ભાગે, નવમે ભાગે, સતાવીશમે ભાગેને છેવટે અંતર મહુરતે પરભવનું આયુષ્ય બાંધે.

નિરૂપક્રમ આયુષ્ય=નિકાચીત. જેટલુ આયુષ્ય બાંધ્યું

હોય તેટલું ભોગવાય. પણ કારણ મલે ઘટે નહીં તે નીકાચીત આયુષ્ય કહેવાય.

સોપક્રમ આયુષ્ય=સિથીલ ઘણું આયુષ્ય બાંધ્યું હોય પણ કારણ મળે થોડો કાળ ભોગવાયને મરણ નીપજે તે સોપક્રમ સિથીળ આયુષ્ય કહેવાય આયુષ્ય સાત પ્રકારે ટુટે છે તે સાત પ્રકાર=સ્નેહથી, ભયથી, હથિયારથી, અતિ આહારથી, વેદનાથી, ખાડામાં પડવાથી, વિષથી, શ્વાસોશ્વાસ રૂંધવાથી એટલે=સ્નેહથી અથવા ભયથી, હથીયાર તથા દોરડાદિકથી, અતિશય આહારથી, શૂળાદિકની વેદનાથી ખાડામાં પડવાથી, સર્પ, અગ્ની તથા જળથી તથા વિષથી સ્વાશો સ્વાશ રૂંધાવાથી એ સાત પ્રકારે સિથીળ આયુષ્ય ટુટે છે.

## કર્મ ગ્રંથોનો સાર.

જીવ અને કર્મનું વિશેષ વર્ણન સમજવા માટે આપણા જૈનાચાર્યોએ કર્મ ગ્રંથમાં વિવિધ રચના કરી છે તે કર્મ ગ્રંથ ૬ છે. (૧) કર્મ વિપાક નામા (૨) કર્મ સ્તવનામાં (૩) બંધ સ્વામિત્વનામા (૪) ષડશિતાકાનામા (૫) સતક નામા (૬) સપ્તતિકાનામા. (કર્મ પ્રકૃતિ તથા કર્મ બંધનાં કારણો) ગુંઠાણાં, બંધ ઉદય, ઉદિરણા, સત્તા

ગતિ વીગેરે વિશે કર્મ બંધ એ રીતે છ કર્મ ગ્રંથો છે તેનું સારરૂપ* કિંચીત વર્ણન અલ્પ બુદ્ધિથી સમજાયું તે મુજબ લીધું છે.

આ જગતમાં જે સંસારી જીવો છે તે જીવો ચૌદ પ્રકારનાછે અને તે જીવો પોતપોતાના શુભાશુભ અધ્યવસાય પ્રમાણે જૂદી જૂદી ગતિ પામી અનંત પ્રકારે સુખદુ:ખાદિ ન્યુનાધિકતા ભોગવે છે તેનું કારણ કર્મ છે.

જીવ ચૈતન્ય છે અને કર્મ પુદ્ગળ જડ છે તે જીવ મિથ્યાત્વાદિક હેતુએ કરી ગ્રહણ કરે છે તે પુદ્ગળીક કર્મો આઠ પ્રકારના છે તેની ઉત્તર પ્રકૃતિ એકસો અઠાવન છે તે કર્મ પ્રકૃતિ બાંધવાના ચાર હેતુ છે તેના ઉતર ભેદ સતાવનછે એ સતાવન હેતુ વિશેષે જીવ કર્મ ગ્રહણ કરેછે.

જીવ મિથ્યાત્વાદિક હેતુ વિશેષે કરી કર્મ બાંધે છે તે કર્મોના કર્તા જીવ પણ બહુ વિધ છે અને તેમના હેતુ પણ જૂદા જૂદા છે તે પ્રમાણે કર્મના સ્વભાવ પણ જૂદા જૂદા છે તે સ્વભાવને પ્રકૃતિ કહે છે તે કર્મ પ્રકૃતિ (૧૫૮) ધ્રુવ બંધીની આદિબાર તથા વિપાકી ચાર મળી સોળ પ્રકારની છે.

જીવ હેતુ મળે જે કર્મ બાંધે છે તે કર્મોના શુભાશુભ અધ્યવસાયના તિવ્ર, તિવ્રતરને તિવ્રતમ પણા મુજબ

---

ચોથા કર્મગ્રંથમાં જીવ ભેદ, ગુંઠાણા યોગ ઉપયોગ લેશ્યા અલ્પ બહુતત્વ વિગેરેનું વર્ણન છે.

સ્વાદ પણ જૂદા જૂદા હોય છે તે સ્વાદને રસ કહે છે તે એકલઠાણી, બેઠાણીયો, ત્રીઠાણીયો, ચોઠાણીયો એ ચાર પ્રકારનો છે.

જીવે બાંધેલાં કર્મોની પ્રકૃતિ જેમ જૂદી જૂદી છે તેમ તે કર્મ પ્રકૃતિનો કાળપણ ન્યુનાધિક અંતર મહુરતથી કોડા કોડી સાગરોપમનો હોય છે તેને સ્થિતિ કહે છે. પ્રાસાદ પ્રમુખના આધાર રૂપ જેમ સ્થંભ છે તેમ કર્મના એ ચાર થંભ છે. .

જીવે બાંધેલાં કર્મના દળ છુટાં છુટાં હોય છે કારણ કે સમયે સમયે કર્મ બંધાય છે તે છુટાં દલીયાં કાર્મણ યોગે સંચય થઈ એક રૂપ થાય છે તેને પ્રદેશ કહે છે.

જીવ જે નવીન કર્મ ગ્રહણ કરે છે તેને બંધ કહે છે. તે કરેલાં કર્મની સ્થિતિ પાકે નહીં ત્યાં સુધી જીવ સાથે લાગેલાં રહે છે તેને સત્તા કહે છે. સત્તામાં રહેલાં કર્મો સ્થિતિ પાકે ભોગવવામાં આવે છે તેને ઉદય કહે છે. ઉદય કાળ આવ્યા પહેલાં ઉદયાવળી ઉપરાંત કર્મનાં દળીયાં રસ સતામાં રહ્યો હોય તેને કરણ યોગે કરી આકર્ષી ઉદયમાં લાવી ખેંચીને કર્મને વેદે છે તેને ઉદિરણા કહે છે.

સંસારી જીવો ચૌદ પ્રકારના છે તેમ સતપદ પ્રરૂપણા દ્વારની માર્ગણા પણ ચૌદ છે તેમજ જીવની ઉંચ નિચતા સમજવા માટે જીવના ગુણ સ્થાનકો પણ ચૌદ છે.

જીવે હેતુ મળે જે કર્મ બાંધ્યાં છે તે કર્મો છોડવા પણ સમર્થ છે તે કર્મો છોડવા માટે ગ્રંથી ભેદ કરી સમ્યક્ત્વ પામી ત્રણ પ્રકારના કરણની ઉપસમ શ્રેણી, ક્ષપક, શ્રેણી કરી ઘણા કાળનાં બાંધેલાં નિવીડ કર્મોની બેડી તોડી કર્મ રૂપી કેદખાનામાંથી જીવ મુક્ત થાય છે ને કેવળ જ્ઞાન, કેવળ દર્શનાદિ આત્માના સ્વભાવિક ગુણો પ્રગટે છે જેથી આત્મા પોતાના સ્વરૂપે નિરાકાર જ્યોતિ સ્વરૂપ બની લોકાંતે સિદ્ધ સિલા ઉપર જઈ સ્થિત થાય છે ને ત્યાં અનંતો કાળ અવ્યા બાધપણે રહે છે તેને મોક્ષ કહે છે.

એ રીતે જીવ, કર્મ, બંધને મોક્ષનું વર્ણન કર્મગ્રંથાધારે સારરૂપે કરવાથી મારા આત્માને સમજવા સહેલું પડશે જાણી મતિ અનુસાર તત્વ દોહન કર્યું છે.

---

## જીવના પ્રકાર.

---

સંસારી જીવો ચૌદ પ્રકારના છે તે પ્રકાર—

૨ એકેંદ્રિના બે પ્રકાર ૧ સુક્ષ્મ એકેંદ્રિ ૨ બાદર એકેંદ્રિ ( શરીરીંદ્રી એકજ હોય ) ૩ બે ઈંદ્રિ ( શરીર તથા મોં ) ૪ ત્રણેંદ્રી ( શરીર, મોં તથા નાક ત્રણ ઈંદ્રી ) ૫ ચૌરિંદ્રિ (શરીર, મોંઢુ, નાક તથા આંખ એ ચાર ઈંદ્રિ હોય) ૬-૭ પંચેંદ્રીના બે પ્રકાર ૧ સંજ્ઞીપંચેંદ્રિ ૨ અસંજ્ઞીપંચેંદ્રિ.

૧ સંજ્ઞી પંચેંદ્રિને દશ પ્રાણ પુરા હોય તેમાં ત્રિજંચ મનુષ્ય, દેવતાને નારકીનો સમાસ થાય છે તે ગર્ભજ કહેવાય.

૨ અસંજ્ઞી પંચેંદ્રિ તે સંમુછિંમ મનવગર નવ પ્રાણ હોય તે મનુષ્ય તથા ત્રિર્યંચ હોય તેની વ્યાખ્યા નવ તત્વમાં આવી છે.

એ સાત પ્રકાર જીવના છે તેના પર્યાપ્તાને અપર્યાપ્તા એવા બે ભેદ છે તેથી સાત પ્રકારના બે ભેદે ચૌદ પ્રકાર થયા. તેનું વિશેષ વર્ણન આગળ આવી ગયું છે.

સુક્ષ્મ એકેંદ્રી=આંખે દેખાય નહીં તે. બાદર એકેંદ્રી= આંખે દેખી શકાય તેવા.

પર્યાપ્તા=આહાર પ્રમુખના પુદ્ગળ ગ્રહણ પરિણામ ન હેતુ જે આત્માની શક્તિ વિશેષ તેને પર્યાપ્તી કહે છે તે છ પ્રકારની છે. ૧ આહાર પર્યાપ્તી, ૨ શરીર પર્યાપ્તી. ૩ ઇંદ્રિય પર્યાપ્તી. ( એ ત્રણ પર્યાપ્તી પુરી કર્યા વિના કોઇ મરણ પામે નહીં. ૪ શ્વાસો શ્વાસ પર્યાપ્તી, ૫ ભાષા પર્યાપ્તી, ૬ મન પર્યાપ્તી જે જીવને જેટલી પર્યાપ્તી કરવાની છે તે જીવ ઉપજવાને પહેલે સમયે તેટલી પર્યાપ્તી સમકાળે કરવા માંડે. અનુક્રમે પહેલી આહાર પર્યાપ્તી પ્રથમ સમયે જ કરે પછી બીજી શરીર પર્યાપ્તી યાદિ અસંખ્યાત સમય પ્રમાણ અંતર મહુરતે કરે. તે એકેંદ્રિને ચાર, વિગલેંદ્રિને પાંચ, અસંજ્ઞી પંચેંદ્રિને પાંચ ( અસંજ્ઞી ત્રિર્જચને પાંચ

હોય. પણ મનુષ્ય અસંજ્ઞીને ભાષા સંભવે નહી જેથી ત્રણ કે ચાર જ હોય ) સંજ્ઞી પંચેંદ્રિ ગર્ભજ મનુષ્ય, ત્રિજંચ નારકીને દેવતાને છ એ પર્યાપ્તી હોય. કરવા યોગ્ય પર્યાપ્તી પૂર્ણ કર્યા વગર અપર્યાપ્તા પણે મરણ પામે તેને લબ્ધી અપર્યાપ્તા કહે છે તે પ્રથમની ત્રણ પર્યાપ્તી પુરી કરી પરભવાયુનો બંધ કરી, અંતર મહુરત અબાધા કાળ જીવીને મરણ પામે તે લબ્ધી અપર્યાપ્તા કહેવાય અને જે જીવે જેટલી પર્યાપ્તી કરવાની છે તે જ્યાં સુધી પૂરી થઈ નથી ત્યાં સુધી તે કરણ અપર્યાપ્તા કહેવાય કારણ કે બાકી રહેલી પર્યાપ્તી પૂર્ણ કરવાની છે માટે કરણ અપર્યાપ્તા ને ત્રણ પર્યાપ્તી પૂરી કરી અધુરી પર્યાપ્તીએ મરણ પામે તે લબ્ધી અપર્યાપ્તા કહેવાય.

---

## આઠ પ્રકારનાં કર્મ તેની એકસોઅઠાવન પ્રકૃતિ.

કર્મની મૂળ પ્રકૃતિ સામાન્ય રૂપે આઠ છે તેનાં નામ. જ્ઞાના વરણાદિ આઠ.

૧ જ્ઞાના વરણી કર્મ=જેણે કરી વસ્તુ જાણવામાં આવે તે જ્ઞાન=જાણવું સામાન્ય વિશેષાત્મક વસ્તુને વિષે વિશેષ ગ્રહણાત્મક બોધ તે જ્ઞાન તેનું આચ્છાદન થવું તે.

આવરણ=આચ્છાદન. જેમ વરસાદના વાદળાંથી સૂર્ય ઢંકાઇ જાય છે જેમ આંખ ઉપર લુગડાનો પાટો બાંધવાથી દ્રષ્ટી રોકાય છે તેમ કર્મ વર્ગણાના પુદ્ગળમાં જ્ઞાન દર્શન આવરવાનો સ્વભાવ છે તે આવરણ જેમ જેમ જાડું હોય ઘટ્ટ હોય તેમ તેમ આંખનું તેજ જેમ ઓછુ ઓછું થાય તેવી રીતે જેમ જેમ જ્ઞાનાવરણની સઘનતા હોય તેમ તેમ આત્મ પ્રકાશ ઢંકાય તેનું નામ આવરણ દ્રષ્ટાંત. ખુલ્લા દીવાનું તેજ સ્પષ્ટ પ્રકાશે છે પણ તેના ઉપર લુગડાનો પડદો નાંખીએ તો થોડો ઝાંખો જણાય પણ જાડા ઘટ્ટ કપડાનો પડદો નાંખવાથી વિશેષ ઝાંખો જણાય અને તપેલું ઢાંકીએ તો પ્રકાશ મુદલ જણાય નહીંને અજ્ઞાનમય અંધકાર થઇ જાય તેમજ જ્ઞાનનું આવરણ સમજવું તે તપેલાને ઝીણાં છિદ્ર પાડીએ તો કાંઈ પ્રકાશ દેખાય તેમ આવરણમાં પુદ્ગળો વિખુટા પડે તેમ તેમ જ્ઞાન પ્રકાશ થાય. જ્ઞાન તથા દર્શન જીવનું સ્વતત્વ ભૂત છે કેમકે તે આત્માના ભાવ પ્રાણ છે માટે એ વિના જીવત્વ કહેવાય નહીં. જીવનો ચેતના લક્ષણ ગુણ જ્ઞાન દર્શન વિના સંભવે નહીં તેમાં પણ જ્ઞાન પ્રધાન્ય છે. બધાં કર્મથી જીવ મુક્ત થાય છે તે વખત જીવ જ્ઞાનોપયોગ યુક્ત હોય છે અને દર્શનો પયોગતો દ્વીતિય સમયમાં થાય છે તે માટે જ્ઞાન પ્રધાન છે તેમજ જેને જ્ઞાના વરણી કર્મ છે તેને સર્વ કર્મ છે માટે

જ્ઞાના વરણી કર્મ પ્રથમ કહ્યું તે પાંચ પ્રકારનું.

૧ મતિજ્ઞાનાવરણી=ઇંદ્રિ તથા મનવડે કરી નિશ્રીત વસ્તુ જેણે કરી જણાય, મનાય તેને મતિજ્ઞાન કહીએ. જાણવું અથવા મનન કરવું તે. તેના બે પ્રકાર છે તેનું આવરણ તે.

૧ શ્રુતનિશ્રત=શ્રુતના અભ્યાસથી ઉત્પન્ન થાય તેને શ્રુત નિશ્રત કહે છે.

૨ અશ્રુતનિશ્રિત=અભ્યાસ વિના ક્ષયોપસમે ઉત્પન્ન થાય તે.

શ્રુતનિશ્રિતના આઠાવીશ ભેદ છે તેજ મતિજ્ઞાનના અઠાવીશ ભેદ.

૧ અવગ્રહ=ગ્રહણ કરવું તે. તેના બે ભેદ છે.

૧ વ્યંજનાવગ્રહ=આંખ વિના ચાર ઇંદ્રિયો વડે (શબ્દ, ગંધ, રસને સ્પર્શ) પોત પોતાના વિષયોના પુદ્ગળોનો જે મેળાપ તે વ્યંજના વગ્રહ તે ચાર પ્રકારના છે.

૨ અર્થાવગ્રહ=અવ્યક્તજ્ઞાન શબ્દ રૂપ, રસ, ગંધને ફરસ એ પાંચ ઇંદ્રિના વિષયોનું તથા મનવડે અનિર્ધારિત સામાન્યરૂપ અર્થનું જે ગ્રહણ કરવું તેનું નામ અર્થાવગ્રહ તેના ભેદ પાંચ ઇંદ્રીને છઠા મન સાથે છ ભેદ છે.

૨ ઈહા=પાંચ ઇંદ્રિને છઠા મને ગ્રહણ કરેલી વસ્તુનું નિરાકરણ કરવા વિચાર કરવો કે એ શું છે ? કેવું છે ? તેનું

નામ ઈહા તેના પણ ૭ ભેદ છે.

૩ અપાય=ઈંદ્રિયાદિએ ગ્રહણ કરેલી વસ્તુનો નિર્ણય કરવા વિચાર ચાલતો હતો (ઇહા) તે વસ્તુ અમુક છે એમ નિરાકરણ કરવું તે અપાય તેના ૭ ભેદ છે.

૪ ધારણા=નિરાકરણ કરેલી વસ્તુ ધારી રાખવી. કાળાંતરે પણ જોતાં સાંભરે તેનું નામ ધારણા. જાતિ સ્મરણ જ્ઞાનને આચારાંગજીમાં ધારણાનો ભેદ કહ્યો છે જાતિસ્મરણ જ્ઞાન ઉત્કૃષ્ટે અતિત કાળના સંજ્ઞી પંચેંદ્રિના સંખ્યાતા ભવ દેખે એરીતે અર્થાવગ્રહ, ઇહા, અપાયને ધારણા પાંચ ઇંદ્રિને છઠા મનથી થાય છે તેથી દરેકના ૭ ભેદ ગણતાં ૬×૪=૨૪ ભેદ તથા વ્યંજનના વગ્રહ આંખ વગર ચાર ઇંદ્રિથી થાય માટે તેના ચાર ભેદ મળી ૨૪+૪=૨૮ ભેદ શ્રુત નિશ્રીત મતિ જ્ઞાનના થયા તેમાં અશ્રુત નિશ્રતના ચાર ભેદ=તે ચાર પ્રકારની બુદ્ધ કહી છે.

૧ ઉત્પાતિકી બુદ્ધિ=સેજે પોતાની મેળે ઉપજે તે.

૨ વિનયીકી બુદ્ધિ=જે વિનય કરવાથી ઉપજે તે.

૩ પરિણામીકી બુદ્ધિ=અર્થનું અવલોકન કરતાં ઉપજે તે.

૪ કર્મ પ્રમાણે ઉપજે તે કર્મની બુદ્ધિ.

એ અશ્રુત નિશ્રિતના ચાર ઉમેરતાં બત્રીસ થયા વળી તે એકેકે ભેદના બહુ, અબહુઆદિ બાર ભેદ છે. જેમ કે

કોઈ ઘણું સાંભળે, ઘણું દેખે, કોઈ થોડું સાંભળે કોઈ ઘણું સાંભળે કોઈ મન વડે ઘણા વિષય જાણે કોઈ થોડા જાણે તેવા બાર ભેદ છે તે અઠાવીશ પ્રકારને બાર ગણા કરી બુદ્ધિના ચાર ભેદ ઉમેરતાં ( ૨૮×૧૨+૪=૩૪૦ ભેદ થયા. મતિ જ્ઞાનને દૃષ્ટાંતથી બતાવે છે=કોઈક પુરૂષે અવ્યક્તશબ્દ સાંભળ્યો તે ભાષાનાં પુદ્ગળો સાંભળનારના કાનમાં પેસીને ફરસ્યા તે વ્યંજના વગ્રહ થયો તે પછી કોઇકે મને સાદ કર્યો એવું જે અવ્યક્ત જ્ઞાન તે અર્થાવગ્રહ પછી એ સાદ કોનો છે એવી જે વિચારણા તે ઈહાએ શબ્દ સ્વર અમુકનો છે એવો નિશ્ચય કરે તે અપાય. નિશ્ચય કરેલા સ્વરને ઘણા કાળ સુધી ધારી રાખે તે ધારણા. એ રીતે નાક, કાન, રસેંદ્રિ (જીભ) સ્પર્શેંદ્રિ ( ચામડી શરીર ) એ ચારને પોતાના વિષયના પુદ્ગળની ફરસના થાય છે તે ફરસના એ જ વ્યંજનનાગ્રહ. અને આંખ તથા મનના વિષયોના પુદ્ગળો તે ઇંદ્રિને ફરસતા નથી જેમકે કોઈ પુરૂષે કોઇ રૂપ દીઠું. તે દેખવામાં આંખના પ્રકાસનાં પુદ્ગળો તેના ઉપર જઈ પડે છે પણ દેખેલા વિષયના પુદ્ગળો આંખમાં આવી અથડાતાં નથી તેમજ રાતના સ્વપ્નમાં મનથી ચિંતવેલા વિષયના પુદ્ગળો કાંઈ મનને ફરસતાં નથી જેથી તેનો વ્યંજનાવગ્રહ ન હોય માટે અર્થાવગ્રહ છ પ્રકારના કહ્યા. તેમજ ઇહા અને અપાય ધારણામાં તો આંખને મનનો ખપ પડેજ છે માટે

તેના પણ છ પ્રકાર જાણવા.

૨ શ્રુતજ્ઞાનાવરણી=સંભળાય તેને સુત કહે છે, સાંભળવું, કહેવું, ભણવું ભણાવવું એ સુતજ્ઞાન છે સુતજ્ઞાન મતિ પુર્વક છે એટલે મતિ જ્ઞાન ઉદયે પામે તો પછી સુતજ્ઞાન હોય મતિ સુતનું કારણ છે જ્યાં સુતજ્ઞાન હોય ત્યાં મતિ જ્ઞાન હોયજ મતિજ્ઞાન મુંગું છે જ્યારે સુત જ્ઞાન બોલતું છે મતિ જ્ઞાન અનક્ષર છે સુત જ્ઞાનશાક્ષર છે મતિજ્ઞાન પોતાને સમજાવે છે ત્યારે સુતજ્ઞાન પારકાને દીધું જાય છે. સુત, જ્ઞાનના ઉપયોગવાળો પ્રાણી દ્રવ્ય, ક્ષેત્ર, કાળને ભાવ ને સર્વથી જાણે સંપુર્ણ સુતજ્ઞાનીને સુતકેવળી કહ્યા છે તે સુતજ્ઞાનના ચૌદ અને વીશ બે પ્રકારે ભેદ બતાવ્યા છે.

૧ અક્ષર સુત=અક્ષરથી જ્ઞાન થવું તે તેના ત્રણ ભેદ સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધાક્ષર

૨ અનક્ષર સુત=સમસ્યાએ કરી ગમના ગમનાદિ મનના અભિપ્રાયનું જાણવું તે

૩ સંજ્ઞી સુત=મન અને ઇંદ્રિયો વડે ઉત્પન્ન થએલું જે જ્ઞાન તે સંજ્ઞી સુત કહેવાય તે સંજ્ઞા ત્રણ પ્રકારની છે

૧ દીર્ઘકાલીકી=અતિત અનાગત કાળનું જે ચિંતવન તે જેમ કેમ કરવું કેમ થશે ઈત્યાદિક ચિંતવણા તે દેવતા, નારકી તથા ગર્ભજ ત્રિયંચને હોય

૨ હેતુવાદોપદેશિકી=તાત્કાળિક ઇષ્ટ, અનિષ્ટ વસ્તુને

જાણીને નિવૃત્તિ, પ્રવર્તિ કરવી તે વિગલેંદ્રિને હોય છે તથા અસંજ્ઞીને પણ એ સંજ્ઞા હોય છે

૩ દ્રષ્ટિવાદોપદેશિકી=સમ્યકદ્રષ્ટિપણું તે સંજ્ઞીપંચેંદ્રિને હોય છે

૪ અસંજ્ઞીસુત=મન વિના માત્ર ઇંદ્રિયોએ કરી ઉત્પન્ન થાય તે

૫ સમ્યક શ્રુત=પક્ષપાત વિનાની બુદ્ધિ એ સમ્યક દ્રષ્ટિથી કોઈ વિષયનું યથાર્થ જાણવું તે.

૬ મિથ્યાસુત=પક્ષપાત બુદ્ધિથી યથાર્થ ન જાણવું, તે અસમ્યકત્વ શ્રુત.

| | |
|---|---|
| ૭ આદિ શ્રુત<br>૮ અનાદિ શ્રુત<br>૯ સપર્યવસિત શ્રુત<br>૧૦ અપર્યવસિત શ્રુત | એક જીવને જ્યારે સમ્યકત્વની પ્રાપ્તી થાય છે ત્યારે સુતજ્ઞાન પામવાની આદિને જ્યારે સમ્યકત્વ મટી જાય કે કેવળ જ્ઞાનની પ્રાપ્તી થાય ત્યારે તે સુતનો અંતથયો તેથી સાદિ |

સપર્ય વસિત એ બે પ્રકાર થયા. તથા સુત જ્ઞાન અનાદિ અનંત કાળ પણે પ્રવાહ રૂપ છે તેથી અનાદિ અપર્ય વસિત એ બે ભેદ મળી ચાર ભેદ

૧૧ ગમિક સુત=જ્યાં સુત્રના સરખા પાઠ દીઠામાં આવે તે જાણવું તે.

૧૨ અગમિક સુત=જ્યાં અણ સરખા અક્ષરોના પાઠ દીઠામાં આવે તે જાણવું તે

૧૩ અંગપ્રવિષ્ટ સુત=તે દ્વાદશાંગી રૂપ સુત તે દ્વાદશાંગીનું જાણવું

૧૪ અંગબાહ્ય સુત=અગીઆર અંગથી બાહ્ય જે ઉપાંગ પ્રમુખનું જાણવું એ ચૌદ ભેદ થયા હવે વીશ ભેદ બતાવે છે.

૧ પર્યાયસુત, ૨ પર્યાય સમાસસુત, ૩ અક્ષરસુત, ૪ અક્ષર સમાસસુત. ૫ પદસુત ૬ પદસમાસસુત ૭ સંઘાત સુત ૮ સંઘાત સમાસસુત ૯ પ્રતિપતીસુત ૧૦ પ્રતિપતી સમાસસુત ૧૧ અનુયોગસુત ૧૨ અનુયોગ સમાસસુત ૧૩ પ્રા ૃત પ્રાભૃતસુત ૧૪ પ્રાભૃત પ્રાભૃત સમાસસુત ૧૫ પ્રાભૃત સુત ૧૬ પ્રાભૃત સમાસ સુત ૧૭ વસ્તુસુત ૧૮ વસ્તુ સમાસ સુત ૧૯ પુર્વસુત ૨૦ પૂર્વ સમાસસુત એ રીતે વીશભેદ સુત જ્ઞાનના થાય છે.

સુતજ્ઞાન દ્રવ્ય ક્ષેત્ર કાળને ભાવ એ ચારે પ્રકારે છે ઉત્તરોત્તર ક્ષયો પસમ મુજબ સુત જ્ઞાન થાય છે તેનું જે આવરણ તે સુત જ્ઞાનાવરણી કર્મ કહીએ.

૩ અવધિ જ્ઞાના વરણી=ઇંદ્રિયાદિકની અપેક્ષા વિના આત્માને શાક્ષાત અવધાન એટલે અર્થ ગ્રહણ થાય છે તે અવધિ=મર્યાદા રૂપી દ્રવ્યને વિષેજ જાણવાની પ્રવૃત્તિ છે જેની એવી મર્યાદા સહિત જે જ્ઞાન તે અવધિજ્ઞાન બે પ્રકારનું છે. ( ચારે ગતિના જીવને અવધિજ્ઞાન થાય )

૧ ભવ પ્રત્યયી=દેવતાને નારકીને હોય છે.

૨ ગુણ પ્રત્યયી=તે મનુષ્ય તથા ત્રિજંચને હોય છે

તેના છ પ્રકાર છે

૧ અનુગામી=જ્યાં ઉપજ્યું ત્યાંથી જ્યાં જાય ત્યાં લોચનની પેઠે સાથે આવે તે.

૨ વર્ધમાન=નિરંતર વૃદ્ધિ પામતું જાય તે

૩ પ્રતિપાતી=આવીને પાછું જાય તે ઉત્કૃષ્ટ પણે સમગ્ર લોક દેખીને પણ પડે તે એક કાળમાં જ પડે નિષ્ફળ થાય તે.

૪ અનાનુ ગામી=જે ઠેકાણે અવધિ જ્ઞાન ઉત્પન્ન થયું તે સ્થાનકે જેનો ઉદય પણ અન્ય સ્થળે જાય ત્યારે ન હોય એટલે જ્યાં જાય ત્યાં સાથે ન આવે તે.

૫ હીયમાન=પૂર્વે શુભ પરિણામને વશે ઘણું ઉપજે અને પછી તથા વિધ સામગ્રીના અભાવે પડતા પરિણામે હાની પામે. થોડે થોડે ઘટી જાય તે હીયમાનં. પ્રતિપાતી એકદમજતુ રહેને આ થોડે થોડે ઘટી જાય એ ફેર છે.

૬ અપ્રતિ પાતી=જે ઉત્પન્ન થયા પછી ક્ષીણતા ન પામે તે લોક સમગ્ર દેખીને અલોકના એક પ્રદેશને દેખે તે અપ્રતિપાતી પરમાવધિજ્ઞાન કેવળ જ્ઞાનથી પહેલું અંતર મહુરતે અતિ વિશુદ્ધિમાં આવે તે.

એ અવધિજ્ઞાનના દ્રવ્ય ભાવના તારતમ્યપણાથી અનંતા ભેદ છે અને ક્ષેત્ર કાળના તારતમ્યપણાથી અસંખ્ય ભેદ છે. અવધિ જ્ઞાન જઘન્યથી અનંતા રૂપી દ્રવ્યને દેખેને

ઉત્કૃષ્ટપણે સર્વ રૂપી દ્રવ્યને દેખે તેનું જે આવરણ તે અવધિ જ્ઞાનાવરણ.

મતિજ્ઞાન. સુતજ્ઞાન, અવધિજ્ઞાન, સમકીતીને હોય અને મિથ્યા દ્રષ્ટિને હોય તે મતિ અજ્ઞાન, સુત અજ્ઞાન અને વિભંગ જ્ઞાન કહેવાય.

૪ મનપર્યવજ્ઞાન=મનચિંતનાનુગત પરિણામ. આત્માએ કરી વસ્તુ ચિંતવનને વિષે વાપર્યા જે મન તેનું જાણપણું એટલે અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિ જીવના મનોગત ભાવનું જાણવું તેને મનપર્યવજ્ઞાન કહે છે. તેના બે ભેદ છે ( મનુષ્ય સંયતને જ થાય )

૧ રૂજુમતિ=સામાન્ય પણે જાણવું એટલે પારકાના મનના સામાન્ય વિચારો જાણે તે પ્રતિ પાતીને ઓછું શુદ્ધ છે.

૨ વિપુલ મતિ=વિસ્તિર્ણ પણે ઘણા પર્યાય એટલે ભાગને જાણે જેમકે કોઇ માણસે મનમાં ઘડો ચિંતવ્યો હોય તે લાવવાનો કે મુકવાનો ચિંતવ્યો છે એટલુંજ રૂજુમતિ જાણે અને વિપુલ મતિ તો. ઘડો એક ચિંતવ્યો છે તે દ્રવ્યે તાંબાનો, રંગ રાતો મણ પાણી માય તેવો. અમુક ગામમાં અમુક કારીગરે બનાવેલો વગેરે વિશેષ પ્રકારે પારકા મનની વાત જાણે અપ્રતિપાતી ( આવેલું જાય નહીં) વિશેષ શુદ્ધ છે.

રૂજુમતિવાળો મનુષ્ય તિર્છું અઢીદ્વીપ લગે અને

ઉચું જ્યોતિષના ઉપરના તળા લગે નીચે રત્ન પ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે એમ અઢારસો યોજનમાં રહ્યા જે સંજ્ઞી-પંચેંદ્રિ જીવ તેના મનને સામાન્ય પણે જાણે. અને વિપુલ મતિ તેથી અઢી આંગુળ અધિક વિશેષ પણે જાણે. વિપુલ મતિ જ્ઞાન કેવળ જ્ઞાન ઉપજવાનું હોય તેને જ થાય છે એ બે ભેદ મન પર્યવ જ્ઞાન સર્વ વિરતી વાળાને આવે તેનું આવરણ તે મન પર્યવ જ્ઞાના વરણી.

૫ કેવળ જ્ઞાન=કેવળ એટલે એકજ મતિઆદિકની અપેક્ષા વિનાનું સર્વ લોક વ્યાપી દ્રવ્યથી રૂપી અરૂપી સર્વ દ્રવ્ય જાણે, ક્ષેત્રથી લોકા લોક અનંતો ક્ષેત્ર જાણે સકળ જ્ઞાનાવરણ સર્વ ઘાતી કર્મનો ક્ષય થયે પ્રગટ થયો જે શુદ્ધાત્મ ગુણ, આત્મત્વ પ્રકાશ રૂપ તે કેવળ જ્ઞાન તેનો બીજો ભેદ નથી તેનું આવરણ તે કેવળ જ્ઞાનાં વરણી કર્મ જીવ રૂપ સૂર્ય કેવળ જ્ઞાના વરણ રૂપ વાદળે કરી સર્વ ઢંકાય તો પણ અક્ષરનો અનંતમો ભાગ પણ સર્વ જીવને ઉઘાડો રહે છે જેમ નિગોદીયા જીવને આહાર સંજ્ઞાદિ ચેતનાં રૂપ હોય. કદાપી તે પણ ઢંકાય તો ચૈતન્ય પણાનો અભાવ અટલે અજીવ હોય માટે જીવને ઢંકાય નહીં.

અવધિજ્ઞાન તથા મન પર્યવજ્ઞાનના કેટલાક રસ સ્પર્ધક સર્વઘાતી છે શેષ દેશઘાતી છે જેથી સામાન્યપણે દેશઘાતી કહ્યા છે અને કેવળ જ્ઞાન સર્વઘાતી છે.

# દર્શનાવરણી.

૨ દર્શના વરણી કર્મ=દેખવું તે દેખાય તે દષ્ટી અટલે દર્શન સામાન્ય વિશેષાત્મક વસ્તુને વિષે સામાન્ય ગ્રહણાત્મક જે બોધ તેને દર્શન કહીએ તેના નવ ભેદ છે. આ કર્મનો સ્વભાવ પોલીઆ જેવો છે. ચક્ષુ પ્રમુખ દર્શના વરણી કર્મ રૂપ દરવાન દૂર થયા વિના જીવ રૂપ રાજા તે લોક સ્વરૂપ દેખે નહીં.

૧ ચક્ષુદર્શનાવરણ=આંખે કરી સામાન્ય પણે દેખવું તેનું આવરણ એટલે આંખે દેખાય ખરૂ પણ ખરૂ સ્વરૂપ ન દેખાય તેનું નામ આવરણ ચૌરેંદ્રી પંચેંદ્રીને ચક્ષુ હોય તો પણ વિણસે, તિમિરાદિકે તેજહીન હોય તે ચક્ષુ દર્શના વરણનો ઉદય.

૨ અચક્ષુદર્શનાવરણ=આંખો વિના બાકીની ચાર ઈંદ્રિને પાંચમુ મન એણે કરી શબ્દાદિ અર્થનો સામાન્યાવ બોધ થાય તે તથા પરભવથી આવતાં રસ્તામાં છદ્મસ્થને પ્રથમ સામાન્યો પયોગી દર્શન હોય અને પછી વિશેષો- પયોગી જ્ઞાન હોય. કેળવીને પ્રથમ સમયે કેવળ જ્ઞાન થાય ને બીજે સમયે કેવળ દર્શન હોય. દ્રવ્યેદ્રિવિના પણ સામા- ન્યાવ બોધ હોય તે અચક્ષુદર્શન તેનું આવરણ તે.

૩ અવધિદર્શન=દ્રવ્ય, ક્ષેત્ર, કાળને ભાવ, એ ચાર

મર્યાદામાં રહ્યાં જે રૂપી દ્રવ્ય તેના સામાન્યાંશનો અવબોધ તે અવધીદર્શન તેનું આવરણ.

૪ કેવળ દર્શન=સર્વ દ્રવ્યના સામાન્યાંશનો અવબોધ તે કેવળ દર્શન તેનું આવરણ એ ચાર દર્શન કહ્યાં હવે પાંચ પ્રકારની નિંદ્રાનું સ્વરૂપ કહે છે.

નિંદ્રાએ કરીને ઇંદ્રિયના વિષયો રૂંધાય તેથી સમસ્ત દર્શનનો ઘાત થાય જેથી નિંદ્રાને સર્વઘાતીની પ્રકૃતિગણી છે તથા દર્શના વરણી કર્મમાં ગણી છે તેના પાંચ ભેદ છે.

૫ નિંદ્રા=સાદ માત્રે કરી સુખે જાગવું તે.

૬ નિંદ્રાનિંદ્રા=ઘણા ઘણા આકરા શબ્દે કરી ધુંધળાવીને મહામહેનતે જગાવી એ તે દુઃખે કરી જાગવું તેનું નામ નિંદ્રાનિંદ્રા.

૭ પ્રચલા=બેઠા થકા તથા ઉભા ઉભાં નિદ્રા આવે તે પ્રચલા.

૮ પ્રચલાપ્રચલા=હાલતાં ચાલતાં હાથીની પેરે નિંદ્રા આવે તો સુતાં બેઠાં કે ઉભા થકાં નિંદ્રા આવે તેમાં તો નવાઈ શી? એવી ઘણી નિંદ્રા આવે તે પ્રચલા પ્રચલા ઘોડાના જેવી નિં ા કે જેવારે દાણો ખાતાં કાંકરો આવે ત્યારે કે રણમાં જાગે તેવી.

૯ થીણદ્ધિ=દિવસે ચિંતવ્યા અર્થની કરનારી. તેવી નિંદ્રા આવેથકે તે પહેલાં જાગતાં જે કાર્ય ચિંતવ્યું હોય

તે કાર્ય નિંદ્રામાં કરે તે નિંદ્રા કુંભકરણના જેવી અશુભ નિંદ્રા છે તે નિંદ્રામાં અર્ધ ચક્રવર્તી જેવાસુદેવ તેનાબળથી અડધુબળ વજારૂષભનારાચ સંઘયણવાળાને હોય ને છેવઠ્ઠા સંઘયણવાળાને એ ઉંઘમાં બમણું ત્રમણું બળ હોય તેનું નામ થીણદ્ધિ નિંદ્રા છે.

એ રીતે દર્શના વરણના નવ પ્રકાર થયા.

---

## વેંદની તથા મોહની કર્મ.

---

૩ વેદની કર્મ=તેના બે પ્રકાર છે. શાતાને અશાતા મધથી ખરડેલી તરવારની ધાર ચાટતાં મધની મીઠાશથી સુખ પામે તે શાતા, અને તરવારની ધારથી જીભ કપાય તે અશાતા પાંચ ઇંદ્રીના અનુકુળ વિષયો પામી સુખ ભોગવે તે શાતા, અને તેની અપ્રાપ્તીથી વિરહ દુઃખ ભોગવે તે અશાતા. દેવતા તથા મનુષ્યોને પ્રાયે શાતા હોય કારણ એ બે ગતિ પુણ્ય પ્રકૃતિની છે. કોઈ વખત સ્ત્રીયાદિના વિયોગથી અશાતા હોય માટે પ્રાયે કહ્યું ને ત્રિજંચનારકી એ બે ગતિ પાપ પ્રકૃતિની છે ત્યાં અશાતાવેદની નો ઘણો ઉદય હોય. ( કોઇ હસ્તી રત્ન પ્રમુખ આદર મહત્વ પામે તથા જીન કલ્યાણક સમયે નારકીના જીવોને

કાંઇક દુઃખની મંદતાએ શાતા વેદે બાકી અશાતા જ હોય એ ત્રીજું વેદની કર્મ કહ્યું.

મોહની કર્મ=એ કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મધ્ય પાન કર્યા પછી જીવ વિકલ થાય છે તેમ મોહનીના ઉદયે જીવ પોતાનું હિત ન સમજે કદાપિ સમજે તો પણ મોહવશે કરી શકે નહીં તે મોહની કર્મ બે પ્રકારનું છે તે બે પ્રકારના અઠાવીશ પ્રકાર છે.

૧ દર્શન મોહની કર્મ=જેમ તાવના જોરથી પથ્ય વસ્તુ રૂચે નહીં તેમ મિથ્યાત્વના ઉદયથી આત્મહિતકારી શુદ્ધદેવ, શુદ્ધગુરૂ, શુદ્ધધર્મ રૂચે નહીં કુદેવ, કુગુરૂ, કુધર્મ દુર્ગતિના દેવાવાળા તે રૂચે તે દર્શન મોહની કર્મ કહીએ તેના ત્રણ ભેદ છે.

૧ સમ્યકત્વ મોહની=સમ્યકત્વ સહિત મોંહની હોય તે શુદ્ધ પુંજ તે સમ્યકત્વ તે શોધ્યા દળને જેમ ચસ્મા દ્રષ્ટી તેજને આવરે છે છતાં પણ સુક્ષ્મ અર્થે દ્રષ્ટિ ઠેરાવે તેમ જીવને મોહનીનો ઉદય હોય છતાં પણ તત્વ રૂચી ઉપજાવે જીવને વિકળ કરે તેવાં મિથ્યાત્વનાં દળિયાં ઉપસમ સમ્યકત્વે શોધી તેનો ચોઠાણીયો ત્રિઠાણીયો બેઠાણીયો રસટાળી માત્ર એક ઠાણીયારસ સહિત દલ રાખે જેથી જીવતત્વની પરીક્ષા વિશે મુંઝાય નહીં સુક્ષ્મ પદાર્થને વિષે દેશ શંકાયે સમ્યકત્વે મેલ ઉપજાવે તે શુદ્ધ દળનું નામ

સમ્યકત્વ મોહની કર્મ છે.

૨ મિશ્ર મોહની કર્મ=અર્ધ શુદ્ધ પુંજ મિથ્યાત્વનાં દળિયાંનો બેઠાણીયો રસ માત્ર રસ રહ્યો છે તેથી કંઇક કાર્ય કરે, કાંઇક ના કરે તત્વરૂચી ન હોય તેમ અતત્વરૂચી પણ ન હોય એવી મિશ્ર રૂચી ઉપજાવે તે મિશ્ર મોહની-વાળાને વિતરાગ ધર્મ જેવો જીવને હિતકારી બીજો કોઈ ધર્મ નથી એવો અભ્યંતર રાગ ન હોય તથા એમ એ ધર્મ ખોટો છે તેમ નિંદા રૂપ અભ્યંતર અરૂચી દ્વેષ પણ ન હોય તે મિશ્ર પણું અંતર મહુરત પ્રમાણ જ હોય કોની પેઠે કે જેમ એક માણસ ફળા હારથી ઉદર પોષણ કરે છે તેણે અનાજ કોઈવાર પણ દીઠું નથી તેથી તેનો સ્વાદ જાણ્યા વિના તે ઉપર રાગ પણ નથી તેમ દ્વેષ પણ નથી એ રીતે મિશ્ર ભાવ તે મિશ્ર મોહની સિદ્ધાંતિક મતે મિ-થ્યાત્વથી મિશ્રે આવે પણ સમ્યકત્વથી મિશ્રે ના આવે.

૩ મિથ્યાત્વ મોહની=અણ શોધ્યું પુંજ જેનો રસ ચોઠાણીયો, ત્રિઠાણીયો બેઠાણીયો રસ જેવો બાંધ્યો હતો તેવો જ સર્વ ઘાતી રસ તત્વસદ્દહણાનો વિપર્યાસ કરનાર, ઉન્માદજન્ય કર્મદળ મીણાકોદરાની પેઠે કે ધંતુરાના રસની પેઠે દ્રષ્ટિને ફેરવે જેથી ઉજવળ જિનમત તેને મલીન દેખેને કુમાર્ગને ઉજવળ દેખે તેનું નામ મિથ્યાત્વ મોહની તેના ઉદયથી જીવને રાગ દ્વેષ મોહાદિક દોષવંતને વિષે દેવ

રૂચી થાય. આરંભ પરિગ્રહીને ગુરૂ કરી માને, સ્વમતિ કલ્પીત ધર્મને માને એટલું જ નહીં પણ તત્વાર્થ જિનોક્ત માર્ગ ઉપર દ્વેષ ધરે એવી વિપરીત શ્રદ્ધા તે મિથ્યાત્વ મોહની.

એ રીતે ત્રણ પ્રકારે દર્શન મોહની કર્મ છે. હવે ચારિત્ર મોહનીના ૨૫ પ્રકાર કહે છે.

૨ ચારિત્ર મોહની કર્મ=સોળ કષાયને નવનો કષાય એ રીતે પચીશ પ્રકાર છે.

૧ કષાય કૃષ=સંસાર ને આય લાભ સંસારનો જેના ઉદયથી લાભ થાય તેનું નામ કષાય છે તે ક્રોધ, માન, માયાને લોભ તે પ્રત્યેક ચાર ચાર પ્રકારનાં છે.

૧ અનંતાનુ બંધી કષાય ચાર=અનંત સંસાર તેના અનુબંધી એટલે વૃદ્ધિ કરનારા કષાય તે અનંતાનુ બંધી કષાય. કદાગ્રહ યુક્તિએ બુદ્ધિ શુન્ય પણે એકાંત વાદીની કોઈ પણ ઉપાયે રૂચી ટળે નહીં, જિનમત ઉપર અરૂચી રૂપ દ્વેશ હોય તે જાવ જીવ સુધી રહે એવો દુસાધ્ય, સમકીતનો પ્રાયે ઘાત કરે, નરક પ્રાયોગ્ય કર્મ બંધાય તે અનંતાનુ બંધી ચાર તથા દર્શન મોહની ત્રણ મળી સાત પ્રકૃતિ કોઇ ઠેકાણે દર્શન મોહનીમાં ગણી છે. કર્મ ખપાવતી વખતે પ્રથમ એ સાત પ્રકૃતિ ખપે છે ત્યારે સમકીત પામે છે. બાકીની પ્રકૃતિ (૨૧) ચારિત્ર મોહનીમાં ગણી છે.

૨ અપ્રત્યાખ્યાની કષાય ચાર=અપચ્ચખાણી કષાય

તે કષાય વાળો કોઇ પણ વ્રત પચ્ચ ખાણ કરે નહીં અવિ-રતીપણું હોય તે અપ્રત્યાખાની કષાય એક વરસ સુધી રહે. અણુવ્રતનો ઘાત કરે, ત્રિજંચ પ્રાયોગ્યકર્મ બંધાય દુઃસાધ્ય.

૩ પ્રત્યાખાની કષાય ચાર=પચ્ચખાણીકષાય, આત્માને પ્રવૃતિ માર્ગથી રોકવો તે પ્રત્યાખાની કષાય ચાર માસ સુધી રહે તેમાં દેશ વિરતી પાણું હોય પણ સર્વ વિરતી પણું ન હોય, મનુષ્ય પ્રાયોગ્ય કર્મ બંધાય દુઃસાધ્ય

૪ સંજ્વલન કષાય ચાર=પંદર દિવસ સુધી રહે તે સુસાધ્ય છે થોડા પરિસહે કરીને યતિને દીપે પછી તરત વિસરાળ થાય તેથી દેવતા પ્રાયોગ્ય કર્મ બંધાય સંજ્વલન કષાયમાં સર્વ વિરતીપણું પામે પણ યથાખ્યાત ચારિત્રના આવે કેમકે ઉપશાંત મોહનું ઠેકાણું આવ્યું તે પણ સંજ્વ-લનને ઉદયે જાય તથા સરાગ સંયમને વિષે પણ દેશભંગ અતિચાર ઉપજાવે જેથી સર્વ વિરતીને વિષે અતિચાર ઉપજે અને પ્રથમ બાર કષાયને ઉદયે અનાચાર રૂપ મૂળ ભંગ થાય માટે તે દુઃસાધ્ય કહ્યા છે.

૨ નોકષાય=જેથી કષાય ઉપજે તે નોકષાય નવ પ્રકા-રના છે તેનાં નામ.

૧ હાસ્ય=હાંસી, મશ્કરી ભાંડ ચેષ્ટાદિક દેખવે કરી સકારણ કે નિઃકારણ સેહેજે હાંસી આવે તે હસવું આવે તે.

૨ રતિ=સુખ જેના ઉદયથી સકારણ કે નિઃકારણ ઈંદ્રિય અનુકુળ વિષય પામે તે રતિ કષાય.

૩ અરતિ=દુઃખ જેના ઉદયથી સકારણ કે નિઃકારણ ઈંદ્રિય પ્રતિકુળ વિષયો મળવાથી જે ચિતોદ્વેગ થાય તે અરતિ.

૪ ભય=બીક ઇહલોક પરલોકાદિ ભય તે ભય સાત પ્રકારના છે, મનુષ્યનો ભય, વ્યાઘ્રસર્પાદિ તથા ભૂત પ્રેતાદિની બીક, ચોરાદિ ભય, વીજળી બંદુકના શબ્દનો ભય, આજીવિકાનો ભય, મરવાનો ભય, અપયશનો ભય એ સાત પ્રકારના ભય તથા બીજા પણ સકારણ નિઃકારણ ભય ઉપજે તે ભય મોહની.

૫ શોક=ઈષ્ટા વિયોગાદિ કારણ મળે યા કારણ વિના જે રૂદનાદિ હોય તે.

૬ દુગંચ્છા=દુર્ગંધ કુરૂપ પદાર્થ દેખી સકારણ નિષ્કારણ સુગ ઉપજે તેથી નાક મચ કોડે, થુંકે ઈત્યાદિ ચિન્હ કરે તે દુગંછા જુગુપ્સા.

એ છ નો કષાય કહ્યા હવે ત્રણ વેદ કહે છે.

૭ પુરૂષવેદ=સ્ત્રીનું દર્શન, આલીંગન, મૈથુનાદિકની ઈચ્છા થાય તે પુરૂષવેદના ઉદયે તૃણખલાના અગ્નિની પેઠે અભિલાષા થાય જેમ તૃણખલાના અગ્નિની જવાળા એકવાર ઉઠે પછી તરત સમાઈ જાય તેમ પુરૂષ સ્ત્રી સેવન

માટે ઉતાવળો થાય પણ સેવન પછી તરત શાંન્ત થાય તે

૮ સ્ત્રી વેદ=પુરૂષ દર્શન, સ્પર્શન, આલિંગનાદિની અભિલાષા ઉપજે તે સ્ત્રી વેદ છાણાના ગોરાના કે બકરીની લીંડીના અગ્ની જેવો છે જેમ જેમ તે અગ્નિને ખોરીયે તેમ તેમ બળતો જાય અગ્નિ પ્રદીપ્ત થાય તેમ જેમ જેમ પુરૂષના કર સ્પર્શાદિક હોય તેમ તેમ સ્ત્રીને વિષયાગ્નિ વધતો જાય તે સ્ત્રી વેદ બીજે ઠેકાણે પુરૂષ કરતાં સ્ત્રીને આઠ ઘણો કામ કહ્યો છે.

૯ નપુશક વેદ=સ્ત્રી તથા પુરૂષ બંનેની જેને અભિલાષા ઉપજે તે નપુશક વેદ તે જેમ નગર બળતાં ઉકરડાદિ લાગ્યા તે ઘણા દિવસ સુધી બળે તેમ નપુશક વેદોદયે થયો જે વિષય તે કોઈ રીતે નિવૃત્તે નહીં તે નપુશકવેદ.

એ રીતે દર્શન મોહની ત્રણ, ચારિત્ર મોહની પચીશ (કષાય સોળને નવનોકષાય.) એ અઠાવીશ પ્રકૃતિ મોહની કર્મની થઈ.

---

## આયુષ્ય કર્મ.

૫ આયુષ્ય કર્મ=તે ચાર પ્રકારનું છે ૧ દેવતાનું આયુષ્ય, મનુષ્યનું આયુષ્ય, ત્રિયંચનું આયુષ્ય ને નારકીનું આયુષ્ય એ ચાર એ કર્મ હેડના જેવું છે જેમ હેંડ એટલે

કેદમાં પડેલો મનુષ્ય રાજાના હુકમ વગર બહાર નીકળી શકે નહીં તેમજ આયુષ્ય કર્મના ઉદયથી બાંધેલુ આયુષ્ય પુરૂ ભોગવ્યા વિના તે ગતિમાંથી છુટાય નહીં તે આયુષ્ય કર્મ કહેવાય. સારી રીતે શોભે તે સુર ભકતોને ઇચ્છિતને સારી રીતે આપે તે સુરઃદેવ વસ્તુ તત્વને સમસ્ત પ્રકારે એકત્ર કરે જાણે તે નર=મનુષ્ય વાંકા ચાલે તે ત્રિયંચ ઘણા પાપ કરનાર નર્કાવાશમાં ઉત્પન્ન થએલા તે નારકી જાણવા.

## નામ કર્મ.

૬ નામ કર્મ=એ કર્મનો સ્વભાવ ચીતારા જેવો છે જેમ ચિતારો વિચિત્ર રંગે કરી વિવિધ પ્રકારના રૂપ આ લેખે છે તેમ નામ કર્મ પણ દેવતા, મનુષ્યં, ત્રિજંચાદિ અનેક રૂપ નાના પ્રકારના સંસ્થાન, વર્ણ ઘડે છે તે નામ કર્મના સામાન્યે બેંતાળીશ ભેદ છે વિશેષ પ્રકારે ત્રાણું તથા એકસો ત્રણ ભેદ થાય છે તથા બંધાદિ અપેક્ષાએ ૬૭ ભેદ છે તેના પ્રકાર ૧૪ પીંડ પ્રકૃતિ ચૌદ પ્રકારની છે તેના ભેદ પાંસઠ છે તથા પંચોતેર થાય છે.

૧ ગતિ નામ=દેવતાદિની ગતિ તે ચાર પ્રકારની.

| | |
|---|---|
| ૨ જાતિનામ=એકેંદ્રીયાદિક તે પાંચ પ્રકારની.<br>૩ શરીરનામ=શરીર અંગનું પામવું તે પાંચ પ્રકારનું છે. | ૧ શિર ૧ હૃદય ૧ પેટ ૨ ભુજા ૨ સાથળ ૧ વાંસો ૮ અંગ |

૪ ઉપાંગ=હાથ પગાદિ અંગ તે ઉપાંગ કહેવાય તેના ત્રણ પ્રકાર આંગળી પ્રમુખને ઉપાંગ, ને નખરોમાદિક તે અંગોપાંગ કહેવાય.

૫ બંધનનામ=બાંધવાનું પુદ્‌ગળોનું માંહો માંહે જોડવાનો હેતુ તે પાંચ તથા પંદર ભેદે ઔદારિકાદિક શરીરના પુદ્‌ગળ પુર્વે બાંધેલાંને નવાં બંધાતાં લાખની પેરે બાંધે છે

૬ સંઘાત નામ=જેણે કરી આપણા શરીર યોગ્ય કર્મ પુદ્‌ગળ સ્કંધને એકઠાં કરાય તે પાંચ ભેદ.

૭ સંઘયણ નામ=જેમ ખીલાદિકે કમાડાદિનાં સાંધા દ્રઢ કરીએ તેમ શરીરને વિષે હાડકાના સાંધાનું દ્રઢ કરનાર હેતું તે સંઘયણ છ પ્રકારના છે.

૮ સંસ્થાન નામ=શરીરનો શુભ અશુભ આકાર તે છ પ્રકારના છે.

૯ વર્ણ નામ=શરીર પુદ્‌ગળે કૃષ્ણ, ગોરવર્ણ થવાનો હેતું તેના પાંચ ભેદ છે.

૧૦ ગંધ નામ=શરીર સુગંધ, દુરગંધ થવાનો હેતુ તે બે ભેદ છે.

૧૧ રસ=શરીરનો રસ તિકતાદિ એટલે તીખો, કડવો મીઠો થવાનો હેતુ તે પાંચ ભેદ.

૧૨ સ્પર્શ નામ=શરીરનો શીત ઉષ્ણાદિ સ્પર્શ હોય તેના આઠ ભેદ છે.

૧૩ આનુ પુર્વી=જે કર્મના ઉદયથી જીવને વક્રગતિ કરતો પકડીને પોતાના ઉત્પત્તિ સ્થાનકે લાવે જેમ રાશે તાણ્યા બળદ ગમાણે આવે છે તેમ આવે તે ચાર ભેદ છે.

૧૪ વિહાયો ગતિ=જે કર્મ ઉદયથી જીવની શુભ કે અશુભ ચાલ હોય તે બે પ્રકારે છે આકાશે ચાલવું તે વિહાયો ગતિ એ ચૌદ પીંડ પ્રકૃતિ કહી હવે આઠ પ્રત્યેક પ્રકૃતિ કહે છે.

૧ પરાઘાત નામ કર્મ=જેના ઉદયથી પરની શક્તિને હણીયે, પરથી તે જીત્યો ન જાય, ગમે તેવા બળવાનને જીતવા સમર્થ થાય તે પર×આઘાત=પરાઘાત કર્મ.

૨ ઉચ્છવાશ કર્મ=જે કર્મથી જીવ સ્વાસો પુર્ણ કરે, સુખ પૂર્વક સ્વાશો સ્વાશ લેઈ શકે તેવો લબ્ધી વંત હોય તે લબ્ધી કર્મના ઉદયથી થાયછે સ્વાસોસ્વાસ યોગ્ય પુદ્ગળ ગ્રહણ કરી શ્વાસોશ્વાસપણે પરિણામાવી અવલંબી મુકવાની શક્તીને શ્વાસોશ્વાસ પર્યાપ્તી કહે છે અને શ્વાસોશ્વાસ લેવા મુકવાની ક્રિયાને શ્વાસોશ્વાસ પ્રાણ કહે છે.

૩ આતાપ નામ કર્મ=જેના ઉદયથી સૂર્યના બિંબ પેઠે પરને તાપ ઉત્પન્ન કરે તેવું પ્રકાશવાન શરીર હોય તે પોતે શીતળ છતાં બીજાને તાપકારી થાય. બાદર પૃથ્વીકાઇયા પર્યાપ્તા જીવ આ કર્મના ઉદયથી પ્રકાશ કરે. અગ્નીકાયમાં તો ઉષ્ણ સ્પર્શ અને રાતા વર્ણનો ઉદય છે. જેથી તેને ના

હોય. સૂર્યના બીંબને વિશે રહેલા પૃથ્વીકાયને જ હોય.

૪ ઉદ્યોત નામ=જે કર્મના ઉદયે ચંદ્ર બિંબના પેઠે શરીરમાં શીત્તળતો ઉત્પન્ન થાય તેવા પ્રકાશવંતવાળું શરીર હોય ખજુઓ ( આગીયો ચોરેંદ્રિ જીવ ) મણી રત્નાદિને ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય.

૫ અગુરૂ લઘુ=જે કર્મના ઉદયથી શરીર સ્થુળ પણ નહીને કૃશ પણ નહીં એવું શરીર મધ્યમ વજનદાર હોય તે.

૬ તિર્થંકર નામ=જે કર્મના ઉદયથી તિર્થંકરપણું પામે તે તિર્થંકર નામ કર્મનો રસોદય કેવળ જ્ઞાન પામે થાય ને પ્રદેશોદય તિર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી અંતર મહુરતે થાય છે.

૭ નિર્માણ નામ કર્મ=જેના ઉદયે પોતાના અંગના સર્વ અવયવો યોગ્ય સ્થળે ગોઠવવાની શક્તિ હોય.

૮ ઉપઘાત=જેના ઉદયે જીવ પોતાના અધિક અંગથી તથા ઓછા અંગે કરી પીડા પામે તે

[ ત્રશ દશક તથા થાવર દશક કહે છે ]

૧ ત્રસ નામ=હાલે ચાલે તે તાપાદિથી પીડા પામતાં ત્રાશ પામી છાયાદિ આશ્રય લેવા બીજે સ્થાને જાય તે.

૨ બાદર નામ=દેખાય તેવા શરીરની પ્રાપ્તી એક, અનેક તથા એક જાતનાં જીવનાં સંખ્યાત અશંખ્યાતાં પણ શરીર ભેગાં હોવા છતાં પણ નજરે દીસે તે બાદર.

૩ પર્યાપ્ત નામ=જેના ઉદયથી જીવ આપ આપણી પર્યાપ્તી પુરી કરે તે બે પ્રકારે જેટલી કરવાની હોય તેટલી પર્યાપ્તી પુરી કરી મરશે તે લબ્ધી પર્યાપ્તો અધુરીયે મરે તે લબ્ધી અપર્યાપ્તો હજી અપર્યાપ્તો છે પણ પર્યાપ્તો થશે તે કરણ અપર્યાપ્તો અને જેણે સર્વ પર્યાપ્તી પુરી કરી છે તે કરણ પર્યાપ્તો. કરણ=ઈંદ્રિ.

૪ પ્રત્યેક નામ=જેના ઉદયે જીવ પોતાના એક શરીરનો ધણી થાય તે દરેક જીવને જુદુ શરીર હોય તે.

૫ સ્થિર નામ=જેના ઉદયે જીવના દાંત હાડ પ્રમુખ દ્રઢ બંધ હોય.

૬ શુભ નામ=જેના ઉદયે જીવનો નાભી ઉપરનો ભાગ સારો હોય પરને સુખ કરતા થાય તે.

૭ સૌભાગ્ય નામ=જેના ઉદયે જીવં, ઉપકારાદિ કર્યા વિના ત્થા સંબંધ વિના લોકને વલભ લાગે વહાલો લાગે તે.

૮ સુસ્વર નામ=જેના ઉદયે જીવનો સ્વર કોયલ જેવો મધુર હોય.

૯ આદેય નામ=જેના ઉદયે જીવનું વચન માનવા આદરવા યોગ્ય હોય તે.

૧૦ યશ નામ=જેના ઉદયથી જીવની કીર્તિ સર્વત્ર પ્રસરી જાય તે.

થાવર નામ કર્મ=જે કર્મના ઉદયથી જીવ થાવર થાય એટલે ત્યાંથી ખસાય નહી તાપાદિકની પીડા થાય તો પણ ખસી શકાય નહી તે તેજ વાયુ ગમનશીલ છે તે ગતિ ત્રશ છે સ્વભાવે તથા પરપ્રેરણા એ હાલે ચાલે છે પોતાની ઇચ્છાએ નહીં તેથી

૨ સુક્ષ્મ નામ=જેના ઉદયથી ઘણાં શરીર ભેગાં મળ્યાં થકાં પણ ચક્ષુએ દેખાય નહીં તેવું સુક્ષ્મ શરીરની પ્રાપ્તી ( સંખ્યાતાં અસંખ્યાતાં શરીર ભેગાં મળાં થકાં પણ ચર્મ-ચક્ષુએ દેખાય નહીં )

૩ અપર્યાપ્ત નામ=જેના ઉદયથી સ્વપ્રાયોગ્ય પર્યાપ્તી પુર્ણ કર્યા વિના મરણ પામે તે અપર્યાપ્ત નામ.

૪ સાધારણ નામ=જેના ઉદયથી અનંતા જીવો વચ્ચે એક શરીરની પ્રાપ્તી થાય તે.

અસ્થિર નામ કર્મ=જેના ઉદયે દાંતાદિ શિથીળ અવ-યવની પ્રાપ્તી થાય તે.

અશુભ નામ=જેના ઉદયે જીવનો નાભી નીચેનો ભાગ પગ વીગેરે અશુભ અંગ હોય જે બીજાને અડકવાથી અપ્રિતિ ઉપજે.

૭ દુર્ભગ નામ=જે કર્મના ઉદયે જીવ પરને અળ-ખામણો લાગે ( અવગુણ કર્યા વગર કે વેર સંબંધ વગર દુર્ભગ લાગે. )

૮ દુસ્વર નામ=જેના ઉદયથી જીવનો સ્વર કાનને અપ્રિય લાગે ખર માંજાર જેવો.

૯ અનાદેય નામ=જેના ઉદયે જીવનું વચન ભલુ હોય તો પણ કોઈ માન્ય કરે નહીં.

૧૦ અપયશ નામ-જે કર્મના ઉદયે જીવની અપકીર્તી નિંદા સર્વ કરે તે.

એ રીતે ચૌદ પીંડ પ્રકૃતિ. આઠ પ્રત્યેક પ્રકૃતિ, દશ ત્રશ, દશ થાવર મળી અઠાવીશ પ્રત્યેક પ્રકૃતિ અને ચૌદ પીંડ પ્રકૃતિ મળી ૪૨ પ્રકૃતિ નામ કર્મની થઈ.

ચૌદ પીંડ પ્રકૃતિના ઉતર ભેદ પાંસઠ ( બંધનના પાંચ ભેદ ગણતાં ) તથા અઠાવીશ પ્રત્યેક મળી ત્રાણું પ્રકૃતિ થાય. પણ બંધનના પંદર ભેદ ગણીએતો નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ થાય. આઠ કર્મની એકસો અઠાવન ઉત્તર પ્રક્રિતિમાં તથા સતામાં રહેલી પ્રકૃતિની અપેક્ષાયે નામ કર્મની (૧૦૩) ગણવી અગર (૯૩) ગણવી પણ બંધ, ઉદય, ઉદિરણામાં નામ કર્મનો સડસઠ પ્રકૃતિમાં સમાસ કર્યો છે તે બતાવે છે.

ચૌદ પીંડ પ્રકૃતિમાં બંધન નામ કર્મની ૧૫ તથા સંઘાતન નામ કર્મના પાંચ એ વીશ ભેદને શરીર નામ કર્મમાં સમાવેશ કરી જૂદા ન ગણીએ તો એ વીશ તથા વર્ણ ચતુષ્કના વીશ ભેદ છે તે ન ગણતાં મૂળ ચાર જ

ભેદ ગણીએ તો સોળ ભેદ તે કમી થાય એટલે ૨૦+૧૬ ૩૬ પ્રકૃતિ કમી થઈ તેથી ૧૦૩-૩૬=૬૭ પ્રકૃતિ નામ કર્મની બંધો દયમાં હોય.

## ગોત્ર કર્મ.

૭ ગોત્ર કર્મ-બે પ્રકારનું છે. ઉંચ ગોત્રને નીચ ગોત્ર

૧ ઉંચ ગોત્ર-ક્ષત્રીયાદિ ઉત્તમ કુળમાં જન્મ થવો તે ઉંચ ગોત્રના ઉદયે કદાપિ બુદ્ધિ હીન હોય તો પણ માન મળે. મોટાના છોકરાં ગાંડા હોય તો પણ ભોળા કહેવાય.

૨ નીચકુળ કલાલ ચંડાળાદિ જાતિમાં જન્મ પામવું તેનાથી જીવ બુદ્ધ વંત હોય પણ નિચ ગોત્રના ઉદયથી માન પામે નહીં તે નીચ ગોત્ર.

## અંતરાય કર્મ.

૮ અંતરાય કર્મ-રાજાના ભંડારી સરખું કહ્યું છે. જેમ ભંડારી પ્રતિકુળ છ તે રાજાદિક દાન વગેરે કરવાવાં છે પણ છતે યોગે દાન આપી શકે નહી. તેમ જીવ રૂપ રાજા અંતરાય કર્મ રૂપ ભંડારી ને વશ થકો દાન, લાભ,

ભોગ, ઉપભોગ તથા વિર્ય વાંચ્છતો છતાં પણ દઈ, લઈ કે ભોગવી શકે નહીં. અંતરાય કર્મના ક્ષયો પસમ મુજબ જીવ દાનદે, લાભ મેળવે, ભોગવે. પણ તિવ્રોદય હોય તો છતી જોગવાઇએ પણ જીવ કાંઇ કરી શકે નહીં તે અંતરાય કર્મના પાંચ પ્રકાર છે.

૧ દાનાંત્તરાય–જેના ઉદયે શુદ્ધ દ્રવ્ય છ તે શુદ્ધ પાત્ર મળે થકે દાન દેવાનેવાંછતો પણ દાન આપી ન શકે તે.

૨ લાભાંતરાય–જે કર્મના વશે દેવાવાળો છતાં ઇષ્ટ વસ્તુ વાંચ્છતો પ્રાયે વ્યાપારે પણ ડાહ્યો છતાં લાભ ન મળે. ઈષ્ટ વસ્તુ ન પામે તે.

૩ ભોગાંતરાય–ફુલ, આહારાદિ જે એક વખત ભોગવ્યા બાદ નકામું થાય તે ભોગ દ્રવ્ય મળે છતે ભોગવવા વાંચ્છતો છતે ભોગવી ન શકે તે.

૪ ઉપભોગાંતરાય– જે કર્મના ઉદયે ઘણા વખત ભોગવાય તે સ્ત્રી આભરણાદિ ઉપભોગની વસ્તુઓ હુવે છતે ભોગવી ન શકે તે ઉપભોગાંતરાય.

૫ વિર્યાતરાય–જેના ઉદયે જીવ સમર્થ છતાં ધર્મ ક્રિયાદિ કરી શકે નહી પોતાનું બળ વિર્ય ફોરવી શકે નહી તેના ત્રણ પ્રકાર ૧ મિથ્યાત્વીની ક્રિયા કરવાની શક્તિ તે બાળ વિર્ય, દેશ વિરતીના મોક્ષાર્થ ક્રિયા તે બાળ પંડિત વિર્ય અને મુનિની મોક્ષાર્થ ક્રિયા તે પંડિત વિર્ય.

એ રીતે આઠે કર્મની મૂળ ઉતર પ્ર કૃતિના લક્ષણ સ્વરૂપ કહ્યાં.

જ્ઞાનાવરણાદિ બાંધવાના મૂળ ચાર કારણ છે મિથ્યાત્વ, અવિરતી, કષાય, યોગ—તે ચારના ઉત્તર ભેદ સતાવનછે.

---

## કર્મ બંધના હેતુ.

---

૧ મિથ્યાત્વ—વિપરીત તત્વ રૂચી, તત્વાર્થની અરૂચી કદાગ્રહ રૂપ તે મિથ્યાત્વ તેના પાંચ પ્રકાર છે.

૧ અભિગ્રહીત મિથ્યાત્વ—ગુણ અવગુણ વિચાર્યા વિના જે મત ગ્રહણ કર્યું તેજ ભલું જાણે અને બીજાની નિંદા કરે કે અમારા વડેરા કરતા હતા તે કરીશું ઈત્યાદિ પરીક્ષા કર્યા વિના પોતાના ધર્મનો કદાગ્રહ હોય તે અભિગ્રહિત.

૨ અનભિગ્રહીત મિથ્યાત્વ—જેણે કરીને સર્વ દર્શન ભલાં છે પણ કોઈ દર્શનનું વિશેષ પણું જાણે નહી તે અનભિગ્રહીત.

૩ અભિનિવેશી—પોતાનો બોલ થાપવાને અર્થે સૂત્ર અર્થ મરડે, કુયુક્તિ માંડે તે.

૪ સાંસયિક મિથ્યાત્વ—જીનોક્ત તત્વને વિષે સંસય ધરતો રહે ગુરૂગિતાર્થની સામગ્રી છતાં પણ મનમાં વિચારે કે જો પુછીશ તો મને ગુરૂ અજ્ઞાની જાણશે એમ જાણી પુછે નહી શંસયવંત અવિશ્વાસી થકો રહે તે

૫ અનાભોગ મિથ્યાત્વ–જેથકી કોઈ પણ દર્શન ભલું ભુંડું ન જાણે. જેમ મુર્છા પામેલો મનુષ્ય કડવો, મીઠો રસ જાણે નહી તેની પેઠે જે એકેદ્રિયાદી જીવો છે તે તત્વ ન જાણે માટે એ સહુ અનાભોગીક મિથ્યાત્વવંત છે.

૨ અવિરતી–મન, વચનને કાયાના મલીન યોગથી જે નિવૃતિનો અભાવ તે બાર પ્રકારના વ્રતો નહીં પાળવાં તેથા વિપરીત મતિ તે અવ્રત પણ અહીં અવૃત હેતુ રૂપે છે તે બતાવે છે મનની અવિરતી તે મનને વિષે હિંસાદિનો સંકલ્પ કરવો તે કર્મ બંધ હેતુ છે એવું જાણીને પણ મનને રોકે નહીં તે મનની અવિરતી જાણવી

કરણ–પાંચ ઇંદ્રિયના વિષયને સંસાર હેતુ જાણીને પણ પોત પોતાના વિષયથી ઇંદ્રિને રોકે નહીં, રોકવાનો, નિવૃતાવવાનો ( પરિણામ ) પ્રણામ પણ ન કરે તે પંચેંદ્રિની અવિરતી પાંચ પાંચ પ્રકારના થાવર જીવોની પાંચ નિકાય તથા છઠ્ઠી ત્રસ નિકાય તેની હિંસા સંસાર હેતુ છે એમ જાણીને પણ તે હિંસાથી વિરમવાના પ્રણામ નહીં કરે તે છ કાયાની અવિરતી એબાર અવિરતી થઈ. તે મધ્યે સમ્યક દૃષ્ટિ અવિરતી જીવ જાણે પણ વિરમે નહીં. બીજા તો જાણે નહીં ( છ કાયનું સ્વરૂપ તથા વિષય નિવારવાનું સ્વરૂપ ) તેથી કેમ વિરમે ! જે વારે ઇંદ્રિના વિષયથી વિરમે તે વારે સર્વથી વિરમી શકે.

૩ કષાય—અનંતાનુ બંધાદિક સોળ કષાય તથા નવનો કષાય એ પચીશ ભેદ છે તેનું વર્ણન આગળ આવી ગયું છે. તે કષાયો સર્વ કર્મ પ્રકૃતિના રસ બંધના હેતુ છે કષાય વિશેષે રસ વિશેષ હોય માટે સાથી પહેલા કષાયને નિવારવા જોઈએ.

૪ યોગ—જે વિર્ય વિશેષે કરી ઔદારિક પુદ્ગળ ગ્રહણ કરે તથા તેને સ્વાસોસ્વાસાદિપણે પરિણમાવીને સ્વભાવિક હેતુ શક્તિ વિશેષ સિદ્ધિને અર્થે અવલંબે જેમ કોઇ આજારી માણસ લાકડી ઝાલીને ઉઠે ફરે તે સામાર્થ્ય આવે મૂકી દે તેમ જીવ ભાષાદિક પુદ્ગળો અવલંબી તત્-જન્ય કર્ણ વિર્ય થએ તેને મૂકીદે તેથી પરિણામ અવલંબન ( ગ્રહણ ) હેતુ જે વિર્ય તેને યોગ કહીએ તે યોગ મન, વચનને કાયા એ ત્રણ ભેદે છે. યોગ, બળ, વિર્ય, ઉત્સાહ, શક્તિ, ચેષ્ટા કરણ એ સર્વ યોગના પર્યાય નામ છે અને તે જીવને વિર્યાંતરાયના ક્ષયોપસમે કરી સર્વ પ્રદેશે સંખુ છે પણ જે પ્રદેશ કાર્યને ઢુંકડા હોય ત્યાં ઘણું વિર્ય જણાય અને બીજા પ્રદેશે થોડું જણાય તે યોગના પંદર ભેદ છે. ચાર મનના, ચાર વચનના ને સાત કાયાના મળી પંદર યોગ પ્રદેશ બંધના હેતુ છે હવે મનના ચાર યોગ.

૧ સત્યમનોયોગ—જીવાદિ પદાર્થને અનેકાંત રૂપે ચિંતવવું સત્ય બોલવું તે.

૨ અસત્ય મનો યોગ–અસત્ય ચિંતવવું એકાંત પણે ચિંતવવું તે

૩ સત્યામૃષા મનોયોગ–કાંઇ સત્યને કાંઈક અસત્ય પણે ચિંતવવું તે.

૪ અસત્ય મૃષા–સાચુ પણ નહીંને જુઠું પણ નહીં. એ ચાર મનના થયા હવે વચનના એ ૪ ચાર યોગ તે મનના યોગની ચિંતવણામાં વચનને જોડવું તે વચનયોગ.

નિશ્ચયનય મતેતો શુદ્ધ પ્રણામ વિવક્ષા પૂર્વક તે સત્ય મનોયોગ મિથ્યાત્વાદિકે સહિત તે અસત્ય મનોયોગ તેમજ એ બે પ્રકારે ચિંતવવું તે સત્ય મૃષા. બંને પ્રકારને વિરોધ આવે એવું ચિંતવવું એટલે આરાધક વિરાધકપણું નહી તે જેમ ( અમુક આમ આવ આલે તે આમંત્રણા જેવું ) તે અસત્ય મૃષા મનોયોગ એ રીતે મન, વચનના આઠ કાયાના સાત ૧=વૈક્રિય યોગ=વૈક્રિય શરીરે આત્માનો વિર્ય વ્યાપાર તે.

(૨) આહારક યોગ=ચૌદ પુર્વધર મુનિ પોતાના સંસયટાળવાને તથા જિનરિદ્ધિ દેખવાને આછુસ્ફટીક સરખું મુડા હાથ પ્રમાણ શરીર કરે તે આહારક શરીર તે શરીર જન્ય વેપાર તે.

(૩) ઔદારિકયોગ=ઔદારિકશરીર જન્યવ્યાપાર તે એ ત્રણ યોગને મિશ્ર કરવા એટલે ત્રણ. વૈક્રિય મિશ્ર, આહારક

મિશ્રને ઔદારિક મિશ્ર એ છ યોગ થયા હવે સાતમો.

કાર્મણ યોગ=કર્મ દળ સાથે આત્મ પ્રદેશનું મળવું તે કાર્મણ શરીર કહીએ તેણે કરી પરભવાદિકથી આગમનશક્તિ તે કાર્મણ યોગ. કાર્મણ યોગમાં તેજ શરીરનો યોગ પણ આવી જાય છે કારણ કે તેજસ શરીરે કરીને તેજો લેશ્યા મૂકવા લેવાદિકનું કરવું તથા ભોજન પાચનાદિ વ્યાપાર પ્રવર્તના તેજસ શરીર છે તે જીવને તેજસ કાર્મણ સર્વદા હોય માટે ભેગુ ગણ્યું છે. એ રીતે ત્રણ શરીરના ને ચાર મિશ્ર મળી સાત કાયાના યોગ થયા તથા ચાર મનના ને ચાર વચનના મળી પંદર યોગ થયા.

પાંચ મિથ્યાત્વ, બાર અવ્રત, પચીશ કષાય, નેપંદર યોગ મળી સતાવન ભેદ થયા.

---

## કયા ગુણઠાણે કેટલા બંધ હેતુ હોય.

૧ મિથ્યાત્વ ગુણઠાણે આહારક દ્વીક વગર પંચાવન કર્મ બંધ હેતું હોય. ૫+૧૨+૨૫+૧૩=૫૫

૨ સાસ્વાદન ગુંઠાણે મિથ્યાત્વ પાંચ ન હોય તેથી પચાસ હેતુ હોય ૧૨+૨૫+૧૩=૫૦

૩ મિશ્ર ગુંઠાણે ઉપર કહેલા તથા મિશ્ર દ્વીક એટલે વૈક્રિય મિશ્રને ઔદારિક મિશ્ર તથા કાર્મણ યોગ અને

અનંતાનું બંધી ચાર કષાય એ સાત જતાં ૪૩ હેતુ હોય ૧૨+૨૧+૧૦=૪૩

૪ અવિરતી ગુંઠાણે ઉપર બીજા ગુંઠાણાના પચાસ હેતુમાંથી અનંતાનુ બંધી ચાર કષાય જતાં છેતાળીશ હેતુ હોય જઘન્ય ઉત્કૃષ્ટે હોય. ૧૨+૨૧+૧૩=૪૬

૫ દેશ વિરતી ગુંઠાણે=ચોથા કરતાં અવિરતી ૧ (ત્રશકાયની) યોગમાં બે ઔદારિક મિશ્રને કાર્મણ કષાયમાં અપ્રત્યાખાની ૪ એ સાત યોગ કમી થયા માટે ૩૯ ૧૧+ ૧૭+૧૧=૩૯

૬ પ્રમત ગુંઠાણે=પાંચ ઇંદ્રીને છઠા મનની તથા પાંચ થાવરની એટલે અવિરતી ટળી તથા કષાયમાં પ્રત્યાખાનાવરણી ૪ ટળ્યા એટલે પંદર હેતુ કમી થયા તેમાં ચૌદ પુર્વધર આશ્રી આહારકને આહારક મિશ્ર એ બે યોગ વધારતાં છવીશ હેતુ હોય. ૦+૦+૧૩×૧૩=૨૬ હેતુ હોય.

૭ અપ્રમત ગુંઠાણે—આહારક મિશ્ર અને વૈક્રિય મિશ્ર એ બે યોગ ન હોય કારણ કે આહારકને વૈક્રિય શરીરની લબ્ધી પ્રયુંજવાવાળા છઠ્ઠા ગુંઠાણે હોય પછી સાતમે આવે તેથી ૧૩×૧૧=૨૪

૮ અપુર્વ કરણે=વૈક્રિય અને આહારક એ બે યોગ ન હોય કારણ કે શ્રેણી ઔદારિક શરીરીજ પડી વજે પણ વૈક્રય તેમજ આહારક શરીરી પડી વજે નહીં માટે એ બે

જતાં કષાય ૧૩ ( સંજવલન ૪×વેદ ૩×હાસ્યાષટક ) યોગ નવ ( મન વચનના કાયાનો ) ૧૩×૯=૨૨ હેતુ.

૯ અનિવૃત ગુંઠાણે=હાસ્યાષટક ન હોય માટે કષાય ૭÷યોગ ૯=૧૬ હેતુ હોય

૧૦ સુક્ષ્મ સંપશય ગુંઠાણે=સંજવલન ક્રોધ, માન, માયા તથા ત્રણ વેદ એ છ ન હોય માટે કષાય એક લોભને યોગ નવ એ દશ હેતુ હોય. ૧×૯=૧૦ જઘન્ય ઉત્કૃષ્ટે બે હેતુ હોય.

૧૧ ઉપશાંતમોહ }
૧૨ ક્ષીણમોહ } સંજવલન લોભ સિવાય ફક્ત યોગ નવ હોય

૧૩ સયોગી ગુંઠાણે=બે મનના, બે વચનના, ને ત્રણ કાયાના એ સાત યોગ હોય.

૧૪ અયોગી ગુંઠાણે=અ બંધ છે.

એ સતાવન બંધ હેતુએ કરીને આઠ કર્મનો બંધ હોય તે આઠ કર્મના બંધ યોગ્ય (૧૨૦) પ્રકૃતિ કયા હેતુએ બંધાય છે તે બતાવવામાં આવે છે.

૧ સાતા વેદની ચારે બંધ હેતુએ બંધાય કેમકે શાતા વેદનીનો બંધ સયોગી ગુંઠાણા લગે હોય છે જેથી મિથ્યાત્વે મિથ્યાત્વ પ્રત્યયીકી બંધાય સાસ્વાદન, મિશ્ર, અવિરતી, દેશવિરતીએ ચાર ગુંઠાણે અવિરતી પ્રત્યયીકી અને પ્રથમથી દશમા સુક્ષ્મ સંપરાય સુધી કષાય પ્રત્યયીકી

બંધાયને ઉપશાંત મોહ-ક્ષીણમોહ તથા સયોગી ગુંઠાણે યોગ પ્રત્યયીકી બંધાય.

૨ નરકત્રિક, એકેંદ્રિયાદિ ચાર જાતિ, થાવર નામ, સુક્ષ્મ નામ, અપર્યાપ્ત નામ, સાધારણ નામ, થાવર ચતુષ્ક, હુંડક સંસ્થાન, આતાપ નામ, નપુશક વેદ, છેવટુ સંઘયણ, મિથ્યાત્વ મોહની એ સોળ પ્રકૃતિ મિથ્યાત્વના ઉદયથી બંધાય તેથી તે મિથ્યાત્વ પ્રત્યયીકી કહીયે.

૩ અનંતાનુ બંધી ચાર, મધ્યના ચાર સંસ્થાન, મધ્યના ચાર સંઘયણ, કુખગતિ, દૌર્ભાગ્ય ત્રિક એ સોળ તથા ત્રિયંચત્રીક, મનુષ્યત્રીક, ઔદારીક દ્વાક, સ્ત્રીવેદ, નીચ ગોત્ર, થિણદ્ધિત્રીક એ ઓગણત્રીશ તથા ઉદ્યોતનામ, વજ્રરૂષભનારાચ સંઘયણને અપ્રત્યાખ્યાની ચાર કષાય એ પાંત્રીશ પ્રકૃતિ મિથ્યાત્વ ગુંઠાણે મિથ્યાત્વ પ્રત્યયીકી બંધાય અને તેથી આગલે ગુંઠાણે અવિરતી પ્રત્યયીકી બંધાય. એ મિથ્યાત્વકે અવિરતી બે માંનો એક હેતુ હોય તો બંધાય પણ બીજા હેતુએ ન બંધાય.

૪ આહારક દ્વાકને જીનનામ કર્મ વર્જીને શેષ જ્ઞાનાવરણી પાંચ, દર્શનાવરણી છ અશાતા વેદની, મોહની પંદર, નામ કર્મની બત્રીશ, ઉંચ ગોત્ર એક અંતરાય કર્મ પાંચ એ પાંસઠ પ્રકૃતિ દેશ વિરતી ગુંઠાણે (૬૭) પ્રકૃતિનો બંધ છે તે માંહેથી જિનનામ તથા શાતા વેદની

એ બે વિના પાંસઠ પ્રકૃતિ મિથ્યાત્વે બંધાય ત્યારે મિથ્યાત્વ પ્રતયયીકી, સાસ્વાદનાદિક ચાર ગુંઠાણે અવિરતી પ્રતયયીકી, તેથી આગળ કષાય પ્રતયયીકી બંધાય. એ રીતે યોગ બંધ હેતુ વિના ત્રણ પ્રત્યયીકી બંધાય.

૫ આહારક શરીર, આહારક અંગો પાંગ. એ બે પ્રકૃતિ નિરવદ્યયોગ રૂપ સરાગ સંયમ પ્રત્યયે બંધાય તથા જિન નામ કર્મ તો અરિહંતાદિકની ભક્તિ રૂપ સમ્યકત્વ કૃતવ્યે કરી બંધાય વલી પ્રશસ્તરાગે કરી બંધાય તેથી એ પણ પરમાર્થે કષાય પ્રત્યયીકી કહેવાય એમ સર્વ (૧૨૦) પ્રકૃતિ થઇ.

## કર્મ બંધના સ્થુળ હેતુ.

કર્મ બધના સ્થુળ હેતુ કયાં કર્મ શું કરવાથી બંધાય?

૧ જ્ઞાના વરણી કર્મ=મતિ શ્રુત પ્રમુખ જ્ઞાનની તથા જ્ઞાન વંતની તથા જ્ઞાનોપકરણની, પુસ્તકાદિની પ્રત્યનિક્તા એટલે પ્રતિકુળ પાણું અનિષ્ટ પાણું કરવું. જેમ જ્ઞાન તથા જ્ઞાનવતને માઠું થાય તેમ કરવું તથા જેની પાસે ભણ્યો તે ઓળવતા તથા જાણ્યાને અજાણ્યું કહેતા, જ્ઞાનો પકરણ તથા જ્ઞાનવંતોને અગ્નિ શસ્ત્રાદિકે વિનાશ કરતાં, પ્રદ્વેષ કરતાં, અંતરંગ અરૂચી, મત્સર ધરતાં, ભણતાંને અંતરાય

તે અન્ન પાણી વસ્ત્ર, વસ્તી નિષેધતાં, અન્ય કાર્યમાં જોડતાં, વાર્તાએ લગાડતાં, ભણવાનો વિચ્છેદ કરતાં, જ્ઞાનવંતની આશાતના કરતાં, આળદેતાં, પ્રાણાંત કષ્ટ દેવે કરી, અકાળે સઝાય કરતાં, યોગોપધાન વિણા ભણતાં, જ્ઞાનોપકરણ પાસે છતાં, લઘુનીતિ, વડીનીતિ, મૈથુન કરતાં પગ, થુંક લગાડતાં, જ્ઞાન દ્રવ્ય વિનાશતાં, વિણસતો ઉવેખતાં, ઈત્યાદિ કરવાથી જ્ઞાનવરણી કર્મ બંધાય.

૨ દર્શના વરણી કર્મ=દર્શન પ્રત્યયીનીકતા દોષે કરી બંધાય. જીન ભુવનની ચોરાશી આશાતના તથા ગુરૂની તેત્રીશ આશાતનાદિક દોષે કરી દર્શના વરણી કર્મ બંધાય પણ એટલું વિશેષ જે દર્શન એટલે ચક્ષુરાદિ પ્રમુખ દર્શની સાધુની પાંચે ઈંદ્રિ ઉપર વિરૂદ્ધ ચિંતવતાં તથા દર્શન પ્રભાવક શાસ્ત્ર તેનાં પુસ્તક ઉપર પ્રતિકુળ પણું કરતાં દર્શના વરણી કર્મ બંધાય. જ્ઞાના વરણી દર્શના વરણી કર્મ બાંધવાનાં કારણો પાક્ષીક અતિચારમાં બતાવેલા છે.

૩ વેદની કર્મ=ગુરૂ તથા વડીલ માતા પીતા ધર્માચાર્યની ભક્તિ સેવા કરતાં, સમર્થ છતાં પારકા અપરાધને સહન કરતાં, પરજીવને દુઃખી દેખી દુઃખ ટાળવા વાંચ્છતાં, લીધેલાં વ્રત નિર્દુષણ પાળતાં, કષાયને જીતતાં, ઉદય આવ્યાને નિઃફળ કરતાં, સુપાત્રદાન, અભય દાન દેતાં, ઉપકાર કરતાં, ધર્મને વિષે સ્થિર પરિણામ રાખતાં, મરણાંત

કષ્ટ આવે ધર્મને ન મૂકતાં, બાળ વૃદ્ધ ગ્લાનનું વૈયા વચ્ચ કરતાં, ધર્મ કર્તવ્યમાં સહાય કરતાં ચૈત્ય ભક્તિ રૂડી પેરે કરતાં, સરાગ સંયમે દેશ વિરતી પાળતો, અકામ નિર્જરા, શુભ પરિણામે વર્તતાં, જીવ શાતા વેદની કર્મ બાંધે એથી વિપરીત વરતતો એટલે ગુરૂને વિરાધતો, અક્ષમા નિઃકુરૂણા વંત, વ્રત લેઈ વિરાધતો, સમાચારી લોપતો, ઘણો કષાય ઉદીરતો કૃપણતાથી તથા અસ્થિર પણાથી ચૈત્યની આશાતના કરતો, શીળલોપતાં હાથી ઘોડા, બળદ પ્રમુખને દુઃખ દેતાં, નાથતાં, આંકતાં, પીડા દેતાં, પરને શોક સંતાપ ઉપજાવતાં અવિરતી તથા અહિત પરિણામે જીવ અશાતાવેદની કર્મ બાંધે.

૪ મોહની કર્મ=૧ દર્શન મોહની કર્મ=ઉન્માર્ગ જે સંસાર હેતુ હિંસાદિક આશ્રવમાર્ગ તેને મોક્ષ હેતુ દેખાડતાં. સન્માર્ગનો વિનાશ કરતાં, પરજીવને એકાંત નયની દેશનાથી માર્ગ ચુકવતાં, દેવદ્રવ્ય. જ્ઞાન દ્રવ્યાદિ હરણ કરતાં, ( ઘર કાર્યમાં વાપરતાં, વેપાર કરતાં ) વિણસતો ઉવેખતાં એટલાં કાર્ય મિથ્યાત્વના ઉદયે હોય કેવળી તથા તિર્થંકરના અવર્ણવાદ બોલતાં, સંઘના અવર્ણવાદ બોલતાં, ઘણા જીવના બોધી બીજને હણે તે જીવ મિથ્યાત્વ મોહની બાંધે ને પૂર્વે બાંધ્યું હોય તે નિકાચીત કરે. એ દર્શન મોહની જાણવું.

ચારિત્ર મોહની=બે પ્રકારે ૧ કષાય મોહની તે કષા-

યને ઉદયે વરતતો જીવ કષાયની ચોકડી બાંધે પણ જે કષાયે વરતતો હોય તેથી ઉપરના કષાયના બાંધે એટલે અનંતાનુબંધીના ઉદયે વરતતો ચારે પ્રકાર બધે અપ્રત્યાખાને વરતતો ત્રણ બાંધે, પ્રત્યાખાને વરતતો બે પ્રકારે બાંધે ને સંજવલને વરતતો એક સંજવલનજ બાંધે

૨ નોકષાય=નવ પ્રકારથી બંધાય તે બતાવે છે.

૧ હાસ્ય કરતો, ભારે ચેષ્ટા કરતો, બહુ બોલતો, હાસ્ય મોહની બાંધે.

૨ દેશ દેખવાને રસે વિચિત્ર ક્રીડા રસે, લબાડીપણે કામણમોહન કરતો, પરને કુતુહળ દેખાડતો જીવ રતી મોહની બાંધે.

૩ રાજવેધ કરતો, નવો રાજા સ્થાપતો, પરસ્પર સંભેડા લગાડતો, પરને ઉચ્ચાટ ઉપજાવતો, અશુભ કર્મ કરવા ઉત્સાહ વધારતો, શુભ કાર્યમાં ઉત્હાસ ભાગતો, નિષ્કારણ આર્તધ્યાને વરતતો જીવ અરતિ મોહની બાંધે.

૪ પરને ત્રાસ પમાડતો નિર્દયપ્રણામી ભયમોહની બાંધે

૫ પરને શોક, ચિંતા, સંતાપ ઉપજાવતો તપાવતો થકો જીવ શોક મોહની બાંધે

૬ ધર્માવતંશ સાધુની મલમલીન ગાત્ર દેખી સુગ ધરતો જાુગુપ્સા બાંધે.

૭ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ અનુકળ વિષયને

વિષે અત્યંત આશક થકો પરના અદેખાઇ મત્સર ધરતો માયામૃષાવાદશેવનો કુટીલ પરિણામે પરદારા સેવતો જીવ સ્ત્રી વેદ બાંધે.

૮ સરળપણે સ્વદારા સંતોશે ઈર્ષા રહિત મદ કષાયે જીવ પુરૂષ વેદ બાંધે.

૯ તિવ્ર કષાયયોગે, દરેક સ્ત્રીનું શીયળ ભંગતનો, તિવ્ર વિષયી, પશુઘાતક મિથ્યાત્વી જીવ નપુષકવેદનો બંધ કરેછે.

એ રીતે ચારિત્રનો દોષ દેખાડતો અસાધુના ગુણ ગ્રહણ કરતો કષાય ઉદિરતો જીવ ચારિત્ર મોહની બાંધે.

૫ આયુષ્યકર્મ=૧ ત્રિર્યંચાયુ=ગુઢ હૃદય એટલે જેના અભિપ્રાયની જેને ખબર ન પડે તથા શઠ માયાવી, કપટી, વાણીયે મધુર, પરિણામે દારૂણ્ય, ઉલટુ પ્રકાશનાર આર્તધ્યાની, આલોકે માન, પુજા હેતુએ, તપ કરતો, સશલ્ય સલ્યસહિત એટલે આપણું મહત્વ ઘટી જશે એવા ભયે કરી જેવાં પાપ કર્મ આચર્યાં હોય તેવાં પુર્ણ કહે નહિ ઈત્યાદિ માયા અજ્ઞાનના તિવ્રમોહાદિકે ત્રિર્યંચાયુ બાંધે.

મનુષ્યાયુ=દેવતાને નારકી સમ્યકત્વ કર્તવ્યતાએ ( એટલે પુર્વભવનું સમ્યકત્વ હોય ) શુભ ભાવે મનુષ્યાયુ બાંધે તથા મનુષ્ય તિર્યંચ ને મિથ્યાત્વના મંદરસોદયે કરી કષાયનો પણ મંદરસોદય હોય. તેથી દુર્બળ પડેલા કષાય જેમ ધાન્ય નહિ મળવાથી દુર્બળતા થાય એવો પ્રકૃતિએ ભદ્રક ધુલી

રેખા સમાન સંજ્વલન કષાયે વર્તતો સહેજે સુપાત્ર કુપાત્ર પરિક્ષા કર્યા વિના વિશેષ યશ કીર્તિ અણવાંચ્છતો, સ્વભાવે દાન દેવાની રૂચી તિવ્ર હોય. ક્ષમા, આર્જવ, માર્દવ, સત્ય શૌચાદિ મધ્યમ ગુણે વર્તતો અનાગાઢ મિથ્યાત્વી, મધ્યમ ગુણવંત, ગુરૂપૂજા પ્રિય, કાપોત લેશ્યાવંત મનુષ્યાયુ બાંધે.

દેવાયુ=અવિરતી સમ્યકદ્દષ્ટિ મનુષ્ય તિર્યંચ દેવાયુ બાંધે, સરાગ સંયમે, સુમિત્ર સંયોગે, ધર્મરૂચીપણે દેશ વિરતી ગુણઠાણે દેવાયુ બાંધે તેમજ દુઃખગર્ભિત મોહગર્ભિત વૈરાગે દુષ્કરતપ, પંચાગ્નિસાધન, રસત્યાદિક અનેક મિથ્યાત્વ જ્ઞાને તપ કરતો, અત્યંત અકરારોશ ગારવે તપ કરતો અસુરાદિ યોગ્ય આયુષ્ય બાંધે, અકામ નિર્જરાએ, અજ્ઞાન-પણે ભૂખ, તરસ, ટાઢ તાપ રોગાદિ કષ્ટ સહેતો, સ્ત્રી અણ-મિલતે શીલ ધારણ કરતો, વિષય સંપત્તિના અભાવે વિષય અણસેવતો ઇત્યાદિ અકામ નિર્જરાએ વર્તતો કાંઇ એક શુભ પરિણામે વરતો રત્નત્રયી વિરાધતો વ્યંતરાદિ યોગ્ય આયુષ્ય બાંધે.

આચાર્યની પ્રત્યનીકતા એટલે પ્રતિકુળપણાથી કિલવી-શિયા દેવાયુ બાંધે.

મુગ્ધ એટલે મૂર્ખ મનુષ્ય મિથ્યાત્વ ગુણ પ્રશંસતો, મહિમા વધારતો પરમાધામીનુ આયુષ્ય બાંધે.

અકર્મભૂમિના મનુષ્યને અણુવ્રત; મહાવ્રત, બાળતપ,

અકામ નિર્જરાદિક દેવાયુના બંધહેતુ નથી પણ કારણ કે અહીં કેટલાએક મિથ્યાત્વી છે પણ શિલવ્રતપણાથી દેવાયુનો બંધ હોય.

નારકી=મહાઆરંભ, ચક્રવૃતિની રિદ્ધિ ભોગવતો ઘણી મૂર્છાપરિગ્રહ સહિત. અવિરતી પરિણામી, અનંતાનુબંધી કષાયના ઉદયે પંચેદ્રિની હત્યા નિશંકપણે કરતો, મદ્ય માંસાદિક સાતેકુવ્યસન સેવતો, કૃતઘ્નપણુ, વિશ્વાસઘાતાદિ મોટાં પાપ આચરતો, ઉત્સુત્ર ભાખતો, મિથ્યાત્વનો મહિમા વધારતો, અશુભ પરિણામે કૃષ્ણાદિક ત્રણ લેશ્યાએ વર્તતો જીવ અસુભ પરિણામે નારકીનું આયુષ્ય બાંધે. એ આયુષ્ય કર્મબંધનાં કારણો કહ્યાં.

૬ નામકર્મ=બાંધવાન. કારણો=સરળચિત, કોઇને કુડાં તોલ માપે કરી ઠગે નહિ. પરવંચના બુદ્ધિરહિત, રસગારવ, રિદ્ધિગારવ, શાતાગારવ રહિતપણુ, પાપભીરૂ, પરોપકારી, સર્વ જનપ્રિય. ક્ષમાદિ ગુણયુક્ત, એવો પુરૂષ શુભ નામકર્મની ત્રીશ પ્રકૃતિ બાંધે, તથા અપ્રમતપણે ચારિત્ર પાળતો આહારદ્વીક બાંધે.અરિહંતાદિ વીશ થાનક આરાધતો, ગુણવંતનું વૈયા વચ્ચ કરતો જીન નામ કર્મ બાંધે. એથી વિપરીત એટલે ઘણો કપટી, કુડા તોલ, માન માપ કરતો, પરદ્રોહી હિંસાદિક પાંચ આશ્રવે રાતો, ચૈત્યાદિક વિરાધક વૃત લેઇ વિરાધતો ત્રણ ગારવે માતો, હીનાચારી એવો જીવ નરક ગત્યાદિ

ચોત્રીશ અશુભ નામ કર્મ બાંધે. એ સડસઠ પ્રકૃતિ કહી.

૭ ગોત્ર કર્મ=૧ ઉંચ ગોત્ર=જ્ઞાન દર્શન, ચારિત્રાદિ ગુણ જ્યાં જેટલો જાણે ત્યાં તેટલો પ્રકાશે, અવગુણ દેખી નીંદે નહી તે ગુણ પ્રેક્ષી કહીયે. જાતિ, કુળમદ, બળભદ રૂપમદ, શ્રુતમદ, એશ્વર્યમદ, લાભમદ, તપમદ એ આઠ મદરહિત. સંપદાનો મદ ન હોય, ભણવા ભણાવવાની રૂચીવાલો, નિરાભિમાની થકો સુબુદ્ધિ એ અર્થ સમજાવે હેતુ દ્રષ્ટાંત દેખાડી સુમતી પમાડે, કુમતિ ટાળે ઈત્યાદિક પર હિત કરતો નિત્યસદા કાળ વર્તતો જીવ ઉંચ ગોત્ર બાંધે. તિર્થંકર દેવ સંઘાદિનો અંતરંગ પ્રેમવાળો એવો જીવ ઉંચ ગોત્ર જાતિ કુળાદિ કર્મ બાંધે. તેથી વિપરીતવાળો મત્સરી આઠ મદ સહિત અહંકારી કોઇને ભણે ભણાવે નહી જિન પ્રવચન ચૈત્યાદિનો અભક્ત એવો જીવ હીનજાત્યાદિ નીચ ગોત્ર બાંધે.

૮ અંતરાય કર્મ=જૈન પ્રતિમાની પૂજાનો નિષેધનાર, પુજાયે, પુષ્પ, ફળ જળાદિકના અનેક જીવોને ઘાત થાય માટે પુજા કરવી નહીં (જેમ કડવું ઓસડ ખાતાં માંદાને રોકી તેને અશાતા ઉપજાવે તેમ પરના હિતનું વિઘ્ન કરનાર અંતરાય કર્મ બાંધે તથા પોતાની મતિએ કરી જિનમત વિપરીતાર્થે પ્રરૂપતો અનંત સંસાર બધારે તે વારે અનંત જીવોનો ઘાતક થાય તથા બીજાને પણ ઉન્માર્ગે

પ્રવર્તાવી અનંત જીવ ઘાત કરે તેથી અનુબંધ હિંસાવંત ત્થા અનુબંધ મૃષા ભાષી તિર્થંકર અદત્ત માર્ગ પ્રવર્તક ઇત્યાદિ અનુબંધે અઢાર પાપ સ્થાનકનો સેવનાર જીવ અંતરાય કર્મ બાંધે ત્થા સાધુને દાનલાભાદિકનો અંતરાય કરતો મોક્ષ માર્ગ હણતો એવો જીવ અંતરાય કર્મ બાંધે. એ રીતે કર્મ બંધના સ્થુળ હેતુ કહ્યા.

## ચૌદ ગુણ સ્થાનકો.

જીવના ગુણ જ્ઞાન દર્શન, ચારિત્ર, વિર્ય રૂપ જીવ સ્વભાવ તેનો તરતમ વિશેષ કૃત ભેદે કરી જીવના ગુણ સ્થાનક છે. શિવમંદીરે ચડવાને પાવડીયા એટલે પગથીયા સરખા જીવના શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ અધ્યવસાય વિશેષ. જો કે તે અધ્યવસાયો અસંખ્યાતા છે પણ મુખ્ય વ્યવહારે તેનાં ચૌદ સ્થાનક છે તેને ગુણ સ્થાનક કહે છે તેનાં નામ તથા વ્યાખ્યા.

૧ મિથ્યાત્વ ગુંણઠાણું=મિથ્યાત્વી પણ મુક્તિ હેતુ ક્રિયા કરે, સમ્યકત્વાદિ ગુણ પામશે એ અપેક્ષાએ તેને ગુણ સ્થાનક કહ્યું છે અન્યથાતો મિથ્યાત્વ ભુમિસ્થ કહીયે. જિન વચનથી વિપરીત દ્રષ્ટી, મિથ્યાત્વ મોહનીના જોરથી રાગ દ્વેષ મોહાદિક સહિત હોય. તે કુદેવ, કુગુરૂ આરંભ પરિ-

ગ્રહી હોય તેવાને તથા હિંસાદિમાં ધર્મમાને, એકાંતપણું માને. શાસ્ત્રકાર કહે છે કે જિનમતને સંપુર્ણ સદ્દહતો હોય પણ એક અક્ષર માત્રનો અવિશ્વાસ આણે તે પણ જમાલીની પેઠે મિથ્યાદ્રષ્ટી જાણવો. મિથ્યાત્વીને મિથ્યાત્વ ગુંણઠાણું હોય તેનું કાળમાન મિથ્યાત્વીને અભવ્યને અનાદિ અનંત એટલે કોઈ કાળે પણ તેનું મિથ્યાત્વ જનારનથી તે ભવ્યને અનાદિ શાંતકાળ છે જેથી ભવ્યના મિથ્યાત્વનો અંત છે. મિથ્યાત્વ બે પ્રકારે વ્યક્ત તથા અવ્યક્ત અનાભોગી મિથ્યાત્વ અવ્યક્ત છે. બાકીના ચાર વ્યક્ત છે. અનાદિ અવ્યક્ત મિથ્યાત્વ અવ્યવહારરાશીવર્તી જીવમાં નિરંતર હોય છે તે જીવને વ્યક્ત મિથ્યાત્વની બુદ્ધિની જે પ્રાપ્તી તેજ મિથ્યાત ગુણઠાણું છે.

૨ સાસ્વાદન ગુણઠાણું=કોઈ જીવ ઉપશમીક સમ્યકત્વ પામી એક સમય તથા છ આવલીશેષ સમ્યકત્વ કાળ હોય થકે અનંતાનુ બંધીયાના ઉદયથી ઔપશમિક સમ્યકત્વ વમતાં ક્ષીરના સ્વાદ સરખો ભાવ, મિથ્યાત્વ ગુણસ્થાનક પામ્યા પહેલાં જે હોય તે સાસ્વાદન સમ્યક દ્રષ્ટિ ગુણઠાણું કહીએ. જેમ કોઈ માણસે મિષ્ટ પદાર્થ ખાવા માંડયાં, ખાતાં ખાતાં વમન થયું તે વખત મોંમાં જે ગળપણનો સ્વાદ લાગ્યો તેટલા સમય સુધીના ભાગને સાસ્વાદન ગુણ સ્થાનક કહ્યું છે. વમીને પાછો મિથ્યાત્વે જાય તેનો કાળ

ઉત્કૃષ્ટો ૭ આવળીનો છે.

૩ મિશ્ર ગુણઠાણું=મિશ્ર મોહનીના ઉદયથી જિનવચન ઉપર રૂચી અરૂચી બેઉ ન હોય. મિશ્રતા હોય એવા જે અધ્વસાય તે મિશ્ર ગુણઠાણું એનોકાળ ઉત્કૃષ્ટો અંતર મહુરતનો છે. મિથ્યાત્વને મિશ્ર એ બે ગુણઠાણાં ઔદયિક ભાવે હોય. આગુંણઠાણું પડતાં ને ચડતાં પણહોય. સમકાળ સમરૂપે સમ્યકત્વ મિથ્યાત્વના મળવાથી અંતર મહુરત સુધી મિશ્રીત ભાવને જાત્યંતર. રૂપ જેમ ઘોડીને ગધેડાના સંયોગથી ખચ્ચર ઉત્પન્ન થાય દહી શાકરના સંયોગથી શિખંડ બને તેમજ સર્વજ્ઞ અસર્વજ્ઞમાં સમબુદ્ધિ થવી તે મિશ્ર

૪ અવિરતી સમ્યકદ્રષ્ટી ગુણઠાણું=વિરતી ગુણ જાણતો ભવ પ્રત્યયે તથા અપ્રત્યાખ્યાના વરણ કષાયોદયે કરી આદરી ન શકે. એટલે વિરતીના ગુણ જાણતો છતાં ન આદરે ન પાળે તે શ્રેણીકરાજાની પેઠે જાણવું. તે સમ્યકદ્રષ્ટિ અવિરતીહતા પણ વીરપ્રભુના વચનપર અડગ શ્રદ્ધા હતી જેથી તિર્થંકર નામ કર્મ અવિરતીપણામાં બાંધ્યું તે પહેલાં નરકાયુનો બંધ પડેલો હોવાથી તે વેદે છે. તથા બીજો પ્રકાર જાણવા છતાં આદરે નહી ને પાળે ખરા તે અનુત્તર વિમાનના દેવતાની પેઠે. તે દેવતાઓ અવિરતી ગુંણઠાણે છે તે વિરતીપણાને જાણે છતાં આદરી શકે નહીં પણ પાળે ખરા. ત્રીજો ભેદ વિરતીપણાને જાણીને આદરે ખરા પણ

વ્રત લેઇને વિરાધે પાળે નહીં તે સંવિજ્ઞ કહેવાય એ ત્રણ ભાંગે વર્તતો ક્ષાયિક, ઔપંસમિક કે વેદક એ માંહેલો એક તત્વરૂચીરૂપ સમ્યકત્વ પામી જે જે અધ્યવસાયે યથાવસ્થિતપણે પરિણમે તે અવિરતી સમ્યક્દષ્ટિ ગુણઠાણું કહેવાય તેનો ઉત્કૃષ્ટોકાળ તેતરીશ સાગરોપમ અધિક છે પચ્ચખાણ ન જાણે, ન આદરે ન પાળે એ ત્રણના આઠ ભાંગા છે તેમાં પ્રથમ ચાર ભાંગે મિથ્યાદ્રષ્ટીને છેલ્લા ચારે સમ્યક દ્રષ્ટિ જાણવા (જ્ઞાની માટે) વળી મિશ્રે, બારમા ક્ષિણમોહને તેરમા અયોગી ગુંણઠાણે જીવ મૃત્યુ પામે નહીં મિથ્યાત્વ, સાસ્વાદન અને અવિરતી સમ્યકદ્રષ્ટી એ ત્રણ ગુંણઠાણા જીવ સાથે પરભવમાં જાય છે જે જીવોએ મિથ્યાત્વાદિ ગુણ સ્થાનોમાં પૂર્વે આયુષ્ય બાંધ્યુંછે તેઓને પછી મિશ્રગુંણઠાણું પ્રાપ્ત થાય છે તોપણ જ્યારે મરે છે ત્યારે જે ગુણસ્થાનમાં તેઓએ આયુ બાંધેલ છે તે ગુણસ્થાનમાં જઈને (પાછળથી) મરે છે અને તેઓની ગતિ પણ મૃત્યુ પામેલાના ગુણ સ્થાનક અનુસારે થાય છે.

૫ દેશવિરતી ગુણઠાણું=સાવદ્યયોગની એક દેશે વિરતી કરે. પાંચ અણુવ્રત (૫) સમ્યકત્વ સહિત આદરે, પાળે, સમ્યકત્વ સહિત અધ્યવસાય જે જાણે તે ભાગે વર્તતાં દેશ વિરતી ગુણઠાણું હોય. સમકીત સહીત નોકારશી કરે તે પણ આ ગુણઠાણે જાણવો. કાળમાન દેશઊણી પુર્વકોડી વરસ

ઉત્કૃષ્ટ જાણવું. તેમાંના ત્રણ ભેદ બતાવે છે. આકુટ્ટી સ્થુળ હિંસા પ્રમુખનો ત્યાગ, મધમાંસાદિ પરિહાર તે જઘન્ય દેશવિરતી ન્યાયસંપન્ન વૈભવાદિ, બારવ્રત પાલક સદાચારવાન તે મધ્યમ દેશવિરતી. સચીત આહારના ત્યાગી, પ્રતિદિન એકાશણું કરે, બ્રહ્મચારીગ્રહસ્થ, ધંધાના ત્યાગી તે ઉત્કૃષ્ટ.

૬ પ્રમત ગુણઠાણું=સર્વ વિરતીપણું મદ, વિષય, કષાય, નિંદ્રાને વિકથા એ પાંચ પ્રમાદે કરી ચારિત્ર મલીના ધ્યવસાય થાય. એવી માયા પરિણામે વર્તતાં પ્રમત સંયત ગુણઠાણું જાણવું દેશવિરતી કરતાં અનંત ગુણ વિશેષ અને અપ્રમત કરતાં અનંત ગુણહીન મલીન હોય તેનો કાળ ઉત્કૃષ્ટ દેશે ઉણો પુર્વ કોડી વરસનો છે. આર્ત ધ્યાન રૂદ્રધ્યાનની મંદતો અને ધર્મ ધ્યાનની મધ્યમતા હોય છે. આર્ત ધ્યાન અને ઉપલક્ષણથી હાસ્યાદિ છ નોકષાય પ્રવર્તે છે તેથી રોદ્ર ધ્યાનનો પણ સંભવ છે માટે ધર્મ ધ્યાનની ગૌણતા કહી છે. નિરાલંબન ધર્મ ધ્યાન નથી.

૭ અપ્રતમ ગુણઠાણું=પાંચ પ્રમાદ રહિત અનંત ગુણ વિશુદ્ધ નિશ્ચય ચારિત્ર થિરતા રૂપ તે સહિત જે અધ્યવસાય તે અપ્રમત્ત ગુંણઠાણું તેનો કાળ પણ દેશે ઉણી પુર્વ કોડી વરસ છે.

૮ નિવૃત ગુણઠાણું=એને અપુર્વ કરણ કહે છે. ચારિત્ર મોહનીની એકવીશ પ્રકૃતિ ઉપસમાવવા તથા ખપાવવાને

માટે જેણે અત્યંત વિશુદ્ધ અધ્યવસાયે કરી વિર્ય વિશેષ ઉલ્લશે થકે તેનો રસ ઘાત, સ્થિતિ ઘાત, ગુણ શ્રેણી, ગુણ સંક્રમ, અપુર્વ સ્થિતિ બંધ એ પાંચવાના ધુર સમયથી એટલે પહેલા સમયથી અપુર્વ કરણ કરે તથા એક સમયે અનેક જીવ ગુણઠાણે ચડયા તેમાં શુદ્ધ શુદ્ધતરાદિ અધ્યવસાય ભેદે કરી ફેરફાર હોય તેથી તે ગુણઠાણાનું નામ નિવૃતી એટલે ફેરફાર વાળું ગુણઠાણું કહ્યું છે અહીં સમય સમય અનંત ગુણ વિશુદ્ધ હોય તેનો કાળ ઉત્કૃષ્ટ અંતર મહુરતનો છે.

૯ અનિવૃત્તિ ગુણઠાણું=એટલે ફેરફાર વગરનું આગુણઠાણે અનેક જીવ એક સમયે ચડે પણ તેના અધ્યવસાય સરખા હોય ફેરફાર ન હોય. આગુણઠાણે કષાયના મોટા ખંડ કરે તેથી એનુ બીજું નામ બાદર સંપરાય પણ કહે છે કાળ ઉત્કૃષ્ટ અંતર મહુરતનો હોય છે.

૧૦ સુક્ષ્મ સંપરાય ગુણઠાણું=સુક્ષ્મ કીટી કર્મકૃત લોભ વેદતાં શેષ મોહનીના ક્ષયે તથા ઉપસમે થયા જે વિશુદ્ધાધ્યવસાય તે સુક્ષ્મ સંપરાય ગુણઠાણું તેનો કાળ અંતર મહુરતનો.

૧૧ ઉપશાંતમોહ ગુણઠાણું=જળને તળીયે મેલ નીચો બેસે તેથી પાણી નિર્મળ જણાય તેમ મોહનીના ઉપસમથી અધ્યવસાય નિર્મળ થાય પણ કષાય સત્તામાં રહ્યા છે તે

કષાય ઉદય પામે તેવારે ડોળ્યા પાણીની પેઠે ફરી મેલા થવાનો સંભવ છે તેથી એનું નામ ઉપશાંત મોહ ગુણઠાણું કહ્યું છે. એછદ્મસ્થ વિતરાગ ગુણઠાણું જાણવું અહીંથી અવશ્ય પડે. કદાપિ મરણ પામે તો અનુત્તર વિમાને દેવતા થાય ત્યાં ચોથું ગુણઠાણું હોય પણ પડે તો પાછો દશમા ગુણઠાદિથી પાછો ચડે. ઉત્કૃષ્ટો કાળ અંતર મહુરતનો છે.

૧૨ ક્ષીણમોહ ગુણઠાણું=સર્વ મોહની પ્રકૃતિ ખપાવે થકે. મોહ સત્તા ટાળે થકે જે અત્યંત વિશુદ્ધાધ્યવસાય સ્થાનકે ક્ષિણમોહ વિતરાગ છદ્મસ્થ ગુણઠાણું છે. તેનો કાળ અંતર મહુર્ત.

૧૩ સયોગી ગુણઠાણું=કેવળ જ્ઞાન પામ્યા પછી જ્યાં સુધી બાદર યોગ મનવચન કાયા પ્રવર્તે હાલે ચાલે બોલે ત્યાં સુધી સયોગી કેવળી ગુણઠાણું છે તેનો કાળ ઉત્કૃષ્ટો દેશે ઉણી પુર્વ કોડી વરસનો છે,

૧૪ અયોગી ગુણઠાણું=બાદર યોગ બંધ થયે મન વચનને કાયાના વેપારને અભાવે કરણ વિર્ય રહિત મેરૂની પેરે નિ:પ્રકંપ શૈલેશિકરણ કરતાં અયોગી કેવળી ગુણઠાણું જાણવું અહીં ક્રિયા ગઇ છે. અપ્રતિ પાતી એવો, શુકલ ધ્યાનનો ચોથો પાયો હોય તે ભણી સુક્ષ્મ કાયયોગ છે તેથી કેવળીને સર્વથા યોગના અભાવે એટલે બાદર યોગ નહીં હોવાથી અયોગી ગુણઠાણું કહ્યું છે તેનો કાળ પાંચ હ્રસ્વનો છે.

# બંધ, ઉદય, ઉદિરણા તથા સત્તાનું સ્વરૂપ.

૧ બંધ=જીવ મિથ્યાત્વાદિક હેતુ વિશેષે જે નવીન કર્મ બાંધે તેને બંધ કહે છે જે કર્મ વર્ગણા દળ સાથે જીવ પ્રદેશને દુધ પાણી પેરે તથા લોહ અગ્ની મળે તેવી રીતે એક મેક થઈને રહે તે બંધ. કર્મ પુર્વે બાંધેલાં છે તેની અપેક્ષાયે નવાં કર્મ કહેવાય નવાં બધાતાં જે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકૃતિની ઉત્તર પ્રકૃતિ એકસો વીશ (એકસો અઠાવનનો સમાવેશ થઈ બંધયોગ્ય એકસો વીશ) તેનો સ્થિતિ, રસ અને પ્રદેશ પણે જીવ પ્રદેશ સાથે મેળવવો તેને બંધ કહીયે. જીવના અનંતા પ્રદેશ છે અને એકેકા પ્રદેશે સામાન્યે અનંતી કર્મ વર્ગણા હોય છે. તે બંધ સામાન્યે ગુણુઠાણા ગુણ ભેદ જીવ ભેદાદિક વિશેષે નિરપેક્ષ સર્વ જીવને સામાન્યે જ્ઞાનાવરની ૫ દર્શનાવરણી ૯ વેદની ૨ મોહની ૨૬ (સમકીત મોહની તથા મિશ્ર મોહનીનાં દળિયાં મિથ્યાત્વ મોહનીના બંધમાંથી વહેંચાય છે) આયુષ્ય કર્મ ૪ નામ કર્મ ૬૭ (નામ કર્મની ૧૦૩ પ્રકૃતિનો સમાવેશ ૬૭ માં કર્યો છે તે આગળ બતાવ્યું છે તે પ્રમાણે બંધ યોગ્ય ૬૭ નાં દળિયાં પેટા પ્રકૃતિઓમાં વહેંચાય છે તેથી ૧૧૩ થાય) ગોત્ર કર્મની બે ૨ અંતરાય કર્મની ૫ એ રીતે એકશોવીશ (૧૨૦) પ્રકૃતિનો બંધ હોય. તે કયા ગુઠાણે કેટલી

પ્રકૃતિનો બંધ હોય તથા કયા જીવ સ્થાનકે કયા ગુંણુઠાંણે કેટલો બંધ હોય તે માટે યંત્રોથી જાણી લેવું. નં. ૧ યંત્ર ૫ થી ૧૩

૨ ઉદય=બાંધેલી પ્રકૃતિ અબાધા કાળ પુરો થયે પોતાનો વિપાક દેખાડે તે માટે બંધ પછી ઉદય કહે છે. ઉદય એટલે બાંધેલાં કર્મ તેનો વિપાક એટલે તિવ્ર, મંદ, ઘાતી અઘાતી, કટુક, મિષ્ટ ઇત્યાદિ રસ સહેજે ઉદય કાળ આવે થકે સ્થિતિ પાકે થકે વેદે ભોગવે તેને ઉદય કહીએ સામાન્ય પણે ગુણઠાણા તથા જીવ ભેદાદિક વિવક્ષા કર્યા વિના સર્વ જીવની અપેક્ષાયે વિશેષે ( ૧૨૨ ) પ્રકૃતિનો ઉદય હોય એટલે બંધ પ્રકૃતિમાં મોહની કર્મની (૨૬) ગણી પણ ઉદયમાં સમ્યકત્વ મોહની તથા મિશ્ર મોહની હોય જેથી અઠાવીશ ગણતાં (૧૨૨) ઉદય યોગ્ય પ્રકૃતિ આઠે કર્મની હોય. ગુણઠાણા તથા જીવા ભેદાદિકે કેટલી હોય તે જુઓ યંત્ર નં. ૨ થી જાણવું.

૩ ઉદિરણા=જે કર્મ દળને ઉદય કાળ આવ્યો નથી અથવા ઉદય આવેલા કર્મનાં કાંઇક દળિયાં રસ સતામાં રહેલો હોય તેને જીવ પોતાના કરણ વિર્ય વિશેષે ઉદયા વળિકામાં લાવો અપ્રાપ્ત કાળે ભોગવે તેનું નામ ઉદિરણા. ઉદય ઉદિરણાનાં લક્ષણ સરખાં છે એટલે તે એક ઉદયનો ભેદ છે. ૧ ઉદયોદય ૨ ઉદિરણોદય તે માટે ઉદિરણામાં

પણ [૧૨૨] પ્રકૃત્તિ હોય તેના ગુંણઠાણા જીવ ભેદાદિ માટે યંત્ર નં ૩ થી જાણવા.

૪ સત્તા=કર્મ દળનું જીવ સાથે સંબંધ પણું, કર્મ સ્વરૂપે રહેવું તેનું નામ–સત્તા–જ્યા સુધી બાંધ્યાં કર્મનાં દળ જીવ પ્રદેશથી ખરે નહીં તથા અન્યપ્રકૃતિ પણે સંક્રમે નહીં ત્યાં સુધી જીવ સાથે લાગેલાં રહે છે ત્યાં સુધી તેની સત્તા જાણવી તે કર્મ કેવાં છે કે જેને બાંધવે કરી તથા સંક્રમણે કરી મતિજ્ઞાનાવરણાદિ આત્મ સ્વભાવ પામે છે. સજાતિય ઉત્તર પ્રકૃતિમાં નિજ સ્થિતિ રસદળ પરિક્રમાવી સતાએ રહે છે તે કર્મ પ્રકૃતિ સતાએ સામાન્યે એકસો અડતાલીસ હોય. જ્ઞાનાવરણી ૫ દર્શના વરણી ૯ વેદની ૨ મોહની ૨૮ આયુષ્ય ૪ નામ કર્મ. ૯૩ બંધન પાંચ ગણતાં થાય ગોત્ર ૨ અંતરાયકર્મ ૫ એ રીતે ૧૪૮ની સત્તા હોય તેનો ગુંણઠાણાભેદે યંત્ર નં–૪થી જાણવો. પ્રકૃતિબંધ, રસબંધ, પ્રદેશબંધને સ્થિતિબંધ બતાવે છે.

૧ પ્રકૃતિબંધ=પ્રકૃતિ એટલે કર્મનો સ્વભાવ તે બાબત બંધતત્વમાં આવી છે અહીં તે પ્રકૃતિનો બંધ એટલે સ્થિતિ, રસ અને પ્રદેશનો સમુદાય તે વર્ણવે છે–તેમાં પ્રકૃતિઓ સોળ પ્રકારની તથા આઠ પ્રકારના બંધનું વર્ણન આવશે

# પ્રકૃતિના સોળ પ્રકાર.

પ્રકૃતિના સોળ પ્રકાર અર્થ તથા વાખ્યા સાથે નીચે મુજબ.

૧ ધ્રુવબંધીની=જે કર્મપ્રકૃતિ આપણા નિજહેતુ મળ્યાં અવશ્ય બંધાય પણ તેને સ્થાનકે બીજી પ્રકૃતિ ન બંધાય તે-પ્રકૃતિ સુડતાળીસ છે-જ્ઞાનાવરણી પાંચ, દર્શનાવરણી ૯ મોહનીની ૧૯ (સોળ કષાય, મિથ્યાત્વ મોહની, ભય ને જુગુપ્સા.) નામં કર્મની ૯ (વર્ણચતુષ્ક, તેજશ, કાર્મણ શરીર, અગુરૂ લઘુ, નિર્માણ નામ ને ઉપઘાત નામ) અંતરાયની ૫ એ સુડતાળીસ પ્રકૃતિનિજહેતુ મળેજ બંધાય માટે ધ્રુવબંધીની છે.

૨ અધ્રુવબંધીની=જે કર્મ પ્રકૃતિનિજ હેતુ મળે 'પણ બંધાય અને કેવારે તેની વિરોધીની બીજી પ્રકૃતિ પણ બંધાય તેવી પ્રકૃતિ (૭૩) છે તેમાં નામકર્મની (૫૮) ઔદારિકદ્વીક, વૈક્રિયદ્વીક, આહારકદ્વીક, સંઘયણ ૬ સંસ્થાન ૬ ઇંદ્રીનામ ૫ ગતિ ૪ વિહાયોગતિ ૨ આનુપુર્વી ૪ જિનનામ ૧ ઉચ્છવાસનામ ૧ આતાપનામ ૧ પરાઘાતનામ ૧ ત્રશદશક થાવરદશક એ રીતે અઠાવન તથા આયુષ્યકર્મ ૪ મોહની ૭ (હાસ્ય,રતિ,શોક,અરતિ એ ૭ ગુંણઠાણાસુધી બંધાય ત્યાંસુધી અધ્રુવ પછી નિરંતર બંધાય માટે ધ્રુવબંધીની તથા વેદ૩માં નપુષક વેદ મિથ્યાત્વે બંધાય, સ્ત્રી વેદ સાસ્વાદને બંધાય.

પછીના ગુણઠાણે પુરૂષવેદ બંધાય એ (૭) વેદની ૨ માં અશાતા વેદની છઠ્ઠા ગુંઠાણે લગે બંધાય ત્યાંસુધી અધ્રુવ ગોત્રકર્મ ૨ (નીચગોત્ર બીજા ગુંઠાણા લગે બંધાય ત્યાંસુધી અધરૂવ એ રીતે નામની ૫૮ આયુષ્ય ૪ મોહની ૭ વેદની ૨ ગોત્ર ૨ કુલ ૭૩ અધરૂવ.

૩ ધરૂવોદયી=જે કર્મ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ કાળ પર્યંત નિરંતર હોય પણ તેનો ઉદય તેનો વિચ્છેદ થયા વિના ત્રુટે નહી તે ધરૂવોદયી પ્રકૃતિ ૨૭ છે તે જ્ઞાનાવરણી ૫ દર્શનાવરણી ૪ ( ચક્ષુરાદિ ) અંતરાય ૫ એ ચૌદ પ્રકૃતિનો ઉદય બારમા ગુંઠાણા સુધી સર્વ જીવને નિરંતર હોય માટે તે ૧૪ મિથ્યાત્વમોહની ૧ તેનો ઉદય મિથ્યાત્વ ગુંઠાણેજ હોય પણ પોતાના ઉદય વ્યવચ્છેદ સ્થાનક લગે રહે તેથી ધરૂવોદયી તથા નામકર્મની (૧૨) નિર્માણનાંમ, સ્થિરનામ, અસ્થિરનામ, અગુરૂ લઘુ, શુભનામ, અશુભનામ, તેજસ, કાર્મણ એ શરીર વર્ણચતુષ્ક એ બાર પ્રકૃતિનો ઉદય ચારે ગતિના જીવોને સર્વદા હોય તેનો વ્યવચ્છેદ કાળ તેરમા ગુંઠાણાના અંતે છે ત્યાં સુધી ઉદય હોય તેમાં શુભ, અશુભ, સ્થિર, અથીર એ ચાર બંધની અપેક્ષાએ વિરોધીની છે પણ ઉદય વિરોધી નથી એ બાર સુધાં (૨૭)

૪ અધરૂવોદયી=જે પ્રકૃતિનો ઉદય કેવારેક હોય, કે વારેક ના હોય વળી હોય એમ આંતરે ઉદય હોય તે અ-

ધ્રુવોદયી પ્રકૃતિ (૯૫) છે તે નામકર્મની ૫૫ (ઓદારિકદ્વીક આહારકદ્વીક, વૈક્રિયદ્વીક, સંસ્થાન ૬ સંઘયણ ૬ જાતિ ૫ ગતિ ૪ ખગતિ ૨ અનુપુર્વી ૪ જિનનામ ૧ ઉશ્વાસનામ આતાપનામ, ઉદ્યોતનામ, પરાઘાતનામ, ત્રસ ચતુષ્ક (ત્રસ, બાદર, પ્રર્યાપ્તિ, પ્રત્યેક,) સુભગ ચતુષ્ક (સોભાગ્ય સુસ્વર, આદેય, યશકીર્તિ) થાવર ચતુષ્ક (થાવર, સુક્ષ્મ, અપર્યાપ્તિ સાધારણ) દુર્ભાગ્ય ચતુષ્ક (દુર્ભાગ્ય, દુસ્વર, અનાદેય, અપયશ) તથા ઉપઘાતનામ એ પંચાવન તથા ગોત્રકર્મ ૨ વેદની ૨ મોહની ૨૭ (મિથ્યાત્વમોહની વિના તે ધ્રુવોદયી છે તથા સોળ કષાય, ભય જુગુપ્સા એ અઢાર પ્રકૃતિ ધ્રુવ બંધાની છે પણ ઉદયવિરોધીની છે માટે અધ્રુવોદયી ગણી છે) આયુષ્ય ૪ તથા દર્શનાવરણી નિંદ્રા પાંચ તેનો ઉદય કે વારે હોય કે વારે ન હોય માટે અધ્રુવેદયી કુલ પંચાણું પ્રકૃતિ થઇ.

૫ ધ્રુવસત્તા=જે કર્મ પ્રકૃતિની સત્તા સર્વ જીવને સર્વદા હોય પરંતુ ભવ પ્રત્યયીક કારણીક ન હોય તે ધ્રુવસતા પ્રકૃતિ (૧૩૦) હોય તે જ્ઞાનાવરણી ૫ દર્શનાવવણી ૯ વેદની ૨ મોહની ૨૬ નામકર્મની ૮૨ (આનાં નામ અધ્રુવ સત્તાની ૨૧ જતાં બાકીનાં સમજવાં) નીચગોત્ર ૧ અંતરાયકર્મની ૫ એ રીતે (૧૩૦) પ્રકૃતિ ધ્રુવસત્તા આમાં વેદનો બંધને ઉદય અધ્રુવ કહ્યો છે પણ સત્તાધ્રુવ છે કારણ કે એક વેદ

મધ્યે પણ ત્રણે વેદનાં દલીયાં હોય માટે ધરૂવસત્તા કહેવાય નીચગોત્રની ધરૂવસતા તિર્યંચ મધે નિયમા ઉદય હોય એ રીતે (૧૩૦) પ્રકૃતિની સત્તા મિથ્યાત્વ ગુંઠાણે વર્તતા જીવને હોય જો કે અનંતાનુબંધીયાની સત્તાભુમી સાતમા ગુંઠાણા લગે છે તો પણ મિથ્યાત્વે (૧૩૦) કહી.

૬ અધરૂવસતા=મોહની કર્મની ૨ ( સમ્યકત્વ મોહની તથા મિશ્રમોહની ) નામ કર્મની ૨૧ ( મનુષ્યગતિ, મનુષ્યાનુપુર્વી, વૈક્રિય સપ્તક, આહારક સપ્તક, દેવદ્વીક, નરકદ્વીક જિનનામ કર્મ એ એકવીશ ) આયુષ્ય કર્મ ૪ ગોત્ર ઉંચ ૧ એ રીતે (૨૮) પ્રકૃતિ ધરૂવંસત્તા જાણવી.

૭ ઘાતીની પ્રકૃતિ=જે પ્રકૃતિ આપણા જ્ઞાનાદિકના ઘાતે કરી આત્માના ગુણઆવરે તે ઘાતીની તેના બે પ્રકાર છે સર્વઘાતી, દેશઘાતીની.

૧ સર્વઘાતીની=પ્રકૃતિના રસસ્પર્ધક તો તામ્રપત્રની પેરે નિ:છિદ્ર તથા સ્ફટીકગ્રહની પેરે નિર્મળ, દ્રાક્ષની પેરે સુક્ષ્મસાર પ્રદેશ બહુલરસ હોય તેથી સર્વઘાતીની પ્રકૃતિ પ્રદેશે અલ્પ હોય પણ વિર્યે અધિક હોય તે જ્ઞાનાવરણી ૧ ( કેવળ જ્ઞાનાવરણી ) દર્શનાવરણી ૬ (કેવળ દર્શનનાવરણી તથા પાંચ નિદ્રા ) મોહનીની ૧૩ ( કષાય ૧૨ મિથ્યાત્વ મોહની ) એ રીતે તેવીસ પ્રકૃતિ સર્વઘાતીની છે.

૨ દેશઘાતીની પ્રકૃતિના રસસ્પર્ધક સ્થુળ છિદ્ર ( કડા

જેવાં મોટાં છિદ્ર ) મધ્ય છિદ્ર કાંબળા જેવાં, સુક્ષ્મછિદ્ર વસ્ત્ર જેવાં. સ્થુળ પ્રદેશ નિ:રસ, અસાર બહુ પ્રદેશ અલ્પ વિર્ય હોય છે. તેવી પ્રકૃતિ જ્ઞાનાવરણી ૪ દર્શનાવરણી ૩ [ કષાય સંજ્વલન ૪ નોકષાય ૯ સમ્યકત્વ મોહની, મિશ્રમોહની એ રીતે ] મોહનીની ૧૫ અંતરાય ૫ એ [૨૭] પ્રકૃતિ દેશઘાતીની છે એ સર્વે મળી (૪૭) ઘાતીની પ્રકૃતિ થઈ,

૮ અઘાતિની પ્રકૃતિ=જે પ્રકૃતિના ઉદયથી આત્માનો કશો પણ ગુણ અવરાય નહીં તે અઘાતીની પ્રકૃતિ ૭૫ છે. તેનાં નામ–વેદની ૨ આયુષ્ય ૪ ગોત્રકર્મ ૨ નામકર્મની ૬૭ કુલ ૭૫ પ્રકૃતિ જીવના જ્ઞાનાદિ ગુણને હણે નહિ તથાપિ જેમ ચોરની સંગત કરતાં સાધુ પણ ચોર કહેવાય તેમ એ પ્રકૃતિ ઘાતીની સાથે ભોગવતાં ઘાતીની કહેવાય ઘાતી ૪૭ તથા અઘાતી ૭૫ કુલ ૧૨૨ થઈ ઉદય યોગ્ય

૯ પુણ્ય પ્રકૃતિ=જે પ્રકૃતિનો વિશુદ્ધ પરિણામ શુભ ભાવે ઉત્કૃષ્ટ મીઠો રસ બંધાય તથા જેને ઉદયે જીવ અનુકુળપણે વેદે તે પુણ્ય પ્રકૃતિ ૪૨ છે તે શાતાવેદની ૧ ઉંચગોત્ર ૧ આયુષ્ય ૩ [ દેવતા, મનુષ્ય, ત્રિજંચ ] ને નામકર્મ ૩૭ [વિગત બંધ તત્વમાંછે] એ રીતે બેતાળીશ પ્રકૃતિ.

૧૦ પાપપ્રકૃતિ=જે પ્રકૃતિનો સંકલેશ પરિણામે [ અશુભ ભાવે ] ઉત્કૃષ્ટકટુકરસ બંધાય તે પાપપ્રકૃતિ ૮૨ છે. તેનાં નામ—

જ્ઞાનાવરણી ૫ દર્શનાવરણી ૯ મોહની ૨૬ અશાતા વેદની ૧ નામકર્મની ૩૫ ગોત્રનીચ ૧ અંતરાય ૫ એ રીતે ૮૨ પ્રકૃતિની વીગત બંધ તત્વમાં આવી ગઈ છે ત્યાથી જોવી.

૧૧ પરાવર્ત નામ પ્રકૃતિ=જે એકેક પ્રત્યેક, પ્રત્યેક પ્રકૃતિનો બંધ તથા ઉદય કોઇ એક સમયે હોય જે કર્મ પ્રકૃતિ આપણી વિરોધીની પ્રકૃતિનો બંધ તથા ઉદયને નિવારીને પોતાનો બંધ તથા ઉદય દેખાડે તે પરાવર્ત નામ પ્રકૃતિ દર્શના વરણી ૫ નિદ્રા મોહની ૨૩ આયુષ્ય ૪ નામ કર્મ ૫૫ ગોત્ર ૨ એ રીતે કુલ ૯૧ એકાંણું પ્રકૃતિ છે.

૧૨ અપરા વર્તનામ પ્રકૃતિ=જે કર્મ પ્રકૃતિનો બંધ તથા ઉદય અન્ય પ્રકૃતિ સાથે વિરોધી નહીં. તેના કારણ છતે પણ હોય તે અવિરોધીની પ્રકૃતિ જાણવી. એના બંધના સ્થાનકે શુભા શુભ પરિણામ વિસેષે બીજી પ્રકૃતિ બંધાય નહીં કેવળ એના રસ બંધ માંહે ભાવની મંદતા કરે તેથી અપરાવર્તમાન પ્રકૃતિ ૨૯ જ્ઞાનાવરણી ૫ દર્શના વરણી ચક્ષુરાદિ ૪ મોહની ૩ મિથ્યાત્વ ભય જુગુપ્સા નામ કર્મની ૧૨ તેજસ, કાર્મણ શરીર વર્ણ ચતુષ્ક, પરાઘાત નામ, ઉશ્વાસ નામ, અગુરૂ લઘુ, તિર્થંકર નામ, નિર્માણ નામ, ઉપઘાત નામ, એ બાર અંતરાય ૫ કુળ પ્રકૃતિ ૨૯ થઈ તે અન્ય પ્રકૃતિનો બંધ ઉદય રૂંધ્યા વિના પોતાનો બંધોદય દીપાવે છે.

૧૩ જીવવિપાકીની પ્રકૃતિ=મેઘ જેમ સૂર્યની પ્રભાનો ઘાત કરે, આવરે તેમ જે આત્માના જ્ઞાન દર્શન, ચારિત્ર દાનાદિક લબ્ધી ઈત્યાદિકને અવરે તેથી તે ઘનઘાતીની પ્રકૃતિ કહેવાય તે (૭૮) પ્રકૃતિ છે તેનાં નામઃ- જ્ઞાનાવરણી ૫ દર્શનાવરણી ૯ મોહની ૨૮ અંતરાય ૫ એ સુડતાળીસ પ્રકૃતિ શરીર પુદ્ગળાદિ નિરપેક્ષ જીવને વિપાક દેખાડે તથા ગોત્રકર્મ ૨ વેદની ૨ તેથી ઉંચનીચ સુખી દુઃખી જીવ કહેવાય માટે તે પણ પોતાનો વિપાક જીવને દેખાડે તથા નામકર્મની ૨૭ તિર્થંકર નામકર્મથી ચાર અતિશયવંત જીવ પરમાત્મા કહેવાય તથા ત્રશ, બાદર, પર્યાપ્ત, થાવર, સુક્ષ્મ, અપર્યાપ્તિ એના ઉદયથી જીવનો પર્યાય કરે સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશકીર્તિ, દુર્ભાગ્ય, દુસ્વર, અનાદેય અપયશ, એના ઉદયથી જીવ સૌભાગી દુર્ભાગી આદિ કહેવાય, સ્વાસોસ્વાસ નામકર્મ પુદ્ગળરૂપછે પણ એની લબ્ધી જીવને હોય. જાતિ ૫, ગતિ ૪, ખગતિ ૨ તેનાથી જીવ જુદીજુદી જાતિગતિ તથા ચાલનો કહેવાય તેથી તે સુધાં નામકર્મની ૨૭ પ્રકૃતિ ) કુલ ૭૮ જીવવિપાકી.

૧૪ ભવ વિપાકી=દેવતાદિકનો ભવ પામી તે ભવના પ્રથમ સમયથી છેલ્લા સમયસુધી નિરંતરપણે જીવને વિષે સ્વશક્તિ દેખાડે આત્માને હેડની પરે રોકી શકે આયુ પુરૂ થઈ પરભવ આયુનો ઉદય આવે પરભવ જાય તે માટે આ-

ચુષ્ય કર્મની ચાર પ્રકૃતિ ભવવિપાકીની ગણી છે. કારણ કે ચરમ શરીરી જીવ પૂર્વ બંધ શેષ ત્રણ ગતિના દલિકને મનુષ્ય ગતિના એક આયુષ્યમાં સંક્રમાવી ઉદયાવળીમાં આણી વેદીને ખપાવે. પ્રદેશથી કર્મવેદ્યા વિના છુટે નહીં અને આયુષ્યમાં સંક્રમાવ્યા વિના મોક્ષે જાય નહીં તેથી આયુષ્ય સંક્રમાવે પછી તેને પરભવાયુનો ઉદય કોઇ પ્રકારે હોય નહીં. સ્વભાવનોજ ઉદય હોય માટે ભવવિપાકી કહીએ.

૧૫ પુદ્‌ગળ વિપાકી=જે પોતાની શક્તિ શરીરાદિ પુદ્‌ગળને વિષે દેખાડે એ પ્રકૃતિઓનો કરેલો ગુણ અવગુણ શરીરાદિ પુદ્‌ગળને હોય તે નામકર્મની ૩૬ છે તે ( નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, તેજશ, કાર્મણ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ એ બાર પ્રકૃતિ ધ્રુવોદયી છે તે અનુક્રમે અંગોપાંગ કર્મ પુદ્‌ગળનું ઠામેઠામ જોડનાર છે જેમકે હાડ દાંતનો સ્થિરબંધ, લોહી લાળનો અસ્થિરબંધ તથા કોઈ શુભ, અશુભ તથા વર્ણ ચતુષ્ક પુદ્‌ગળાદિને વિષે હોય તેથી તથા તનુચતુષ્કની અઢાર પ્રકૃતિ ( ઔદારિક, વૈક્રિય, આહારક ત્રણ શરીર ત્રણ ઉપાંગ છ સંઘરાણ, છ સંસ્થાન, તે પણ પોતાની શક્તિ પુદ્‌ગળને વિષે દેખાડે છે. તથા ઉપઘાતના ઉદયે અંગુલી પ્રમુખ વધારે હોય, સાધારણનો ઉદય શરીર પર્યાપ્તી પુરી કર્યા પછી આવે તેથી ઘણા જીવોનું એક શરીર તથા પ્રત્યેક નામ પણ શરીરાશ્રિત છે

ને ઉદ્યોત, આતાપ, પરાઘાત પણ શરીર પુદ્‌ગળને વિષે પોતાની શક્તિ દીપાવે એ રીતે ૩૬ પ્રકૃતિ પુદ્‌ગળને વિષે પોતાની શાક્ત દીપાવનાર પુદ્‌ગળ વિપાકીની છે.

૧૬ ક્ષેત્રવિપાકીની પ્રકૃતિ=ક્ષેત્ર એટલે આકાશ પ્રદેશ વિશેષ તેની મુખ્યતાપામીને જેનો ઉદય હોય. જીવને દ્વીવક્ર ત્રિવક્ર શ્રેણીયે પરભવ જતાં અનુપુર્વીના ઉદયે કરી જેમ બળદને નાથ પકડી ફેરવીએ તેમ આનુપુર્વી ઉદય ઉત્પત્તિ સન્મુખ કરે જેથી આનુપુર્વી ક્ષેત્રવિપાકી કહી જો કે વક્રગતિ વિના પણ સંક્રમણ કરણે દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ ને નરકગતિ એ ચાર મધ્યે પોતપોતાની આનુપુર્વી સંક્રમાવી ઉદય આણે છે પણ અહીં વક્રગતિની મુખ્યતા લીધી છે.

---

## આઠ પ્રકારના બંધ.

---

એ રીતે વિપાકના રસોદયને તેના અસાધારણ સ્થાનકો ચાર પ્રકારે કહ્યાં તે લાડવાના દ્રષ્ટાંતે બંધતત્વમાં આવી ગયું છે તેને આઠ પ્રકારના બંધ કહે છે.

૧ પ્રકૃતિ બંધ જેનું વર્ણન ચાલે છે તે.

૨ સ્થિતિબંધ
૩ રસબંધ
૪ પ્રદેશબંધ
} આ ત્રણનું વર્ણન અનુક્રમેઆગળ આવશે.

૫ ભુયસ્કાર બંધ=પ્રથમ ઉંચે ગુંઠાણે થોડી પ્રકૃતિનો બંધ કરતો ત્યાંથી પડી નીચલે ગુંઠાણે આવી વધુ પ્રકૃતિનો બંધ કરે તે.

૬ અલ્પતર બંધ=તેથી ઉલટું એટલે નીચલે ગુંઠાણે વધુ બંધ કરતો ચડતા ગુંઠાણે ઓછી પ્રકૃતિ બાંધે તે.

૭ અવસ્થીત બંધ
૮ અવ્યક્ત બંધ } બંધ સ્થાનકો આ ટુંક વ્યાખ્યામાં લીધાં નથી જેથી તે બતાવ્યા નથી.

૯ ઉપસમશ્રેણી
૧૦ ક્ષપકશ્રેણી } તેનું વર્ણન આગળ આવશે.

## પ્રકૃતિબંધ.

એ રીતે સોળ પ્રકાર પ્રકૃતિના આંઠ પ્રકારે બંધ તથા બે પ્રકારની શ્રેણી મળી ૨૬ દ્વાર કર્મગ્રંથમાં વર્ણવ્યાં છે. પ્રકૃતિબંધ કયા ગુંણઠાણે કેટલી બંધાય તે કહે છે.

## ભુયસ્કાર બંધ તથા અલ્પતર બંધ.

૧ ઉપશાંત મોહ ગુણઠાણે એક વેદની કર્મ બાંધી પડતાં દશમા ગુંઠાણે જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય ઉંચગોત્ર, યશકીતી નામકર્મ સાથે શાતાવેદની બાંધતાં

સતરનો બંધ કરે તે પ્રથમ સમયે ત્યાંથી પડતાં કરે તે ભુયસ્કાર બંધ કહેવાય ત્યાંથી પડતાં.

૨ નવમે ગુણઠાણે સંજ્વલન લોભ સાથે અઢાર બાંધે પછી માયા, માન, ક્રોધ તથા પુરૂષવેદ બાંધતા છેવટ બાવીશ પ્રકૃતિનો બંધ હોય.

૩ અપુર્વ કરણના સાતમા ભાગે હાસ્ય, રતિ, ભયને જુગુપ્સા એ ચાર સાથે બાંધતાં છવીશનો બંધ છઠે ભાગે દેવ પ્રાયોગ્ય નામકર્મની (૨૮) પ્રકૃતિ તેમાંયશકિર્તિ પ્રથમછે તેથી બીજી (૨૭) બાંધતાં પ્રથમની છવીશ સાથે ત્રેપનનો બંધ કરે ને જિનનામ બાંધતાં ચોપનનો બંધ કરે તથા જિનનામ વિના આહારદ્વીક બાંધતાં પચાવનનો બંધ ને જિનનામ સહીત છપનનો બંધ કરે પ્રથમ ભાગે છપનમાંથી જિનનામ વગર પંચાવન તથા નિંદ્રાને પ્રચલા સુધાં સતાવન બાંધે તથા જિનનામ સહિત અઠાવનનો બંધ કરે.

૪ અપ્રમત ગુણઠાણે દેવાયુ સાથે ઓગણસાઠ પ્રકૃતિ બાંધે

૫ દેશવિરતી ગુણઠાણે દેવપ્રાયોગ્યની અઠાવીશ બાંધતાં જ્ઞાનાવરણી, ૫ દર્શનાવરણી, ૬ વેદની, ૧ મોહની, ૧૩ દેવાયુ, ૧ નામકર્મ, ૨૮ ગોત્ર, ૧ અંતરાય ૫ એ રીતે સાઠ બાંધે તેમજ જિનનામ બાંધતાં એકસઠ બાંધે કોઈ જીવને એક સમયે બાસઠ પ્રકૃતિનો બંધ હોય નહી,

૬ ચોથા ગુણઠાણે આયુ અબંધકાળે દેવપ્રાયોગ્ય અ-

ઠાવીશ પ્રકૃતિ બાંધતાં અપ્રત્યાખાની કષાય સાથે ત્રેસઠ પ્રકૃતિ બાંધે. જ્ઞાના, ૫ દર્શ, ૬ વે. ૧ મો. ૧૭ ના. ૨૮ ગો. ૧ અંત. ૫ કુલ ત્રેસઠ દેવાયુ સહિત ચોસઠ, જીનનામ સહિત પાંસઠ, નો બંધ કરે તેમજ ચોથા ગુંઠાણાના દેવતા, મનુષ્ય પ્રાયોગ ત્રીશ પ્રકૃતિ બાંધતાં છાસઠ પ્રકૃતિનો બંધ કરે.

૭ મિથ્યાત્વ ગુણઠાણે જ્ઞાના, ૫ દર્શના, ૯ વેદની, ૧ મોહની, ૨૨ આયુ, ૧ નામ, ૨૩ ગોત્ર, ૧ અંતરાય ૫ એ સડસઠ પ્રકૃતિ બાંધે તેમજ નામકર્મની ૨૫ ને આયુ રહિત બાંધતાં અડસઠ બાંધે ને આયુ સહિત બાંધતાં અગણોતેર બાંધે તેમજ નામકર્મની છવીશ બાંધતાં સીતેર બંધાય તથા આયુ રહિત નામકર્મની અઠાવીશ બાંધતાં એકોતેર બાંધે ને ઓગણત્રીશ બાંધતાં બોતેર બાંધે ને આયુ સહિત તોતેર બાંધે ને નામકર્મની ૩૦ બાંધતાં જ્ઞાના ૫ દર્શના. ૯ વેદની. ૧ મોહની. ૨૨ આયુ. ૧ નામ. ૩૦ ગોત્ર. ૧ અંતરાય ૫ એ રીતે ચુંવોતર પ્રકૃતિ બંધાય એ ભુયસ્કાર બંધ કહ્યો.

અલ્પતર બંધ તેથી ઉલટા ચડતા પરિણામે ઓછી બંધાય તેને કહે છે.

## રસબંધ.

અનુભભાગ એટલે રસબંધ કહે છે.

શુભાશુભ અધ્યવસાય વિશેષે કરી જે મીઠો, કડવો, એક ઠાણીઓ, બેઠાણીઓ, ત્રીઠાણીઓ, ચોઠાણીઓ, ઘાતી, અઘાતિ, એવા રસનું બાંધવું તેને રસબંધ કહે છે.

લીંમડાનો રસ જેમ સહેજે કડવો હોય તેમ બ્યાસી પાપ પ્રકૃતિનો રસ સેજે કડવો અતિઉદ્વેગ હેતુ હોય તેમજ શેરડીનો રસ સ્હેજે સ્વભાવે મીઠો હોય તેમ પુણ્ય પ્રકૃતિ બેતાળીશનો રસ સેજે ઇષ્ટ આનંદ હેતુ હોય તે રસ એક ઠાણીયો કહેવાય તેને દ્રષ્ટાંતથી સમજાવે છે.

લીમડાનો એક શેર રસ લઈએ તે સેજ સ્વભાવે કડવો છે તે એકઠાણીઓ રસ કહેવાય તેને ઉકાળી એક ભાગ એટલે અડધો શેર રહે ત્યાંસુધી બાળીએ તે રસ ઘણો કડવો હોય માટે બેઠાણીઓ કહેવાય, તેથી વધુ ઉકાળી શેરનો ત્રીજો ભાગ રાખીએ તે વધુ કડવો હોય તે ત્રીઠાણીઓ કહેવાય. અને તેથી પણ વધારે ઉકાળી ચોથો ભાગ રાખીએ એટલે પાશેર રાખીએ તે અત્યંત કટુતમ મહા ઉદ્વેગ હેતુ હોય તે ચોઠાણીયો રસ કહેવાય. તેમજ શેરડીના રસ માટે પણ સમજવું પણ શેરડીના રસ જેવો સ્વભાવ પુણ્યપ્રકૃતિનોછે માટે મિષ્ટ, મિષ્ટતર, અતિમિષ્ટતમ, મિષ્ટતમઆનંદદાયક

ચિત્ત પ્રસન્નતાનો હેતુ થાય. એ રીતે અશુભ પ્રકૃતિનો રસ અશુભપણે વધતો જાય ને શુભ પ્રકૃનિનો રસ શુભપણે વધતો જાય એમ સમજવું.

રસનું તારતમ્યપણું કષાયના તારતમ્યપણે હોય. મંદ કષાયે પાપપ્રકૃતિ મંદ રસે બાંધી હોય તેને વળી કષાયની તિવ્રતાયે તિવ્ર રસપણે અશુદ્ધવસાયે ભોગવે તો અત્યંત સંકલેષે તિવ્રકષાયોદયે કરી અત્યંત કટુક ચોઠાણીઓ રસ બંધાય અને શુભ અધ્યવસાયે કરી ભોગવે તો તિવ્રરસપણે બાંધી હોય તેને પણ મંદરસે ભોગવે તો કષાયની મંદતાયે અતિ વિશુદ્ધાધ્યવસાયે ચોઠાણીયો રસ અતિ મીઠો બંધાય ભાવાર્થ કે=કષાયોદય તિવ્ર હોય પણ શુભ ભાવે તેને વેદે તો પુણ્યપ્રકૃતિનો રસ બંધાય અને કષાયોદય મંદ હોય પણ તેને અશુભ ભાવે વેદે તો પાપ પ્રકૃતિનો રસ બંધાય તિવ્રકષાયોદયને શુદ્ધાધ્ય વસાયે વેદતાં બેતાળીશ પુણ્યપ્રકૃતિનો રસ ચોઠાણીયો અતિમિષ્ટતમ બંધાય છે અને પાપ પ્રકૃતિ ૮૨ નો મંદરસ બંધાય પણ મંદ કષાયોદયને તિવ્ર કષાયોદયે વડે તો પાપ પ્રકૃતિનો રસ ચોઠાણીઓ બંધાય ને પુણ્ય પ્રકૃતિનો મંદ રસ બંધાય એમ સમજવું. કષાયથીજ રસ બંધાય છે.

અનંતાનુબંધી કષાયના ઉદયે અતિ મલીન પરિમાણી જીવ પાપ પ્રકૃતિનો ચોઠાણીયો રસ બાંધે તો પણ પુણ્ય

પ્રકૃતિનો રસ બેઠાણીયો બાંધે (પુણ્યપ્રકૃતિનો રસ એકઠાણીયો બંધાયજ નહીં માટે બેઠાણીયાનોજ બંધ હોય પણ ઉદયમાં એકઠાણીયો હોય.

અપ્રત્યાખાની કષાયોદયે પાપ પ્રકૃતિ તથા પુણ્ય પ્રકૃતિનો રસ ત્રિઠાણીયો બંધાય ચડતે પરિણામે શુભ બંધાયને પડતે પરિણામે અશુભ બંધાય.

પ્રત્યાખાની કષાયોદયે પાપપ્રકૃતિનો રસ બેઠાણીયો બંધાય અને પુણ્ય પ્રકૃતિનો રસ ચોઠાણીયો બંધાય.

સંજવલન કષાયોદયે પુણ્ય પ્રકૃતિનો રસ ચોઠાણીયો બંધાય તે તિવ્રમિષ્ટતમરસ બંધાયને પાપ પ્રકૃતિનો એકઠાણીયો મંદ રસ બંધાય.

અંતરાય કર્મ પાંચ જ્ઞાનાવરણી ચાર (કેવળ જ્ઞાનાવરણી વિનો) દર્શનાવરણી ત્રણ (ચક્ષુ, અચક્ષુને અવધિજ્ઞાનાવરણી) પુરૂષ વેદ, સંજવલન કષાય ચાર એસતર પ્રકૃતિનો રસ એકઠાણીયો, બેઠાણીયો, ત્રણઠાણીયો, ચોઠાણીયો એ ચારે પ્રકારે બંધાય. તેમાં એકઠાણીયો રસ, નવમા ગુંઠાણાના સંખ્યાતા ભાગ ગયા પછી બંધાય. અને તેના નીચેના ગુંઠાણે બેઠાણીઓ ત્રણઠાણીયો, ચારઠાણીયો રસ બંધાય બાકી રહીજે.

એકસો ત્રણ પ્રકૃતિ તેનો એકઠાણીયો રસ બંધાય નહીં. પણ બેઠાણીયાદિ બંધાય તેમાં પણ પાંસઠ પાપ

પ્રકૃતિ છે તે નવમે ગુંઠાણે બંધાય જ નહીં જેથી નવમા ગુણઠાણે એકઠાણીયો રસ ત્યાં આગળ તે પ્રકૃતિનો બંધજ નથી તો કયાંથી બંધાય, માટે બેઠાણીયાદિ બંધાય. વળી તે પાંસઠ પાપ પ્રકૃતિમાં કેવળ જ્ઞાનાવરણી તથા દર્શનાવરણી એ બે પ્રકૃતિનો બંધ નવમે દશમે ગુંઠાણે છે પણ તે બે પ્રકૃતિ ર્વ ઘાતી હોવાથી તેનો એકઠાંણીયો રસોદય હોય નહીં. તેમજ પુણ્ય પ્રકૃતિનો તો એકઠાણીયો રસ બંધાય જ નહી માટે એકસો ત્રણ પ્રકૃતિ બેઠાણીયાદિ રસ બંધાય કહ્યું.

કેવળ જ્ઞાનાવરણી પ્રમુખ વીશ ઘાતીની પ્રકૃતિનો રસ એકઠાણીયો હોય નહીં તેમજ દેશ ઘાતીની સતાવીશ પ્રકૃતિનો ચોઠાંણીયો ત્રીઠાણીયો રસ પણ સર્વઘાતી સમજવો અને બેઠાણીયો મંદરસ (તિવ્રરસ બેઠાણીયો ઘાતી કહ્યો છે) તથા એકઠાણીયો રસ દેશ ઘાતી છે દેશઘાતિ રસ સ્થુળ, મધ્યમને સુક્ષ્મ છિદ્રવાળા ( કડા જેવા, કામળા જેવા કે વસ્ત્ર જેવા છિદ્રવાળા ) લુખા રસ હોય તે સર્વઘાતી રસ તાંબાના પત્રા જેવા નિઃછિદ્રવંત ચીકણા હોય તે અબરખ જેવા નિર્મળ જ્ઞાનાદિકને આવરે છે. બેતાળીસ પુણ્ય પ્રકૃતિનોજ ધન્યરસ જઘન્યપણે બેઠાણીયો હોય તેથી અનંત અનંતગુણ વિર્ય વધતાં ત્રિઠાણીયો, ચોઠાણીયો થાય તે રસ અઘાતી છે.

# પ્રદેશ બંધ કહે છે. ( આઠ વર્ગણા )

પ્રદેશ બંધ=કર્મ બંધના જે પુદ્ગળો છુટાં છુટાં જીવે મેળવ્યાં હોય તે કર્મ દળને એકત્ર ભેગાં કરી કર્મ પ્રકૃતિનું એક રૂપ થવું તે જેમકે મિથ્યાત્વાદિ હેતુ એ જે કર્મ બંધાય છે તે ઘણા પ્રકારનાં હોય છે તે જે પ્રકારના જેટલાં દળીયાં જીવે બાંધ્યા હોય તે તે પ્રકારમાં સંચય થવું ભેગા મળવું તે દળીયાંના સમુહને પ્રદેશ બંધ કહે છે.

યોગની મંદતાએ થોડાં દળ મળેને ઉત્કૃષ્ટાએ ઘણાં દળ મળે યોગની તારતમ્યતાએ કર્મ દળનું તારતમ્યપણું છે.

પ્રદેશ બંધ કહેવાને માટે વર્ગણા સમજવાની જરૂર છે તે વર્ગણા આઠ છે.

જેમ કુચીવર્ણ શેઠને ગાયો મેળવવાનું વ્યસન હોવાથી તેણે ઘણી ગાયો મેળવી એકઠી કરી પછી તેની ગણતરી આણવાને માટે વર્ણાદિકે સરખી એવી ગાયોના ટોળાં બાંધ્યાં તેવી રીતે અનંતા પુદ્ગળ સ્કંધને જૂદા લેખવી તેના ભેદ પાડવાને અર્થે જ્ઞાનીયે પરમાણું સંખ્યાયે સરખા સરખા પુદ્ગળ સ્કંધના ટોળાં બાંધ્યાં તેનું નામ વર્ગણા કહે છે તે આઠ છે.

૧ ઔદારિક વર્ગણા=ઔદારિકને ગ્રહણ યોગ્ય પુદ્ગળ દ્રવ્ય વર્ગણા.

૨ વૈક્રિય વર્ગણા=વૈક્રિય શરીરને ગ્રહણ યોગ્ય પુદ્ગળ સ્કંધ વર્ગણા.

૩ આહારક વર્ગણા=આહારક શરીર ગ્રહણ યોગ્ય પુદ્-ગળ સ્કંધ વર્ગણા.

૪ તેજસ વર્ગણા=તેજસ શરીરને ગ્રહણ યોગ્ય પુદ્-ગળ સ્કંધ વર્ગણા.

૫ ભાષાવર્ગણા=ભાષાને ગ્રહણ યોગ્ય પુદ્ગળ સ્કંધ વર્ગણા.

૬ સ્વાશો સ્વાશ વર્ગણા=સ્વાશો સ્વાશ ગ્રહણ યોગ્ય પુદ્ગળ સ્કંધ વર્ગણા.

૭ મનો વર્ગણા=મનને ગ્રહણ યોગ્ય પુદ્ગળ સ્કંધ વર્ગણા.

૮ કાર્મણ વર્ગણા=કાર્મણ શરીર ગ્રહણ યોગ્ય પુદ્ગળ સ્કંધ વર્ગણા.

એ આઠ વર્ગણાનું અનુક્રમે અવકાશ ક્ષેત્ર તે એકે-કથી સુક્ષ્મ સુક્ષ્મ હોય એટલે એકેકથી એક ઓછું ઓછું હોય. આઠેનું અવગાહના ક્ષેત્ર અંગુલને અસંખ્યાતમે ભાગે હોય જેથી પુદ્ગળ દ્રવ્યને વિશે જેમ ઘણા પરમાણુ મળે તે પરમાણુ સુક્ષ્મ હોય તેથી પરમાણુ એકેકથી અધિક હોય પુદ્ગળ દ્રવ્યનો એહજ સ્વભાવ છે કે જેમ જેમ પ્રદેશ વધતા જાય તેમ તેમ તે સુક્ષ્મ થાય જેમ કપાસમાં થોડા

પ્રદેશ હોય તે ઘણી જગ્યા રોકે અને પારામાં ઘણાં દળિક હોય તે થોડી જગ્યા રોકે તથા પાલીમાં તુવેરના કણ થોડા સમાયને રાઈના કણ ઘણા સમાય.

કર્મ. દળ અગુરૂ લઘુ દ્રવ્ય છે તથા વર્ણ ગંધ, રસને સ્પર્શથી અનેક ગુણવંત છે તેથી જ તેને સડણ પડણ વિદ્ધંસણ સ્વભાવ કહ્યો છે. ઔદારિક, વૈક્રિયને આહારક એ ત્રણ વર્ગણાના પુદ્‌ગળ સ્કંધ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસને આઠ *ફરસ એ વીશ ગુણવંત હોય તેથી ગુરૂ લઘુ કહેવાય. તેજસ માર્ગણા પણ સિદ્ધાંતને મતે વીશ ગુણવંત હોય તથા ભાષા, સ્વાસોસ્વાસ, મનોદ્રવ્ય, કર્મવર્ગણા દ્રવ્ય ( કાર્મણ દ્રવ્ય ) એ ચાર અરૂપી વર્ગણાના પુદ્‌ગળ દ્રવ્ય સોળ ગુણવંત હોય. કારણ કે ચાર વર્ગણાના સુક્ષ્મ દ્રવ્ય હોવાથી ગુરૂ તથા કર્કશ સ્પર્શન હોય. તથા રૂક્ષને સ્નિગ્ધ માંહેલો એક હોય તથા ઉષ્ણને શીત માંહેલો એક હોય એ રીતે સ્પર્શ ચાર હોવાથી સોળ ગુણવંત હોય.

જીવને કષાયિક અધ્યવસાય જનિત આનંદ વિષાદ હેતુ શુભાશુભ કર્મનો વિપાક ઇષ્ટ અનિષ્ટપણે મિષ્ટ કટુક રસ તેને રસ કહે છે એવા રસાણુ જેમ તૃણખલાં ચરતી ગાય તૃણમાંથી દુધની ઉત્પત્તિ કરે છે. તથા સર્પ દુધનું પાન કરી તેમાંથી ઝેર ઉત્પન્ન કરે છે તેમ સર્વ જીવથી અનંત ગુણા રસ વિભાગે યુક્ત જે જીવ કર્મ દળ

ગ્રહણ કરે છે તે કર્મ દળને વિશે અનંત અનંત પ્રદેશીયા સ્કંધ તેના પ્રદેશ પ્રદેશ પ્રત્યે અનંતા રસાણુએ યુક્ત જીવ ગ્રહણ કરે છે. કર્મપણે ગ્રહણ કરે છે. જેમ લીંમડો શેરડીયાદિકને આધારે કરી તંદુલોને વિશે પ્રત્યેકે યથારસ વિશેષ તદરૂપ પ્રત્યે જાણે છે તેમ અનંત ભાગ પ્રમાણ પરમાણુ નિષ્પન એકેક કર્મ સ્કંધ પ્રત્યે જીવ ગ્રહે છે.

જે આકાશ પ્રદેશોને વિશે જીવ અવગાઢ છે તે આકાશ પ્રદેશને વિશે કર્મ પુદગળ દ્રવ્ય પણ અવગાઢ છે તે રાગાદિક સ્નેહ ગુણ યોગથી આત્મ પ્રદેશને વિશે લાગે છે. જેમ તિવ્ર અગ્નિ સંયોગે પાણી ઉકાળીયે તે વારે તળેનું પાણી ઉપર આવે અને ઉપરનું પાણી તળીયે જાય તેમ સગાદિક સ્નેહ ગુણયોગે કરી આત્માના અસંખ્ય પ્રદેશ ( આઠ મધ્ય પ્રદેશ વિના ) પુર્વોક્ત પાણીની રીતે આવર્ત લેત્યાં આત્મ પ્રદેશ કષાયિક અધ્યવસાયરૂપી ચીકણુતા છે તેણે કરી કર્મ રૂપ રજ સહીત સર્વ આકાશ પ્રદેશ ભરેલું છે તે ક્ષેત્રને વિશે આવર્ત કરતાં જેમ ચીકણા શરીરે આળોટતાં શરીરને રજ લાગી જાય બંધાઈ જાય તેમ પોતાના આત્માના સર્વ પ્રદેશ અનંતાનંત કર્મ દળે બંધાય પણ એક પ્રદેશ બંધાય નહીં કેમકે જીવ પ્રદેશ સર્વને પરસ્પર સંબંધ છે તેથી કર્મનાં દળ ગ્રહણ કરે તે જીવના સર્વ પ્રદેશને ચોંટે જેમ કે હાથે ઘડો ઉપાડતાં સર્વ શરીરે જોર આવેછે. તેની પેઠે

જીવ કર્મ ગ્રહણ કરે તે વખત જીવના સર્વ પ્રદેશો તેમાં ભળે પણ એટલું વિશેષ કે જે અવયવ કાર્યની ઢુંકડા હોય તેને વિશેષ બળ આવે અને વેગળા અવયવોને ઓછું બળ આવે તેમ કર્મ દળ ગ્રહણ કરતાં આત્મ પ્રદેશને વિશે પણ હિનાધિક વિર્ય હોય.

જે વારે જીવ આયુષ્ય કર્મ બાંધે તે વારે અંતર મહુરત પર્યંત સમય સમય જે કર્મ ગ્રહણ કરે તેના આઠ ભાગ કરી આઠ કર્મને વહેંચી દે. ને જે વારે આયુ કર્મ ન બાંધે તે વારે જે કર્મ દળ ગ્રહણ કરે તે સાત કર્મને વહેંચી આપે. દશમે ગુઠાણે આયુષ્ય મોહની વગર છ કર્મ બાંધે ત્યારે તેના છ ભાગ કરે વહેંચી આપે એમ જ્યારે એક કર્મનો બંધક હોય ત્યારે તેનો એકજ ભાગ હોય એટલે જીવ જે કર્મ સમયે સમયે ગ્રહણ કરે છે તે કર્મના દળનો ભાગ તે જીવના ગુંઠાણે જે કર્મ પ્રકૃતિ બંધાતી હોય તેટલી પ્રક્રીતમાં વહેંચાય છે. તેમાં

આયુષ્ય કર્મના ભાગોનો અંશ થોડો હોય કારણ તેની સ્થિતિ ( ૩૩ સાગરોપમ ) થોડી છે તેથી તેનાં દળ પણ થોડાં હોય છતાં પણ આયુષ્ય કર્મ ભવમાં એકજ વખત બંધાય છે ને તે પણ અંતર મહુરતમાં બધાય ને બીજાં કર્મ નિરંતર બંધાય છે તેથી થોડા વખતમાં આયુ-ષ્યનાં ઘણાં દળ મેળવવાં પડે તેથી જે વખતે આયુષ્ય કર્મ

બંધાય તે વખતે તેનો દળ ભાગ વિશેષ હોય ને નિરંતર બંધાતાં નામ કર્મ તથા ગોત્ર કર્મની સ્થિતિ ( ૨૦ કોડા કોડી સાગરોપમ ) ની હોવાથી આયુષ્ય કર્મ કરતાં તેનાં દળ વિશેષાધિક હોય ને નામ ગોત્ર બંનેનાં સરખાં હોય.

જ્ઞાનાવરણી, દર્શનાવરણી તથા અંતરાય કર્મ એ ત્રણની સ્થિતિ ત્રીશ કોડા કોડી સાગરોપમનીછે તેથી નામ તથા ગોત્ર કર્મ કરતાં પણ તેનાં દળિયાં વિશેષ હોય અને ત્રણેનાં માંહોમાંહે સરખાં હોય.

મોહની કર્મનો ભાગ તે ત્રણ કરતાં પણ અધિક હોય કેમકે દર્શન મોહનીની સ્થિતિ (૭૦ કોડા કોડી સાગરોપમ) ને ચારિત્ર મોહનીની ( ૪૦ કોડા કોડી સાગરોપમ ) છે તેની સ્થિતિ વિશેષે દળ ભાગ વિશેષ હોય.

વેદની કર્મનો દળ ભાગ સર્વથી અધિક હોય જો કે મોહની કરતાં વેદની કર્મની સ્થિતિ ( ૩૦ કોડા કોડી સાગરોપમ ઓછી છે તો પણ મોહનીનાં દળ ઉત્કૃષ્ટ રસે છે અને વેદનીનાં દળનો રસ અઘાતીયો છે તેથી મંદ રસ છે તેથી જેમ ઘેંશ રાબ ઘણી પીએ તોજ પેટ ભરાયને શીખંડ, ખાંડ. ઘી વગેરે થોડું ખવાય તો પણ ક્ષુધા મટે તેમજ પથરનું સ્થુળ દળ મોટો કડકો વાગે તોજ જીવ જાય અને વિષ થોડું હોય તો પણ મરણ નીપજે તેની પેઠે મોહની કર્મના તિવ્ર રસ દળ છે તે થોડા હોય તો પણ

આત્મ ગુણ ઘાત કરે અને વેદની કર્મના મંદ રસ દળ ઘણા મળે તોજ તે પોતાનું કાર્ય પુદગળિક સુખ દુઃખનો અનુભવ પ્રગટ કરી શકે પણ થોડે દળે કાર્ય કરી શકે નહીં. માટે વેદની કર્મનો દળ ભાગ સર્વથી વિશેષ હોય બાકીના સાતે કર્મમાં જે કર્મની સ્થિતિ અધિક હોય તેનો કર્મ દળ ભાગ અધિક હોય અને જેની સ્થિતિ ઓછી હોય તેનો કર્મ પ્રદેશ ભાગ ઓછો હોય.

એક સમયમાં એક અધ્યવસાયે ગ્રહણ કરેલાં કર્મ આઠે કર્મ પણે પરિણમે છે.

## સ્થિતિ બંધ.

સ્થિતિ=કાળમાન યોગપ્રત્યયે ગ્રહયાં જે કર્મ પુદગળ તથા અધ્યવસાય વિશેષે કર્મ પણે રહેવાના કાળને સ્થિતિ કહે છે તેનો બંધ બે પ્રકારે ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિ કાળમાનની સમજ=રોગ રહિત બળિષ્ટ નિશ્ચિંત એવા તરૂણ પુરૂષના સાત સ્વાશોસ્વાશે એક થોવ. સાત થોવે (૪૯) સ્વાશો સ્વાશે એક લવ સીતોતેર લવે (૩૭૭૩) સ્વાશોસ્વાશે એક અંતર મહુરત. ત્રીશ અંતર મહુરતે એક અહોરાત. ત્રીશ દિવસનો માસ બે માસે રૂતુ ત્રણ રૂતુએ એક અયન, બે અયને એક વરસ, ચોરાસી લાખ

વરસે એક પુર્વાંગ, ચોરાસી લાખ પુર્વાંગે એક પુર્વ, ચોરાશી લાખ પુર્વે એક ત્રુટિલાંગ, ચોરાશી લાખ ત્રુટિલાંગે એક ત્રુટિટ, ચોરાશી લાખ ત્રુટિતે એક અટટાંગ, ચોરાશી લાખ અટટાંગે અક અટટ, ચોરાશી લાખ અટટે એક અવવાંગ, ચોરાશી લાખ અવવાંગે એક અવવ, ચોરાશી લાખ અવવે એક હુહુઆંગ, ચોરાશી લાખ હુહુઆંગે એક હુહુઅ, ચોરાશી લાખ હુહુએ એક ઉત્પલાંગ, ચોરાશી લાખ ઉત્પલાંગે એક ઉત્પલ, ચોરાશી લાખ ઉત્પલે એક પદ્માંગ, ચોરાશી લાખ પદ્માંગે એકપદ્મ, ચોરાશી લાખ પદ્મે એક નલિનાંગ, ચોરાશી લાખ નલિનાંગે એક નલિન ચોરાશી લાખ નલિને એક અક્ષિનિકુરાંગ, ચોરાશી લાખ અક્ષિનિકુરાંગે અક્ષિનિકુર ચોરાશી લાખ અક્ષિનિકુરે એક અચુલાંગ ચોરાશી લાખ અચુલાંગે એક અચુત ચોરાશી લાખ અચુતે એક નચુતાંગ, ચોરાશી લાખ નચુતાંગે એક નચુત ચોરાશી લાખ નચુતે એક પ્રચુતાંગ, ચોરાશી લાખ પ્રચુતાંગે એક પ્રચુત, ચોરાશી લાખ પ્રચુતે એક ચુલિકાંગ, ચોરાશી લાખ ચુલિકાંગે એક ચુલિકા, ચોરાશી લાખ ચુલિકાએ એક શીર્ષ પ્રહેલિકાંગ, ચોરાશી લાખ શીર્ષ પ્રહેલિકાંગે એક શીર્ષ પ્રહેલિકા અહીં સુધી સંખ્યાતા કાળ ગણાય તે એકસો ચોરાણુ આંકડાની સંખ્યા થાય છે તે પછીનો કાળ તે અસંખ્યાતો કાળ ગણાય તેથી પાલા, સમુદ્રાદિની ઉપમાયે સમજાવેછે. અસં-

ખ્યાતા વર્ષ પ્રમાણ પલ્યોપમ સાગરોપમ જાણવું.

સાગરની ઉપમાએ જે કાળમાન તેને સાગરોપમ કહીયે ને પલ્યની ઉપમાએ પલ્યોપમ કહીયે યોજન પ્રમાણ કુવો અસંખ્યવાળાગ્રેભરી સો સો વરસે એકેક કેશ ખંડ કાઢતાં કુવો તદ્દન ખાલી થાય તેટલા કાળને અદ્ધા પલ્યોપમ કહે છે તેવા દશ કોડા કોડી પલ્યોપમે અદ્ધા સાગરોપમ કહે છે તેવા.

વીશ કોડાં કોડી સાગરોપમની સ્થીતિ ગોત્રને નામ કર્મના છે એટલે બાંધેલુ દળ વિણુશે નહીં તો એટલો કાળ રહે. શુદ્ધ પરિણામ વિશેષે સ્થિતિ ઘાત કરે તો ઘટી પણ જાય તેમજ અશુભ કરણી કરવે વધે પણ ખરી પણ જો નિકાચીત બંધ ( દેવતા નારકી તથા જુગલિયાંને નિયમા નિકાચીત બંધ હોય ) હોય તો ઘટે નહીં એનો અબાધા કાળ બે હજાર વર્ષનો છે.

અબાધા કાળ એટલે=બાંધેલું કર્મ જયાં સુધી પોતાનો વિપાક દેખાડે નહીં તે–એટલે બાંધ્યા પછી પણ કર્મ એટલા કાળ સુધી ઉદયમાં આવે નહીં. અબાધા કાળ પછીજ ઉદયમાં આવે ત્યાં સુધી બાંધેલું કર્મ સત્તામાં પડી રહે તે અબાધાકાળ.

નિષેક કાળ=અબાધા કાળે હીન જે કર્મ સ્થિતિ તે કર્મનો નિષેક કાળ કહે છે. એટલે ભોગ્ય કાળ કહે છે.

નિષેક તે કર્મ ઉદય કાળે પ્રથમ બહુ પ્રદેશાગ્રનો સામટો ઉદય આવે અને પછી સમય સમય હીન હીનતર થાય યાવત કર્મની સ્થિતિને છેલ્લે સમયે અત્યંત ઉદય હોય એને નિષેક કાળ એટલે ભોગ્ય કાળ કહે છે.

મોહની કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ સીતેર કોડા કોડી સાગરોપમની છે એ બંધ મિથ્યાત્વ ગુંઠાણે ઉત્કૃષ્ટ સંક-લેષે હોય તેનો અબાધાકાળ સાત હજાર વરસનો તેથી હિન કર્મ દળનો રસોદય કાળ એટલે નિષેક કાળ જાણવો.

જ્ઞાના વરણી, દર્શના વરણી, વેદની ને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ ત્રીશ કોડા કોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સંકલેષે મિથ્યાત્વ ગુંઠાણે છે તેનો અબાધાકાળ ત્રણ હજાર વરસનો છે.

આયુષ્યકર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ તેતરીશ સાગરોપમની છે (દેવતા નારકીની અપેક્ષાયે) એટલે ઉત્કૃષ્ટ સંકલીષ્ટ પરિ-ણામે મિથ્યાત્વીને નરકાયુનો બંધ તેતરીશ સાગરોપમ હોય તેમજ અત્યંત વિશુદ્ધાધ્યવસાયે પ્રમત અપ્રમત ગુણઠાણે અનુત્તર વિમાનના દેવતાનો બંધ તેતરીશ સાગરોપમ હોય તેનો અબાધાકાળ ઉત્કૃષ્ટ પુર્વ કોડીનો ત્રીજો ભાગ અને જઘન્યથી અંતર મહુરત છે અહીંયાં ઉત્કૃષ્ટ આયુ બંધે નિયત ઉત્કૃષ્ટો અબાધાકાળ ન હોય. કારણ બીજાં કર્મોની પેઠે અબાધાકાળ આયુષ્ય કર્મમાંથી કમી થતો નથી તેથી

રસોદય નિષેકકાળ તેતરીશ સાગરોપમ ગણવો.

ઉત્કૃષ્ટ આયુબંધમાં જઘન્ય અબાધાકાળ હોય ને જઘન્ય આયુ બંધમાં ઉત્કૃષ્ટો અબાધાકાળ પણ હોય તેમજ ઉત્કૃષ્ટ આયુષ્યે ઉત્કૃષ્ટ અબાધાકાળને જઘન્ય આયુષ્યે જઘન્ય અબાધા કાળ પણ હોય કારણ કે આયુનો બંધ મરણના છેલ્લા અંતર મહુરતમાં પણ થાય છે. ને તે વખત તે જીવ મોટું આયુષ્ય બાંધે છે અને આયુષ્યના ત્રીજા ભાગમાં બંધ•પડી ટુંકુ આયુષ્ય પણ બાંધે છે માટે બીજાં કર્મો કરતાં આયુષ્ય કર્મમાં અબાધાકાળનો નિશ્ચય નથી. એટલો ફેર છે.

## જઘન્ય સ્થિતિ બંધ કહે છે

પ્રથમના દશ સરાગ ગુંણઠાંણા સુધી વેદની કર્મનો જઘન્ય સ્થિતિબંધ બાર મહુરત છે ને કષાયોદયે રહિત અગીયાર ને બારમા તેરમા ગુંઠાણે સ્થિતિ બંધને રસબંધ ન હોય પણ કેવળ યોગ પ્રત્યયી પ્રદેશ બંધ હોય તે પ્રથમ સમયે બાંધે બીજા સમયે વેદેને ત્રીજા સમયે વિણશે. અબાધાકાળ જઘન્ય અંતરમહુરતનો છે.

નામ કર્મને ગોત્ર કર્મનો જઘન્ય સ્થિતિબંધ અત્યંત વિશુદ્ધાધ્યવસાયે સુક્ષ્મ સંપરાયના પ્રાંતે આઠ મહુરત છે અબાધાકાળ અંતર મહુરત છે.

જ્ઞાનાવરણી દર્શનાવરણીને અંતરાય એ ત્રણ કર્મનો જઘન્ય સ્થિતિ બંધ સુક્ષ્મસંપરાયના પ્રાંતે અને મોહની કર્મ બાદર નવમા ગુંણઠાણાને પ્રાંતે તથા આયુષ્ય કર્મની પ્રથમના બે ગુંણઠાણે જઘન્ય અંતરમહુરત સ્થિતિબંધ હોય.

## ઉત્તર પ્રકૃતિનો સ્થિતિ બંધ કહે છે.

જ્ઞાનાવરણી ૫ દર્શના વરણી ૯ અંતરાય પાંચ ને અશાતા વેદની એવીશ પ્રકૃતીનો ઉત્કૃષ્ટો ( ૩૩ કોડા કોડી સાગરોપમ સ્થિતિબંધ છે ને જઘન્ય અંતર મહુરત છે.

સુક્ષ્મ નામ, અપર્યાપ્ત નામ, સાધારણ નામને ત્રણ વિગલેંદ્રી એ છ પ્રકૃતિનો ઉત્કૃષ્ટો ( ૧૮ કોડા કોડી સાગરોપમ ) સ્થિતિ બંધ છે.

પ્રથમ સંઘયણ, પ્રથમ સંસ્થાન, ( ૧૦ કોડા કોડી સાગરોપમ ) રૂષભનારાચ તથા ન્યગ્રોધ સંસ્થાનની ( ૧૨ કોડા કોડી ) એ રીતે આગળ બબે કોડાકોડીની વૃદ્ધિ કરતા જવી એટલે છેવટે સંઘયણ તથા હુંડક સંસ્થાને વીશ કોડા કોડી સાગરોપમની સ્થિતિ છે કષાય સોળની ( ૪૦ કોડા કોડી સાગરોપમ ) સ્થીતિ કાળ છે.

સુકુમાળ; લઘુને ચીકણા તથા ઉષ્ણ સ્પર્શ સુરભી ગંધ, શ્વેત વર્ણ મધુર રસ એ સાત પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ ( ૧૦ કોડા કોડી સાગરોપમ છે )

હાલિદ્રવર્ણ ને આમ્લરસ ( ૧૨॥ કોડા કોડી ) રક્ત વર્ણને કષાય એવો રસ (૧૫ કોડા કોડી) પીત વર્ણ, કડુક રસ ( ૧૭॥ કોડા કોડી ) શ્યામ વર્ણ તિક્ષણ સ્પર્શ ( ૨૦ કોડા કોડી )

શુભ વિહાયોગતિ, ઉંચ ગોત્ર, દેવદ્રીક, સ્થિર ષટક, પુરૂષ વેદ, રતી, હાસ્ય એ તેર પ્રકૃતિની ( ૧૦ કોડા કોડી સા. ) અપવર્તના એ વધેને ઉર્ધ્વર્તના એ સક્રમણાદિથી અધિક થાય.

મિથ્યાત્વ મોહની ( ૭૦ કોડા કોડી સાગરોપમ )

સમ્યકત્વ મોહનીનો સ્થિતિ બંધ નથી તેમ અબાધાકાળ પણ નથી ઉદય કાળ [ ૬૬ ] છાસઠ સાગરોપમનો છે.

મિશ્ર મોહનીનો નિષેક કાળ અંતર મહુરતનો છે.

મનુષ્ય દ્રીક, સ્ત્રી વેદને શાતા વેદની [ ૧૫ કોડા કોડી સાગરોપમ ]

ભય, જુગુપ્સા, અરતિ, શોક, વૈક્રિય સપ્તક વિગેરે બાકી રહેલી પ્રકૃતિઓ ૫ મોહનીની ૧ નીચ ગોત્ર ૫૧ નામ કર્મની મળી કુલ ૫૭ પ્રકૃતિનો સ્થિતિબંધ ઉત્કૃષ્ટો [ ૨૦ કોડા કોડી સાગરોપમનો છે. ]

મૂળ પ્રકૃતિ તથા ઉત્તર પ્રકૃતિનો જેટલા કોડા કોડી સાગરોપમ સ્થિતિ બંધ હોય તેટલા સો વરસ અબાધાકાળ જાણવો.

સ્થિતિ બંધને રસબંધ કષાય પ્રત્યયી છે તેથી શુભ પ્રકૃતિનો રસ કષાયની મંદતાએ ઉત્કૃષ્ટ હોય અને કષાયની તિવ્રતાએ જઘન્ય રસ હોય તથા અશુભ પ્રકતિનો રસ કષાયની તિવ્રતાએ ઉત્કૃષ્ટ હોયને કષાયની મંદતાએ મંદ રસ હોય પણ સ્થિતિ બંધ માટે તેથી ઉલટું છે.

સર્વ કર્મની ઉત્કૃષ્ટી સ્થિતિ સ્વસ્વ બંધ પ્રાયોગ્ય સંકલેશ પરિણામે એટલે મલીન પરિણામે બંધાય ને જેમ જેમ વિશુદ્ધ હોય તેમ તેમ સ્થિતિ બંધ હીન થતો જાય એટલે શુભને અશુભ પ્રકૃતિની ઉત્કૃષ્ટી સ્થિતિ તે સર્વ અશુભ જાણવી ને તેતિવ્ર કષાયોદયે બંધાય છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તે મલીન પરિણામનું કાર્ય છે માટે બંધની એકસો વીશ પ્રકૃતિમાંની ( ૧૧૭ ) પ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ પોત પોતાના અધ્યવસાય સ્થાનક મધ્યે મલીન અધ્યવસાય સ્થાનકે બંધાય છે તેથી તે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ અશુભ છે અને જઘન્ય સ્થિતિ બંધ તે વિશુદ્ધિનું કાર્ય છે એટલે જેમ જેમ ઉજવળ પરિણામની વૃદ્ધિ થાય તેમ તેમ હીન હીન સ્થિતિ બંધાય તેને શુભ કહીયે. બાકીની ત્રણ પ્રકૃતિ દેવાયુ, મનુષ્યાયુંને ત્રિર્યંચાયુની ઉત્કૃષ્ટ સ્થિતિ શુભ પરિણામે એટલે વિશુદ્ધાધ્યવસાયે બંધાય તે શુભ છે ને મલીન પરિણામે જઘન્ય આયુ બંધાય તે અશુભ છે એ રીતે મોટો ભેદ છે.

સ્થિતિ બંધને રસ બંધ કષાયથી બંધાય છે અને કષાય દશમા ગુણઠાણા પર્યંત છે અને કર્મ પ્રકૃતિનો સ્થિતિ બંધ તથા રસ બંધ પણ તિહાં સુધીજ છે માટે એ બે બંધનું અસાધારણ કારણ કષાય છે પ્રદેશ બંધને પ્રકૃતિ બંધનો હેતુ યોગ છે તે તેરમા ગુણઠાણા સુધી હોય છે માટેજ ત્યાં સુધી સાતા વેદનીની પ્રકૃતિ બંધાય છે તે એક સમયે બાંધી બીજે સમયે ભોગવી ત્રીજે સમયે નિર્જરા થાય છે. ભીંત ઉપર રેતીના કણીયા મુઠી ભરીને નાંખીએ તો તે નીચે પડી જાય છે તેમજ કષાય વગર યોગ ( મન, વચન, કાયાના ) થી બંધાતા કર્મ પ્રદેશ નિરસ હોવાથી જીવને લાગતાં નથી.

એકેંદ્રીના ઉત્કૃષ્ટ સ્થિતિ બંધથી પચીશ ગણો બંધ બે ઇંદ્રિને પચાસગણો તેઇંદ્રીને સોગણો ચૌરીંદ્રીને હોય છે.

---

## માર્ગણા દ્વાર.

---

માર્ગણા દ્વાર ચૌદ છે તેના ઉત્તર ભેદ બાસઠ છે તે

૧ ગતિ માર્ગણા=ચાર ગતિ છે.

૨ ઇંદ્રિય માર્ગણા=પંચ ઇંદ્રિય.

૩ કાય માર્ગણા=છ પ્રકારની કાયા

૪ યોગ માર્ગણા=મન, વચનને કાયાના ત્રણ

૫ વેદ માર્ગણા=ત્રણ વેદ

૬ કષાય માર્ગણા=ચાર ભેદ

૭ જ્ઞાન માર્ગણા=આઠ ભેદ અજ્ઞાન સાથે

૮ ચારિત્ર માર્ગણા=સામાયકાદિ સાત

૯ દર્શન માર્ગણા=ચક્ષુરાદિ ચાર

૧૦ લેશ્યા માર્ગણા=છ પ્રકારની લેશ્યા

૧૧ ભવ્ય માર્ગણા=ભવ્ય, અભવ્ય બે

૧૨ સમ્યક્તવ માર્ગણા=છ પ્રકારનાં

૧૩ સંજ્ઞી માર્ગણા=સંજ્ઞી, અસંજ્ઞી બે

૧૪ આહારક માર્ગણા=બે પ્રકારે

એ રીતે ચૌદ માર્ગણાના બાસઠ દ્વાર છે તે માર્ગણા દ્વારે કયા કયા ગુણ સ્થાનકો છે ને તે ગુણ સ્થાનકે કેટલી પ્રકૃતિનો બંધ પડે છે તે સમજવા યંત્ર રચના કરી છે પણ

કયા કર્મની કેટલી પકૃતિનો બંધ કયા જીવને કયા ગુણસ્થાનકે થાય તે સમજવા માટે ચૌદે જીવ સ્થાથનકના જીવોના ગુઠાણા સાથેનો યંત્ર જૂદાં બતાવ્યાં છે.

પૃથિવ્યાદિક પાંચ સ્થાવર ચૌદરાજલોકને વિષે મસીની કુંપીની પેઠે ઠાંસીઠાંસીને ભર્યા છે સર્વથી થોડા પુરૂષ વેદી તે થકી સંખ્યાતગુણા સ્ત્રીવેદી તે થકી અનંતગુણા નપુંસકછે.

ત્રિયંચમાં પુરૂષ કરતાં ત્રિગુણીને ત્રણ અધિક, મનુષ્યમાં ૨૭ ગુણી સત્યાવીશ અધિક અને દેવતામાં બત્રીસ ગુણીને બત્રીશ અધિક સ્ત્રીઓ હોય.

## (૧) બંધ યંત્ર. (ઓઘે ૧૨૦ પ્રકૃતિ)

| અંક | ગુણસ્થાન નામ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ | કેટલાં કર્મ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫=૧૨૦ | | |
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ | ૮ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ | ૮ |
| ૩ | મિશ્રગુંઠાણું | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ | ૭૪ | ૭ |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ | ૭૭ | ૮ |
| ૫ | દેશ વિરતી | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૭ | ૮ |
| ૬ | પ્રમત ગુંઠાણું | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૩ | ૮ |
| ૭ | અપ્રમત ગુંઠાણું | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ | ૫૯/૫૮ | ૭/૮ |
| ૮ | નિવૃત ૧ ભાગ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૮ | ૭ |
| | ભાગ ૨ થી ૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ | ૭ |
| | ભાગ ૭ મો | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૬ | ૭ |
| ૯ | અનિવૃત ભાગ ૧ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૨ | ૭ |
| | ભાગ ૨ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૧ | ૭ |
| | ભાગ ૩ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૦ | ૭ |
| | ભાગ ૪ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ | ૭ |
| | ભાગ ૫ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૮ | ૭ |
| ૧૦ | સુક્ષ્મસંપરાય | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૭ | ૬ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૨ | ક્ષીણ મોહ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૩ | સંયોગી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૪ | અયોગીગુંઠાણું | અ | બં | ધ | | | | | | | |

# વિશેષ હકીકત બંધ સંબંધીની.

૧ ત્રીજા કર્મગ્રંથમાં=ચોથા અવિરતી ગુંઠાણે મનુષ્ય ત્રિક. ઓદારિક શરીર, છઠું સંઘયણ, છઠું સંસ્થાન, એ છ પ્રકૃતિ ટાળી મનુષ્યને (૭૧) નો બંધ કહ્યો છે તેમજ મિશ્ર ગુંઠાણે (૬૯) નો બંધ કહ્યો છે.

૨ મિથ્યાત્વથી સાતમા પ્રમત ગુણઠાણા સુધી (મિશ્ર ગુંઠાણા વિના) છ ગુણઠાણે આઠે કર્મનો બંધ હોય પણ આયુષ્ય કર્મભવમાં એક વખત બંધાય તે વખત હોય બાકી સાત કર્મનો બંધ સમયે સમયે હોય.

૩ મિશ્ર, આઠમું અપુર્વકરણ (નિવૃત) નવમું બાદર સંપરાય (અનિવૃત) એ ત્રણ ગુણઠાણે આયુષ્યનો બંધ ન હોય માટે સાત કર્મનોજ બંધ હોય. (આયુષ્યનો બંધ સાતમા ગુણઠાણા સુધીજ છે પછી ૮ થી ૧૪ સુધી આયુષ્ય બંધ નથી)

૪ સુક્ષ્મ સંપરાય દશમા ગુંઠાણે મોહની કર્મનો બંધ નહિ હોવાથી છ પ્રકૃતિનો બંધ હોય

૫ ઉપશાંત મોહ અગીઆરમા તથા બારમાને તેરમા ગુણઠાણે એ ત્રણ ગુણઠાણે એક શાતા વેદનીનો બંધ તે પ્રદેશ બંધ હોય.

૬ અયોગી ગુણઠાણે અબંધ છે,

૭ સંજ્ઞીપંચેદ્રિપર્યાપ્તા વર્જીને શેષતેર જીવ સ્થાનકને વિષે સાત અથવા આઠ પ્રકૃતિનો બંધ અને ઉદિરણા હોય ભોગવતા ભવનું આયુષ્ય (૧) આવળી બાકી હોય તે આયુ ની ઉદિરણા આયુ (બંધ કાળે)ના હોય માટે સાતની પણ કહી. સત્તાએ અને ઉદયે આઠે કર્મ હોય કારણ ઉપશાંત મોહ લગે આઠે કર્મની સત્તા છે અને સુક્ષ્મસંપરાય લગે આઠેનો ઉદય છે અને તેર જીવસ્થાનકે તો ૧-૨-૪ ગુંઠાણું હોય તે માટે હોઈ શકે

---

## (૨) ઉદય યંત્ર. ઓઘે (૧૨૨)

| અંક | ગુણસ્થાન નામ | મુળ પ્રકૃતિ | જ્ઞા. | દ. | વે. | મો. | આ | ના. | ગો, | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે પ્રકૃતિ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧૧ |
| ૩ | મિશ્ર | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૧૦૦ |
| ૪ | અવિરતી | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૦૪ |
| ૫ | દેશવિરતી | ૮ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૮૭ |
| ૬ | પ્રમત ગુંઠાણું | ૮ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૩ | ૨ | ૫ | ૮૧ |
| ૭ | અપ્રમત | ૮ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ | ૭૬ |
| ૮ | નિવૃત ગુંઠાણું | ૮ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૭૨ |
| ૯ | અનિવૃત | ૮ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૬ |
| ૧૦ | સુક્ષ્મસંપરાય | ૮ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૬૦ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૭ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ | ૫૯ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ ક્ષીણ મોહ | ૭ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ | ૫૭/૫૫ |
| ૧૩ સયોગી | ૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ | ૪૨ |
| ૧૪ અયોગી | ૪ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ | ૧૨ |

અયોગી ગુંણઠાણે ભવોપગ્રાહી ૪ કર્મ છે (શાતાવેદની, આયુષ્ય નામ, ગોત્ર.)

## (૩) ઉદિરણા પ્ર. (૧૨૨) ઓઘે.

| અંક | ગુણસ્થાન નામ | મૂળ પ્રકૃતિ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ | ૧૨૨ |
| ૧ | મિથ્યાત્વ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ |
| ૨ | સાસ્વાદન | ૮ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ | ૧૧૧ |
| ૩ | મિશ્ર ગુંઠાણું | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ | ૧૦૦ |
| ૪ | અવિરતી | ૮ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ | ૧૦૪ |
| ૫ | દેશવિરતી | ૮ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ | ૮૭ |
| ૬ | પ્રમત | ૮ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ | ૮૧ |
| ૭ | અપ્રમત | ૬ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ | ૭૩ |
| ૮ | નિવૃત | ૬ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૯ |
| ૯ | અનિવૃત | ૬ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૬૩ |
| ૧૦ | સુક્ષ્મસંપરાય | ૬ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૭ |
| ૧૧ | ઉપશાંત મોહ | ૫ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ | ૫૬ |
| ૧૨ | ક્ષીણ મોહ | ૫ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ | ૫૪/૫૨ |
| ૧૩ | સયોગી | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ | ૩૯ |
| ૧૪ | અયોગી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

ઉદિરણા યોગ વશછે જેથી અયોગી ગુંણઠાણે યોગ નહિ હોવાથી ઉદિરણા નથી.

(૪) **સત્તા યંત્ર.** ઓઘે (૧૫૮ કે ૧૪૮)

| ઉપસમ શ્રેણી. | ક્ષપક શ્રેણી. | અંક. | ગુણસ્થાન નામ | | મૂળ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઓઘે | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| | | ૧ | મિથ્યાત્વ | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| | | ૨ | સાસ્વાદન | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ | ૧૪૭ |
| | | ૩ | મિશ્રગુંઠાણું | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ | ૧૪૭ |
| ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૪ | અવિરતી | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | દેશવિરતી | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૬ | પ્રમત | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૭ | અપ્રમત | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮ |
| ૧૩૯ | ૧૩૮ | ૮ | નિવૃત | | ૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૪ | ૪/૨ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮/૧૪૨ |
| ૧૩૯ | ૧૩૮ | ૯ | અનિવૃત | ૧ | ૮ | ૫ | ૯ | ૨ | ૨૧ | ૧ | ૯૩ | ૨ | ૫ | ૧૪૮/૧૪૨ |
| | ૧૨૨ | | | ૨ | | ૫ | ૬ | ૨ | ૨૧ | ૧ | ૮૦ | ૨ | ૫ | |
| | ૧૧૪ | | | ૩ | | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૮૦ | ૨ | ૫ | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૧૩ | | ૪ | | ૫ | ૬ | ૨ | ૧૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૧૧૨ | | ૫ | | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૧૦૬ | | ૬ | | ૫ | ૬ | ૨ | ૫ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૧૦૫ | | ૭ | | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૧૦૪ | | ૮ | | ૫ | ૬ | ૨ | ૩ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| | ૧૦૩ | | ૯ | | ૫ | ૬ | ૨ | ૨ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩૯ | ૧૦૨ | ૧૦ સુક્ષ્મસંપરાય | | ૮ | ૫ | ૬ | ૨ | ૨૮/૨૪ ૨૧/૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ | ૧૪૮ ૧૪૨ |
| ૧૩૯ | ૧૦૧ | ૧૧ ઉપશાંત મોહ | | ૭ | ૫ | ૬ | ૨ | ૨૮ ૨૧ | ૪ ૧ | ૯૩ ૮૦ | ૨ | ૫ | ૧૪૮ ૧૪૨ |
| | ૧૦૧ ૯૯ | ૧૨ ક્ષીણ મોહ | | ૮ | ૫ ૫ | ૬ ૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ | ૧૦૧ ૯૯ |
| | ૮૫ ૮૫ | ૧૩ સયોગી કેવળ | | ૪ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ | ૮૫ |
| | ૮૫ ૧૩ ૧૨ | ૧૪ અયોગી | | ૪ | ૦ | ૦ | ૨ ૧ | ૦ | ૧ | ૮૦ ૧૦ ૧ | ૨ ૧ | ૦ | ૮૫ ૧૩ ૧૨ |

સતા=કર્મ દળનું જીવ સાથે સંબંધપણું કર્મ સ્વરૂપે રહેવું જ્યાં સુધી બાંધ્યાં કર્મનાં દળ જીવ પ્રદેશથી ખરે નહીં તથા અન્ય પ્રકૃતિ પણે સંક્રમે નહીં ત્યાં સુધી તેની સત્તા જાણવી. તે કર્મ કેવાં છે કે જેને બાંધવે કરી તથા સંક્રમણે કરી પામ્યો છે જે આત્મલાભ (મતિ જ્ઞાનાવરણાદિ) આત્મ સ્વભાવ જેણે એવાં કર્મ એટલે સજાતિય ઉત્તર પ્રકૃતિમાં નિજ સ્થિતિ રસ દળનું પરીક્રમાવવું જેમ દેવગતિ, મનુષ્ય ગતિ, ત્રિયંચ ગતિ, નરક ગતિ એ ચાર ગતિમાંની ગમે તે ગતિનો ઉદય હોય તે ગતિમાં બીજી ગતિનાં દળ સંક્રમાવીને સત્તાએ રહે છે તેને સતા કહે છે

૧-૪-૫-૬-૭-૮-૯-૧૦ એટલા ગુંઠાણે (૧૪૮) પ્રકૃતિ એટલે આઠે કર્મની તમામ પ્રકૃતિ સતાએ હોય. જે પ્રકૃતિઓ ઉદયમાં આવી હોય તે સજાતિય પ્રકૃતિમાં બીજી પ્રકૃતિનાં દળ સતામાં રહે તેથી સતાએ તમામ હોય ૨-૩ ગુંઠાણે જિનનામની સતા ન હોય એટલે જિનનામની સત્તાવાળો એગુણઠાણું ફરસે નહીં ને મિથ્યાત્વ ગુઠાંણે જિનનામની સતા હોય કારણ કે કોઇ જીવ મિથ્યાત્વ પ્રત્યયે નરકાયુ બાંધી સમ્યકત્વ પામી જિનનામ બાંધી મરણ સમયે પુર્વે આયુબંધના કારણે મિથ્યાત્વે જાય ( કૃષ્ણ, શ્રેણીક, રાવણની પેઠે ) પણ સાસ્વાદન કે મિશ્રેન જાય. માટે સંભવે

---

## ચોદ જીવસ્થાનકે કયા કયા ગુંઠાણા તથા કયા ગુંઠાણે કેટલી પ્રકૃતિનો બંધ યંત્ર.

| અંક | જીવસ્થાનનું નામ | કેટલા ગુ. | ઓઘે પ્ર. | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાદર એકેંદ્રી અપર્યાપ્તા | | | | ૯૬ | | | | | | | | | | | | |
| | ૧ પૃથ્વી અપ પ્રત્યેક વન. (કરણ) | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨ તેઉકાય તથા વાયુકાય | ૧ | ૧૦૫ | ૧૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | સુક્ષ્મએકેંદ્રીય પર્યાપ્તાઅપર્યાપ્તા | ૧ | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | બાદર એકેંદ્રીય પર્યાપ્તા | ૧ | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વિગલેંદ્રી ત્રણ | | | | | | | | | | | | | | | | |
| | ૧ પર્યાપ્તા | ૧ | ૧૦૫ | ૧૦૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨ કરણ અપર્યાપ્તા | ૨ | ૧૦૯ | ૧૦૫ | ૯૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અસંજ્ઞી પંચેંદ્રી તિર્યંચમનુષ્ય | | | | ૯૪ | | | | | | | | | | | | |
| | ૧ કરણ અપર્યાપ્તા | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ ૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ૨ લબ્ધી અપર્યાપ્તા | ૧ | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | અસંજ્ઞી પંચેદ્રી પર્યાપ્તા | ૧ | | | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સંજ્ઞી પંચેદ્રી પર્યાપ્તા | | | | | | | | | | | | | | | | |
| | ૧ તિર્યંચ | ૫ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૦ | ૬૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ નારકી ૧–૬ સુધીના | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨<br>૭૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ સાતમી તમતમા નાકી | ૪ | ૯૯ | ૯૬ | ૯૧ | ૭૦ | ૭૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ મનુષ્ય | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૧ | ૬૭ | ૬૩ | ૫૯<br>૫૮ | ૫૮<br>૨૬ | ૨૨<br>૧૮ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| ૫ દેવતા ભુવનપતિ, વ્યંતર જ્યોતષીને સૌધર્મ તથા ઈશાન સુધી | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨<br>૭૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ સનતકુમારથી સહસ્રાર સુધી | ૪ | ૧૦૪ | ૧૦૧ | ૯૬ | ૭૦ | ૭૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ આણતથી નવગ્રૈવેયકસુધી | ૪ | ૯૭ | ૯૬ | ૯૨ | ૭૦ | ૭૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ અનુત્તર વિમાન | ૧ | | ૦ | ૦ | ૦ | ૭૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ સંજ્ઞી પંચેદ્રી અપર્યાપ્તા મનુષ્ય તિર્યંચ લબ્ધી અ, | ૧ | ૧૦૯ | ૧૦૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કરણ અ, | ૩ | ૧૦૯ | ૧૦૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

એ રીતે જીવોને ગુણસ્થાનક છે તથા દરેક ગુણસ્થાનકે કર્મનો બંધ છે. હવે દરેક જીવસ્થાનકે કયી કયી કર્મ પ્રકૃતિ કયા કયા ગુંઠાણે કેટલી હોય તે બતાવવા જૂદાં જૂદાં બતાવવામાં આવે છે તે.

# કયા કયા જીવને કેટલી પર્યાપ્તિ હોય અને તે પુરી કરવાનો કાળ.

| જીવોનાં નામ | પર્યાપ્તિ સંખ્યા | અહાર | શરીર | ઇંદ્રી | સ્વાસો સ્વાસ | ભાષા | મન |
|---|---|---|---|---|---|---|---|
| એકેંદ્રિ | ૪ | સ | અં | અં | અં | | |
| વિગલેંદ્રિને અસંજ્ઞી પંચેંદ્રિ | ૫ | સ | અં | અં | અં | અં | |
| ઔદારિક શરીરી | ૬ | સ | અં | અં | અં | અં | અં |
| વૈક્રીય તથા આહારક શરીર | ૬ | સ | અં | સ | સ | સ | સ |
| દેવતા | ૬ | સ | અં | સ | સ | સ | સ |

(સ) સમય ને (અં) અંતરમહુરત કાળ સમજવો

## (૬) રત્નપ્રભાથી તમપ્રભા ૧ થી ૬ નારકી સુધીનો યંત્ર.

| અંક | ગુણઠાણા નામ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૦ | ૨ | ૫ | ૧૦૧ |
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૪૯ | ૨ | ૫ | ૧૦૦ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨ | ૪૭ | ૨ | ૫ | ૯૬ |
| ૩ | મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૩ / ૩૨ | ૧ | ૫ | ૭૨ / ૭૧ |

## (૭) સાતમી તમતમા નારકીનો યંત્ર.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૪૭ | ૧ | ૫ | ૯૬ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૦ | ૪૫ | ૧ | ૫ | ૯૧ |
| ૩ | મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |

નારકીના જીવો ભવ પ્રત્યયે સુક્ષ્મ એકેંદ્રિયાદિકમાં જવું નથી માટે (૧૯) પ્રકૃતિનો બંધ ઓછો હોય ।જનનામ કર્મ નારકીમાં ત્રીજી નારકી સુધીના જીવો ચોથા ગુંઠાણામાં વર્તતા બાંધે તેથી ઉપરના બાંધે નહીં તેથી ચોથી નારકીથી એક પ્રકૃતિ ઓછી બંધાય.

સાતમી નારકીએ મનુષ્યાયુને જીનનામ હીન કરતાં (૯૯) પ્રકૃતિનો બંધ ઓઘે હોય તે જીવોને ગુંઠાણાં ચાર બતાવ્યાં છે તે ઉત્કૃષ્ટ વિશુદ્ધાવસ્થાયે પુણ્ય પ્રકૃતિ બંધાય તે અપેક્ષાયે છે પણ તમતમાના જીવો મિથ્યાત્વ ગુંઠાણે જ આયુષ્ય બાંધી તિર્યંચ સિવાય બીજે જાય નહીં બીજી ગતિ નથી.

---

## (૮) સંજ્ઞી પંચેન્દ્રિ તિર્યંચ પર્યાપ્તા યંત્ર.

### (ગર્ભજસંજ્ઞી પર્યાપ્તા પંચેન્દ્રિ તિર્યંચ)

| અંક | ગુણઠાણા નામ. | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. | ઓઘે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ | ૧૧૭ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ | |
| ૩ | મિશ્ર ગુંઠાણું | ૫ | ૬ | ૨ | ૧૯ | • | ૩૧ | ૧ | ૫ | ૬૯ | |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૭૦ | |
| ૫ | દેશવિરતી | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૬૬ | |

## (૯) સંજ્ઞી પંચેન્દ્રિ તિર્યંચ મનુષ્ય અપર્યાપ્તા યંત્ર.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |

કર્મગ્રંથ પા. ૩૨૫

તિર્થંકર નામ કર્મ ત્રિર્યંચને સતાએ પણ ન હોય તો બંધતો હોયજ નહીં તથા આહારક શરીરને આહારક અંગોપાંગ એ ત્રણ વગર ત્રિર્યંચને (૧૧૭) નો બંધ હોય મિથ્યાત્વના ઉદયની સોળ પ્રકૃતિ કમી થતાં બીજે (૧૦૧) તથા મિથ્યાત્વની ૬ કષાયોદયની ૨૫ તથા આયુષ્ય સાથે બત્રીસ નહીં બાંધતાં ત્રીજે (૬૯) ને ચોથે આયુષ્ય બાધે તેથી (૭૦) અનંતાનુ બંધી ચાર જવાથી પાંચમે [૬૬] બાંધે સંજ્ઞી પંચેંદ્રો લબ્ધી અપર્યાપ્તા દેવગતિ, નરકગતિમાં ઉપજે નહીં તેથી ૧૦૯] બાધે.

---

(૧૦) બાદર એકેંદ્રિ પૃથ્વી અપ, પ્રત્યેક વનસ્પતિ કરણ અપર્યાપ્તા યંત્ર તથા વિગલેંદ્રિકરણ અપર્યાપ્તા. અસંજ્ઞી પંચેન્દ્રિ કરણઅપર્યાપ્તા.

| અંક | ગુણઠાણા નામ | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨ | ૫૮ | ૨ | ૫ | ૧૦૯ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨/૦ | ૪૭ | ૨ | ૫ | ૯૬/૯૪ |

(૧૧) બાદર એકેંદ્રિ પર્યાપ્તા તથા તેઉવાયુ અપર્યાપ્તા તથા વિગલેંદ્રિ પર્યાપ્તા તથા સુક્ષ્મ એકેંદ્રિ પર્યાપ્તા, અપર્યાપ્તા તથા અસંજ્ઞી પંચેન્દ્રિ પર્યાપ્તા.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૧ | ૫૬ | ૧ | ૫ | ૧૦૫ |

ભુવનપતી, વ્યંતરને જ્યોતષી તથા સૌધર્મને ઈશાન દેવલોકનો કોઈ દેવ મિથ્યાત્વ પ્રત્યે એકેંદ્રી પ્રાયોગ્ય આયુષ્ય બાંધી પછી વળી અધ્યવસાય વિશુદ્ધે સમ્યકત્વ પામી મરણ સમયે સમ્યકત્વ વમતો પૃથ્વી કાયાદિ એકેંદ્રિમાં અવતરે તેણે પર્યાપ્તી પુર્ણ કરી નહી હોય ત્યાં સુધી દેવતાના ભવના સમ્યકત્વનું સાસ્વાદન પણું હોય તેથી બેગુંઠાણા એકેંદ્રિને સંભવે પણ કરણ અપર્યાપ્તાવસ્થાયેજ સંભવે. પર્યાપ્તી પુરી કર્યા બાદ તો મિથ્યાત્વજ ગુણઠાણું હોય.

તેઉકાય તથા વાયુકાય બે એકજ ત્રિર્યંચ ગતિમાં અવતરે તથા તેમાં કોઈ સમ્યકત્વ વમતો જીવ પણ આવે નહીં જેથી તેને એકજ મિથ્યાત્વ ગુંઠાણું હોય. સાસ્વાદન હોય નહી.

## (૧૨) સંજ્ઞી પંચેન્દ્રિ મનુષ્ય પર્યાપ્તા.

| અંક. | ગુણઠાણા નામ. | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. | ઓઘે. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ | ૧૧૭ | ૧૨૦ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ | ૧૦૧ | |
| ૩ | મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૬૯ | |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૭૧ | |
| ૫ | દેશ વિરતી | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૭ | |
| ૬ | પ્રમત | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ | ૬૩ | |
| ૭ | અપ્રમત | ૫ | ૬ | ૧ | ૯ | ૧ | ૩૧ | ૧ | ૫ | ૫૯/૫૮ | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ નિવૃત ૧ ભાગ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૮ |
| ભાગ ૨ થી ૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ | ૫૬ |
| ભાગ ૭ મા | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૬ |
| ૯ અનિવૃત ભાગ ૧ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૨ |
| ભાગ ૨ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૧ |
| ભાગ ૩ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ | ૨૦ |
| ભાગ ૪ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૯ |
| ભાગ ૫ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૮ |
| ૧૦ સુક્ષ્મસંપરાય | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ | ૧૭ |
| ૧૧ ઉપશાંત મોહ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨ ક્ષીણ મોહ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ સયોગી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪ અયોગી | અ | બં | ધ | | | | | | |

---

## (૧૩) દેવલોક=ભુવનપતિ, વ્યંતર, જ્યોતષી, સૌધર્મને ઇશાન સુધી તથા સનતકુમારથી સહસ્રાર સુધી તથા આણતથી નવગ્રૈવેયક સુધી.

| અંક | ગુણઠાણાનામ. | જ્ઞા. | દ. | વે. | મો. | આ. | ના. | ગો. | અં. | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૨-૨ / ૧ | ૫૨-૫૦ / ૪૬ | ૨ | ૫ | ૧૦૩ / ૧૦૧ / ૯૬ |
| ૨ | સાસ્વાદન | ૫ | ૯ | ૨ | ૨૪ | ૨-૨ / ૧ | ૪૭-૪૭ / ૪૪ | ૨ | ૫ | ૯૬ / ૯૬ / ૯૨ |
| ૩ | મિશ્ર | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૨ | ૧ | ૫ | ૭૦ |
| ૪ | અવિરતી | ૫ | ૬ | ૨ | ૧૯ | ૧ | ૩૨-૩૨ / ૩૩ | ૧ | ૫ | ૭૨-૭૨-૭૨ / ૧૧ |

પાંચ અનુત્તર વિમાનના દેવતાને અવિરતી ચોથું ગુંઠાણું એકજ છે તેથી તે દેવતાઓને ચોથા ગુંઠાણા પ્રમાણે (૭૨) પ્રકૃતિનો બંધ હોય.

સૌધર્મ, ઈશાન દેવલોકમાં તિર્થંકર નામ કર્મ હોવાથી અવિરતી ગુંઠાણે (૭૨) નો બંધ હોય પણ ઓઘે (૧૦૪) પ્રકૃતિ હોય અને ભુવન પતિ, વ્યંતરને જ્યોતષીમા જિન-નામ વિના ઓઘે, ( ૧૦૩ ) ને ચોથા ગુણઠાણે (૭૧) નો બંધ હોય.

આણતથી નવગ્રૈવેક સુધીના દેવતા મનુષ્ય સિવાય બીજી ગતિમાં જાય નહી માટે તેમને ઓઘે ( ૯૭ ) પ્રકૃતિ હોય તિર્યંચ પ્રાયોગ્ય ચાર ઓછી થઈ.

સનત કુમારથી સહસ્રાર સુધીના દેવતાને ઓઘે ( ૧૦૧ ) હોય.

ભુવનપતિ, વ્યંતર, જ્યોતષી એ ત્રણ દેવતામાંથી આવેલો કોઇ તિર્થંકર થાય નહીં કારણ કે તે દેવોનું અવધી જ્ઞાન તે જીવને પરભવે આવી શકે નહીં ને તિર્થંકર ત્રણ જ્ઞાને સહીત જન્મે તેથી ત્યાં જિનનામની સતા કે બંધ હોય નહીં.

૧ બાદર એકેંદ્રી અપર્યાપ્તા ( પૃથ્વી, અપને પ્રત્યેક વનસ્પતિ લબ્ધી અપર્યાપ્તા તથા વિગલેંદ્રિ ત્રણ તથા સંજ્ઞી પંચેંદ્રિ લબ્ધી અપર્યાપ્તા, સુક્ષ્મ એકેંદ્રી પર્યાપ્તાને અપ-

ર્યાપ્તા, વિગલેંદ્રી ત્રણ પર્યાપ્તા, અસંજ્ઞી પંચેંદ્રિ પર્યાપ્તા, બાદર એકેંદ્રિ પર્યાપ્તા એટલા જીવને પહેલું મિથ્યાત્વ ગુંઠાણું હોય.

૨ બાદર એકેંદ્રિ (પૃથ્વી, અપ, પ્રત્યેક વનસ્પતિ) અસંજ્ઞી પંચેંદ્રિ ત્રિજંચ, વિગલેંદ્રિ ત્રણ એ પાંચ કરણ અપર્યાપ્તાને મિથ્યાત્વ તથા સાસ્વાદન એ બે ગુંઠાણા સંભવે છે.

૩ સંજ્ઞી પંચેંદ્રિ અપર્યાપ્તા (કરણ અપર્યાપ્તા) ને મિથ્યાત્વ, સાસ્વાદન, તથા ચોથુ અવિરતી ગુંઠાણું હોય એ ત્રણ ગુંઠાણા હોય.

૪ નારકી સાતે તથા દેવતાને પહેલાં ચાર ગુંઠાણાં હોય તેમાં એટલું વિશેષ કે અનુત્તર વિમાનના દેવતાને એક ચોથુંજ ગુંઠાણું હોય.

૫ ગર્ભજ પંચેંદ્રિ ત્રિજંચ પર્યાપ્તાને પહેલાં પાંચ ગુંઠાણા હોય.

૧૪ મનુષ્યને ચૌદે ગુઠાણા હોય.

પેહેલાથી ૧-૨-૪-૫-૬-૭ મા અપ્રમત ગુંઠાણા લગે છ ગુંઠાણે આયુષ્ય બંધાય ત્યાં આઠે કર્મનો બંધ હોય.

ત્રીજા મિશ્ર તથા ૮-૯-૧૦-૧૧-૧૨-૧૩ મા ગુંઠાણા લગે સાત ગુંઠાણે આયુ બંધ ન હોય પણ ૩-૮-૯ ગુંઠાણે

મોહની કર્મનો બંધ હોવાથી ત્યાં સુધી સાત કર્મનો બંધ હોય અને દશમા ગુંઠાણે આયુષ્યને મોહની વગર છ કર્મનો બંધ હોય તથા ૧૧-૧૨-૧૩ એ ત્રણ ગુંઠાણે વેદની કર્મનો ( શાતા ) બંધ હોય ચૌદમું ગુંઠાણું અ બંધ છે.

## સત્તા તથા ઉદય ઉદિરણા.

મિથ્યાત્વથી દશમા સુક્ષ્મ સંપરાય ગુંઠાણા સુધી આઠે કર્મનો ઉદયને આઠે કર્મની સતા હોય

ક્ષીણમોહ બારમા ગુંઠાણે સાતનો ઉદયને સાતની સતા હોય ( મોહની વિના ) સયોગી અયોગી બે ગુંઠાણે નામ, આયુ, ગોત્રને વેદની એ ચાર અઘાતી ભવોપગ્રાહી કર્મની સતા તથા ઉદય હોય.

અગીઆરમા ઉપશાંતમોહ ગુંઠાણે મોહની કર્મનો ઉદય ન હોય પણ સતામાં હોય જેથી સાતનો ઉદયને આઠની સતા હોય.

### ઉદિરણા.

મિથ્યાત્વથી પ્રમત ગુંઠાણા લગે ( મિશ્ર વિના ) શેષ પાંચ ગુંઠાણે છેલ્લી આવલીયે આયુષ્ય કર્મની ઉદિરણા ન હોય તેથી સાતની ઉદિરણા હોય તે પહેલાં આઠ કર્મની

ઉદિરણા હોય તેમજ મિશ્ર ગુંઠાણે કાળ ન કરે માટે આયુની અંત્ય આવળિકા પણ ત્યાં ન હોય તેથી આઠનો ઉદિરક હોય.

અપ્રમત, અપુર્વકરણને અનિવૃત્તિ એ ત્રણ ગુંઠાણે વેદનીને આયુષ્યની ઉદિરણા ન હોય તેથી છ કર્મની ઉદિરણા હોય.

સુક્ષ્મ સંપરાય ગુંઠાણે આવળી માત્ર રહે ત્યાં સુધી છ કર્મની ઉદિરણાને છેલ્લી આવળીયે મોહુનીની ઉદિરણા ટળે તે વારે પાંચની ઉદિરણા તે ઉપશાંતમોહ ગુંઠાણે વેદની. મોહુનીને આયુષ્ય વિના પાંચની ઉદિરણા. બારમા ગુંઠાણાની છેલ્લી આવલ્લી સુધી એ પાંચની ઉદિરણા હોય તેમાંથી જ્ઞાનાવરણી, દર્શનાવરણીને અંતરાય ટળે એટલે નામને ગોત્ર બેની ઉદિરણા સયોગી ગુંઠાણે હોય. અયોગી એ ઉદિરણા નથી.

પ્રતિક્ષણે પુદ્ગળને ઉપચય અપચયે કરીને વધે ઘટે તે શરીર કહીયે તેના પાંચ પ્રકાર.

૧ ઔદારિક શરીર=ઉદાર, સર્વ શરીરથકી ઉત્તમ (તિર્થંકર ગણધરાદિકની અપેક્ષાયે) અને ઉદાર એટલે મોટું સહસ્ત્ર યોજન માન વાળું તે ત્રિયંચ મનુષ્ય સર્વને હોય.

૨ વૈક્રિય=એક, અનેક, નાનું મોટું, ખેચર, ભુચર,

દ્રશ્ય, અદ્રશ્ય, ઇત્યાદિ વિવિધ ક્રિયાએ ઉપન્યું તે વૈક્રિય તે દેવતા નારકીને ભવ પ્રત્યયીને મનુષ્યને ત્રિર્યંચને લબ્ધી પ્રત્યયી હોય.

૩ આહારક=ચૌદ પુર્વી સાધુ તિર્થંકરની ઋદ્ધિ દેખવા તથા સંસય ટાળવા નિમિત્તે ઉત્તમ પુદ્ગળ આહારી લઈને મુંડાહાથપ્રમાણ શરીર કરે તે સ્ફટીક જેવું નિર્મળ હોય કોઈક દેખે કોઈક ના દેખે એવું હોય.

૪ તેજસ=તેજના પુદ્ગળથી ઉત્પન્ન થએલું તે અદ્રશ્ય છતાં આહારને પચાવે છે તેમ તેજોલેશ્યાનો હેતુ હોય.

૫ કાર્મણ=પુદ્ગળથી નિપજ્યું તે કાર્મણ શરીર જેના ઉદયથી જીવ કર્મ પુદ્ગળ ગ્રહીને તે રૂપપણે પરિણમાવેછે.

તેજસ કાર્મણ શરીર સહીત જીવ પરભવે જાય છે પણ કર્મ વર્ગણા અતિ સુક્ષ્મ છે તેથી કોઇ દેખે નહીં.

| જીવસ્થાન | ગુણસ્થાન. | યોગ ૧૫ | ઉપ. ૧૨ | લેશ્યા ૬ | કર્મ બંધ | ઉદય | ઉદિરણા | સતા | અલ્પબહુત્વં | જીવ ભેદ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એકેંદ્રિ સુક્ષ્મઅપર્યાપ્તા | ૧ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસંખ્યાત ગુણા | ૧૩ |
| ૨ ,, પર્યાપ્તા | ૧ | ૧ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | સંખ્યાત ગુણા | ૧૪ |
| ૩ ,, બાદર અપર્યાપ્તા | ૧/૨ | ૨/૩ | ૩ | ૪ | ૭/૮ | ૮ | ૬/૮ | ૮ | અસંખ્યાત ગુણા | ૧૨ |
| ૪ ,, બાદર પર્યાપ્તા | ૧ | ૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અનંત ગુણા | ૧૧ |
| ૫ બેઈંદ્રિ અપર્યાપ્તા | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | વિશેષાધિક | ૧૦ |
| ૬ ,, પર્યાપ્તા | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | ,, | ૫ |
| ૭ ત્રેઈંદ્રિ અપર્યાપ્તા | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | ,, | ૯ |
| ૮ ,, પર્યાપ્તા | ૧ | ૨ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | ,, | ૬ |
| ૯ ચૌરિંદ્રિ અપર્યાપ્તા | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | ,, | ૮ |
| ૧૦ ,, પર્યાપ્તા | ૧ | ૨ | ૩ | ૨ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | સંખ્યાત ગુણા | ૩ |
| ૧૧ પંચેદ્રિ સમુ. અપર્યા. | ૧/૨ | ૨/૩ | ૩ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસંખ્યાત ગુણા | ૭ |
| ૧૨ અસંજ્ઞીપં. પર્યાપ્તા | ૧ | ૨ | ૪ | ૩ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | વિશેષાધિક | ૪ |
| ૧૩ સંજ્ઞીપં અપર્યાપ્તા | ૧/૨/૪ | ૩/૪ | ૮ | ૬ | ૭/૮ | ૮ | ૭/૮ | ૮ | અસંખ્યાત ગુણા | ૨ |
| ૧૪ સંજ્ઞી પંચેદ્રિ પર્યાપ્તા | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ | ૭/૮/ | ૭/૮૬ | ૭/૮૬ | ૭/૮/૪ | સર્વથી થોડા | ૧ |
| | | | | | ૬/૧ | ૪ | ૬/૫/૨ | | સર્વથી થોડા | |

# તત્વાર્થ.

મિથ્યાત્વાદિક હેતુ વિશેષે જીવે બાંધેલાં કર્મ પોતાની પ્રબળ શક્તિ વડે છોડી પણ શકે છે અજ્ઞાન પણે બાંધેલાં કર્મોનું અશુભ ફળ વેદતાં જીવને પસ્તાવો થાય છે તે વખતે મતિ શ્રુતના ક્ષયોપસમે કાંઈક તેને ભાન આવે છે અને શુભાશુભનું ઓળખાણુ થવા માંડે છે જેથી મનની લેશ્યા ફરી શુદ્ધ પરિણામે મન, વચનને કાયના યોગના વિશુદ્ધીપણાથી કષાયની મંદતાએ વિરતી પણામાં આવી આત્મા તરફ વળતાં સત્ય માર્ગ ગ્રહણ કરી જીવ કર્મથી મુક્ત થાય છે. બાંધવા કરતાં છોડવાની જીવમાં અનંત શક્તિ છે તે માટે કહ્યું છે કે જીવ સમય સમયે કર્મની વર્ગણા ગ્રહણ કરે છે તેથી જીવના અસંખ્યાત પ્રદેશ છે તેના એકેક પ્રદેશે કર્મની અનંતી વર્ગણા લાગેલી છે તે વર્ગણાના અનંતા પ્રદેશ અલ્પ સમયમાં જીવ ખપાવી કર્મથી મુક્ત થાય છે દ્રષ્ટાંત અસંખ્યાતા પુદ્ગળો ભેગાં કરી કેટલા કાળે બાંધેલો સાત માળનો મેહેલનો નાશ કરવામાં થોડો સમય લાગે છે. નવું કપડું એક મહીના સુધી નિરંતર પેહેરવાથી તેના પર ચડેલો મેલ સાબુ વીગેરે સામગ્રી પ્રયોગે અલ્પ સમયમાં ધોઈ સ્વચ્છ બનાવવામાં આવે છે તેવી રીતે અનંતા કાળથી જીવને વળગેલાં

કર્મ સામગ્રી સંયોગે અલ્પ કાળમાં તેજ જીવ પોતાની અનંતી શક્તિ વડે ખપાવી શકે છે તે સામગ્રી સંયોગમાં મનુષ્ય ભવની મુખ્યતા છે કારણ કે મનુષ્ય ભવવિના સર્વત્ર કર્મ ખપાવવાની શક્તિ બીજી કોઇ ગતિમાં નથી તેથીજ મનુષ્યાવતાર શ્રેષ્ટ માનેલો છે તે ઉત્તમ મનુષ્ય ભવમાં સદ્ ગુરૂનો સમાગમાદિ કારણો મળી આત્મ તત્વની રૂચી આદિ સામગ્રી સંયોગ મળ્યા છતાં મોહાદિ કારણે પ્રમાદ વશ બની તત્વ માર્ગ પામવા જેણે આત્મ વિર્ય ફોરવ્યું નથી તે જીવો અનંતા કાળે મહા મહા પ્રયત્ને મેળવેલો મનુષ્ય ભવ હારી જઇ અનંત સંસાર પરિભ્રમણ કરે છે દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો ચિંતામણી રત્ન સમાન મનુષ્ય ભવ ફરી ફરી પામવો દોહિલો છે.

આ જીવ અનંતો કાળ ચારે ગતિમાં પારભ્રમણ કરતો તેનું કાંઇ ઠેકાણું પડયું નહીં તેનું કારણ શું ? એવો પ્રશ્ન આત્મામાં ઉઠતાં માલમ પડે છે કે કાંઇક ભૂલ છે, શાંતિના ખરા માર્ગનો યથાતથ્ય પણે ઉપયોગ થએલો જણાતો નથી પણ અજ્ઞાન પણે જર્મન સીલ્વરને ચાંદી માની તથા પીતળને સુવર્ણમાની સંચય કરેલા નિધિને ચોકશીએ ગ્રહણ નહીં કરવાથી પ્રયત્ન નિષ્ફળ ગયો તેવી રીતે હિમાલય પર્વત હિંદના ઉત્તરમાં છે છતાં તેની જાત્રાર્થે દક્ષિણ તરફ પ્રયાણ કર્યું ને ઉલટું વધારે છેટું પડતું ગયું

( મનસ્વી જાણપણાના કદ્દાગ્રહથી કોઇને પુછે પણ નહીં ) તેમજ આત્મતત્વના ખરા માર્ગને જાણ્યા સિવાય કરેલી તપ અનુષ્ટાનાદિ અજ્ઞાન ક્રિયાથી સંસારમાં આગળને આગળ વધતો ગયો તેમ તેમ તત્વમાગનું છેટું પડતું ગયું જો કે તત્વ માર્ગ તો આત્માના સ્વભાવિક ગુણો છે તે આત્મામાં રહેલા છે તે આત્મા આપણી પાસે છે આ જે બોલવા ચાલવા વિગેરે ક્રિયા કરી રહ્યો છે તે આત્માજ છે પણ કર્મ પુદ્ગળ શરીર સાથે મિશ્રભાવ થએલો છે તેનું પ્રત્યક્ષ પણું, તાદ્રશ્ય પણું કેમ થાય ? તેના ખરા ઉપાયો જ્યાં સુધી હાથ લાગ્યા નથી ત્યાં સુધી કાળ વ્યતીત થયો છે, થાય છે ને થશે. ત્યારે તે તદ્રશપણું પામવાનો માગ શું ? ને ભૂલ શું છે ?

શું ભૂલ થઈ તે જ્યાં સુધી ખોળી શકાય નહીં ત્યાં સુધી તે ભૂલ સુધરતી નથી ને જ્યાં સુધી ભૂલ સુધરતી નથી ત્યાં સુધી તેનું ખરાપણું નથી ! રોગની પરિક્ષા વિના કરેલી દવા ઉપયોગ દેતી નથી, અને રોગ પારખ્યા પછી પણ તેની દવા સુજ્ઞાની વૈદ્દોએ અનુભવેલી હોવી જોઇએ તેમજ રોગ પારખ્યો હોય, દવા અનુભવીની હોય તો પણ તેમાં પથ્ય પાળવું જોઇએ કારણ કે કુપથ્ય થવાથી દવાના ગુણનો નાશ થઇ વિપરિત પરીણામ થાય છે ને પથ્ય પાળવાથી રોગ મટી કાયા નિર્મળ થાય છે તેવી જ

રીતે આધ્યાત્મના સંશોધક જીવો એ આત્માના સ્વભાવિક ગુણો આવરનાર કારણો શોધીને તે કારણો ને નિષેધી સ્વગુણ પ્રાપ્ત કરવા જ્ઞાનીઓએ બતાવેલા મન વચનને કાયાના યોગોને રૂંધવાના ઉપાયો યોજવા તથા અંતર દ્રષ્ટિ રૂપ પથ્ય પાતળાં ( બહિંદ્રષ્ટિ અજ્ઞાન મય મોહાદિક કુપથ્ય ટાળી શુભ ભાવે વર્તતાં ) આત્માના સ્વભાવિક ગુણો પ્રગટી તાદ્રશ્ય થાય છે. તેથી વિરૂદ્ધ ભાવ બહિં-દ્રષ્ટિથી મોહાદિક કુપથ્ય સેવી કરેલી ક્રિયા નિરર્થક જઈ તેનું સંસારરૂપ ફળ મળે છે ને તેમાં આગળને આગળ વધતો જાય છે.

હવે સમજાયું હશે કે અનંત કાળ રખડવાનું કારણ હે ચેતન! આત્મ બહિંદ્રષ્ટીરૂપ તારી ભૂલ છે અને એજ તારૂ અજ્ઞાન છે. બહિંદ્રષ્ટિ થવી તે પણ આત્માએ કરેલાં પુર્વ સંચિત કર્મોનું ફળછે. જન્મ પામી સંસારરૂપ સમુદ્રની સફર કરતાં મોહરમય ખડકોનો જે સંયોગ સમાગમ થાય છે તે પુર્વે સંચય કરેલા આત્મ સત્તામાં રહેલા કર્મોનો ઉદય છે. બહાદુર સુકાની તે ખડકથી સંભાળી પોતાના આત્મારૂપી નાવને સમુદ્રનો પાર પમાડે છે તેવી રીતે જ્ઞાનીઓને મોહાદિક પુર્વ સંચીત સંયોગ મળયો છતા તેમાં લોભાતા નથી ને અજ્ઞાની મોહના વૈભવમાં અથડી પડી ત્યાંજ વિશ્રામ કરે છે. મોહ વૈભવાદિ સંસારી

બાહ્ય સુખ છે તેની મિષ્ટતા તાત્કાળિક અનુભવાય છે પણ તે મીઠાશ માજમના જેવી હોવાથી અંત્યે દુઃખદાયી છે તે અંત સમયના પરિણામનું ભાન જીવને નથી રહેતું તેથી તથા અધ્યાત્મીક સુખની અંતરંગ મિષ્ટતા મેળવવા જતાં બાહ્ય ઇંદ્રિય જનિત પુદ્ગલિક સુખનો વિનાશ થાયછે જેથી બહિર્દ્રષ્ટિને રૂચતું નહીં હોવાથી રોગી જેમ કુપથ્યથી પીડાય છે તેમ બાપડા બહિર્દ્રષ્ટિ જીવો પુદ્ગલિક સુખ ભોગવતાં તેનાં કિંપાકરૂપ ફળ ચાખે છે.

દરેક જીવ જાણે છે કે જન્મ્યા તે મરવાના છે ને કરીશું તે ભોગવોશું પરંતુ તે જાણપણુ માત્ર શબ્દોમાં જ રહેલું છે. જ્ઞાનીયો ઉત્સાહ પુર્વક તેનો શોધ કરે છે ત્યારે અજ્ઞાની શબ્દ ચાતુરી વાપરી બાહ્ય સુખમાં મગ્ન રહી વિર્યહીન બની પોતાની નબળાઈ બતાવે છે. ચુલા ઉપર ઉકળતા પાણીથી જેમ રેલવેની શોધ કરી મહાન ગણધરાચાર્યોએ ત્રિપદી એટલે ત્રણ પદ ( ઉપન્નેવા, ધ્રુલેવા, વિઘ્નેવા ) પરથી દ્વાદસાંગી એટલે બાર અંગની રચના કરી તેમ ઉત્સાહી મુમુક્ષ જીવો અધ્યાત્મજ્ઞાનમાં ઉંડાને ઉંડા ઉતરતા જાયછે તે બાહ્ય ક્ષણિક સુખ નિરર્થક ગણે છે ને તેથીજ ચક્રવર્ત્યાદિ મહાનરાજ્ય રિદ્ધિ પામેલા જીવો પણ સંસારનો પાર પામી ગયાછે. ત્યારે એક ઝુપડીમાં રહી કુશકારૂપ ખોરાકપર નિર્વાહ ચલાવનાર મનુષ્યો અથવા

જંગલમાં તૃણ ખાઈ જીંદગી ગુજારનાર પ્રાણીઓ અનંત સંસાર રખડે છે તેનું કારણ અજ્ઞાનજ છે અજ્ઞાનતાથી મારાપણાની બુદ્ધિ થાય છે તેથી સસારનો ભાર ઉપાડે છે જેમ સરોવરના અગાધ જળમાં ડુબકી મારનાર માણસના માથા પર અગાધ પાણીનો બોજો આવવા છતાં તે જીવને ભાર લાગતો નથી અને જ્યારે તેમાંથી એક બેડુ પાણી ભરી માથા પર લે છે ત્યારે તેનો ભાર લાગે છે તેનું કારણ માથે લીધેલા પાણીમાં મારાપણાની મર્યાદા બંધાઈ તેથી ભારરૂપ થયું તેની પેઠે સંસારિક અનંત સુખો છતાં તેમાં મારાપણાની અજ્ઞાન વૃત્તિ જેને નથી તેને સંસારનો ભાર નથી. અલ્પસુખમાં પણ મારાપણાની વૃત્તિ ભારભૂત છે. રાજ્યરિદ્ધિ ભોગવતાં છતાં જનક વિદેહી કહેવાયા. રૂષભદેવ પ્રથમ તિર્થંકરે આરંભ ક્રિયાઓદ્ધાર કર્યા છતાં તિર્થંકર થઈ મોક્ષ પામ્યા. ભરત ચક્રવૃતી છતાં આરિસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા. શાન્તિનાથ ચક્રવર્તીની રિદ્ધિ ભોગવતાં છતાં વૈરાગી ગણાયા. મચ્છેંદ્ર કુમારે ધન પ્રાપ્તી માટે દુ=સહ પરિસહો સહેવાં છતાં નવિન કર્મ બંધ પડયો નથી, કુરમા પુત્ર શાક કરતાં કેવળ જ્ઞાન પામ્યા. મેરૂદેવમાતા આંખે અંધ છતાં હાથીઉપર કેવળજ્ઞાન પામ્યા. શ્રેણિકરાજા અવિરતીપણામાં તિર્થંકર ગોત્ર બાંધ્યું. સીતાનું હરણ કરનાર રાવણે અષ્ટાપદ તિર્થમાં ભાવના ભાવતાં તિર્થંકર

નામ કર્મ બાંધ્યું. એવી રીતે સંસારીકપણામાં છતાં અનંતા જીવો સંસારનો પાર પામ્યા તથા પાર પામવા સન્મુખ થયા. સંસારનો ત્યાગ કર્યા પછી સંયતપણાને વર્તતા જીવો તો સંસારનો પાર પામેલા અનંતાછે આનું કારણ શું? માત્ર જ્ઞાન. અજ્ઞાનરૂપ મારાપણાની બાહ્યવૃત્તિનો વિલય થયો એટલે સંસાર ભાર ટળ્યો એટલે નિજસ્વભાવની પ્રાપ્તી થાય છે આ ઉપરથી સિદ્ધ થાય છે કે સંસાર વૃદ્ધિનું કારણ અજ્ઞાન છે અને તે અજ્ઞાને જીવ ઇંદ્રિયજનિત મન વચન ને કાયાના યોગથી મોહાદિકષાયે પરવશ થાય છે; કષાય અવિરતિનું કારણ છે તેથી અવિરતીપણે ભક્ષાભક્ષ રૂપ કુપથ્ય કરે છે તેથી સંસાર વૃદ્ધિ થાય છે માટે સંસારનું કારણ અજ્ઞાન છે તે અજ્ઞાનતાની અનંત કાળની ભુલ સુધારવી તે અનંત વિર્યવાન આત્માને સેહેલ છે પણ જેમ વિષય વાસિત પુરૂષને સ્ત્રી આદી યોગ્ય સામગ્રી મળતાં આત્માના તમામ પ્રદેશે વિષય વિર્યોદય દીપે છે તેવાં પ્રકારના ઉત્કૃષ્ટ પ્રીતિ ભાવે આત્માના તમામ પ્રદેશો વિરતી ભાવમાં વરતી મન વચનને કાયાના યોગોની આત્મા તરફ દ્રષ્ટી ફેરવે એટલે અંતરંગ શુભ વૃત્તિ કરેતો આ જન્મ મરણની જાળમાંથી જીવ છુટવા પામે, ને જ્ઞાનાદિકનીજ સ્વરૂપની પ્રાપ્તી થાય. માટે જ્ઞાન તેજ એક પ્રધાન્ય છે તે વગરની તમામ ક્રિયા સંસાર વૃદ્ધિના હેતુ છે તોપણ ક્રિયા જ્ઞાનનું

કારણ છે. જેમ જ્ઞાન વગરની ક્રિયા નિરર્થક છે તેમ ક્રિયા વગર જ્ઞાન દીપતું નથી કુર્માપુત્રને થએલું કેવળ જ્ઞાન છ માસે જ્યારે ક્રિયામં દાખલ થયા ત્યારે દીપ્યમાન થયું હતું તેવી રીતે તિર્થંકરાદિ કેવળજ્ઞાન પામ્યા પછી સિંહાસનાદિ પર બિરાજમાન થઈ પરોપકારાર્થે દેશના દે છે જ્ઞાન અને ક્રિયાથી કર્મની નિર્જરા થાય છે માટે જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ કહ્યું છે તે સત્ય છે.

ક્રિયા તો જ્ઞાનીને અજ્ઞાની બંને કરે છે પરંતુ જ્ઞાન-ક્રિયા તેજ સત્ય છે ને તેવી ક્રિયાજ કર્મથી મુકાવનાર છે તે જ્ઞાન ક્રિયાને જૈનાચાર્યોએ સમકીત ક્રીયા કહી છે. સત્ય શ્રદ્ધા, સત્ય શોધકપણું એજ સમ્યકત્વ છે અને અજ્ઞાન ક્રિયા તે મિથ્યાત્વ છે.

સમ્યકત્વ ને મિથ્યાત્વ એ કોઈ બીજી વસ્તુ નથી માત્ર આત્માના ભાવ એજ છે. જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ આત્માના સ્વભાવિક ગુણોની પુષ્ટી કરનાર માર્ગ તે સત્ય માર્ગ છે ને તેજ સમ્યકત્વ આત્માના ગુણોને આવરનાર ઢાંકી દેનાર એવા જે આત્માના વિરૂદ્ધભાવ તે મિથ્યાત્વ છે.

આગળ નવતત્વમાં બતાવેલા પાપતત્વ, આશ્રવ માર્ગનું સેવનં કરવું તે મિથ્યા માર્ગ છે ને સંવર, નિર્જરા તત્વનું સેવન કરવું તે સત્ય મોક્ષ માર્ગ છે માટે મનુષ્ય ભવ પામી સત્યમાર્ગ સેવી કર્મ ખપાવવા અવસ્ય પ્રયત્નવાન થવું

તે પ્રયત્ન કરવામાં કૃત્રિમ સુખની હાણીરૂપ પરિસહોસહન કરવાં પડે છે પણ તેથી નિડર બની આગળ વધતાં કુદરતી અનંત સુખનો લાભ થાય છે માટે જ્ઞાન સાથે ક્રિયાની પણ મુખ્યતા છે.

સંસાર વધારનાર જે સાધનો છે તેજ સાધનો સંસારનો પાર પમાડનાર છે જે સોમલથી મૃત્યુ થાય છે તેજ સોમલ વિધીથી વાપરતાં બળ આયુષ્યની વૃદ્ધિ થાય છે એમ વૈદકનો મત છે. માટે જાણપણું ને ક્રિયાની શુદ્ધતા જોઈએ. અમુક ઔષધીથી પારાનો રસ બંધાઇ રસ સિદ્ધિ થાય છે અવું જાણનાર માણુસ જ્યાંસુધી ગુરૂ ગમ્ય પામી વસ્તુ મેળવવાની તથા યંત્રમાં પચાવવાની યોગ્ય ક્રિયા કરતો નથી ત્યાં સુધી સિદ્ધિ થતી નથી સાકરમાં રહેલી મીઠાશ આસ્વાદન કર્યા વગર મીઠાશને જાણતા છતાં રસેંદ્રિ તૃપ્તથતી નથી તેમ જ્ઞાનને ક્રિયામાં મુકયા સિવાય આત્મા તૃપ્ત થતો નથી. જ્ઞાન રહીત ક્રિયાથી આત્મા તૃપ્તી પામતો હોયતો પશુ પંખી વસ્ત્ર પાત્ર વગર ફરી પરિસહો સાહન કરે છે તે જીવો અગર તાપસાંદિક પંચાગ્નિનાપરિસહ સહન કરનાર મોક્ષે કેમ ન જાય જ્ઞાન છતાં અશુદ્ધ ક્રિયાના કરનાર અમુક પુર્વના જાણકાર પણ આત્માને અરોચક હોવાથી અંગાર મર્દક આચાર્યને અભવિ કહ્યા છે માટે અતિ શુદ્ધ જૈન તત્વાચાર્યના અનેકાંત માર્ગે સિદ્ધ

થાય છે કે જ્ઞાન સહિત શુદ્ધ ક્રિયા હોય તોજ મોક્ષ છે સિવાય મોક્ષ નથી મેળવેલું જ્ઞાન આત્માને રૂચે તોજ આત્મા તૃપ્તી પામે અને સુદ્ધિ પાત્ર બની મોક્ષ પામે

શાકર ગળીછે પણ ગધેડાને રૂચતી નથી, ખારેક પૌષ્ટીકછે પણ ઘોડાને ઘાતક છે. તેમજ જીવે મેળવેલું જ્ઞાન જ્યાંસુધી આત્માને રોચક ભાવે ન હોય તો તેનો ગેર ઉપયોગ થાય છે જેમકે હિંસારીને મચ્છ ઉત્પન્ન કરવાનું જ્ઞાન હોય અગર વિષયીને વશીકરણવિદ્યા આવડતી હોયતો તેનો કેવો અનિષ્ટ ઉપયોગ થાય. જેમ નારકીના જીવો પોતાના વિભંગ જ્ઞાન બળે અન્યોઅન્ય સંહાર કરે છે એ પણ મેળવેલા જ્ઞાનની ક્રિયાછે પણ તરણતારણ મહાન પરોપકારી કેવળજ્ઞાની ધર્મ ધુરંધર મહાત્માઓએ એવા સંસાર વર્ધક જ્ઞાનનો ગેરઉપયોગ કરનાર અનંતસારીને અધમા અધમ ગણ્યા છે અને તેમનું જ્ઞાન તે અજ્ઞાનજ કહ્યુંછે તેવા અનંત જ્ઞાનના ધણી તીર્થંકર ભગવાને બતાવેલો સિદ્ધાંતમાર્ગ એજ છે કે આત્મીક સત્ય જ્ઞાનથી વિશુધ્યવસાયે વર્તતા જીવો સ્વર્ગની નિસરણીરૂપ ગુણસ્થાનક ના પગીથીયામાં ચડી લોકોતરમોક્ષ પામે છે.

સત્યજ્ઞાન, આત્માના શુદ્ધભાવ તેણે સમ્યક્ત્વ કહે છે તે સમ્યકત્વનું સ્વરૂપ આગળ નવતત્વના અંતે બતાવવામાં આવ્યું છે જેથી પિષ્ટ પોશણ નહી કરતાં તે સમ્યકત્વના

પ્રકાર બતાવી સંસારમાંથી લોકાંત ચડવાની શ્રેણી ગુણશ્રેણી ઉપસમ શ્રેણી, તથા ક્ષપકશ્રેણીનું વર્ણન કરવામાં આવશે

## સમ્યકત્વ જીવસ્વભાવ.

સમ્યકત્વ એટલે સત્ય શ્રદ્ધા=ચારે ગતિના જીવો ક્ષયોપસમ વિશેષે પ્રાયે સમ્યકત્વ પામે છે. ધર્મના અજાણપણામાં પણ સમ્યકત્વ હોય છે કારણ કે આત્માને સુદ્ધ માગ મેળવવાંની ઈચ્છા થઈ તેવા શુદ્ધ માર્ગી જીવોની શુભ ભાવે પ્રશંસા કરી શ્રદ્ધાવાન થયો તે જીવ સમકીતી છે સમ્યકત્વ મેળવવા માટે ગ્રંથી ભેદ કરવો જોઇએ એટલે ખરા ખોટાનો નિર્ણય કરી ખોટાને ત્યાગી, ખરાને ગ્રહણ કરવું, ગ્રહણ કરવાની બુદ્ધિ કરવી એવી જે નિઃશંસયશ્રદ્ધા તે સમ્યકૃત્વ ત્રણ પ્રકારનું છે. ૧ ઉપસમ સમકીત, ક્ષયોયપસમ સમકીત, અને ક્ષાયીક સમકીત એ ત્રણ પ્રકાર છે.

૧ અનંતાનુબંધી ચાર કષાય તથા દર્શન મોહની ત્રણ એ સાત પ્રકૃતિના ઉપસમથી એટલે એ સાત પ્રકૃતિના રસ તથાં પ્રદેશોદય ન હોય તેથી જે જીવસ્વભાવ પ્રગટે તેને ઔપસમીક ભાવ કહે છે તેજ ઉપસમ સમ્યકત્વ છે તે ઉપશાંત મોહ ગુંણઠાણે હોય અને મોહીની કર્મની પચીશ પ્રકૃતિનો ઉપસમ થવાથી જે સ્થિરતારૂપ ચારિત્ર પ્રગટ થાય તેને ઔપસમ ચારિત્ર કહે છે—

૨ ઉદય આવ્યાં કર્મનો ક્ષય કર્યો અને કર્મો ઉદય આવ્યાં નથી તેના રસને અવે દવે એટલે વગર ભોગવે સતામાં પડી રહે તેના અંતરાળે (વચમાં) પ્રગટ થયો જે જીવ સ્વભાવ તે ક્ષયોપસમ ભાવ એટલે ક્ષયોપસમ સમ્યકત્વ કહે છે. ક્ષયોપસમ ભાવે સર્વ જીવને પાંચલ બધી હોય સમ્યકત્વ મોહનીના ઉદયને વેદે તે વેદક સમ્યકત્વ કહેવાય. દેશ વિરતી ચારિત્રપણું અપ્રત્યાખ્યાની યાને ક્ષયોપસમે હોય, ને સામાયીકાદી ત્રણ ચારિત્ર પ્રત્યાખ્યાની યાને ક્ષયોપસમે હોય જ્ઞાના વરણી, દર્શના વરણી, મોહની ને અંતરાય કર્મનો ક્ષમોપસમ હોય.

૩ ક્ષાયીક સમ્યકત્વ=અનંતાનું બંધી કષાય ચાર તથા દર્શનમોહીની ત્રણએ સાત પ્રકૃતિનો ક્ષય થએ જે તત્વ રૂચી પ્રગટે તે ક્ષાયીક સમ્યકત્વ કહેવાય. ક્ષાયીક સમ્યકત્વ ચરમ શરીરી ને હોય તે ભવમાં એકજ વાર આવે,

એ રીતે જીવના ભાવ ઘણા પ્રકારે છે તે બતાવે છે.

૪ કર્મના ઉદયથી થયો જે જીવ સ્વભાવ તે ઔદયિક ભાવ કહેવાય

૫ ઔદયિક ભાવે વરતવું તે પરિણામીક ભાવ

૬ બે ત્રણ ચાર ભાવ ભેગા મળે તે સન્નીપાતીક ભાવ કહેવાય.

તેના પણ ઘણા ભેદ છે ઉપસમ ભાવના બે ભેદ=ક્ષયોપસમ

ભાવના અઢાર ભેદ, ક્ષાયીક ભાવના નવ ભેદ તથા ઔદયિક ભાવના એકવીશ ભેદ તથા પરિણામીક ભાવના ત્રણ ભેદ છે એ રીતે ત્રેપન ભેદ ભાવ સ્વભાવના છે.

૧ ક્ષાયીક, ઔદયિક ને પરિણામીક ભાવ આઠે કર્મ ને વિશે હોય છે.

૨ મોહીની કર્મ વિષે પાંચે ભાવ હોય છે.

૩ જ્ઞાન વરણી, દર્શના વરણી, તથા અંતરાયના વિષે ઔપસમીક વિનાં ચાર ભાવ હોય.

૪ નામ, ગોત્ર, આયુષ્યને વેદની એ ચાર કર્મને વિષે ક્ષાયીક, ઔદયિકને પરિણામીક ત્રણ ભાવ હોય

૫ અજીવની અપેક્ષાયે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, પુદ્ગળાસ્તિકાયને કાળ અનાદિ પરિણામીક ભાવે છે પણ પુદ્ગલાસ્તિકાય જીવ સબંધે પુદ્ગલવિપાકીની કર્મ પ્રકૃતિના ઉદયે ઔદારિક પુદ્ગલને વિશે વર્ણાદિનું હોય, શુદ્ધપણું છોડે, ઘટે, મટે માટે અનંત પ્રદેશી સ્કંધ કર્મ વર્ગણાદિ પુદ્ગલ તે સર્વ ઔદયિક ભાવે છે.

૬ જીવાસ્તિકાય ( જીવ ) ગુંણઠાણા આ શ્રી જુદા જુદા ભાવે હોય છે

૧ મિથ્યાત્વ, સાસ્વાદન, એ બે ગુંઠાણે ત્રણ અજ્ઞાન તથા ચક્ષુ અચક્ષુ બે દર્શન, દાનાદિક પાંચ મિશ્રલબ્ધી એ દશ ક્ષપોપશમ ભાવે હોય

૨ ત્રીજા ગુણઠાણે મિશ્રજ્ઞાન ત્રણ, દર્શન ત્રણ, દાનાદિ લબ્ધિ પાંચ તથા મિશ્ર મોહીની એ બાર ક્ષયોપસમીક મિશ્ર ભાવે હોય

૩ ચોથા ગુંણઠણેથી ક્ષયોસમીક સમ્યકત્વ હોય તેથી મિશ્ર મોહીની વગર બાર ભાવ ક્ષયોપસમીક હોય.

૪ પાંચમાં ગુંણઠણે દેશ વિરતી સહીત તેર ક્ષયોસમીક ભાવ હોય

૫ છઠા તથા સાતમા ગુંણઠાણે મનઃ પર્યવજ્ઞાનનો ક્ષયોપસમ હોવાથી ચૌદ હોય.

૬ આઠ નવ અને દશમા ગુંણઠાણે ક્ષયોપસમસમ્યકત્વના હોય ( ઔપસમ અગર ક્ષાયીક સમ્યકત્વ હોય ) તેથી તેર ક્ષયોપસમ ભાવે હોય

૭ અગીઆર ને બારમે ગુંણઠાણે ક્ષયોંપસમીક ચારિત્ર ન હોય તેથી બાર હોય.

૮ તેરમા ચૌદમા ગુંણઠાણે ઘાતી કર્મનો ક્ષય થયો ત્યાં મિશ્ર ભાવ ન હોય એટલે જ્યાં સુધી ઘાતી કર્મ હોય ત્યાં સુધી તે કર્મ પ્રકૃતિનો ક્ષયોપસમ થાય.

૧ ચોથાથી અગીઆરમા ગુંઠણણા સુધી ઔપસમીક સમ્યકત્વ હોય તેમાં નવ, દશને અગીઆરમા ગુંઠાણે ઉપ-સમ ચારિત્ર પણ હોય

૨ ચોથાથી અગીઆરમા સુધી ક્ષાયીક સમ્યત્વ હોય

ને બારમે ગુંઠાણે ક્ષાયિક ચારિત્ર પણ હોય ને તેરમે ચૌદમે ગુંઠાણે, સમ્યકત્વ, ચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન તથા દાનની પાંચ લબ્ધિ (અંતરાય કર્મનાશપથી) એ રીતે નવ ક્ષાયીક ભાવે હોય તેવીજ રીતે ઔદયિક ને પારિણામીક ભાવ પણ બતાવ્યા છે પણ અતરે ટુંક હકીકત સમજવા માટે લંબાણ કર્યું નથી

## ગ્રંથી ભેદ.

સમ્યકત્વ પામવા માટે પ્રથમ ગ્રંથી ભેદ કરવોજ જોઈએ ને ગ્રંથીભેદ કરવાથીજ સમ્યકત્વની પ્રાપ્તી થાય છે તેને માટે પ્રથમ ભવ્યત્વાદિ સામગ્રાની જરૂર છે=તે સામગ્રી કાળ, સ્વભાવ, ભાવિભાવ પુર્વ કતકર્મ, ઉદ્યમ એ પાંચ સમવાય કારણ મળે તોજ મોક્ષ પ્રાપ્તી થાય.

આત્મા જ્ઞાન દર્શન, ચારિત્રવાળો છે પણ તે ગુણો અવરાએલા હોવાથી દેખાતા નથી પણ તેની ભાવના જીવને હોય છે તે જીવ ભવિ મોક્ષ મેળવા લાયક હોય તેને યોગ્ય કાળની જરૂર છે તે કાળમાં ઉત્સર્પિણીકાળ ચડતા પ્રણામનો કાળ ઉપયોગીછે કારણકે તે કાળમાં મોક્ષ સામગ્રી સંયોગોની અનુકુળતા હોય છે જેમ વસંત રૂતુ વનસ્પતિ પ્રફુલીત થવાને અનુકુળ છે તેમ તે કાળમાં મોક્ષ મેળવવા જેવાં ઉંચ અધ્યવસાય સહેલાઇથી થઈ શકે છે તે રીતે કાળ

અનુકુળ હોય તોપણ નિયતી એટલે ભવિતવ્યતાની જરૂર છે ભવિતવ્યતા વિના જેમ હાથમાં લીધેલો કોલીઓ મોંમાં મુકતાં હજારો વિઘ્ન નડે છે તેમ ઉંચ શ્રેણીએ ચડવા પ્રયત્ન કરતાં અનેક વિઘ્નો નડે માટે સર્વ અનુકુળતા છતાં પુણ્યોદય વિના મોક્ષમાં જવાય નહિ માટે પુણ્યાનું બંધી પુણ્યનો પણ ઉદય જોઈએ તે માટે શ્રેણી ચડતાં પ્રથમ ગ્રંથી ભેદ કરવાની જરૂર છે.

ગ્રંથીભેદ એટલે રાગદ્વેષને ભેદવો તેનું નામ ગ્રંથીભેદ છે. રાગદ્વેષનો પરિણામ જાણવો તે. જ્યારે જીવાજીવાદિ પદાર્થનો ભેદ સમજી કર્મનું ફળ ભોગવતાં નિમિત કારણ ઉપર કુતરાની પેઠે દ્વેષ નહીં ધરતાં ઉપાદાન કારણ (સઘળા જીવો પોતાનાં કાર્યોકર્મનું ફળ ભોગવે છે તે કર્મ ભોગવવા રૂપ સામગ્રી મેળવી આપનાર માત્ર નિમિત કારણ છે) પોતાના કેટલાં કર્મોનો પસ્તાવો કરી તે માટે પોતાના આત્માનેજ દોષિત ઠરાવવો પણ બીજા ઉપર દ્વેષ ન કરવો. એવા જ્યારે મનના ભાવ થાય છે ત્યારે રાગદ્વેષ ભેદાય છે ને આત્માના આચારવિચાર તરત બદલાઈ જાય છે. એવા મનોભાવથી આત્મવૃત્તિ થવાથી તે જીવ સંસારમાં રહી વ્યવહારમાં જોડાએલો છતાં રાગદ્વેષ (કષાય) ના પરિણામ નિવીડ થતા નથી. કષાયનો મંદરસ બંધાય છે ને પુણ્યપ્રકૃતિ વધતી જાય છે જેમકે વિંધેલા મોતીના છિદ્રમાં મેલ ભરાય તોપણ

તે છિદ્ર પુરાઈ જઈ મૂળ વગર વિંધેલા મોતી જેવું થતું નથી. તેમ એક વખત રાગદ્વેષ ભેદાયો પછી ફરીથી ઉત્કૃષ્ટ રસ બંધ થતો નથી. એકવાર ગ્રંથીભેદ થઇ રાગદ્વેષની આત્મા સાથે પડેલી ગાંઠ તોડયા પછી ફરી ફરી તે નિવીડ ગાંઠ બંધાતી નથી. આત્માને આત્મારૂપે તથા અન્યપદાર્થો વિનાશી તરીકે માનવાથી ગ્રંથીભેદ થાયછે, મનની શુદ્ધતાનો સુદ્દઢતાથી ધર્મના અજાણપણામાં પણ સમ્યકત્વની પ્રાપ્તી થાય છે. સમ્યકત્વ મોક્ષનું કારણ છે ને સમ્યકત્વનું કારણ મનની શુદ્ધતા છે સમ્યકત્વ પામ્યા પછી નીચ ગતિનું આયુષ્ય બંધાતુ નથી પણ પ્રથમ નીચ ગતિનું આયુષ્ય બાંધ્યુ હોય તો કરેલા બંધ પ્રમાણે ચારેગતિમાંની ગમે તે ગતિમાં જાય ને ગમે તે ગુંઠાણું વેદે તો પણ મેળવેલું સમ્યકત્વ નાશ પામતું નથી પણ સતાએ રહે છે. જેમ જેમ સમ્યકત્વની વિશુદ્ધિ થતી જાય જેમ જેમ વિશુદ્ધ અધ્યવસાય થતા જાય તેમ તેમ જીવ અષ્ટકર્મની પાપપ્રકૃતિનો રસ બંધ, સ્થિતિ બંધ મંદ કરતો, તથા પુણ્યપ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ કરતો મનુષ્ય ભવમાં ગુંણઠાણે આગળ ચડતો જાય છે. પાપાચરણનો ત્યાગ કરી શુભઆચરણ સેવવા માટે વિચારને આચારમાં મૂકે છે એટલે દેશવિરતી સર્વ વિરતીપણું ગ્રહણ કરે છે અને કર્મક્ષય માટે શ્રેણી પડી વજજે છે. તે શ્રેણી બે પ્રકારની છે. ઉપસમ શ્રેણી ને ક્ષપકશ્રેણી.

## ઉપસમ શ્રેણી. ( આઠમા ગુઠાણેથી આરંભે )

૧-૨-૩ સંઘયણ વાળો જેને એક પુર્વનું જ્ઞાન હોય ને સુકલ ધ્યાનનો પહેલો પાયે વરતતો જીવ ઉપસમ શ્રેણી આરંભે.

અનંતાનુ બંધી ચાર કષાય, દર્શન મોહની ત્રણ એ સાત પ્રકૃતિનો રસોદય ચોથા અવિરતી ગુંણઠાણાથી માંડીને સાતમા અપ્રમત ગુંઠાણા સુધી ઉપશ્રાંત થાય અને આઠમા ગુંઠાણામાંતો રસોદય અને પ્રદેશોદય પણ ઉપશાંત થાય.

ચોથા અવિરતી, દેશવિરતી, પ્રમત ને અપ્રમત ગુંણઠાણે વર્તતા જીવ મહેલો કોઇપણ જીવ જઘન્ય પરિણામે તેજો લેસ્યા, મધ્યમ પરિણામે પદ્મલેશ્યા અને ઉત્કૃષ્ટ પરિણામે શુકલલેશ્યા એ લેશ્યા માંહેલી કોઈપણ લેશ્યાએ વર્તતો જ્ઞાનોપયોગે ઉપયુક્ત એક આયુષ્ય કર્મ વિના બીજા સાતે કર્મની સ્થિતિ ભોગવી ને બાકી કાંઇ એકઉણી એક કોડાકોડી સાગરોપમ માત્ર બાકી રહે તે વારે અંતર મહુરત પર્યંત વિશુદ્ધ ચિત્તવૃત્તિવંત થકો રહે એવી રીતે રહ્યો થકો પરાવર્તમાન આઠમા ગુંઠાણે સાત પ્રકૃતિ ( મોહની કર્મની અનંતાનુ બંધી કષાય દર્શન મોહની ) ને દબાવે નવમા ગુંઠાણે સંજવલન ક્રોધ વગર બાકીની વીશ (૨૦) પ્રકૃતિને દબાવે દશમે ગુંઠાણે સંજવલન લોભને દબાવી અગીઆરમે વિસામો લે.

ધ્રુવબંધીની જ્ઞાનાવરણાદિ પાપપ્રકૃતિ બાંધે તેનો બેઠાણીઓ રસ બંધ કરે અને પુણ્યપ્રકૃતિનો રસ ચોઠાણીયો બાંધે. એક સ્થિતિબંધ પૂર્ણ કરી બીજો સ્થિતિબંધ બાંધવા માંડે. અંતર કરણ કાળથી પુર્વે અંતર મહુરત પ્રમાણનાં ત્રણ કરણ કરે.

૧ યથા પ્રવૃત્તિ કરણે પ્રવેશ કરતો પ્રતિ સમયે અનંત ગુણ વૃદ્ધિ વિશુદ્ધિ પુર્વોક્ત બતાવ્યા પ્રમાણે શુભ પ્રકૃતિના ચોઠાણીયાને અશુભ પ્રકૃતિના બે ઠાણીયા રસનો બંધ કરે પરંતુ ત્યાં સ્થિતિઘાત, રસઘાત, ગુણ શ્રેણી કે ગુણ સંક્રમ એ ચાર માંહેલું એક કરે નહીં ત્યારબાદ.

૨ અપુર્વકરણ કરે તે અનંતાનંત વિશુદ્ધિની વૃદ્ધિએ અપુર્વ કરણમાં પ્રવેશ કરતો જીવ પ્રથમ સમયથીજ સ્થિતિ ઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ તથા અન્ય સ્થિતિબંધ એ પાંચવાનાં સમકાળે એકઠાં કરવામાંડે ત્યારબાદ

૩ અનિવૃતી કરણ કરે–અનિવૃતિ કરણે પ્રવેશ કરતા સર્વ જીવોનું અધ્યવસાય સ્થાનક એક સરખું જ હોય એટલે એ સ્થાનકે જે જીવો વર્તે છે, વર્ત્યા છે ને વર્તશે તે સર્વના એક રૂપજ અધ્યવસાય હોય તેથીજ તેને અનિવૃત્તિ કરણ એટલે ભેદ વિનાનું કરણ કહ્યું છે. અને યથા પ્રવૃત્તિ તથા અપુર્વ કરણમાંતો જઘન્ય, ઉત્કૃષ્ટને મધ્યમ અધ્યવસાયવાળા એ ત્રણ ભેદે હોય. અનિવૃતિ કરણના પહેલા સમયથીજ

સ્થિતિ ઘાતાદિ પાંચે પદાર્થો સમકાળે અપુર્વ કરણની પેઠે સાથેજ પ્રવર્તે તેમાં પ્રથમ અંતર મહુરતને ચરમ સમયે અનંતાનુબંધીનું સર્વદળ ઉપસમિત થાય જેમ ધુળના ઢગલાને પાણી સીંચી સીંચીને ઘણ તથા પાષાણાદિકે કુટ-વાથી કોઈના હાથમાં ન આવે તેવા સુક્ષ્મ થાય છે તેમ કર્મ રૂપ રેણુના સમુહને વિશુદ્ધિ રૂપ પાણીના પ્રવાહથી સીંચી સીંચીને અનિવૃતિ કરણ રૂપ પથ્થરથી કુટીકસોટીને એવી સુક્ષ્મ કરે કે જેથી તે બંધન સંક્રમણ, ઉદય, ઉદિરણા, નિદ્ધતનેનિકાયનાદિ કરણને પણ અયોગ્ય થાય તેને ઉપસમના કહીયે. એવી રીતે અનંતાનુબંધીનાં સર્વ દળ ખપાવીદે, ત્યારબાદ દર્શન મોહની ત્રણની ઉપસમના કરે. તેમાં સમ્યકત્વ મોહનીને મિશ્ર મોહનીની ઉપસમનાતો ક્ષયોપસમ સમ્યકત્વ દ્રષ્ટિ કરે પણ મિથ્યાત્વ મોહનીની ઉપસમનાતો ગ્રંથી ભેદ કરતાં પ્રથમ ઔપસમ સમ્યકત્વ ઉપજવાવાળાને મિથ્યાત્વની ઉપસમના હોયછે એટલે ઉપસમ શ્રેણીવાળાને મિથ્યાત્વ મોહનીની ઉપસમના આકરણમાં કર-વાની નથી તે પહેલાં ઔપસમના કેવી રીતે કરી તે બતાવેછે.

કોઇસંજ્ઞી પંચેંદ્રિ પર્યાપ્તા જીવ ચારે ગતિ માંહેલો કોઇ પણ ગતિનો ત્રણ યોગ ( મનોયોગ, વચનયોગ, કાયયોગ ) માંહેલા કોઈ પણ યોગે વર્તતો તે જો પદ્મ કે સુકલ લેશ્યાવંત મિથ્યાત્વી જીવ જઘન્ય, મધ્યમને ઉત્કૃષ્ટ

વિશુદ્ધ પરિણામે વર્તતો મિથ્યાત્વ મોહનીનાં દળિયાંને ઉદય ઉદિરણાએ કરી ખપાવેને બાકી રહે તેના ત્રણ પુંજ કરે તે દેશ ઘાતી એકઠાણીયાં બેઠાણીયા રસ સહિત જે દળ તે સમ્યકત્વ પુંજ, કેટલાક એકઠાણીયા બેઠાણીયા સર્વ ઘાતી રસનાં દળ તે બીજો મિશ્રપુંજ, અને સર્વ ઘાતી પ્રકૃતિના ત્રણઠાણીયા, ચોઠાણીયા રસનાં દળ તે મિથ્યાત્વ પુંજ એ રીતે ત્રણ પુંજ કરતો ઉપસમીક સમ્યકત્વ પામે. એ સમ્ય-કત્વ પામતો કોઇ એક દેશ વિરતી સહીત અને કોઇ સર્વ વિરતી સહીત પણ શ્રેણી પડી વજે તે માટે દેશ વિરતી પ્રમતને અપ્રમત સંયતને વિષે પણ મિથ્યાત્વની ઉપસમના હોય એટલે એ ત્રણ ગુંઠાણે ઔપસમીક સમ્યકત્વ હોય.

ચરમ શરીરી ઉપશમ શ્રણી આરંભે તો અગીઆર મેથી પડી સાતમે આવી અટકે ને ફરી ક્ષપક શ્રણી આરંભે ઉપશમ શ્રણી આરંભે તેજ તે ભવમાં ક્ષપક શ્રણી આરંભે અપ્રમત ગુંઠાણે યથા પ્રવૃતિ કરણ કરે, અપુર્વ નિવૃત ગુંઠાણે અપુર્વ કરણ કરે અને અનિવૃતી ગુંઠાણે અનિવૃતિ કરણ કરે. અનિવૃતિ કરણમાં અનંતાનુ બંધી ખપાવી પછી સમ્યકત્વને મિશ્ર મોહનીનાં દળને ખપાવે છે એટલે તે જીવ સાત પ્રકૃતિને ઉપસમાવી અનિવૃતિ નવમા ગુંઠાણે પહોંચ્યો. ત્યાં પાછી ઉપસમ શ્રેણી પ્રથમ મુજબ કરવાથી મોહનીની સાત પ્રકૃતિ સુધાં પચીશ પ્રકૃતિ ઉપશાંત થાય

" તે સાત પ્રકૃતિ ઉપશાંત થયા " બાદ નપુશક વેદ પછી સ્ત્રી વેદ પછી હાસ્યષટક ઉપશમે ત્યાર બાદ પુરૂષ વેદનો બંધોદય ઉપશમે તે પછી અપ્રત્યખાનીને પ્રત્યાખ્યાની ક્રોધ સમકાળે ઉપશમે પછી સંજવલન ક્રોધ ઉપશમે પછી તેજ પ્રમાણે માનનો ઉપસમ થાય પછી તેજ પ્રમાણે માયાનો ઉપશમ થાય અને અનિવૃત ગુંઠાણાના છેલ્લા સમયે અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની લોભનો ઉપશમ થાય તે વખત અનિવૃતી ગુંઠાણું પુરૂ થઇ સુક્ષ્મ સંપરાય દશમા ગુંઠાણે ચડયો તે ગુંઠાણાનો કાળ પણ અંતર મહુરતનો છે તેને વિષે સંજવલન લોભ ઉપસમે એટલે ઉપશાંત મોહ અગીઆરમા ગુંઠાણે ચડયો ત્યાં મોહની કર્મની તમામ અઠાવીશ પ્રકૃતિ ઉપશાંત થાય તેથીજ તે ગુંઠાણાનું નામ પણ ઉપશાંત મોહ છે જે સમયે સંજવલન લોભ ઉપશાંત થાય તેજ સમયે જ્ઞાનાવરણી પાંચ, દર્શના વરણી ચાર, ઉંચ ગોત્રને યશકીર્તિ નામ કર્મ એ સોળ પ્રકૃતિનો બંધ વ્યવચ્છેદ કરે તે વાર પછી બીજે સમય કષાય (લોભ) ઉપશાંત થાય તે ઉપસમ કષાયવંત થકો જીવ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટો અંતર મહુરત પર્યંત ઉપશાંત મોહ ગુંઠાણે રહે પછી અવશ્ય પડે તે પડવાના બે પ્રકાર છે–ભવક્ષયેને કાળક્ષયે વજા રૂષભનારાચ સંઘયણવાળે શ્રેણી આરંભી હોય તો અગીયારમે કાળ કરતાં અનુત્તર વિમાને જાય. બીજા

સંઘયણવાળો અગીયાર બારમા દેવલોકે જાય અને ત્રીજા સંઘયણવાળો સાતમાં આઠમા દેવલોકે જાય.

૧ ભવક્ષયે એટલે તે ઉપશાંત મોહ ગુંઠાણે પહોચ્યો ને આયુપુર્ણ થાય તે વારે તે મનુષ્ય ભવને ક્ષયે મરણ પામી અનુત્તર વિમાને દેવતા થાય ત્યાં પ્રથમ સમયેજ બંધ સંક્રમણાદિ આઠે કરણ તથા ઉદય પ્રવર્તાવે તે પાધરો અગીયારમાથી ચોથા ગુંઠાણે આવે. વચલાં ગુંઠાંણાનો તેને સ્પર્શ થાય નહીં તથા ઔપસમીક સમ્યકત્વથી પડીને વેદક સમ્યકત્વ દ્રષ્ટિ થાય. (૧ લા સંઘયણવાળો અનુત્તર વિમાને જાય. જે જીવ અગીઆરમા ગુંઠાણાનો અંતર મહુરત કાળ પૂર્ણ ભોગવીને આગળ ચડવાના અભાવે ત્યાંથી પાછો પડે તે જીવ જ્યાં જ્યાં બંધ, ઉદય, ઉદિરણાદિ પ્રકૃતિ વ્યવચ્છિન ન થઇ હોય તેને તેને ફરી ત્યાં આરંભતો જે રીતે ચડયો હતો તેવી રીતે જ પડે તે પડતાં કોઈ પ્રમત થાય, કોઈ અવિરતી પણું પામે, કોઇ સાસ્વાદન પામી મિથ્યાત્વે પણ જાય.

એ ઉપશમ શ્રેણી ઉત્કૃષ્ટ ભવમાં બેવાર કરે પણ જે ભવમાં બે વાર કરે તે નિયમાતે ભવમાં ક્ષપક શ્રેણી ન કરે અને એકવાર ઉપસમ શ્રેણી કરી બીજીવાર ક્ષપક શ્રેણી કરે આખા ભવચક્રમાં ચારવાર ઉપસમ શ્રેણી કરે.

ઉપસમ શ્રેણી કરનાર અગીઆરમા ઉપશાંત મોહ

ગુંઠાણે અટકે અને ક્ષપક શ્રેણી કરનાર અગીયારમા ગુંઠાણે નહીં થોભતાં બારમા ક્ષીણમોહ ગુંઠાણે વિશ્રાંતી લે એટલે ઉપસમ શ્રેણી તે સાત પ્રકૃતિને ઉપશાંત કરી વિશ્રાંતી લેતાં પાછો પડે ને ક્ષપકશ્રેણી પ્રકૃતિયોનો ક્ષય કરતો બારમા ગુંઠાણે વશ્રાંતી લે. પ્રકૃતિયોનો ક્ષય થવાથી પાછો પડે નહીં તે ચરમ શરીરીજ હોય ઉપસમ શ્રેણી કરનાર પાછો પડે તો પણ ત્રીજે કે ચોથે ભવે મુક્તી પામે.

---

## ક્ષપક શ્રેણી.

---

ક્ષપક શ્રેણી પડીવજનાર પુરૂષ આઠ વરસની ઉપરનો તથા વજ્ર રૂષભનારાચ સંઘયણી, શુદ્ધ જ્ઞાનવંત, અવિરતી, દેશવિરતી, પ્રમત કે અપ્રમત સંયતી હોય પણ એટલું વિશેષ જે કેવળ અપ્રમત સંયત હોય તો પુર્વનો જાણ હોય અને શુકલ ધ્યાનોપગત હોય અને બીજા સર્વ ધર્મ ધ્યાનોપગત હોય એવો જીવ શુભ યોગે વર્તતો ક્ષપક શ્રેણી આરંભે તે ઉપસમ શ્રેણીની રીત પ્રમાણે પ્રથમ યથાપ્રવૃતિ કરણ કરે પણ એટલું વિશેષ કે અપુર્વ કરણના છેલ્લા સમયે પ્રથમના સમય કરતાં અસંખ્યાત ગુણહિન સ્થિતિનો સત્તાવંત હોય પછી અનિવૃત્તિ કરણ કરે તેમાં પ્રથમ દર્શન મોહનીના સ્થિતિનો સત્તાનો ઘાત કરે તેમાં પ્રથમ મિથ્યાત્વ ક્ષીણ

થાય પછી મિશ્ર મોહની એક આવળિકા માત્ર રહે ત્યારે સમ્યકત્વ મોહનીની સ્થિતિ આઠ વરસ પ્રમાણ રહે તેનું દળ ઉદય સમયથી આરંભીને સઘળી સ્થિતિ સત્તા સમય સમય સંક્રમાવે તે છેલ્લો સ્થિતિ ખંડ જે વારે ઉકેરે એવાને ક્ષપક કૃતકરણ કહે છે તે કરણદ્ધાએ વર્તતો એવો જીવ કોઈએ પુર્વે આયુ બાંધ્યું હોય તો તે આયુ ક્ષયે મરણ પામીને ચાર ગતિમાંની ભાવે તે ગતિમાં જાય માટેજ સાત પ્રકૃતિના ક્ષયનો માંડનાર પ્રસ્થાપક થઈને મનુષ્ય નિષ્ટાપક છતો ચારે ગતિનો જીવ કહ્યો છે. તથા જે પુર્વ આયુ બાંધ્યાં છતાં ક્ષપક શ્રેણી માંડે અને અનંતાનુબંધી ચાર કષાય ખપાવીને પછી મરણ પામવાથી જો શ્રેણીથકી વિરમે અને મિથ્યાત્વનો વિનાશ ના થયો હોય તો અનંતાનુબંધીના બીજરૂપ મિથ્યાત્વથી તે પાછા સજીવન થાય પણ જેણે મિથ્યાત્વનો ક્ષય કર્યો તે અનંતાનુબંધી બાંધે નહિ. અને જો સોળ પ્રકૃતિનો ક્ષય કરી ચડતા પરિણામે વર્તતો મરણ પામે (ઉપસમ શ્રેણી કરી મરણ પામે તો) તો અવશ્ય દેવતાની ગતિમાંજ ઉપજે અને પડતા પરિણામે ક્ષીણ થાય તો નાના પ્રકારના પરિણામની વિશુદ્ધિએ વર્તતો મરણ પામે તેવી ગતિમાં અવતરે એટલે જે પ્રણામ હોય (મરણ વખતે) તેવી ગતિમાં જાય અને જેણે પુર્વે આયુ બાંધ્યું છે એવો જીવ જો તે વખતે ત્યાં કાળ ન કરે તો પણ સાત

પ્રકૃતિના ક્ષયે નિશ્ચય ત્યાં તેવાજ પરિણામે રહે પરંતુ આગળ બીજી ચારિત્ર મોહનીની પ્રકૃતિ ખપાવવાનો ઉદ્યમ કરે નહીં કારણ કે આયુ બંધ પડી ગયો છે તેથી તે ભવમાં મુક્તિ પામવાનો નથી તો પણ ત્રીજે કે ચોથે ભવે અવશ્ય મુક્તિ પામે.

એ સાત પ્રકૃતિનો ક્ષય અવિરતી ગુંઠાણે હોય. અન્ય થાતો અવિરતી, દેશવિરતી, પ્રમત ને અપ્રમત સાધુએ ચારેમાં હેતુ ભાવે સમક ક્ષીણ કહે છે. તથા જો—

અબદ્ધાયુથકો ક્ષપક શ્રેણી આરંભે તે વારે એ સમકનો ક્ષય કરે તો તે નિયમથી અનુપરત પરિણામવંતથકો ચડતે પરિણામે આગળ ચારિત્ર મોહની ખપાવવાને ઉદ્યમ કરે તે બાકી રહેલી એકવીશ પ્રકૃતિ મોહનીની ખપાવવા પ્રથમ પ્રમાણે યથાપ્રવૃત્તિ કરણ કરે તે અપ્રમત ગુંઠાણે યથાપ્રવૃતિ કરણ કરે, અપુર્વ ગુંઠાણે અપુર્વ કરણ અને અનિવૃત્ત ગુંઠાણે અનિવૃત્તિ કરણ કરે ત્યાં અપુર્વ કરણે સ્થિતિ ઘાતાદિ કરી અપ્રત્યાખાની તથા પ્રત્યાખ્યાની કષાય એવી રીતે ખપાવે કે અનિવૃત્તિ કરણે તે કષાયાષ્ટકની પલ્યોપમનાં અસંખ્યાતમા ભાગ પ્રમાણ માત્ર સ્થિતિ શેષ રહે પછી નરકને તિર્યંચ પ્રાયોગ્ય નામ કર્મની તેર પ્રકૃતિ (નરકગતિ નરકાનુપુર્વી, તિર્યંચ, ગતિ, તિર્યંચાનુપુર્વી, એકેંદ્રિ જાતિ, વિગલેંદ્રિ જાતિ ત્રણ, થાવર, સુક્ષ્મ, આતાપ, ઉદ્યોત ને

સાધારણ નામકર્મ) તથા દર્શનાવરણની થિણદ્ધિત્રીક (નિંદ્રા નિંદ્રા, પ્રચલા પ્રચલા, થિણદ્ધિનિંદ્રા) એ સોળ પ્રકૃતિનો ક્ષય કરે પછી કષાયાષ્ટક ખપાવે કોઈ આચાર્ય કષાયાષ્ટક ખપાવ્યા પછી સોળ પ્રકૃતિ ખપાવે એમ પણ કહે છે.

શુદ્ધ વિપાકોદય વેદતો એટલેથી ક્ષયોપશમ સમ્યકત્વે વર્તતો ચોથા ગુંઠાણાથી માંડીને ક્ષાયિક પ્રારંભે ત્યાં અનંતાનુબંધી ચાર કષાય મિથ્યાત્વ મોહની મિશ્ર મોહની અને સમ્યકત્વ મોહની એત્રણ પુંજ સુધાં સાત પ્રકૃતિનો ક્ષય કરે તે ક્ષાયીકસમ્યકત્વ.

એ રીતે મોહની પંદર ( પ્રથમ સાત તથા કષાયાષ્ટક એટલે દર્શનમોહની ત્રણ અને ત્રણ પ્રકારના બાર કષાય એ રીતે પંદર ) નામકર્મની નરક તિર્યંચ પ્રાયોગ્ય આગળ બતાવી તે તેર તથા દર્શનાવરણની ત્રણ નિંદ્રા એ રીતે ચોત્રીશ પ્રકૃતિનો ક્ષય થયો ત્યારબાદ ક્ષીણમોહ ગુંઠાણે. પુરૂષ વેદે શ્રેણી આરંભી હોય તો પ્રથમ નપુષક વેદ પછી સ્ત્રીવેદ પછી હાસ્યષટક ( હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક ને દુર્ગંછાં ) પછી પુરૂષ વેદ ખપાવે.

સ્ત્રી વેદે આરંભી હોય તો પ્રથમ નપુષક વેદ પછી સ્ત્રી વેદ ખપાવતાંજ પુરૂષવેદનો બંધ ઉદયને ઉદિરણાનો વિચ્છેદ થાય અને પુરૂષ તથા હાસ્યષટકનો ક્ષય સમકાળેજ થાય એટલે સ્ત્રી વેદ છેલ્લો ખપાવે અને ધર્મબિંદુ ભાષાંતર મણીલાલ દોશીકૃતમાં લખ્યું છે.

નપુષક વેદે આરંભી હોય તો પ્રથમ સ્ત્રી વેદ અને નપુષક વેદનો સમકાળે ક્ષય કરે તે ક્ષય સમયે પુરૂષ વેદનો બંધાદિ વિચ્છેદ થાય પછી પુરૂષ વેદ તથા હાસ્યષટક સમકાળે ખપાવે. ધર્મબિંદુ ભાષાંતરમાં નપુષક વેદ છેલ્લો ખપાવે લખ્યું છે.

એ રીતે પુરૂષ વેદ ખપાવ્યા પછી સંજવલન ક્રોધ, માન ને માયા ખપાવે ત્યારબાદ સુક્ષ્મસંપરાય ગુંઠાણે સંજવલન લોભનો છેલ્લા સમયે ક્ષય થાય એટલે બાદર સ્થુલ લોભનો ક્ષય તો અનિવૃત્ત ગુંઠાણે થયો છે બાકી સુક્ષ્મ લોભનો ક્ષય દશમા ગુંઠાણે થાય એટલે ઉપશાંત મોહ અગીઆરમા ગુંઠાણે કષાયનો સર્વથા નાશ થવાથી ત્યાં નહીં થોભતાં બારમા ક્ષીણ મોહ ગુંઠાણે જેમ સમુદ્ર તરીને પાર ઉતરેલા તથા રણમાં વિજય મેળવી પાછા ફરેલા યોદ્ધાની માફક મોહની કર્મનો ક્ષય કરવા નિશ્ચય કરેલા અધ્યવસાયથી જય મેળવ્યા પછી જરા થાક લાગેલો હોય તેની પેઠે બારમા ગુણસ્થાનકમાં અંતર મહુરત વિશ્રામ લેઈ તે ગુણસ્થાનકમાં છેલ્લા સમયથી આગળના સમયમાં દર્શનાવરણી નિંદ્રા તથા પ્રચલા એ બે પકૃતિનો ક્ષય કરે અને છેવટના સમયમાં જ્ઞાનાવરણી પાંચ, દર્શનાવરણી ચાર, ( ચક્ષુ અચક્ષુ, અવધિ ને કેવળ દર્શન ) અંતરાય પાંચ એ ચૌદ પ્રકૃતિ ખપાવે એટલે કેવળ જ્ઞાન કેવળ દર્શનની પ્રાપ્તી થઇ તે સયોગી કેવળી ગુણસ્થાન કહેવાય તે કેવળ જ્ઞાની જઘન્ય તો અંતર

મહુરત ને ઉત્કૃષ્ટ આઠ વર્ષે ઉણી પુર્વ કોડી વરસ પર્યંત પૃથ્વી તળે વિચરે વિચરી ને પછી જેને વેદની આદિક કર્મ આયુષ્ય કર્મથી અધીકાં ભોગવવાં રહ્યાં હોય તેવાં શેષ અઘાતિ કર્મોને આયુષ્ય બરાબર કરવાને માટે તે કેવળી આઠ સમયનો સમુદ્દઘાત કરે પણ બીજા ન કરે. ત્યાં પ્રથમ સમયે પોતાના શરીર પ્રમાણ જાડો, ઉંચો, નીચો, લાંબો ચૌદરાજ પ્રમાણ પોતાના આત્મ પ્રદેશનો વિસ્તાર દંડાકારે કરે તથા બીજે સમયે તે દંડમાંથી બેહુ પાસે પ્રદેશ શ્રેણી વિસ્તરે તે લોકાંતલગે ઉત્તર દક્ષિણે પસરે તે કમાડ આકાર દેખાય તેને કપાટ કહીએ ત્રીજે સમયે પુર્વ પશ્ચિમની બે શ્રેણી કરે તે પણ લોકાંતલગે પ્રસરે તે ચાર ફડસીયાં આકારે દેખાય ત્યારબાદ ચોથે સમયે ચાર ફડસીયાં વચ્ચે જે આંતરાં રહ્યા ( વિદિશીના ખુણા ખાલી રહ્યા તે ) ને ખાલી રહેલા આકાશ પ્રદેશ સમસ્ત આત્મપ્રદેશે પુરે તેથી સમસ્ત લોકવ્યાપી પોતાના આત્મપ્રદેશ થયા. પાંચમે સમયે જેમ આત્મ પ્રદેશ પુર્યા તેમ અનુક્રમે પ્રથમ આંતરાના આત્મ પ્રદેશ સંહરે. છઠે સમયે મંથાણ ( પુર્વ પશ્ચિમના ફડસીયા )માં પુરેલા આત્મપ્રદેશ સંહરે. સાતમે સમયે કપાટ ( ઉત્તર દક્ષિણના ) આત્મ પ્રદેશ સંહરે ને આઠમે સમયે દંડાકાર આત્મ પ્રદેશ સંહરી શરીરસ્થ થાય. એ રીતે કેટલાએક કેવળી સમુદ્દઘાત કરે અને કેટલાએક સમુદ્દઘાત ના પણ કરે પરંતુ બંને પ્રકારના કેવળીને એટલે

સમુદ્ઘાત કરનાર અને નહીં કરનાર બન્ને સંયોગી કેવળી ભવોપગ્રાહી ચાર અઘાતીકર્મ, ખપાવવા માટે લેશ્યાતીત, અત્યંત અપ્રકંપ પરમ નિર્જરાનું કારણ એવો શુકલધ્યાનનો ત્રીજો પાયો આરાધવાને યોગ નિરોધ કરે.

શુકલ ધ્યાનને ત્રીજે પાયે ચડી દેહનો ત્રીજો ભાગ સંકોચી શેષ બે ભાગનો પ્રદેશ ઘન કરે તે સયોગી ગુંઠાણાના દ્વીચરમ સમયે એટલે છેલ્લા સમયની પહેલા સમયે દેવગતિ સહગત દશ પ્રકૃતિનો ક્ષય થાય અને તેજ વખતે ત્યાં જે બીજી પ્રકૃતિનો ઉદય નથી તેવી નામ કર્મની પીસ્તાલીશ તથા નીચ ગોત્રને અશાતા વેદની મળી સુડતાલીશ પ્રકૃતિનો ક્ષય થાય એટલે દ્વીચરમ સમય પછી ૧ શાતાવેદની, ૨ ઉંચગોત્ર, ૩ મનુષ્યાયુ તથા નામકર્મની નવ ( મનુષ્યગતિ, પંચેંદ્રિ જાતિ, ત્રશ નામ, બાદર નામ, પર્યાપ્ત નામ, સુભગ નામ, આદેય નામ, જસકિર્તિ નામ, તિર્થંકર નામ ) એ બાર પ્રકૃતિનો ઉદય હોય બાકી તમામ પ્રકૃતિ ઉદયને સતામાંથી પણ ક્ષય થઈ ગઈ તિર્થંકરને બાર પ્રકૃતિનો ઉદય હોય સામાન્ય કેવળીને તિર્થંકર નામ વગર અગીઆરનો ઉદય હોય ત્યારબાદ

અયોગી ગુંઠાણાનો કાળ પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચાર જેટલો છે ત્યાં શુકલ ધ્યાનના ચોથા પાયામાં પાંચ હ્રસ્વ અક્ષર જેટલા સમયમાં જીવ સર્વ કર્મ બંધથી મુકાઈ એરંડ ફળની પેરે ધનુષ્ય બાણની પેરે એક સમયમાં ઉંચો

લોકાંતે જાય. બીજો સમય ફરસે નહીં. તે જીવ ઉંચે ચડતો અહીં અવગાહી રહ્યો હોય તેજ આકાશ પ્રદેશની સમશ્રેણીએ અન્ય પ્રદેશ સ્પર્શ્યા વિના અંકુશ સમાન ગતિએ સિધો સિદ્ધ સિલાપર જઈ સ્થિર થાય લોકાંતે જ્યાં સુધી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય છે ત્યાં સુધી જઈ અટકે અને સિદ્ધ સિલ્લાના ( ૩૩૩$\frac{૨}{૩}$ ધનુષ્ય અલોકથી નીચે ) છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગમાં જઇ જ્યાં અનંતા સિદ્ધ જ્યોતિ સ્વરૂપે રહ્યા છે તેમાં તેજમાં તેજ મળી ગયું ત્યાંથી ફરી પાછુ આવવુ નથી તેને મુક્તિ કે મોક્ષ કહે છે.

સમ્યકત્વ=નવતત્વને જે કર્મ વડે સદ્દહે છે તે સમ્યકત્વ કહેવાય છે તેના બહુ ભેદ છે. મુખ્ય ભેદ ૧ ક્ષાયિક, ૨ વેદક, ૩ ક્ષયોપસમિક, ૪ ઔપસમિક, અને ૫ સાસ્વાદન તેમાં ક્ષાયિકતે અપૌદ્ગલિક શુદ્ધ સમ્યકત્વ છે ઔપસમિક, સાસ્વાદન પણ અપુદ્ગળિક છે ( પુદ્ગળની સતાતો છે પણ વેદવું નથી તે માટે અપુદ્ગળિક ) અને ક્ષયોપસમિક તે સમ્યકત્વ મોહીનીય કહીયે પુદ્ગળના વેદવા માટે ઈહાં કોઇ કહે કે સમ્યકત્વ પુદ્ગળ શુદ્ધ છે વિકાર ન કરે તો તેને મોહિની કેમ કહી? આપમાં જે પુદ્ગળિક સમ્યકત્વ તે મિથ્યાત્વનાં દળિયાં છે તે શુદ્ધ થકાં સમ્યકત્વ પણે કહેવાય પણ તિવ્ર મોહને ઉદયે પાછાં અશુદ્ધ થાય તે માટે પુદ્ગળિક સમ્યકત્વને સમકીત મોહનીય કહીએ.

(૧૪) **બાસઠ માર્ગણાએ બંધ.**

| માર્ગણા નામ | ગુ. ૧૪ | ઓઘે બંધ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નરક ગતિ | | | | | | | | | | | | | | | | |
| રત્નપ્રભાદિ ૩ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| પંકપ્રભાદિ ૩ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૧ | ૦ | | | | | | | | | |
| તમતમાપ્રભા | ૪ | ૯૯ | ૯૬ | ૯૧ | ૭૦ | ૭૦ | ૦ | | | | | | | | | |
| તિર્યંચ પર્યાપ્ત | ૫ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૦ | ૬૬ | | | | | | | | | |
| તિર્યંચ અપર્યાપ્ત | ૧ | ૧૦૯ | ૧૦૯ | | | | | | | | | | | | | |
| મનુષ્ય પર્યાપ્ત | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૬૯ | ૭૧ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| મનુષ્ય અપર્યાપ્ત | ૧ | ૧૦૯ | ૧૦૯ | | | | | | | | | | | | | |
| ભુવનપતિવ્યંતર જ્યોતષી દેવતા | ૪ | ૧૦૩ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૧ | | | | | | | | | | |
| સૌધર્મ ઇશાન, | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| સનતકુમારાદિ ૬ | ૪ | ૧૦૧ | ૧૦૦ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| અણુતાદિ ૪ નવ ગ્રૈવેયવક | ૪ | ૯૭ | ૯૬ | ૯૨ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| અનુત્તરવિમાન ચોથુ ગુંઠાણું | ૧ | ૭૨ | ૦ | ૦ | ૦ | ૭૨ | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકેંદ્રિ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | ૦ | ૦ | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| બેઈંદ્રિ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | ૦ | ૦ | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| તેઇંદ્રિય | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | ૦ | ૦ | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| ચોરિંદ્રિ | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | ૦ | ૦ | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| પંચેંદ્રિય | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| પૃથ્વીકાય | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | | | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| અપકાય | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | | | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| તેઉકાય | ૧ | ૧૦૫ | ૧૦૫ | ૦ | | | | | | | | | | | | |
| વાયુકાય | ૧ | ૧૦૫ | ૧૦૫ | ૦ | | | | | | | | | | | | |
| વનસ્પતિકાય | ૨ | ૧૦૯ | ૧૦૯ | ૯૬ | | | | | | | | | | | | |
| | | | | ૯૪ | | | | | | | | | | | | |
| ત્રશકાય | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | ૦ |
| મનોયોગ ૪ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| વચનયોગ ૪ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| ઔદારિક કાયયોગ | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આદારિક મિશ્રકાય યોગ | ૪ | ૧૧૪ | ૧૦૯ | ૯૪ | ૦ | ૭૫ | | | | | | | | | | |
| વૈક્રિયકાયયોગ | ૪ | ૧૦૪ | ૧૦૩ | ૯૬ | ૭૦ | ૭૨ | | | | | | | | | | |
| વૈક્રિય મિશ્રકાય યોગ | ૩ | ૧૦૨ | ૧૦૧ | ૯૪ | ૦ | ૭૧ | | | | | | | | | | |
| આહારક કાયયોગ | ૧ | ૬૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | | | | | | | | |
| આહારકમિશ્રકાયયોગ | ૧ | ૬૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | | | | | | | | |
| કાર્મણ કાયયોગ | ૪ | ૧૧૨ | ૧૦૭ | ૯૪ | ૦ | ૭૫ | ૦ | ૦ | | | | | | | | |
| સ્ત્રી વેદ | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| પુરૂષ વેદ | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| નપુંષકવેદ | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| અનંતાનુબંધી | ૨ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | | | | | | | | | | | | |
| અપ્રત્યાખાની | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | | |
| પ્રત્યાખાની | ૫ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | | | | | | | | | |
| સંજ્વલન ૩ | ૯ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | | | | | |
| સંજ્વલન લોભ | ૧૦ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | | | | |
| મતિજ્ઞાની | ૯ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| શ્રુતજ્ઞાની | ૯ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| અવધિજ્ઞાની | ૯ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| મનપર્યવજ્ઞાની | ૭ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | | |
| કેવળજ્ઞાની | ૨ | ૧ | | | | | | | | | | | | | ૧ | ૦ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મતિઅજ્ઞાની | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| શ્રુત અજ્ઞાની | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| વિભંગજ્ઞાન | ૩ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | | | | | | | | | | | |
| સામાયિક ચારિત્ર | ૪ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| છેદોપસ્થાપનીય | ૪ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| પરિહારવિશુદ્ધિ | ૨ | ૬૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૩ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુક્ષ્મસંપરાય | ૧ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૦ | ૦ | ૦ |
| યથાખ્યાત ચારિત્ર | ૪ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| દેશવિરતી | ૧ | ૬૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૬૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| અસંજત | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ચક્ષુદર્શન | ૧૨ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૦ |
| અચક્ષુદર્શન | ૧૨ | ૧૨૦ | | | | | | | | | | | | | |
| અવધિદર્શન | ૯ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | |
| કેવળદર્શન | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| કૃષ્ણલેશ્યા | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૦ | ૦ | | | | | | | |
| નીલલેશ્યા | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | |
| કાપોતલેશ્યા | ૪ | ૧૧૮ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | | | | | | | | | |
| તેજોલેશ્યા | ૭ | ૧૧૧ | ૧૦૮ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પદ્મલેશ્યા | ૭ | ૧૦૮ | ૧૦૫ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | | | | | | |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શુક્લલેશ્યા | ૧૩ | ૧૦૪ | ૧૦૧ | ૯૭ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| ભવ્ય | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| અભવ્ય | ૧ | ૧ ૭ | ૧૧૭ | | | | | | | | | | | | | |
| સમ્યકત્વ ૬ | | | | | | | | | | | | | | | | |
| ઔપસમીક | ૮ | ૭૭ | ૦ | ૦ | ૦ | ૭૫ | ૬૬ | ૬૨ | ૫૮ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૦ | ૦ | |
| સાસ્વાદન | ૧ | ૧૦૧ | ૦ | ૧૦૧ | | | | | | | | | | | | |
| ક્ષયોપસમીક (વેદક) | ૪ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| ક્ષાયિક | ૧૧ | ૭૯ | ૦ | ૦ | ૦ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| મિશ્ર | ૧ | ૭૪ | ૦ | ૦ | ૭૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મિથ્યાત્વ | ૧ | ૧૧૭ | ૧૧૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સંજ્ઞી | ૧૪ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| અસંજ્ઞી | ૨ | ૧૧૭ | ૧૧૭ | ૧૦૧ | | | | | | | | | | | | |
| આહારી | ૧૩ | ૧૨૦ | ૧૧૭ | ૧૦૧ | ૭૪ | ૭૭ | ૬૭ | ૬૩ | ૫૯ | ૫૮ | ૨૨ | ૧૭ | ૧ | ૧ | ૧ | |
| અણાહારી | ૫ | ૧૧૨ | ૧૦૭ | *૯૪ | ૦ | ૭૫ | | | | | | | | | ૧ | ૦ |

અણાહારી અયોગી કેવળ સહીત પાંચ લખ્યાં છે પણ બંધમાં ચાર ગુંઠાણા છે અયોગી અબંધક છે–વિગ્રહ ગતિમાં ઔદારિક શરીરના અભાવે અણાહારી હોય તે અપેક્ષાયે ૧–૨–૪ ગુંણઠાણું કેવળી સમુદઘાત કરે ત્યારે ત્રીજે ચોથે અને પાંચમે સમયે અણાહારી હોય તે અપેક્ષાયે તેરમુ કહ્યું.

પરિણામે બંધ, ક્રિયાએ કર્મને ઉપયોગે ધર્મ.

હે ચેતન ગહન વાકયોનો ભાવાર્થ તારા હૃદયમાંથી ક્ષણ પણ વિસરવો જોઇતો નથી. અવિનાશી આત્મા જેવા જેવા પરિણામે વર્તતો હશે તેવા પ્રકારનો બંધક થશે. અશુભની ચિંતવણાથી અશુભ કર્મ ફળદાયી થશે અને શુભ પરિણામથી શુભ ફળદાયી થશે જેવાં બીજ વાવીશ તેવાં ફળ પ્રાપ્ત થશે. શુભને અશુભ બે પ્રકારના .મનના પરિણામ છે. દયા, ક્ષમા, સરળતાદિ શુભ પરિણામ છે ત્યારે હિંસા. જૂઠ, ચોરીઆદિ અશુભ પરિણામ છે. સ્વપરનું ભલું ઈચ્છવું તે શુભ પરિણામ છે અને અનિષ્ટ ઇચ્છવું તે અશુભ પરિણામ છે. એકેંદ્રિથી પંચેંદ્રિ પર્યંતના તમામ આપણા જીવ જેવાજ જીવો છે સર્વ જીવો પોત પોતાના શુભાશુભ પરિણામનું ફળ ભોગવી રહ્યા છે. નિશ્ચય નયની અપેક્ષાયે ચેતના લક્ષણે તમામ જીવ એકજ કોટીના છે તે તમામ જીવોમાં પરમાત્મપદ સતાએ રહેલું છે. સ્વરૂપે એકજ જાતના તમામ જીવો આપણા મિત્રો છે તેથી હે ચેતન ! તારે સર્વ જીવ સાથે મૈત્રી ભાવે વર્તવું તેજ પરમાત્મપદ પ્રાપ્ત કરવાનો મુખ્ય દરવાજો છે અને તેથી વિરૂદ્ધ ભાવ એટલે એક જીવપર રાગને એક પરદ્વેશ કરવો તે નીચ ગતિ સંસાર હેતુ છે. આત્માની અજ્ઞાન દશા છે. તમામ જીવને વિચારવાના સ્થાનને સંસાર

કહે છે તેને અસાર કહેલો છે તો પણ જ્ઞાની પુરૂષો તેમાંથી સાર ગ્રહણ કરે છે. હંસ મોતીનો ચારો ચરે છે ત્યારે ભુંડને વિષ્ટાપ્રીય લાગે છે, ગીધને મુડદાં ચુંથવાં ગમે છે ત્યારે વાઘ્રાદિ જીવંત પ્રાણીનો વધ કરે છે એ રીતે જીવો પોત પોતાના પૂર્વ સંચિત કર્માનુસારે પરવશ પણે વર્તે છે, કહ્યું છે કે "બુદ્ધિ કર્માનુસારેણુ" આવુ છતાં પણ આત્મ વિર્યોલ્લાશે ગમે તેવા કર્મની બેડી તોડી પરવશ પડેલાં ત્રિયંચો પણ જાતિ સ્મરણાદિ જ્ઞાન પામી પોતાના કુળ ક્રમને પણ વિસારી દે છે. તેમજ હે ચેતન આ પંચ ભુતના પુતળામાં નિવાસ કરનાર તું પુદ્ગળ રૂપે નથી તે તારૂ ખરૂ નિવાસ સ્થાન નથી પરંતુ તુંતો એક અરૂપી, અગમ્ય, અગોચર આત્માની પંકિત ન્યારીજ છે ને તારૂ અક્ષય નિવાસ સ્થાન પણ ન્યારૂંજ છે જેવા પરિણામે વર્તીશ તેવી ક્રિયા થશે. સદગુરૂ સમાગમે સત્ય ધર્મ શ્રવણ કરીશ તથા તિર્થ સ્થાનમાં જઈ તેની પવિત્રતાનાં કારણોનું ચિંતવન કરીશ, પુજ્ય ભાવે પુજન કરીશ તો તે વખત તારી શુભ ક્રિયાથી મનના પરિણામો પવિત્રતાને પામશે અને નાટક ચેટકાદિ શ્રૃંગાર ભાવમાં રમણ કરીશ તો તે પાપ ક્રિયામાં મશગુલ બનતાં તારા પરિણામની અશુદ્ધતા વધતી જશે, "સોબતે અસર" અધુરા પણામાં જેવો સોબત કરીશ તેવી અસર આવશે માટે આ સંસારમાં આત્માને ઉપયોગી

શું છે તે જ્યાં સુધી સમજ્યો નથી ત્યાં સુધી ઉપયોગ સહિત પર્યટણ કરવું એજ સિદ્ધાંત છે. ઘોર અરણ્યદ અંધારી રાતે મુસાફરી કરતાં ઇંદ્રિયોના ઉપયોગ સાંમિત સાવધાનપણે વિચારી વિચારીને આગળ પગલું ધરીએ છીએ કારણ કે ગાફલપણે ચાલતાં કંટકાદિ વાગવાનો ભય છે એવો અનુભવ મારવાડીની ભૂમીમાં મુસાફરી કરતાં લેખકને થયો છે તેવી રીતે જ સંસારમાં આયુષ્ય રૂપી માર્ગમાં (કાળમાં) સફર કરતાં તન મનની અનેક અવસ્થાઓનો ક્ષણે ક્ષણે અનુભવ થાય છે ક્ષણમાં શોક તો ક્ષણમાં હર્ષ ક્ષણમાં શાંત તો ક્ષણમાં ભયાનક ક્ષણમાં સુખ તો ક્ષણમાં દુઃખ એવા ખટરસો અનુભવાય છે તે રસોમાં તન્મય થવું ના થવું તેનો આધાર આપણી મનોવૃતિ પર છે. મનના દ્રઢ પરિણામ એજ જ્ઞાનીનું લક્ષણ છે અને તેથી જ જ્ઞાનીયો અભેદ બુદ્ધિએ ખટરસને ઉપાધી રૂપે લેખી તેમાં લુબ્ધ થતા નથી જેથી ઉપયોગ સહિત ગમે તેવી ક્રિયા કરતાં પણ પરિણામની વિશુદ્ધતા થતી જાય છે તેથી જ્ઞાન અપરિમિતતાને પામે છે. ગૌતમ સ્વામીના પંદરસો શિષ્યો ક્ષીરનું પારણું કરતાં તેમાંના પાંચસોને કેવળ જ્ઞાન થયું, ભિક્ષુકના જીવે આહારાર્થે દિક્ષા લેઈ અલ્પ સમયમાં મરણ પામતાં ચારિત્રની અનુમોદના કરવાથી સંપ્રતિ રાજા થયો, પૃથ્વી ચંદ્રને રાજગાદીપર બેઠાં કેવળ જ્ઞાન થયું,

ગુણ સેનને સ્ત્રીઓના સમુહમાં ચોરીમાં ફરતાં કેવળ જ્ઞાન થયું, ભરત ચક્રવર્તીને આરિસ્સા ભુવનમાં કેવળ જ્ઞાન થયું, ચિલાતી પુત્રને લોહીના ખરડેલે શરીરે કેવળ જ્ઞાન થયું. ત્યારે ગૌતમ સ્વામી જેવા મહાન વિધ્વાન પુર્ણ જ્ઞાની ગુરૂ કે જેના હાથથી દિક્ષા લેનાર અવશ્ય મેવ તેજ ભવમાં મોક્ષે જાય એવા મહાન ગણધરા ચાર્યને વીર ભગવાનપરના મોહથી કેવળ જ્ઞાનમાં વિલંબ થયો બાહુ બળ જેવા મહાન યોદ્ધાએ કર્મ શત્રુને હણવા બાર મહીના સુધી કાર્યોત્સર્ગ કર્યો પણ અહંકારને સંઘરવાથી કેવળ જ્ઞાન અટકયું આમ થવાનું તાત્પર્ય એજ છે કે—જેની અંત રંગ વ્રાતે થઈ છે કષાયનાં દળિયાંને જેણે સત્તામાંથી ઉન્મૂળ કરી નાંખ્યાં છે તેજ જીવો તાત્કાળીક આત્માની અનંત લબ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે પણ જે જીવમાં કષાયનો કિંચીત પ્રદેશ પણ જીવતો છે તેવા અંતરંગ વૃતિ વાળાને પણ ક્ષાયીક જ્ઞાન દર્શનનો વિલંબ થાય છે તો હે ચેતન તારી શું દશા? સદાકાળ મિથ્યાત્વ કષાય જનિત દળીયાંનો સંચય કરી રહ્યો છું, બહિર્દ્રષ્ટિ કે મિશ્રદ્રષ્ટી એ વર્તી રહ્યો છું તો તારો છેડો કયારે આવશે? અંતરંગ વૃતીવાળા આત્મજ્ઞાનીયો પંચેંદ્રિના વિષય ભોગ છતાં જળ પંકજવત સદાકાળ ન્યારા વર્તે છે જેમ ચીકટ પદાર્થો ખાવા છતાં જીભને ચીકાસ ચોટતી નથી તેવી રીતે સમ્યકદ્રષ્ટિ આત્મજ્ઞાની જીવો

સદાકાળ નાના પ્રકારની ક્રિયા કરવા છતાં, ઇંદ્રિય સુખો ભોગવતાં છતાં તેમાં લેપાતા નથી. જેમ દોરપર ચડેલો નટ વિવિધ પ્રકારના વાજીંત્રાદિના કોળાહલ છતાં પોતાની દ્રષ્ટિ ચુકતો નથી તેમ પુદ્ગળિક સુખને ઇંદ્રિયના વિષયો અસાસ્વત દુ:ખ મિશ્રિત કર્મ બંધના હેતુ રૂપે બાવળને બાથ ભીડવા સમાન જેણે જાણ્યા છે જેના અંતરમાં તેવું ચિત્રામણ પડી રહ્યુંછે જેણે જડ ચેતનનો ભેદ છેદ કર્યોછે, આત્માને શુદ્ધાત્મ રૂપે જેણે ઓળખ્યો છે, ઓળખવા પ્રયત્ન વાન છે, તનમન ઉપર જેણે સ્વામીત્વ પણું મેળવ્યું છે તે જીવો આશ્રવ માર્ગમાં લેપાતા નથી પણ ઉલટા કર્મ દળને વીખેરે છે નિર્જરા કરે છે.

અજ્ઞાન પણે ક્રુર કષ્ટ આતાપના સહન કરી શરીરને બાળવાથી, ઉંધે મસ્તકે ઝુલવાથી કે કાશીમાં જઇ કરવત મુકાવાથી મુક્તિ નથી પણ અજ્ઞાન કષ્ટે “ કોઇ અપેક્ષાયે ” સુગતિ છે જેમ કુવામાં પડી આપઘાત કરવાથી અંબિકા દેવી ( નેમનાથ ભગવાનની સાસન દેવી ) થઈ તેમાં પણ કાંઇક અંશે સાત્વીક પણું તો ખરૂંજ કર્મ રાજના પશ્ચાતાપ રૂપ અંતર મુખ ક્રિયા તો ખરીજ તે પુણ્ય ક્રિયા કહેવાય. પુણ્યના પણ ચાર ભાગ છે. ૧ પુણ્યાનુ બંધી પુણ્ય, ૨ પાપાનું બંધી પુણ્ય, પુણ્યાનુ બંધી પાપ, પાપાનું બંધી પાપ. જેમ સંત પુરૂષો જે પુણ્ય પ્રકૃતિઓ ભોગવી

રહ્યા છે પુણ્ય પ્રકૃતિના ઉદયે મળેલી રિદ્ધિ સિદ્ધિનો સદુ-
પયોગ કરી વળી પુણ્યજ બાંધે છે અને અહીંથી ચવી
રિદ્ધિવાન દેવતા કે સિદ્ધ થાય છે તે પુણ્યાનું બંધી પુણ્ય
જાણવું તે જીવોને અહીં પણ છે ને ત્યાં પણ છે તથા
વિલાસ ભોગવી રહેલી વેશ્યા અહીં સુખ દેખે છે પણ
અંતે દુઃખનું કારણ છે અધોગતિમાં જવાનું છે તેને અહીં
છે ને ત્યાં નથી તે પાપાનું બંધી પુણ્ય કહેવાય તાપસો
અજ્ઞાન કષ્ટ કરનારને અહીં નથી ત્યાં છે તે પુણ્યાનુ બંધી
પાપ કહેવાય અને પારધી વીગેરેને અહીં પણ નથીને ત્યાં
પણ નથી તે પાપાનુ બંધી પાપ કહેવાય. એ રીતે શુભા
શુભ કર્મનું ફળ પુણ્ય પાપ છે તે સંસાર હેતુ છે. તે
બંનેની વાસના મટવાથી ત્રીજી દશા મુક્તિ મળે છે. તે
મેળવવાને જ્ઞાન મુખ્ય છે જ્ઞાનથી મનના પરિણામની શુદ્ધિ
થાય છે જેથી સુખને દુઃખ, સુવર્ણને પાષણ, શત્રુને મિત્ર
મિષ્ટને કટુક એ બધાને સરખા દેખે છે. સમભાવ થવાથી
વિષય વાસના રૂપ મનનો મેલ ધોવાઈ સત્ય શ્રદ્ધાથી આત્મ
જ્ઞાન પ્રગટી નીકળે છે શ્રદ્ધાએનું નામ છે કે પાણીની
આશાથી શ્રદ્ધા પુર્વક માટી ખોદતાં સતત પ્રયત્ને ઉંડા
ઉતરતાં પૃથ્વીનાં પડોમાં અદ્રશ્ય રહેલુ પાણી પ્રગટ થાય
છે તેમજ આત્મા સત્ય જ્ઞાન દર્શન ચારિત્રમય છે પણ
પાણીને જેમ માટીનાં પડોનું આચ્છાદન છે તેમજ આત્માના

જ્ઞાનાદિ ગુણ અષ્ટકર્મા વરણથી ઢંકાએલા છે તે જેમ માટીના પડદાને દુર કરવાથી પાણી પ્રગટ થાય છે તેવી રીતે કર્માવરણને ખસેડવાથી આત્માના ગુણો પ્રગટે છે પણ તે વાત કાંઇ સહેલ નથી કુવો ખોદવામાં જેમ કોદાળા પાવડાદિ ઓજારોની જરૂર છે તેમજ કર્મ રૂપ કાદવને ધોવા માટે શુદ્ધ મનોવૃતીને અડગ શ્રદ્ધાથી જ્ઞાન ક્રિયાની જરૂર છે.

હે ચેતન ! જેવી તારી અંતરંગ ભાવના હશે તેવોજ તું થાઈશ. સુખની ચિંત્તવણા કરતાં સુખી દેખાઇશ ને દુઃખની ચીંતવણામાં દુઃખી દેખાઈશ મન એજ કર્મને બાંધનાર છે ને એજ મન મુક્તિને મેળવનાર છે. મોટી નગરીના ચૌટામાં ફરતાં તારી વ્રતી હશે તેવીજ વસ્તુ ખરીદીશ ને તેવાંજ ફળ પામીશ કડવા તુંબડાનું શાક વહોરાવનાર સ્રીની દુષ્ટ વૃતી હોવાથી કુષ્ટારોગાદિ રૌરવ દુઃખને પામી ત્યારે તે શાકનો આહાર કરી પ્રાણ ત્યજનાર મુનિરાજ પરંપરા મોક્ષનું ભાજન થયા. મહાવીર પ્રભુના કાનમાં ખીલા ઠોકયા તે વખતે થએલી અસહ્ય વેદના અરેરે અગાધ વેદના પણ જેણે આત્માને પુદ્ગળનું ભીન્ન પણું જાણ્યું છે એવા આત્મજ્ઞાની અધ્યાત્મ સ્વરૂપી એકાગ્ર દ્રષ્ટી પરમોપકારી જગત વંદનીય મહાવીર પ્રભુના અચળ આત્માના એક પણ પ્રદેશને કંપાવ્યો નથી

કારણ વીર પ્રભુએ પોતે જાણ્યુ છે દેખ્યું છે તેવુંજ જગત જીવોના ઉપકારાર્થે કહ્યું છે કે પુદ્ગળમાં શરીરમાં રહેલો આત્મા કર્મ રૂપ નવાં પુદ્ગળોનો સમુહ મેળવે છે તે મેળવેલાં પુદ્ગળ કર્મદળ સમુહ નિષેક કાળે ઉદયમાં આવી પુદ્ગળનીજ આરાધના વિરાધના કરે છે પણ કાંઈ આત્માનું છેદન ભેદન થતું નથી આત્મા તો તેનો દ્રષ્ટા છે પુદ્ગળને થતું દુઃખ તેનો જાણનાર છે રહેવાના ઘરને ધરતી કંપનો આચકો લાગતાં જેમ ઘર જોખમાય છે તેમાં રહલા માણસો જેમ દ્રષ્ટા રૂપે છે તેવી રીતે દ્રષ્ટા રૂપ રહી વસ્તુ સ્વભાવ ક્ષણ ભંગુર સમજી મમત્વ ભાવનો ત્યાગ કરતાં તે સંબંધીનું દુઃખ આત્માને થતુ નથી આ વાકયો બોલવાંતો સહેલ છે પણ હજારો હજાર ધન્યવાદ છે તેવા જ્ઞાનમય આત્મીક અંતર ભાવમાં તલ્લીન બનેલા અડગ શ્રદ્ધાવાન મહા પુરૂષોને કે જેઓ ઘાણીમાંથી પીલાતાં, શુળી આરોપણ કરતાં, ચામડી ઉતારતાં કે ખેર અંગારા શીરપર ભરતાં પણ કિંચીત માત્ર મોહ નહીં પામતાં કર્મ ખપાવી કેવળ જ્ઞાન પામી સ્વરૂપે આત્મા પણેજ સ્થિત થયા મોક્ષ પામ્યા તેથી અતુલ્ય બળી વીર ભગવાન કે જેમણે સાડા બાર વરસ ઘોર તપશ્ચર્યા કરી ફક્ત (૩૪૯) દિવસ આહાર લીધો અને બે ઘડીવાર ઉભા ઉભા કાઉસગ ધ્યાનમાં નિંદ્રા લીધી લગભગ સઘળો વખત મૌન પણે કાઉસગ ધ્યાને રહી અઘોર

પરિસહો ઉપસર્ગો સહન કરી અનંત કાળનાં કર્મની વજ્ર બેડી તોડી કેવળ જ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત કરી બોતેર વરસના ટુંક આયુષ્યમાં બેતાળી વરસ દિક્ષા પાળી સાડાબાર વરસ છદ્મસ્થ પણે રહી બાકીના સાડી ઓગણત્રીશ વરસ કેવળીપણે વિચરી ગૌતમ સ્વામી જેવા મહા લબ્ધિવાન પુરૂષને પાટ સોંપી મોક્ષ ગમન કર્યું કે જેનું સાસન જયવંતુ વરતેછે એવા અનહદ ઉપકારી વીર પરમાત્માને મારી વારંવાર વંદણા છે ત્યારે.

હે ચેતન ! બાહ્ય સુખમાં મગ્ન રહેલા, ઇંદ્રિય વશ પડી જડ બનેલા ચૈતન્યાત્મા તારી શું ગતિ? હવે ચેત, ચેત, ચેતવાનો આ સમય છે. તારી મનોવૃતિ આત્મા તરફ વાળ, ઇંદ્રિયોપર તારી સતા જમાવ, તારૂ એક છત્ર રાજ ચલાવ તોજ તારૂં કલ્યાંણ છે દુધમાં ને દહીંમાં બેમાં પગ રહેતો નથી એટલે હસવું ને લોટ ફાકવો બનતું નથી. કૃષ્ણ મહારાજે અઢાર હજાર સાધુને વંદના કરતાં તિર્થંકર નામ કર્મ બાંધ્યું. તેમજ વીરા સાળવીએ પણ અઢાર હજાર સાધુને વાંધા હતા. વીરો સાળવી કૃષ્ણ મહારાજ સાથે ગએલો ને તેમને વંદન કરતાં દેખીને તેમની દાક્ષિણ્યત્તાને લીધે તેણે પણ વંદના કરી હતી આત્મ લાભ માટે કરી નથી જેથી ફળ પ્રાપ્તી નથી. તેથી તેને તેવુ ફળ ના મળ્યું, પ્રસનચંદ્ર રાજર્ષી મોક્ષની શ્રેણીપર ચડતાં શબ્દની અવ-

ગણુના નહીં સહન થવાથી ક્રોધ ચિંતવી કાઉસગ પણે રહેલા છતાં મનથી યુદ્ધ કરતાં સાતમી નરકનાં દળીયાં ભેગાં કર્યા, કયાં મોક્ષની શ્રેણીને કયાં સાતમી નારકીની અધમાઅધમ ગતિ ? અહો મનની શું અજબ ગતિછે ક્ષણમાં ઉર્ધ્વને ક્ષણમાં અધોપાત ? તેજ પ્રસન્ન ચંદ્રરાજર્ષીને કારણ મળે ક્રોધનો નીશો ઉતરતાં તાત્કાળીક તેજ મનથી ક્ષપક શ્રેણી આરંભી ભેગાં કરેલાં સાતમીનાં દળીયાંને વિખેરી નાખી કેવળ જ્ઞાન પામ્યા આ મનોવૃતિની બલિહારી છે. મનોવૃતિની શુદ્ધા શુદ્ધ ભાવનાના એ ભેદો છે માટે મતિ તેવી ગતિ. મન હોય ચંગાતો કથરોટમાં ગંગા એ કહેવત સત્ય છે, જેનું મન શુદ્ધ તેને કોઇ પણ કર્મ લાગતું નથી પણ મનની શુદ્ધતા કરવી તે કાંઇ સહેલ નથી વચનને કાયાના વ્યાપારને રોકી શકાય પણ અદ્રશ્ય રહેલા મનને જીતવું મહા મુશ્કેલ છે. મહાત્મા આનંદ ધનજી મહારાજે શ્રી કુંથુનાથ પ્રભુના સ્તવનમાં કહ્યું છે કે ( મન સાધ્યુ તેણે સર્વ સાધ્યું એહવાત નહીં ખોટી, કોઇ કહે મેં મન સાધ્યું તે નવી માનું એ વાત કહી છે મોટી ) આસ્તવનની દરેક ટુંક મનન કરવા લાયક છે અહો તે પુજ્ય મહાત્માનાં દરેક વચનો ચૌદ પુર્વના સાર રૂપ છે ધન્ય છે તે અધ્યાત્મજ્ઞાની મહાત્માને જેમણે ભગવતી શુત્રની વાંચના સંઘ સમક્ષ મુખ પાઠે કરી હતી તથા યશોવિજયજી

ઉપાધ્યાય મહારાજ કે જે મહાન યોગી હતા તેમના પણ ઉપદેશક આનંદ ઘનજી હતા ( યશો વિજયજી મહારાજના આગળ એક દંડ ધ્વજ ચાલતો હતો તે આનંદ ઘનજી મહારાજે ઉપદેશી બંધ કરાવ્યો હતો તેવા નિરાભિમાની યોગીરાજ આનંદ ઘનજી મહારાજની સુબોધ સુખડી મેળ-વવા ઉપાધ્યાયજી મહારાજ પણ આકાંક્ષા રાખતા હતા ધન્ય છે સિંહણના દુધ સમાન યોગીરાજનાં વચનો અને સુવર્ણ પાત્ર સમાન ઉપાધ્યાયજી મહારાજ રૂપ સદ પાત્ર એમાં શું ખામી હોય ધન્ય છે એવા મહાન પુરૂષોને કે જેમણે આ પડતા કાળમાં આત્મ ધર્મ સાધી અમર નામ કરી ગયા છે.

મનરૂપ માંકડાને સાધવા માટે ગુરૂ ગમ્યની જરૂર છે. ગુરૂદ્વારા આત્માનું સ્વરૂપ ઓળખવું એટલે જાણપણું થવું તેને જ્ઞાન કહે છે તે જ્ઞાનને ક્રિયામાં મૂકવું તે ક્રિયા પણ બે પ્રકારની છે સકામને નિષકામ. કોઇના ઉપર ઉપ-કાર કરી તેના બદલાની આશા રાખવાથી બંધન થવાય છે તે ઉપકારના બદલાની તૃષ્ણાથી સંસાર વધે છે. બદલો નહીં મળતાં દ્વેશ ઉત્પન્ન થાય છે. તે દ્વશ ક્રોધ રૂપ દાવા નળનું રૂપ લેઈ કરેલા ઉપકાર ફળને બાળી મુકે છે. તેમજ કરેલી ધર્મ કરણીના ફળની ઈચ્છા થતાં તેમાં શંકા કંખા કરતો જીવ કષાય વશ થઈ તેના ફળને હારી જાય છે.

આશા તૃષ્ણાથી કરેલી ક્રિયા તે સકામ ક્રિયા કહેવાય છે ને તે ત્યાગવા રૂપ છે. નંદિષેણે બાર હજાર વરસ તપશ્ચર્યા કરી સ્ત્રી વલ્લભથાઉ એવું નિયાણું બાંધ્યું (તપશ્ચર્યાના ફળની મર્યાદા બાંધી) જેથી વસુદેવ થઇ બોહોતેર હજાર સ્ત્રીઓ પરણ્યા તે સકામ ક્રિયા ત્યાગવા યોગ્ય છે. અને નિષ્કામ ક્રિયા તે કોઈ પણ પ્રકારના ફળની ઈચ્છા વગરની આત્માની ફરજ બજાવવા રૂપ ક્રિયા ઉત્કૃષ્ટ છે જેમ રાજાએ પ્રજાનું રક્ષણ કરવું અને વડીલે કુટુંબનું રક્ષણ કરવું એ જેમ તેની ફરજ છે તેમ આત્માએ સ્વસ્વરૂપમાં રહેવું એ તેની ફરજ છે તે ફરજ બજાવવામાં કોઇને કાંઈ ઉપકાર કરતા નથી તો ફરજ બજાવવામાં ફળની ઇચ્છા શેની હોય?

આત્મા જેવો નિરાકાર અદ્રશ્ય સ્વરૂપે છે તેને કર્મ રૂપ પહેરાવેલાં કપડાં તે આત્માની રિદ્ધિ નથી પણ જેમ નાનું બાળક વાજીંત્રના નાદમાં મોહ પામી વરઘોડા સાથે ચાલ્યો જતાં જેમ પોતાના ઘરનો માર્ગ ચુકી જવાથી આમ તેમ ટીચાય છે. તેમજ આત્માએ મોહ વશ બની બાળ ક્રિડા કરતા માર્ગ ભુલ્યો છે અને સંસારમાં રખડે છે પણ તે આત્માનું કર્તવ્ય નથી. ભુલું પડેલું બાળક આમ તેમ રખડતાંને આક્રંદ કરતાં પોલીશ ચોકીના જોવામાં આવે છે ત્યારે દયાળુ દીલનો જમાદાર તે રડતા બાળકને તેના ઘરનો મારગ બતાવે છે તેવી રાતે સંસારમાં ભુલા પડેલા બાળ

જીવોને સદ ગુરૂ સંગ તે ધર્મ શ્રવણ કરવાથી ખરોમાર્ગ (તત્વ માર્ગનું ભાન થાય છે તે તત્વ માર્ગ આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોમાં વરતવું અને નિરંજન આત્માઓને રહેવાના સ્થાનકમાં તેના ટોળા ભેગો લેઇ જવો, સિદ્ધ સિલ્લા ઉપર પોતાના નિવાસ સ્થાનમાં જવાના ખરા માર્ગને ગ્રહણ કરવો એ આત્માની ફરજ છે નામુ-લખવા રાખેલા ગુમાસ્તાએ નામુ લખવું અને રસોઇયાએ રસોઇ કરવી એ જેમ તેની ફરજ છે તેમજ આત્માએ પોતાના ગુણોમાં વર્તવું એ તેની ફરજ છે ફરજ બજાવવી તે ઉપકાર નથી તેમ છતાં તેના બદલાની આશા રાખીએ તો બદલારૂપ ફળ મળતાં સુધી સંસારમાં રખડવું પડે માટે સકામક્રિયાનો ત્યાગ કરી આત્માર્થી પુરૂષે નિષ્કામક્રિયા કરવી.

હે ચેતન! વિવાહીત વરને માગી લાવી પહેરાવેલાં આભુષણોની શોભાને મોહદશા જેમ સ્વપ્ન વત છે તેમ સંસારીક સુખ સ્વપ્ના સમાન છે. વિવાહ વીતે માગીલાવેલાં આભુષણો જેનાં તેને પાછાં સોંપી દેવા પડે છે તેમ સ્થિતિ પાકે શુભા શુભ કર્મ ફળ વિક્ષય પામે છે પણ હેમાનુભાવ વરરાજાનાં આભુષણો ઉતારી લીધા પછી પોતાની મૂળ સ્થિતિમાં રહે છે તેમ તું પણ તારાં પુર્વ સંચિત કર્મોની સ્થિતિ પાકે ઉદયમાં આવી ખપી જાય અગર ઉદયાવળીમાં લાવી વિખેરવાનો પ્રયત્નવાન થઇ તારા સ્વરૂપે પ્રગટ થઈ

યોગ્ય સ્થાનપર નિવાશ કર એજ તારી ખરી ફરજ છે પણ લાચાર પરાંગ મુખ આત્મા લગને લગને કુંવારો બની એક વેશ ઉતારી બીજો પહેરે છે અને અધિકાધિક રૂણવાન બની તે વાળી આપવા અનેક નાટારંગ કરી રહ્યો છે. ધિક્કાર હો એવી સંસાર દશાને ને ધિક્કાર હો એ મોહ વૈભવને કે જેના લીધે પોતાનું ખરૂ સ્વરૂપ ભુલી જઈ છતી આંખે અંધ બની ઉંડા કૂવામાં પડતું મૂકાય છે. મળેલી વસ્તુઓનો ગેર ઉપયોગ કરનાર તારા જેવા પાપી પ્રાણીની કોણ દયા ખાશે ! ! ! આત્મિક ફરજ શુદ્ધાત્મભાવ પ્રત્યેની આપણી ફરજ ચુકતાં શું પરિણામ આવ્યું તે આપણે અનુભવી રહ્યા છીએ શુદ્ધાત્મભાવ તે આત્માનો સત્ય ધર્મ છે તે ધર્મ ( ફરજ ) બજાવવાની ક્રિયા નિષકામ પણે કરવી આત્મજ્ઞાન પ્રગટ થાય તેને મહાત્માઓ અધ્યાત્મ જ્ઞાન કહે છે તેવું જ્ઞાન પ્રગટ થવાથી અનેક લબ્ધિયો ઉત્પન્ન થાય છે જુઓ ચાલુ સત્તાબ્ધીમાં થએલા ચિદાનંદજી મહારાજ આકાશ માર્ગે વિચરતા હતા હેમચંદ્રાચાર્યે કુમારપાળ મહારાજાને દૈવીક તથા આત્મીક શક્તિ બતાવી જૈન ધર્મમાં દ્રઢ કર્યો હતો એવા અનેક લબ્ધિવાન મહાત્માઓ થઈ ગયા છે તો ભવ્યાત્માઓ તમો પણ આ ઉપરનો સાર વાંચી જાણી સમ્યક્ પ્રકારે જ્ઞાન મેળવી તમારૂં શ્રેય કરો એજ આકાંક્ષા.

**સમાપ્ત.**

# શા. વાડીલાલ બાલાભાઈ

## જરીવાલા.

સ્વદેશી બનાવટનો ચોખ્ખો જરીમાલ
બનાવનાર તથા વેચનાર.

રતનપોળ—**અમદાવાદ.**

અમારા ત્યાં ચોખી ચાંદીનો જરીમાલ, ઝીક, ટીકી-કટોરા તથા દેશી લેસ, ફીટ-કીનારી, ઇસ્ટા-બોળ ભરતકામ બનાવનાર તથા વેચનાર.

બહાર ગામના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

---

## જાહેર ખબર.

સર્વે જાતનાં જૈન પુસ્તકો લેવાં કે:—
પંચપ્રતિક્રમ સૂત્રાર્થ વિવિધ પુજા સંગ્રહ ભાગ ૧-૨-૩-૪ ભેગા. ગુજરાતી દેવવંદન-માળા. નીત્ય સ્મરણ સ્તોત્ર સંગ્રહ આદિ.

મળવાનું ઠેકાણું:—

**માસ્તર ઉમેદચંદ રાયચંદ.**

પાંજરા પોળ—અમદાવાદ.